(૪) અકબરી (૨૦૧૬) એ તેમના મહશોધનિબંધ ગુજરાત રાજ્યના અનુદાનિત વિશ્વવિદ્યાલય પુસ્તકાલયોમાં આઈ.સી.ટી. આધારિત સેવાઓના અભ્યાસ અંગેની માહિતી આપેલ છે. જેના હેતુઓ હાલમાં આપવામાં વિવિધ સેવાઓના અભ્યાસ કરી તેની પરિસ્થિતિ, નેટવર્કના પ્રકાર, કર્મચારીઓની લાયકાત, આપવામાં આપવામાં આવતી સેવાઓ, આઈ.સી.ટી. આધારિત સેવાઓ આપવા માટેના સાધનો, ઉપયોગકર્તાઓ દ્વારા આઈ.સી.ટી.ના સાધનોનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવે, તેમજ આઈ.સી.ટી. આધારિત સેવાઓનું વિશ્લેષણ કરી નવી ગાઈડલાઇન તૈયાર કરવામાં આવી હતી.

**અભ્યાસના હેતુઓ** :

૧. વિવિધ સામાજિક માધ્યમો વિશે જાણવાનો હેતુ.

૨.પુસ્તકાલયમાં કયા ફાયદા અને કયા હેતુ માટે સામાજિક માધ્યમોનો ઉપયોગ કરે છે તે જાણવાનો હેતુ.

૩. પુસ્તકાલયમાં કયા પ્રકારના સામાજિક માધ્યમોનો ઉપયોગ કરે તે જાણવાનો હેતુ.

૪. પુસ્તકાલયમાં કયા સામાજિક માધ્યમો દ્વારા સેવાઓ આપવામાં આવે છે તે જાણવાનો હેતુ.

૫. સામાજિક માધ્યમોની લાક્ષણિક્તાઓ જાણવાનો હેતુ.


ISBN : 978-93-5598-308-4

**સામાજિક માધ્યમ:**

ઈન્ટરનેટ ટેકનોલોજી અસ્તિત્વમાં આવી ત્યાર બાદ સામાજિક નેટવર્કિંગ અને સામાજિક માધ્યમો શબ્દ વધુ પ્રચલિત બન્યો છે. સામાજિક માધ્યમો સૌ પ્રથમ વ્યાખ્યા એન્ડ્રેન કેલ્પેન અને મિશેલ હેઇન્લેન નામનાં બે નિષ્ણાતો એ આપી હતી. ઈન્ટરનેટ આધારિત સામાજિક માધ્યમો જેવ કે ફેસબૂક, ટ્વિતર, યુ ટ્યુબ, ડેલિસિયસ, ટમ્લર, ઇન્સ્ટાગ્રામ, વોટ્સએપ, ગૂગલ પલ્સ વગેરે ડિજિટલ સ્વરૂપે માહિતીનો સંગ્રહ કરી માહિતીનું આદાન-પ્રદાન કરે છે. સામાજિક માધ્યમો એ વપરાશકર્તાઓ વચ્ચેના આંતર જોડાણોની સુવિધા પૂરી પાડે છે. તે માત્ર માહિતી વહેંચણી, સંચાર અને સહયોગને સમર્થન આપવા માટે પુરતુ નથી, પરંતુ એ વપરાશકર્તાઓ વચ્ચેના સબંધોના સામાજિક વેબ દ્વારા જોડવાનું કામ કરે છે.

સામાજિક માધ્યમની વ્યાખ્યા: -

“સામાજિક માધ્યમ એટલે ટેકનોલોજીનાં પાયા પર મજબુત રીતે ઊભી રહેલી વૈચારિક ઈમારત કે જે સમાજના લોકો વચ્ચેનું અંતર ઘટાડીને દુનિયાને વૈચારિક રીતે નજીક લાવવાનું કામ કરે છે.”

એન્ડ્રેન કેલ્પેન અને મિશેલ હેઇન્લેન

“સામાજિક માધ્યમ એ ઈંટરેક્ટિવ તકનીકો છે જે વર્ચ્યુઅલ સમુદાયો અને નેટવકર્સ દ્વારા માહિતી, વિચારો, રુચિઓ અને અભિવ્યક્તિના અન્ય સ્વરૂપની રચના અને વહેંચણીની સુવિધા આપે છે.”

વિકિપીડિયા

“સામાજિક માધ્યમ એ વેબસાઇટ્સ અને એપ્લિકેશન્સ માટે એક સામૂહિક શબ્દ છે જે સંચાર, સમુદાય-આધારિત ઈનપુટ, ક્રિયાપ્રતિક્રિયા, સામગ્રી-શેરિંગ અને સહયોગ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.”

બેન લુટકેવીચ

**સામાજિક માધ્યમના કર્યો** : -

સામાજિક માધ્યમના મુખ્યત્વે સાત કર્યો જેવા કે ઓળખ (સામાજિક માધ્યમની પ્રોફાઇલ), વાતચીત (જેમ કે ટિપ્પણોઓ કોલિંગની સુવિધા), શેરિંગ (જેમ કે ચિત્રો, વીડિયો, માહિતી વગેરે), હાજરી (જેમ કે સામાજિક પ્રભાવ), સંબંધો (સંબંધો શોધવા અને જાળવવા), પ્રતિષ્ઠા (સામાજિક સ્થિતિ), અને જૂથો (સમુદાયો અને પેટા સમુદાયો).

સામાજિક માધ્યમની વિશેષતાઓ : -


ISBN : 978-93-5598-308-4

વિવિધ પ્રકારના સામાજિક માધ્યમોમાં અલગ-અલગ સુવિધાઓ હોય છે જેમ કે ફોટો, વીડિયો, ઓડિયો શેરિંગથી લઈ ને સમાચાર પ્રકાશન, સમીક્ષાઓ શેર કરવા અથવા રુચિઓ અને શોખને પ્રોત્સાહન આપવા સુધીની હોય શકે છે.

સામાજિક માધ્યમના ફાયદા : -

સામાજિક માધ્યમ આપણે જાગૃતિ મેળવવા, સબંધો બાંધવા, આપણી કુશળતા શેર કરવા, આપણા અનુયાયીઓ અથવા સાથીદારો સાથે જોડાવા, માહિતી મેળવવા, બજાર સંશોધન, વિશ્વાસ કેળવવામાં તેમજ આપણી જાતને ઉદ્યોગ નેતા તરીકે સ્થાપિત કરવામાં મદદ કરી શકે છે. વિવિધ પ્રકારના સામાજિક માધ્યમો વિવિધ હેતુઓ પૂરા પાડવા અને જરૂયાતને પૂર્ણ કરવા માટે લક્ષ્યોને લક્ષ્ય બનાવવામાં મદદ કરે છે.

## વિવિધ પ્રકારની સામાજિક માધ્યમો : -

**(૧) ઈન્સ્ટાગ્રામ : -**

ઈન્સ્ટાગ્રામ એ ઇન્ટરનેટ આધારિત એક જાણીતી સામાજિક માધ્યમ છે. જેની સ્થાપના કેવિન સિસ્ટરો અને માઇક ક્રેગર દ્વારા ૨૦૧૦માં કરવામાં આવી છે. ઈન્સ્ટાગ્રામને મોબાઈલ એપ્લિકેશન સ્વરૂપમાં લોંચ કરવામાં આવી હતી. ત્યારબાદ સ્માર્ટ ફોન માટે લોંચ કરી હતી. ઈન્સ્ટાગ્રામ એક મોબાઈલ, ડેસ્કટોપ અને ઇન્ટરનેટ આધારિત ફોટો શેરિંગ એપ્લિકેશન છે જે ઉપયોગકર્તાઓ ફોટો કે વિડીયો ને સાર્વજનિક રૂપ થી શેર કરી શકાય છે.

**(૨) બ્લોગ્સ : -**

૧૯૯૦ના દાયકાના અંતમાં બ્લોગ્સનો ઉદભવ અને વિકાસ વેબ પબ્લિશિંગ ટુલ્સના આગમન સાથે થયો. આ એક પ્રકારની વ્યક્તિગત વેબ પેજ છે. તેને ડાયારીની જેમ પણ વાપરી શકાય છે. જેની શરૂઆત ૧૯૯૨માં થઈ છે. બ્લોગ્સ ખાસ કરીને ટેક્સ્ટ સ્વરૂપમાં હોય છે. બ્લોગ લખનારને બ્લોગર અને તેના કાર્યને બ્લોગિંગ કહેવામાં આવે છે. બ્લોગ શબ્દને ૨૦૦૪માં મેરિયમ વેબસ્ટરમાં સત્તાવાર રીતે સામેલ કરવામાં આવ્યો હતો. ધણી સંસ્થાઓમાં બ્લોગ્સ સેવાઓને સરળ બનાવવા માટે ઘણી સુવિધા આપવામાં આવે છે. પુસ્તકાલયોમાં ગ્રંથાલય દ્વારા સંદેશાઓ, વિષય વસતું અને જરૂરી માહિતી વપરાશકર્તાઓને મોકલવામાં આવે છે તેમજ તેમના દ્વારા અભિપ્રાયો પણ મેળવી શકાય છે. ખરેખર, બ્લોગ્સ તેમના બ્લોગ્સ પર પોસ્ટ કરવા માટે માત્ર સામગ્રી જ બનાવતા નથી પણ ઘણીવાર તેમના વાચકો અને અન્ય બ્લોગ્સ સાથે સામાજિક સંબધો પણ બનાવે છે.

**(3) લિંક્ડ ઇન : -**

લિંક્ડ ઇનની શરૂઆત ૨૮ ડિસેમ્બર ૨૦૦૨માં હોફમેન કરી છે. આ સામાજિક વ્યવસાયિક નેટવર્ક સેવા છે. જે ૨003માં લોંન્ચ કરી હતી. આ સાઇટ પર બાયોડેટા ઓપલોડ કરીને નોકરી શોધી શકાય છે તથા જરૂરીયાત અનુસાર કોઈ સારી સંસ્થા શોધીને નોકરી માટે અરજી કરી શકાય છે. ગ્રંથપાલો આ સાઇટ


ISBN : 978-93-5598-308-4

દ્વારા વ્યાવસાયિક માહિતી પ્રાત કરી શકે છે અને આનો ઉપયોગ કરીને ખાસ પ્રકારની સેવાઓ આપી શકે છે.

**(૪) ફેસબૂક : -**

ફેસબુક એ ઇન્ટરનેટ પરની વિના મૂલ્યની સામાજિક માધ્યમ સેવા છે. જેની શરૂઆત ૪ ફેબ્રુઆરી ૨૦૦૪માં માર્ક ઝુકરબર્ગ દ્વારા કરવામાં આવી છે. ફેસબુક દ્વારા તેના સભ્યો, તેમના મિત્રો, પરિવારો, ઉપયોગકર્તાઓનો મોટા સમુહો એકબીજાને સરળતથી સંપર્ક કરી શકે છે. ગ્રંથાલયમાં મૈત્રીપૂર્ણ તરીકે કાર્ય કારે છે. જેમ કે 'જેસટોર સચ અને વોર્ડ કેટ' જેવી સેવાઓ દ્વારા ઉપયોગકર્તાઓનો એક બીજાને જોડી રાખે છે અને જરૂરી માહિતીનું આપ-લે કરી શકે છે.

**(૫) વોટસેપ મેસેન્જર : -**

આ સ્માર્ટ ફોનમાં પર ચાલતી પ્રચલિત મેસેજિંગ સેવા છે. જેની શરૂઆત ૨૦૦૯માં જેન કુમ અને બ્રાયન એકટન દ્વારા કરવામાં આવી છે. જેના દ્વારા વપરાશકર્તાઓ વચ્ચે ટેક્સ મેસેજ, ઑડિયો, વિડીયો, ઇમેજ, કોલિંગ વગેરેની માહિતી આપ-લે કરી શકે છે. આ એપલીકેશન દ્વારા સામાયકો, નવા પુસ્તકો, અધ્યતન માહિતી વાચોકોને અલગ-અલગ જુથ બનાવીને મોકલી શકાય છે.

**(૬) યુ ટ્યુબ : -**

યુ ટ્યુબ એ અમેરિકન ઓનલાઈન વિડીયો-શેરીગ પ્લેટફોર્મ છે. જેનું મુખ્ય મથક સાન બ્રુનો કેલિફોર્નિયામાં છે. જેની શરૂઆત પેપાલના ત્રણ ભૂતપૂર્વ કર્મચારિઓ ચાડ હર્લી, સ્ટીવ ચેન અને જાવેદ કરીમ દ્વારા ફેબ્રુઆરી ૨૦૦૫માં કરવામાં આવી હતી. જેમાં નોધાયેલા સભ્યો વિડીયો અપલોડ કરી શકે છે. ગૂગલે નવેમ્બર ૨૦૦૬માં ૧.૬૫ અજબ ડોલરમાં આ સાઇટ ખરીદી હતી. યુ ટ્યુબના વપરાશકર્તાઓને વિડીયો અપલોડ કરવા, તેમને પસંદ-નાપસંદ સાથે રેટ આપવા, તેમણે શેર કરવા, પ્લેલીસ્ટસમાં વિડીયો ઉમેરવા, જાણ કરવા, વિડીયો પર ટિપ્પણી કરવા અને અન્ય વપરાશકર્તાઓને સબ્સ્ક્રઈબ કરવાની મંજૂરી આપે છે. આમાં બીન-નોંધાયેલા સભ્યો જુદા-જુદા પ્રકારના વિડીયો જેમ કે ટીવી શૉઝ, સંગીત વિડીયો, મૂવી, શૈક્ષણિક વિડિયો વગેરે વિના મુલ્યે જોઈ શકાય છે. યુ ટ્યુબ પર આપણે પુસ્તકાલયને લગતા વિવિધ વિડિયો અપલોડ કરી વપરાશકર્તાઓને મોકલી પ્રોત્સાહિત કરી શકાય છે તેમજ લાઈવ વિડિયો પણ જોય શકાય છે.

**(૭) ટ્વિટર : -**

ટ્વિટર, વ્યક્તિગત કમ્પ્યુટર અથવા મોબાઈલ ટેલિફોન દ્વારા વપરાશકર્તાઓના જૂથો વચ્ચે ટૂંકા સંદેશાઓનું વિતરણ કરવા માટે ઓનલાઈન માઈક્રોબ્લોગિંગ સેવા છે. સોશિયલ નેટવર્કિંગ વેબ સાઇટ જેવી કે, માયસ્પેસ, ફેસબુક, ઇન્સ્ટન્ટ મેસેજિંગ ટેકનોલોજી સાથે એવા વપરાશકર્તાઓના નેટવર્કસ બનાવવા માટે


ISBN : 978-93-5598-308-4

કે જેઓ સંક્ષિપ્ત સંદેશાઓ અથવા ટ્વિટરસાથે દીવસભરની વાતચીત કરી શકે છે. આ સેવા ૨૦૦૬માં ઇવાન વિલિયમ્સ અને બિઝ સ્ટોન ને  ડિઝાઈન કરવામાં આવી હતી. આ એક ટૂંકી સંદેસ સેવા છે. જેના દ્વારા વપરાશકર્તાઓને અધ્યતન માહિતી પૂરી પાડે છે. તેમજ એક બીજાને વાંચવા અને માહિતી મોકલવાની સુવિધા પણ આપે છે. જેમાં ૧૪૦ અક્ષરો સુધીની ટેક્સ્ટ આધારિત માહિતી પોસ્ટ કરી શકાય છે. ગ્રંથાલયોમાં ગ્રથપાલો રોજબરોજના કાર્યક્રમ, પ્રવૃતિઓ, નવા સામાયકો અને પુસ્તકોની માહિતી અપડેટે કરી વપરાશકર્તાઓ સુધી મોકલી શકાય છે.

**(૮) પિન્ટેરેસ્ટ** : -

પિન્ટેરેસ્ટનો ઉદ્દભવ ડિસેમ્બર ૨૦૦૯માં થયો હતો અને સાઇટનું લોન્ચ માર્ચ ૨૦૧૦માં બંધ બિટા તરીકે કરવામાં આવ્યું હતું. જેની શોધ બેન સિલ્બર, પૌલ સ્કીઅરી અને ઈવાન શાર્પ હતા. પિન્ટેરેસ્ટમાં વપરાશકર્તાઓ ઈમેજને અપલોડ, સાચવા અને વિવિધ બોર્ડ પર વર્ગીકૃત કરી શકાય છે. ગ્રંથાલયોમાં સામાયકો અને પુસ્તકો વગેરેના ફોટા પાડી તેને પિન્ટેરેસ્ટમાં અપલોડ કરી શકાય છે.

**(૯) લાઇબ્રેરી થિંગ** : -

એક સાધન જે લાઇબ્રેરી ઓપેકને (OPAC) સમૃદ્ધ બનાવે છે. એકવાર રજીસ્ટર થયા પછી આઇ.એસ.બી.એન. (ISBN) સાથેના પુસ્તકોની સૂચિ લાઇબ્રેરી થિંગમાં મોકલવામાં આવે છે. ગ્રંથપાલો વપરાશકર્તાઓને વર્તમાન પ્રકાશનોની સૂચિ મોકલવા માટે આનો ઉપયોગ કરી શકે છે.

ગ્રંથાલય સેવાઓ : -

સોશિયલ નેટવર્કિંગ સાઇટ (એસ.એન.એસ.) કે સામાજિક માધ્યમો દ્વારા ગ્રંથાલયોમાં વપરાશકર્તાઓ માટે ગ્રથાલયની સારી સેવાઓ આપવામાં ઉપયોગ કરી શકાય છે. એસ.એન.એસ. દ્વારા ગ્રંથાલયોમાં નીચે દર્શાવેલ સેવાઓ આપી શકાય છે.

- એસ.એન.એસ. દ્વારા ગ્રંથાલયના વપરાશકર્તાઓને ગ્રંથાલયમાં ગયા વિના ગ્રંથાલયનો વર્ચ્યુઅલ ઉપયોગ કરવામાં મદદ કરે છે. (ફેસબૂક, ટ્વિટર, યુ ટ્યુબ)
- એસ.એન.એસ. દ્વારા ગ્રંથપાલો વપરાશકર્તાઓને વીડિયો, ઓનલાઈન ટ્યુટોરિયલ શિક્ષણના પ્રોગ્રામ વગેરે સાથે લીંક કરવામાં સક્ષમ કરે છે. (ફેસબૂક, ટ્વિટર, યુ ટ્યુબ)
- એ એક એવું જાહેર મંચ પુરુ પાડે છે, જેમાં માહિતી, ઉપયોગ, રિવિઝન વગેરે વિદ્યાર્થીઓ, સંશોધનકર્તા અને શિક્ષકોને પ્રત્યક્ષ દેખાય છે. (ગુગલ પ્લસ, ફેસબૂક, ટ્વિટર)
- એસ.એન.એસ.નો ઉપયોગ ગ્રંથાલયનાં અલગ-અલગ પ્રોગ્રામો કે પ્રવૃતિઓને ન્યૂઝ રૂપે ફ્લેશ કરી શકે છે. (ગુગલ પ્લસ, ફેસબૂક, ટ્વિટર, યુ ટ્યુબ)
- ગ્રંથાલયના ઇવેન્ટસની જાહેરાત કરવામાં કે વિદ્યાર્થીઓના ઓનલાઈન અભ્યાસ ગ્રુપ બનાવામાં મદદ કરે છે. (ગુગલ પ્લસ, ફેસબૂક, ટ્વિટર, યુ ટ્યુબ)


ISBN : 978-93-5598-308-4

- એસ.એન.એસ.નો ઉપયોગ કરીને “ASK Librarian” દ્વારા ગ્રંથાલયોના વપરાશકર્તાઓને સંદર્ભ સેવાની જરૂયાત પૂરી પાડે છે. (ગુગલ પ્લસ, ફેસબૂક, ટ્વિટર)
- ગ્રંથાપલ એસ.એન.એસ.નો ઉપયોગ વપરાશકર્તાઓના શિક્ષણ અથવા ગ્રંથાલય ઓરિએન્ટેશન પ્રોગ્રામ માટે મંચ ઊભુ કરવામાં મદદ કરે છે. (ગુગલ પ્લસ, ફેસબૂક, ટ્વિટર, યુ ટ્યુબ)
- ગ્રંથાપલ એસ.એન.એસ.ના ઉપયોગથી નવી જર્નલ, પુસ્તકો અને બીજી વાંચન સામગ્રી વપરાશકર્તાઓને જાણ કરી શકાય છે. (ગુગલ પ્લસ, ફેસબૂક, ટ્વિટર)
- એસ.એન.એસ. દ્વારા વર્તમાનપત્રોની કિલપીંગ સેવાઓ પણ પુરી પાડી શકાય છે. (ગુગલ પ્લસ, ફેસબૂક, ટ્વિટર)
- એસ.એન.એસ. દ્વારા વપરાશકર્તાઓને રેફરન્સ સેવાઓ પુરી પાડી શકાય છે.
- (ગુગલ પ્લસ, ફેસબૂક)
- એસ.એન.એસ. દ્વારા વપરાશકર્તાઓ પોતાને જોઈતા પુસ્તકો રીઝવ, કેન્સલ કે રિન્યુ કરી શકે છે. (ગુગલ પ્લસ, ફેસબૂક)
- એસ.એન.એસ. દ્વારા વપરાશકર્તાઓને પોતાના ફિડબેક આપવામાં પણ મદદ કરી શકે છે. (ગુગલ પ્લસ, ફેસબૂક, ટ્વિટર)
- એસ.એન.એસ. દ્વારા વપરાશકર્તાઓને પ્રશ્નપત્ર બેંકનો વપરાશ પણ પુરો પાડી શકે છે. (ગુગલ પ્લસ, ફેસબૂક, ટ્વિટર)

**ઉપસંહાર** : -

ગ્રંથપાલ અને વપરાશકર્તાઓમાં જાગૃતિ અને શિક્ષિત થવા માટે સોશિયલ નેટવર્કિંગ સેવાઓ દ્વારા ગ્રંથાલયોમાં ઓરિએન્ટેશન, કોન્ફરન્સ, વર્કશોપ જેવા જન જાગૃતિ મંચનું આયોજન કરવું જોઈએ. નવા આઇસીટી સંચાલિત વાતાવરણને અનુકૂળ થવા માટે વર્તમાન પરિવર્તનને અપનાવવું જોઈએ. ગ્રંથાલયો **અને વપરાશકર્તાઓ વચ્ચે સક્રિય સંદેશાવ્યવહાર** ગ્રંથાલય **સેવાઓ પ્રદાન કરવામાં વધારાનું મૂલ્ય બનાવે છે, જ્યારે નવી સંભાવનાઓ અને સોશિયલ નેટવર્કનો ઉપયોગ કરવાનું મૂલ્ય સીધું ડિજિટલ વાતાવરણમાં** ગ્રંથાલય**ની વધુ સારી બનવામાં મહત્વનો ભાગ ભજવે છે. વર્તમાન સદીમાં સોશિયલ મીડિયા એ પુસ્તકાલયો માટે તેમની માહિતીને અત્યાધુનિક રીતે પૂરી કરવા માટેના વિશાળ સાધનો સાથે એક મોટો ભાગ છે. ઇન્ટરનેટની લોકપ્રિયતાને કારણે વપરાશકર્તાઓ અને** ગ્રંથપાલો**ની જરૂરિયાત સંતોષવા માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવો જોઈએ.**

**સંદર્ભ સૂચિ**


- અકબરી, અતુલ કે. (૨૦૧૬). ગુજરાત રાજ્યના અનુદાનિત વિશ્વદ્યાલય ગ્રંથાલયોમાં ICT આધારિત સેવાઓ : એક અધ્યયન ( મહા શોધનિબંધ, ગુજરાત વિદ્યાપીઠ,(૨૦૧૬)).




ISBN : 978-93-5598-308-4

- ચોધરી, સમીર એમ (2019). ગ્રંથાલય અને માહિતી સેવાઓમાં આઇસીટીનો પ્રભાવ. ધ રોલ ઓફ લાઇબ્રેરિ એન્ડ ઇન્ફોરમેશન સર્વિશ ઇન ધ ન્યુ મિલેનિયમ. ૩૧૦-૩૧૫
- Islam, Md Maidul & Habiba, Umme. (2015). Use of Social Media in Marketing of Library and Information Services in Bagladesh. DESIDOC Journal of Library & Information Technology, 35(4), 299-303 DOI:10.14429/djlit.35.4.8455.
- Sachin, Kadam V (2014). Impact of Use of Social Networking Site on Libraries. "Knowledge Librarian"- An International peer Reviewed Bilingual E-Journal of Library and Information science. Vol. 01(No.01), 116-124.
- Chakrabarti, Abhijit (2016) Social Media and Libraries: A Symbiotic Relationship for 21st Century Librarianship. International Journal of Digital Library Services, Vol. 06(2), 32-43
- Chauhan, Mehul (2013) Use of Social Media in Libraries, http://alibnet.org/public/bookofpaper/ ppts/85.pdf>, 1-46
- Khan, M. A. (2013). IPR in India and USA: Its impact on library services. Retrieved from: http://hdl.handle.net/10603/40586
- Anand, K. (2018). Use of Social Networking Sites and Web 3.0 Tools by the Research Scholars of State Universities in Karnataka A Study. Retrieved from: http://hdl.handle.net/10603/225416
- https://gu.wikipedia.org/wiki/Instagram
- https://en.wikipedia.org/wiki/blog
- https://en.wikipedia.org/wiki/linkedin
- https://en.wikipedia.org/wiki/facebook
- https://en.wikipedia.org/wiki/whatsuApp
- https://en.wikipedia.org/wiki/YouTube
- https://en.wikipedia.org/wiki/Twitter
- https://en.wikipedia.org/wiki/Pinterest
- https://www.researchgate.net/publication/337673976_Use_of_Social_Media_to_Promote_Library_Services_in_the_Digital_Age?enrichId=rgreq-384d96c57 bd0ffc0085286b889116044-XXX&enrichSource=Y292ZXJQYWdlOzMzNzY




ISBN : 978-93-5598-308-4

3Mzk3NjtBUzo4MzE2MTA4MjgxMjQxNjNAMTU3NTI4Mjg4MDI3OA%3D%3D&el=1_x_3&_esc=publicationCoverPdf

- https://invideo-io.translate.goog/blog/types-of-social-media/?_x_tr_sl=en& _x_tr _tl=gu&_x_tr_hl=gu&_x_tr_pto=sc

# શૈક્ષણિક પુસ્તકાલયોના સંદર્ભમાં ગ્રંથાલય અને માહિતી સેવાઓના પ્રચાર માટે સામાજિક માધ્યમોનો ઉપયોગ

દિનેશ એસ. ઠાકોર, સંશોધનકર્તા, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
ડો. દિગ્વિજયસિંહ ચૌહાણ, પીએચ. ડી. માર્ગદર્શક, વી. એસ. પટેલ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ

---

**સારાંશ:**


ISBN : 978-93-5598-308-4

*આજે ઇન્ટરનેટ ટેક્નોલોજીને કારણે ફેસબુક, વોટ્સએપ, ઇન્સ્ટાગ્રામ, યુટ્યુબ, બ્લોગ વગેરે જેવા અનેક સામાજિક માધ્યમો અસ્તિત્વમાં આવ્યા છે. સમાજનો દરેક માનવી તથા વિવિધ ખાનગી અને સરકારી, શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સંસ્થાઓ પણ પ્રત્યાયનના આ બધા સાધનો પર નિર્ભર થઈ ગયા છે. જેમાં પુસ્તકાલયો પણ પોતાના વિકાસ તેમજ માહિતી અને સેવાઓના પ્રચાર અને પ્રસાર માટે સામાજિક માધ્યમોનો ઉપયોગ કરે છે. આધુનિક ટેક્નોલોજી અને શોધો જેમકે સ્માર્ટ ફોન, મોબાઈલ ઈન્ટરનેટ સુવિધાઓ અને સામાજિક માધ્યમોએ આ ડિજિટલ યુગના ઉપયોગકર્તાઓની માહિતી જરૂરિયાતો અને અપેક્ષાઓને પહોંચી વળવા માટે ગ્રંથપાલો માટે નવા પડકારો ઉભા કર્યા છે. તેમજ વધુમાં વધુ ઉપયોગકર્તાઓને પુસ્તકાલય તરફ કેવી રીતે આકર્ષિત કરવા અને તેમને કેવી રીતે માહિતી અને સેવાઓ આપવી એ પણ એક મોટો પડકાર છે. તેથી ટેક્નોલોજીના આ યુગમાં શૈક્ષણિક પુસ્તકાલયોએ ટકી રહેવા માટે, ઉપયોગકર્તાઓના હિતને આકર્ષવા અને તેમને ઉત્તેજીત કરવા માટે નવીન પુસ્તકાલય સેવાઓ પ્રદાન કરવી અતિ આવશ્યક બને છે. તેથી આ લેખમાં શૈક્ષણિક પુસ્તકાલયો દ્વારા પોતાના સંસાધનો, માહિતી અને સેવાઓના પ્રચાર માટે કયા-કયા સામાજિક માધ્યમોનો ઉપયોગ કરી શકાય છે, કઈ- કઈ સેવાઓ આપી શકાય છે તેની માહિતી આપવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.*

***કીવર્ડ:** ગ્રંથાલય અને માહિતી સેવા, પ્રચાર, સામાજિક માધ્યમો, શૈક્ષણિક પુસ્તકાલય,*

**પ્રસ્તાવના:**

વર્તમાન સમય એ અતિ આધુનિક કહી શકાય છે. આ આધુનિક સમયમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના સતત વિકાસને કારણે પ્રત્યાયનના માધ્યમોમાં ખૂબ જ બદલાવ આવ્યો છે. આજે ઇન્ટરનેટ ટેક્નોલોજીના કારણે ફેસબુક, વોટ્સએપ, ઇન્સ્ટાગ્રામ, યુટ્યુબ, બ્લોગ વગેરે જેવા અનેક સામાજિક માધ્યમો અસ્તિત્વમાં આવ્યા છે. જે વ્યક્તિના જીવનના મુખ્ય ભાગ બની ગયા છે અને લોકો વચ્ચે સંપર્ક સાધવાના મહત્વપૂર્ણ સેતુ બની ગયા છે. સમાજનો દરેક માનવી તથા વિવિધ ખાનગી અને સરકારી, શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સંસ્થાઓ પણ પ્રત્યાયનના આ બધા સાધનો પર નિર્ભર થઈ ગયા છે. જેનાથી પુસ્તકાલયો પણ બાકાત રહ્યા નથી. પુસ્તકાલયો પણ પોતાના વિકાસ માટે, માહિતી અને સેવાઓના પ્રચાર અને પ્રસાર માટે, પુસ્તકાલયોની વિવિધ પ્રવૃત્તિઓના પ્રસાર માટે સામાજિક માધ્યમોનો ઉપયોગ કરે છે. પુસ્તકાલય એ કોઈ પણ શૈક્ષણિક સંસ્થાનું હૃદય છે. પ્રાચીન સમયમાં પુસ્તકાલયો એ મૂલ્યવાન સંપત્તિ ગણાતી હતી. અને અમિર-ઉમરાઓ જ તેનો ઉપયોગ કરી શકતા હતા. જ્યારે આજે પુસ્તકાલયો જ્ઞાનના ભંડાર તરીકે ન રહેતાં માહિતી કેન્દ્રો બની ગયા છે. પરંપરાગત પુસ્તકાલયોમાં સતત પરિવર્તન થઈ રહ્યું છે. આધુનિક ટેક્નોલોજી અને શોધો જેમ કે સ્માર્ટ ફોન, મોબાઈલ ઈન્ટરનેટ સુવિધાઓ અને સામાજિક માધ્યમોએ આ ડિજિટલ યુગના ઉપયોગકર્તાઓની માહિતીની જરૂરિયાતો અને અપેક્ષાઓને પહોંચી વળવા ગ્રંથપાલો માટે નવા પડકારો ઉભા કર્યા છે. તેમજ ઉપયોગકર્તાઓને પુસ્તકાલય તરફ કેવી રીતે આકર્ષિત કરવા અને તેમને કેવી



ISBN : 978-93-5598-308-4

રીતે માહિતી અને સેવાઓ આપવી એ પણ એક મોટો પડકાર છે. તેથી ટેક્નોલોજીના આ યુગમાં શૈક્ષણિક પુસ્તકાલયોએ ટકી રહેવા માટે, ઉપયોગકર્તાઓના હિતને આકર્ષવા અને ઉત્તેજીત કરવા માટે નવીન પુસ્તકાલય સેવાઓ પ્રદાન કરવી અતિ આવશ્યક બને છે. તેથી આ લેખમાં શૈક્ષણિક પુસ્તકાલયો દ્વારા પોતાના સંસાધનો, માહિતી અને સેવાઓના પ્રચાર માટે કયા-કયા સામાજિક માધ્યમોનો ઉપયોગ કરી શકાય છે, કઈ- કઈ સેવાઓ આપી શકાય છે તેની માહિતી આપવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

**સબંધિત સાહિત્યની સમીક્ષા:**

**ખાન અને ભટ્ટી (૨૦૧૨)** એ પુસ્તકાલય અને માહિતી સેવાઓના પ્રચાર માટે સામાજિક માધ્યમોના ઉપયોગ પર ઉપયોગકર્તાઓના વલણ, સામાજિક માધ્યમોની અસર અને સમસ્યાઓની તપાસ કરવાના હેતુથી લેખ લખ્યો હતો. જે માટે પાકિસ્તાનમાં આવેલ મુલતાનની બહાઉદ્દીન ઝકરીયા યુનિવર્સિટી અને બહાવલપુરની ઈસ્લામીયા યુનિવર્સિટીમાં કાર્ય કરતા ગ્રંથપાલો અને પુસ્તકાલય અને માહિતી વિજ્ઞાનના શિક્ષણવિદો પાસેથી પ્રતિભાવો મેળવવામાં આવ્યા હતા. તેમજ વિવિધ સર્ચ એન્જિન, વેબસાઇટ અને બ્લોગ્સનો ઉપયોગ કરીને સાહિત્યની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. જેના પરથી જાણવા મળે છે કે પુસ્તકાલય અને માહિતી સેવાઓના પ્રચાર માટે સામાજિક માધ્યમોના ઉપયોગ પ્રત્યે ઉત્તરદાતાઓનું વર્તન સકારાત્મક હતું. પુસ્તકાલયો સામાજિક માધ્યમોના ઉપયોગ દ્વારા ઉપયોગકર્તાઓ, સેવાઓ, સંસાધનો, કાર્યક્રમો અને પ્રત્યાયનને પ્રોત્સાહન આપી શકતા હતા. પરંતુ અપૂરતી તાલીમની તકો, જ્ઞાનનો અભાવ, ગોપનીયતા, ઈન્ટરનેટની ધીમી ગતિ અને વીજળીને લગતી સમસ્યાઓ હતી. તેથી સંશોધકે પુસ્તકાલયોને સમસ્યાઓના સમાધાન માટે ભલામણ કરી હતી.

**ચૌહાણ (૨૦૧૩)** એ ભારતની આર્થિક સમસ્યાઓને ધ્યાનમાં રાખી ગતિશીલ પુસ્તકાલય સેવાઓ પ્રદાન કરવા માટે સામાજિક નેટવર્કિંગ અને સામાજિક માધ્યમોનો ઉપયોગ પુસ્તકાલયો કેવી રીતે કરે છે તેને ધ્યાનમાં રાખીને લેખ લખ્યો હતો. જેના હેતુઓ પુસ્તકાલયના સંસાધનો અને સેવાઓના પ્રચારમાં સામાજિક માધ્યમોના ઉપયોગ પ્રત્યે ઉપયોગકર્તાઓનું વલણ, સામાજિક માધ્યમોની અસરો અને સમસ્યાઓની તપાસ કરવાનો હતો. સંશોધકે આ લેખમાં ફેસબુક, માયસ્પેસ, બ્લોગ્સ, વીકિસ, લિંક્ડઈન, ટ્વીટર, યુટ્યુબ, ફ્લિકર, લાઈબ્રેરી થિંગ જેવા સામાજિક માધ્યમો પુસ્તકાલયમાં કેવી રીતે કાર્ય કરે છે તેના વિશે માહિતી આપેલ હતી. તેમજ પુસ્તકાલયના પ્રચાર માટે સામાજિક માધ્યમોના મહત્વને ધ્યાનમાં રાખીને તેનો ઉપયોગ કરવા તમામ પ્રકારના પુસ્તકાલયોમાં ઈન્ટરનેટ સેવા પ્રદાન કરવા, વેબસાઇટ વિકસાવવા, તેમજ પુસ્તકાલય મંડળ, એલ્યુમની અને પુસ્તકાલય અને માહિતી વિજ્ઞાનની શાળાઓએ વ્યાવસાયિકો વચ્ચે સામાજિક માધ્યમોના ઉપયોગને લોકપ્રિય બનાવવા માટે તેમનો ફાળો આપવા, ઉપરાંત વિદ્યાર્થીઓ અને સામાન્ય લોકો વચ્ચે વિવિધ સામાજિક માધ્યમોના ઉપયોગની તપાસ કરવા માટે ભવિષ્યમાં સંશોધન હાથ ધરવાની ભલામણ કરેલ હતી.



ISBN : 978-93-5598-308-4

**બકારે (૨૦૧૮)** એ પુસ્તકાલય સેવાઓ અને નફાકારક પુસ્તકાલય વ્યવસાયને પ્રોત્સાહન આપવા માટે સામાજિક માધ્યમોના વિવિધ પ્રકારના પ્લેટફોર્મનો ઉપયોગ કરવા, ઉપયોગની રીતો શોધવા અને પડકારોને ઓળખવાના હેતુથી લેખ લખ્યો હતો. જે માટે વર્ણનાત્મક સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમજ માહિતી એકત્ર કરવા પ્રશ્નાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેના પરથી જાણવા મળે છે કે પુસ્તકાલયની સેવાઓને પ્રોત્સાહન આપવા માટે બ્લોગ્સ અને વોટસએપનો ઉપયોગ વ્યાપકપણે કરવામાં આવતો હતો. જે દ્વિ-માર્ગીય પ્રત્યાયન સરળ બનાવવા, ઉપયોગકર્તાઓ સાથે વાતચીતમાં સરળતા અને પ્રતિસાદ માટે એક મંચ આપતા હતા. તેમજ ઉપયોગકર્તાઓમાં વધારો અને ઉપયોગકર્તાઓ દ્વારા તેમના બ્લોગ પૃષ્ઠોની મુલાકાત લેતાં ગ્રંથપાલને આર્થિક નફામાં વધારો થતો હતો. તેમજ કેટલાક પડકારો હતા. જેથી સંશોધકે પુસ્તકાલયોમાં પર્યાપ્ત કમ્પ્યુટર અને ઈન્ટરનેટ સેવાઓ, કેન્દ્રોની અંદર મફત ઇન્ટરનેટ વાઈ-ફાઈ અને વ્યવહારુ માહિતી પ્રત્યાયન તકનિકી નીતિની જોગવાઈ માટેની ભલામણો કરી હતી.

**હાડાગાલી, કેન્યાક્કનવર અને તડસાદ (૨૦૧૯)** એ યુનિવર્સિટી કક્ષાએ આધુનિક પુસ્તકાલય સેવાઓ પ્રદાન કરવા માટે અસરકારક સાધનો તરીકે સામાજિક માધ્યમોનો ઉપયોગ કેવી રીતે થઈ શકે તેના પર લેખ લખ્યો હતો. જે માટે કેન્દ્ર અને રાજ્યની બંને યુનિવર્સિટીની વેબસાઇટ પરથી માહિતી એકત્રિત કરવામાં આવી હતી. તેમજ સૌથી વધુ લોકપ્રિય સામાજિક માધ્યમોના પ્લેટફોર્મની પસંદગી માટે ગ્લોબલ એલેક્સા રેન્કિંગને ધ્યાનમાં લેવામાં આવેલ હતી. તેમજ પુસ્તકાલય સેવાઓની ગુણવત્તા વધારવા અને સેવાઓ પૂરી પાડવા માટે તેનો ઉપયોગ કેવી રીતે થઈ શકે તે જાણવા માટે દરેક પ્લેટફોર્મનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. જેના પરથી જાણવા મળે છે કે ભારતમાં યુનિવર્સિટી પુસ્તકાલયોમાં સામાજિક માધ્યમોનો ઉપયોગ હજુ પણ રચનાત્મક તબક્કામાં છે અને ઉપયોગકર્તાઓની વધતી જતી અપેક્ષાઓને પૂર્ણ કરવા માટે તેને તૈયાર કરવાની જરૂર છે.

**સામાજિક માધ્યમ એટલે શું?**

સામાજિક માધ્યમ એ બે વ્યાપક શબ્દોનો બનેલ છે. પ્રથમ સામાજિક અને બીજો માધ્યમ. પ્રથમ શબ્દ “સામાજિક” એક એવી સ્થિતિને વ્યાખ્યાયિત કરે છે કે જેમાં મનુષ્ય પોતાને કોઈ સમૂહની સાથે સક્રિય રીતે જોડાવા માટે પ્રયાસ કરે છે. જેથી તે પોતાના વિચારો અને અનુભવોને એક બીજા સાથે આદાન-પ્રદાન કરી શકે. મનુષ્ય સ્વભાવથી સામાજિક છે. તેને લોકોની સાથે વાતચીત કરવા, સહાયતા કરવા, હળવા-મળવા, વહેંચણી કરવા, સહકાર આપવો, સલાહ લેવી પસંદ છે. તેથી તે જુદી જુદી રીતે અને વિવિધ ઉદેશ્યથી સમાજમાં પ્રત્યાયન કરે છે. તથા પોતાને અભિવ્યક્ત કરે છે. બીજા શબ્દોમાં, એક એવી સ્થિતિ જેમાં એક વ્યક્તિ પોતાને કોઈ સમૂહની સાથે સક્રિય રીતે જોડાયેલ અનુભવ કરે છે તથા સમૂહના હિતો માટે


ISBN : 978-93-5598-308-4

જાગૃતતા અનુભવે છે. એટલે વ્યક્તિઓ અથવા સમૂહોના સ્વરૂપમાં માનવીઓની આંતરક્રિયાઓ પર નિર્મિત પારસ્પરિક સબંધ સામાજિક કહેવાય છે. (સ્વર્ણ,૨૦૧૪).

બીજો શબ્દ "મીડિયા" જે એક વચન "માધ્યમ" નું બહુવચન છે અને એનો પ્રયોગ સામૂહિક અર્થોમાં કરવામાં આવે છે. ટીવી, રેડિયો, સમાચાર પત્ર, ઇન્ટરનેટ વગેરે માધ્યમ છે અને આ બધાનું સંમિલિત રૂપ મીડિયા કહેવાય છે. આમ, મીડિયા ઘણા માધ્યમોને સંદર્ભિત કરે છે. એવું માધ્યમ જેનો ઉપયોગ સમાજમાં અન્ય લોકોની સાથે સંપર્ક બનાવવા માટે કરવામાં આવે છે. આ સંપર્ક મૌખિક, લેખિત કે ઇલેક્ટ્રોનિક કોઇ પણ રીતે થઈ શકે છે. (સ્વર્ણ, ૨૦૧૪).

આમ, સામાજિક માધ્યમ સામાજિક અને મીડિયા આ બંનેનું મળેલું સ્વરૂપ છે. જેનો ઉપયોગ સમાજમાં લોકોને આપસમાં જોડાવા માટે કરવામાં આવે છે. તેને સામાજિક માધ્યમ કહેવામાં આવે છે. ટેકનોલોજીના અર્થમાં જે મીડિયાનો ઉપયોગ ઇન્ટરનેટ આધારિત વિભિન્ન પ્રોદ્યોગિકીઓ કમ્પ્યુટર, મોબાઇલ, ટેબલેટ વગેરેના માધ્યમથી ઉપયોગકર્તા નિર્મિત સામગ્રીને વહેંચવા અને સહયોગને વધારવા માટે કરવામાં આવે તેને સામાજિક માધ્યમ કહેવામાં આવે છે. જે વેબ, મોબાઇલ અને અન્ય ઉપકરણ આધારિત એવી તકનીક છે જેના માધ્યમથી લોકો સામગ્રીનું ઉત્પાદન, ઉપભોગ અને વહેંચણી કરે છે. તથા આમાં એક ઉપયોગકર્તા નિર્માતા, વિતરક, સંપાદક અને ઉપભોક્તા બધાની ભૂમિકાનું નિર્વાહ કરી શકે છે. (સ્વર્ણ,૨૦૧૪).

**સામાજિક માધ્યમની વ્યાખ્યાઓ:**

"સામાજિક માધ્યમ એ કમ્પ્યુટર આધારિત તકનીકનો સંદર્ભ આપે છે જે વર્ચ્યુઅલ નેટવર્ક્સ અને સમુદાયો દ્વારા મંતવ્યો, વિચારો અને માહિતીની વહેંચણીની સુવિધા આપે છે. સામાજિક માધ્યમો ઇન્ટરનેટ આધારિત છે અને વપરાશકર્તાઓને વ્યક્તિગત માહિતી, દસ્તાવેજો, વિડિયો અને ફોટા જેવી સામગ્રીનો ઝડપી ઇલેક્ટ્રોનિક સંચાર આપે છે. વપરાશકર્તાઓ વેબ-આધારિત સોફ્ટવેર અથવા એપ્લિકેશન દ્વારા કમ્પ્યુટર, ટેબલેટ અથવા સ્માર્ટ ફોન દ્વારા સામાજિક માધ્યમો સાથે જોડાય છે."

- https://www.investopedia.com/terms/s/social-media.asp

સામાજિક માધ્યમો એટલે "ઈલેક્ટ્રોનિક કોમ્યુનિકેશનના સ્વરૂપો જેમ કે, સોશિયલ નેટવર્કિંગ અને માઇક્રો બ્લોગિંગ માટેની વેબસાઇટ્સ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે, જેના દ્વારા વપરાશકર્તાઓ માહિતી, વિચારો, વ્યક્તિગત સંદેશાઓ અને અન્ય સામગ્રીને વહેંચણી કરવા માટે ઓનલાઇન સમુદાયો બનાવે છે."

- મેરિયમ-વેબસ્ટર ડિક્શનરી

❖ **પુસ્તકાલયોમાં સામાજિક માધ્યમોના ઉપયોગના હેતુઓ:**


ISBN : 978-93-5598-308-4

પુસ્તકાલયોમાં સામાજિક માધ્યમોના ઉપયોગનો મુખ્ય હેતુ માહિતી અને સેવાઓના પ્રચાર અને પ્રસારનો છે. આ ઉપરાંત અન્ય હેતુઓ નીચે મુજબ છે:

- સંદર્ભ સેવાઓ વધારવા
- ઉપયોગકર્તાઓ વચ્ચે જ્ઞાનની વહેંચણી કરવા
- પુસ્તકાલયોના વિવિધ કાર્યક્રમોના પ્રચાર માટે
- પુસ્તકાલયની છબી અને ઈ-પ્રતિષ્ઠાને આધુનિક બનાવવા
- સંભવિત ઉપયોગકર્તાઓ દ્વારા નવા પ્રેક્ષકો સુધી પહોંચવા
- પુસ્તકાલયના સમાચાર અને અખબારી યાદીને આગળ વધારવા
- ઉપયોગકર્તાઓને ઝડપથી અદ્યતન માહિતી આપવા
- ચર્ચા જૂથો અને સહયોગી કાર્ય બનાવવા માટે

**વિવિધ પ્રકારના સામાજિક માધ્યમો અને પુસ્તકાલયની સેવાઓ:-**

સામાજિક માધ્યમો એ સ્વતંત્ર ચલો છે જ્યારે પુસ્તકાલયની સેવાઓ ગ્રંથપાલ તેમના ઉપયોગકર્તાઓને પ્રદાન કરે છે તેથી તે આશ્રિત ચલ છે. આશ્રિત ચલોને પુસ્તકાલય સામગ્રી અને પુસ્તકાલયના કાર્યો જેવા કે પુસ્તકો, જર્નલ્સ, અખબારો, નકશા, ઇન્ટરનેટ આધારિત સંસાધનો, સીડી/ડીવીડી અને લેન્ડીંગ સેવાઓ, સંદર્ભ સેવાઓ, ઈન્ડેક્સીંગ અને એબ્સ્ટ્રેક્ટીંગ સેવાઓ, ઉપયોગકર્તા શિક્ષણ વગેરેમાં વિભાજિત કરવામાં આવે છે. જ્યારે સ્વતંત્ર ચલો વોટ્સએપ, ફેસબુક, બ્લોગ, ટ્વિટર વગેરે જેવા સામાજિક માધ્યમો છે (સુમાદેવી અને કુંબાર,૨૦૧૯). ગ્રંથપાલ આ સામાજિક માધ્યમોનો ઉપયોગ કરીને પુસ્તકાલયોની સેવાઓ અને કાર્યક્રમોને પ્રોત્સાહન આપવાના હેતુથી તેનો પ્રચાર કરી શકે છે. તેમજ પુસ્તકાલયોને તેમના ઉપયોગકર્તાઓ સાથે સંપર્કમાં રહેવા માટે નવીન અને અસરકારક રીત પ્રદાન કરે છે. ઉપયોગકર્તાઓની માહિતીની જરૂરિયાતોને પહોંચી વળવા તેમજ પુસ્તકાલયની સેવાઓના પ્રચાર માટે ગ્રંથપાલો દ્વારા ઉપયોગમાં લેવાતા લોકપ્રિય સામાજિક માધ્યમો નીચે મુજબ છે:

**વોટ્સએપ મેસેન્જર:-**

વોટ્સએપ એ સ્માર્ટ ફોન અથવા એન્ડ્રોઇડ આધારિત સેલફોન પર ચાલતી પ્રખ્યાત ઇન્સ્ટન્ટ ફ્રી મેસેજિંગ અને વૉઇસ ઓવર ટેલિફોનિંગ સેવાઓ સાથેનું સામાજિક માધ્યમ છે. જેની શરૂઆત જેન કુમ અને બ્રાયન એક્ટન દ્વારા જાન્યુઆરી ૨૦૦૯ માં કરવામાં આવી હતી. જે ઉપયોગકર્તાઓ વચ્ચે લેખિત સંદેશાઓ, ઑડિઓ, વિડિયો, છબીઓ, પોતાના વિચારો, મૌખિક સંદેશાઓ વગેરેની આપ- લે કરવાની મંજૂરી આપે છે. (https://en.wikipedia.org/wiki/WhatsApp).

પુસ્તકાલયોમાં વોટ્સએપ દ્વારા નીચે મુજબની સેવાઓ આપી શકાય છે:


ISBN : 978-93-5598-308-4

- પુસ્તકાલયમાં નવા આવેલ પુસ્તકો યાદી, સામાયિકો, અદ્યતન માહિતી વાચકો સાથે જૂથ બનાવીને મોકલી શકાય છે.
- નવા આવેલ પુસ્તકોના મુખપૃષ્ઠના ફોટા પાડી વાચકોના જૂથમાં મૂકી શકાય છે.
- ગ્રંથપાલ ઉપયોગકર્તાઓને પુસ્તકાલયની સૂચનાઓ અને ત્વરિત સંદેશા મોકલી શકે છે તેમજ તરત જ પ્રતિસાદ પણ મેળવી શકે છે.
- અદ્યતન માહિતી કે જે પુસ્તકાલયોના ઉપયોગકર્તાઓને જરૂર હોય તે તાત્કલિક મોકલી શકાય છે.
- દસ્તાવેજો અને સામગ્રીઓ પણ ઉપયોગકર્તાઓને ગમે તે સમયે અને પુસ્તકાલયના કામકાજના સમય પછી પણ મોકલી શકાય છે.
- ઉપયોગકર્તાઓને પુસ્તકાલયની સ્પર્ધાઓ, સમાચારો, લાઈબ્રેરી ઓરિએન્ટેશન પ્રોગ્રામ અને સ્પર્ધાની છબીઓ અને વિડીયો પોસ્ટ કરી શકે છે.
- પુસ્તકાલય સેવાઓને વધુ સારી બનાવવા માટે ગ્રંથપાલોને ચર્ચા જૂથો, ઇમેજ ટેગિંગ, ટિપ્પણીઓ અને પ્રતિસાદ, સૂચનો પ્રાપ્ત કરીને ઉપયોગકર્તાઓ સાથે વાર્તાલાપ કરવાની પણ મંજૂરી આપે છે.

**યુટ્યુબ:-**

યુટ્યુબ એ વર્તમાન સમયમાં ખૂબ જ ઉપયોગમાં લેવાતું વિડિયો શેરિંગનું મહત્વનું સામજિક માધ્યમ છે. જેની સ્થાપના ૧૪ ફેબ્રુઆરી, ૨૦૦૫ માં સ્ટિવ ચૈન, ચાડ હર્લે, જાવેદ કરીમે કરી હતી. જેમાં રજિસ્ટર થયેલા સભ્યો વીડિયોને અપલોડ કરી શકે છે. તેને નવેમ્બર ૨૦૦૬ માં ગૂગલ દ્વારા ૧.૬૫ અબજ ડોલરમાં ખરીદવામાં આવ્યું હતું. આમાં બિન-નોંધાયેલા સભ્યો જુદા-જુદા પ્રકારના વિડિયો જેમ કે ટીવી શૉઝ, સંગીત વિડિયો, મૂવી ટ્રેઇલર્સ, શૈક્ષણિક વિડિયો વગેરે મફતમાં જોઈ શકે છે. પરંતુ કેટલાક વિડિયો જોવા માટે ફીની ચુકવણી કરવી પડે છે. કેટલાક લોકો તેને વિડિયો બ્લોગિંગ તરીકે પણ ઉપયોગ કરે છે. (https://en.wikipedia.org/wiki/YouTube).

યુટ્યુબ દ્વારા પુસ્તકાલયોમાં નીચે મુજબની સેવાઓ આપી શકાય છે:

- યુટ્યુબ પર પુસ્તકાલયને લગતા વિવિધ વિડિયો અપલોડ કરી વાચકોને પ્રોત્સાહિત કરી શકાય છે.
- મોટા ભાગના પુસ્તકાલયો પુસ્તકાલયની ઈવેન્ટ્સ, લેક્ચર્સ, સ્પેશિયલ ટોક, લાઈબ્રેરી વિઝિટ, ગ્રંથસૂચિ વગેરે પર વિડિયો બનાવી ઉપયોગકર્તાઓને શેર કરવા માટે યુટ્યુબનો ઉપયોગ કરે છે.
- યુટ્યુબ ગ્રંથપાલોને મનપસંદ વિષય સંબંધિત વિડિયો સાચવવા દે છે અને તેમને પ્લેલિસ્ટ બનાવવા અને ઉપયોગકર્તાઓ વચ્ચે શેર કરવા માટે પણ સક્ષમ કરે છે. (બકલી, ૨૦૦૮).

**ફેસબુક:-**

ફેસબુક એ વ્યાપકપણે ઉપયોગમાં લેવાતા સામાજિક માધ્યમો પૈકીનું એક છે જેનો ઉપયોગ મુખ્યત્વે ક્રિયા-પ્રતિક્રિયા અને માહિતીના આદાન-પ્રદાન માટે થાય છે. ફેસબુક એ સૌથી વધુ લોકપ્રિય છે અને



ISBN : 978-93-5598-308-4

પુસ્તકાલય-મૈત્રીપૂર્ણ છે. તેની શરૂઆત ઈ.સ. ૨૦૦૪ માં હાવર્ડ યુનિવર્સિટીના વિદ્યાર્થી માર્ક ઝુકરબર્ગે કરી હતી. ત્યારે એનું નામ દ ફેસબુક હતું. ત્યારબાદ ઓગસ્ટ ૨૦૦૫ માં એનું નામ ફેસબુક કરવામાં આવ્યું. ફેસબુક એ ઇન્ટરનેટ પરની મફત સામાજિક માધ્યમ સેવા છે. જેના દ્વારા તેના સભ્યો તેમના મિત્રો, પરિવારો અને પરિચિતોના સંપર્કમાં આવી શકે છે. (https://en.wikipedia.org/wiki/Facebook).

ફેસબુકનો ઉપયોગ કરીને શૈક્ષણિક પુસ્તકાલયો તેમના ઉપયોગકર્તાઓને નીચે મુજબની સેવાઓ આપી શકે છે:

- ફેસબુક દ્વારા JSTOR Search અને World Cat જેવી સેવાઓના ઉપયોગ દ્વારા ઉપયોગકર્તાઓ સાથે સંપર્કમાં રહી તેમની માહિતીની જરૂરિયાત જાણી શકાય છે અને માહિતીનું પ્રત્યાયન કરી શકાય છે. (બારેવડિયા, ૨૦૧૪).
- પુસ્તકાલયો તેમના ઉપયોગકર્તાઓને પુસ્તકાલયની અદ્યતન માહિતી, કાર્યક્રમો અને સેવાઓ પોસ્ટ કરીને જાણ કરી શકે છે.
- નવા અને હાલના પ્રિન્ટ અને ઓનલાઈન સંસાધનોને લિંક આપવા અને માહિતી આપવા ફેસબુકનો ઉપયોગ કરી શકાય છે.
- ઉપયોગકર્તાઓને પુસ્તકાલય તેમજ પુસ્તકાલય વેબસાઈટની મુલાકાત લીધા વગર લાઈબ્રેરી કેટેલોગની સામગ્રીઓ પાપ્ત કરવામાં સક્ષમ બનાવે છે. (ફારકાસ, ૨૦૦૭).
- ઉપયોગકર્તાઓ માટે ઓનલાઈન લાઈબ્રેરી અભ્યાસ જૂથો બનાવવામાં મદદ કરે છે.
- પ્રશ્નપત્ર બેંકની એક્સેસની સુવિધા આપે છે. જેમાં ઉપયોગકર્તાઓ ભૌગોલિક મર્યાદાઓ વિના પ્રશ્નપત્રોનો ઉપયોગ કરી શકે છે.
- પુસ્તકાલયના સમય વિશેની વ્યવહારિક માહિતી તેમજ વેબસાઇટની માહિતી પોસ્ટ કરી શકાય છે.
- ફેસબુક પેજ પુસ્તકાલયના ઉપયોગકર્તાઓ માટે કનેક્ટ સેન્ટર તરીકે સેવા આપી શકે છે અને પુસ્તકાલયમાં ઉપલબ્ધ સંસાધનોના અપ-ટૂ-ડેટ સંદેશાઓ અને ચિત્રો પોસ્ટ કરીને ગ્રંથપાલ પણ ઉપયોગકર્તાઓને યાદ અપાવી શકે છે.

**પિન્ટેરેસ્ટ:-**

પિન્ટેરેસ્ટની શોધ પૌલ સ્કિઅર્રા, ઈવાન શાર્પ અને બેન સિલ્બરમેને કરી હતી. જેનો વિકાસ ડિસેમ્બર ૨૦૦૯ માં શરૂ થયો હતો અને સાઈટનું ઉદ્ઘાટન માર્ચ ૨૦૧૦ માં બંધ બિટા તરીકે કરવામાં આવ્યું હતું. આ સાઇટ માત્ર ઓપન બીટામાં આમંત્રણ આપીને કાર્યરત થઈ હતી. પિન્ટેરેસ્ટમાં ઉપયોગકર્તાઓ ઈમેજીસને અપલોડ, સાચવી અને વિવિધ બોર્ડ પર વર્ગીકૃત કરી શકે છે. પિન્ટેરેસ્ટની ઉત્ક્રાંતિ તેના ઉપયોગકર્તાઓની રુચિ પર આધારિત છે અને સામગ્રીના ઉત્પાદન માટે તેના સભ્યો પર આધારિત છે. (https://en.wikipedia.org/wiki/Pinterest).

પુસ્તકાલયમાં પિન્ટેરેસ્ટનો ઉપયોગ નીચે મુજબ કરી શકાય છે:



ISBN : 978-93-5598-308-4

- પુસ્તકાલયમાં આવેલ નવા પુસ્તકો, સામાયિકો વગેરેના ફોટા પાડી પિન્ટેરેસ્ટમાં અપલોડ કરી શકાય છે.
- શૈક્ષણિક પુસ્તકાલયો વિદ્યાર્થીઓ, શિક્ષકો અને કર્મચારીઓ સાથે જોડાવા માટે એક નવી રીત તરીકે પિન્ટેરેસ્ટનો પ્રયોગ કરી રહી છે.
- પિન્ટેરેસ્ટમાં દ્રશ્ય છબીઓનો સંગ્રહ થતો હોવાથી ઉપયોગકર્તાઓ ઇન્ટરનેટ પરથી છબીઓ એકત્રિત કરે છે અને તેમની પસંદગીના શીર્ષક હેઠળ જૂથ બનાવવામાં મદદરૂપ બને છે. આમ સંશોધન પોર્ટલ તરીકે કાર્ય કરે છે.

**ઇન્સ્ટાગ્રામ:-**

ઇન્સ્ટાગ્રામની સ્થાપના કેવિન સિસ્ટરોમ અને માઈક ક્રેગર દ્વારા ૨૦૧૦ માં કરવામાં આવી હતી. ઓક્ટોબર ૨૦૧૦ માં આઈઓએસ ઓપરેટિંગ સિસ્ટમ માટે મફત મોબાઈલ એપ્લિકેશન સ્વરૂપમાં લોન્ચ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બે વર્ષ પછી એન્ડ્રોઈડ ફોન માટે લોન્ચ કરવામાં આવી. આ એપ ૩૩ ભાષાઓમાં ઉપલબ્ધ છે. જેનો સ્માર્ટ ફોનની સાથે- સાથે કમ્પ્યુટર પર પણ ઉપયોગ કરી શકાય છે. તમે જ્યારે ઈચ્છો ત્યારે આના પરથી ફોટો અને વિડિયો એક-બીજાને મોકલી શકો છો. તેમજ લખીને પોસ્ટ પણ કરી શકાય છે. આ ફેસબુકની જેમ જ છે, પરંતુ Live video chatting કરી શકાતુ નથી. આમાં ફક્ત ઇમેજ અપલોડ કરી શકાય છે. (https://en.wikipedia.org/wiki/Instagram).

- પુસ્તકાલયમાં સંગ્રહ સંબંધિત ચિત્રો પોસ્ટ કરવા માટે ઇન્સ્ટાગ્રામનો ઉપયોગ કરી શકાય છે. ઉદાહરણ તરીકે, એક યુએસ યુનિવર્સિટીએ મનોચિકિત્સા ઇતિહાસ પર તેમના સંગ્રહ સાથે સંબંધિત જૂના ફ્રેનોલોજી નકશાનું ચિત્ર પોસ્ટ કર્યું છે.
- પુસ્તકાલયો ઉપયોગર્તાઓને તેમના મનપસંદ લેખકો વિશે પૂછવા માટે ઇન્સ્ટાગ્રામનો ઉપયોગ કરે છે.
- પુસ્તકાલયના કાર્યક્રમો, સ્પર્ધાઓને જાહેર કરી શકાય છે. સ્પર્ધાના પોસ્ટરના ફોટા, સ્પર્ધાની તૈયારી કરી રહેલા કર્મચારીઓ અને અન્ય સંબંધિત ફોટાઓનો ઉપયોગ કરી લોકોને જાણ કરી તેના વિશે ઉત્તેજના વધારવા માટે થઈ શકે છે.
- પુસ્તકાલયો તેમનો ઈતિહાસ બતાવવા માટે ઈન્સ્ટાગ્રામનો ઉપયોગ કરી રહી છે. ઇન્સ્ટાગ્રામ પુસ્તકાલયો અને અન્ય સંસ્થાઓ માટે આર્કાઇવ કરેલી છબીઓ અને વિડિયો પોસ્ટ કરવા માટે એક નવીન રીત તરીકે સાબિત થઈ રહ્યું છે.
- પુસ્તકાલયની જગ્યા બતાવી શકાય છે. જો પુસ્તકાલયની જગ્યા ઉપયોગકર્તાઓને અનુકૂળ હશે તો તેઓ પુસ્તકાલય તરફ વધુ આકર્ષિત થશે અને પુસ્તકાલય અને માહિતી સેવાઓનો વધુ લાભ લેશે.

**લિંક્ડઇન-:**


ISBN : 978-93-5598-308-4

લિંક્ડઇન એક વ્યવસાયિક સામાજિક નેટવર્ક સેવા છે .જેની સ્થાપના ૨૮ ડિસેમ્બર ૨૦૦૨ માં રિડ હોફમેન દ્વારા કરવામાં આવી હતી .અને મે ૨૦૦૩ માં લોન્ચ કરવામાં આવી . (https://en.wikipedia.org/wiki/LinkedIn).

- આ સાઈટ પર Resume Upload કરીને નોકરીની શોધ કરી શકાય છે .Resume Upload થયા બાદ કંપનીની જરૂરિયાત અનુસાર કોઈ કંપનીમાં નોકરી માટે એપ્લીકેશન કરી શકાય છે.
- ગ્રંથપાલો આ પ્લેટફોર્મનો ઉપયોગ પસંદગીયુક્ત માહિતી પ્રસાર જેવી વિશેષ સેવાઓ આપવા માટે કરી શકે છે.
- ગ્રંથપાલો લિંક્ડઇન દ્વારા તેમના વિશિષ્ટ ક્ષેત્રના વિશેષજ્ઞો સાથે જોડાઈને વ્યવસાયિક માહિતી મેળવી શકે છે. (ચૌહાણ, ૨૦૧૩).

**બ્લોગ્સ:-**

બ્લોગ્સ એ એક પ્રકારના વ્યક્તિગત વેબ પેજ છે. જેને ડાયરીની જેમ લખી શકાય છે. તેની શરૂઆત ૧૯૯૨ માં થઈ હતી. બ્લોગ્સ લખનારને બ્લોગર અને આ કાર્યને બ્લોગિંગ કહેવામાં આવે છે. તેમના વિષયો સામાન્ય કે વિશિષ્ટ હોઈ શકે છે. તે વિષય સાથે સંબંધિત સમાચાર, માહિતી અથવા વિચારો પ્રદાન કરે છે. મોટા ભાગના બ્લોગ્સ મુખ્યત્વે ટેક્સ્ટ સ્વરૂપમાં હોય છે. પરંતુ કેટલાક બ્લોગ્સ કલાઓ (આર્ટ બ્લોગ્સ), ફોટોગ્રાફ્સ (ફોટોગ્રાફી બ્લોગ્સ) વિડિયો, સંગીત સ્વરૂપના પણ હોય છે. (https://en.wikipedia.org/wiki/Blog).

બ્લોગ્સનો ઉપયોગ કરીને ઉપયોગકર્તાઓને નીચે મુજબની પુસ્તકાલય સેવાઓ પ્રદાન કરી શકાય છે:

- પુસ્તકાલયોમાં ગ્રંથપાલ દ્વારા સમયાંતરે સંદેશાઓ, વિશિષ્ટ વિષય અથવા મુદ્દા પરની માહિતી ઉપયોગકર્તાઓને મોકલી શકાય છે અને તેમના અભિપ્રાયો મેળવી શકાય છે.
- ઉપયોગકર્તાઓને સામગ્રીમાં યોગદાન આપવા માટે પરવાનગી આપી શકાય છે. તેઓ સ્થાનિક મુદ્દાઓ પર લેખ, સમાચાર લખી શકે છે અને ઉપયોગકર્તાઓ તરફથી ત્વરિત પ્રતિક્રિયાની અપેક્ષા રાખી શકે છે.
- બ્લોગ્સ ઉપયોગકર્તાઓની ક્રિયા-પ્રતિક્રિયાને સક્ષમ કરતા હોવાથી ગ્રંથપાલો દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ પર વિદ્યાર્થીઓને પ્રતિસાદ આપવા માટે પરવાનગી આપે છે.
- પુસ્તકાલયનો સમય, પુસ્તકાલયમાં થનારા કાર્યક્રમો, સ્પર્ધાઓ, પ્રવૃત્તિઓ વિશેના સમાચારોને ફ્લેશ કરી શકાય છે.
- બ્લોગ્સ ગ્રંથપાલોને વિદ્યાર્થીઓની માંગને પૂર્ણ કરવા માટે વિવિધ વિષયોની માર્ગદર્શિકા બનાવવાની મંજૂરી આપે છે.


ISBN : 978-93-5598-308-4

- ગ્રંથપાલ પુસ્તકાલયમાં થઈ રહેલા નવીનીકરણ પર હાથ ધરાયેલા પ્રોજેક્ટના કાર્યક્રમોની વિગતો આપતો બ્લોગ બનાવી શકે છે.
- ગ્રંથપાલ અને ઉપયોગકર્તાઓ વિવિધ વિષયો વિશેની વર્તમાન માહિતી સામાન્ય રીતે વેબલોગ અથવા બ્લોગ્સ દ્વારા મેળવી શકે છે.
- સંદર્ભ બ્લોગ્સ અદ્યતન સંદર્ભ સેવાઓ પ્રદાન કરીને યોગ્ય સમયે યોગ્ય માહિતી આપી શકે છે.
- બ્લોગ્સનો ઉપયોગ લાઈબ્રેરી આઉટરીચિંગ, માહિતીના પ્રસાર, લાઈબ્રેરીની ઈમેજ બનાવવા, આંતરિક અને બાહ્ય ઉપયોગકર્તાઓ સાથે વાતચીત કરવા અને પુસ્તકાલયના સંગ્રહમાં નવી સામગ્રીના આગમન અને પ્રચાર માટે કરી શકાય છે.

**ટ્વીટર:-**

આ એક મફત સોશિયલ નેટવર્કિંગ અને માઇક્રો બ્લૉગિંગ સેવા છે. ટ્વીટરની સ્થાપના ૨૧ માર્ચ ૨૦૦૬ માં જેક ડોર્સી, નોહ ગ્લાસ, બિઝ સ્ટોન અને ઇવાન વિલિયમ્સ દ્વારા સૈન ફ્રાંસિસ્કો, કેલિફોર્નિયામાં કરવામાં આવી હતી. જ્યાં ઉપયોગકર્તા એક્સ્ટેંશન વિના તેમના વિચારો વ્યક્ત કરી શકે છે. ટ્વીટરને લોન્ચ કર્યા પછી યુવાનોમાં ખૂબ લોકપ્રિય બની ગઈ છે. જે તેના ઉપયોગકર્તાઓને અદ્યતન માહિતી પૂરી પાડે છે. તેમજ એક બીજાને માહિતી મોકલવા અને વાંચવાની સુવિધા પણ આપે છે. ટ્વીટ્સ ૧૪૦ અક્ષરો સુધીની ટેક્સ્ટ-આધારિત પોસ્ટ્સ હોય છે અને લેખકની પ્રોફાઇલ પેજ પર પ્રદર્શિત કરવામાં આવે છે અને અન્ય ઉપયોગકર્તાઓને મોકલવામાં આવે છે. ઉપયોગકર્તા ટ્વીટર વેબસાઇટ અથવા શોર્ટ મેસેજ સર્વિસ (એસ.એમ.એસ.) મારફતે અથવા બાહ્ય એપ્લિકેશન દ્વારા ટ્વીટ્સ મોકલી અને પ્રાપ્ત કરી શકે છે. આ સેવા ઇન્ટરનેટ પર મફત છે પરંતુ એસ.એમ.એસ.ના ઉપયોગ માટે ફોન સેવા પ્રદાતાને ફી ચૂકવવી પડે છે. અત્યાર સુધી આ સેવા અંગ્રેજીમાં ઉપલબ્ધ હતી પરંતુ હવે ઘણી બધી ભાષાઓ પણ ઉપલબ્ધ છે, જેમ કે સ્પેનિશ, જાપાનીઝ, જર્મન, ફ્રેન્ચ અને ઇટાલિયન ભાષાઓ હવે અહીં ઉપલબ્ધ છે. (https://en.wikipedia.org/wiki/Twitter).

પુસ્તકાલયમાં માહિતી સેવાઓના પ્રચાર માટે ટ્વીટરનો ઉપયોગ નીચે મુજબ કરી શકાય છે:

- પુસ્તકાલયમાં ગ્રંથપાલ રોજ-બરોજની પ્રવૃત્તિઓ, નવા પુસ્તકો, સમાયિકોની માહિતી અપડેટ કરીને ઉપયોગકર્તાઓ સુધી પહોંચાડી  શકે છે.
- માઇક્રો બ્લોગિંગ એપ્લિકેશન દ્વારા રોજિંદા પ્રવૃત્તિઓ જેવી કે વારંવાર અપડેટ કરાયેલ સંગ્રહ પર સ્ટાફ અને પ્રેક્ષકોને અપડેટ રાખી શકે છે.
- ગ્રંથપાલો ટૂંકા સંદેશાઓ અથવા સ્ટેટસ અપડેટ કરવા માટે આ પ્લેટફોર્મનો ઉપયોગ કરી શકે છે.
- ઉપયોગકર્તાઓ ટ્વિટરનો ઉપયોગ કરીને પુસ્તકાલયને લગતા કોઈ ચોક્કસ મુદ્દા પર ઇન્સ્ટન્ટ મેસેજ પર ફરિયાદ મોકલી શકે છે અથવા પ્રશ્નો પૂછી શકે છે અને સ્થળ પર જ પ્રતિસાદ મેળવી શકે છે.



ISBN : 978-93-5598-308-4

**માયસ્પેસ:**

માયસ્પેસ એ એક ઉપયોગી સાધન છે જે પુસ્તકાલયોને વધુમાં વધુ સમુદાય સુધી પહોંચવાની તક આપે છે. જેથી નવી પેઢી સુધી પહોંચી શકાય છે અને તેઓ પુસ્તકાલય દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓનો સંપર્ક કરી શકે છે. જે માટે પુસ્તકાલયોએ ઉપયોગકર્તાઓ જેમાં ખાસ કરીને યુવા વર્ગ સુધી પહોંચવા માટે માયસ્પેસ દ્વારા પ્રદાન કરવામાં આવેલી તકોને સમજવાની શરૂઆત કરવી જોઈએ અને પોતાનું માયસ્પેસ પેજ બનાવવું જોઈએ.

- માયસ્પેસ પર ઘણો સમય વિતાવે તેવા યુવાનો અને કોલેજ જૂથો સાથે તેમનો સંચાર વધારી શકાય છે અને તેઓ પુસ્તકાલયો સુધી સરળતાથી સંપર્કમાં આવી શકે.
- માયસ્પેસ ગ્રંથપાલો કોને મદદ કરી રહ્યા છે તે વિશે વધુ માહિતી આપે છે. જેથી તેઓ ઉપયોગકર્તાઓની ઈચ્છા મુજબની માહિતી ઉત્પન્ન કરી શકે છે.
- માયસ્પેસ દ્વારા જેમણે અગાઉ પુસ્તકાલયોના સંસાધનોનો લાભ લીધો ન હોય તેવા ઘણા ઉપયોગકર્તાઓ સુધી પહોંચી શકાય અને પુસ્તકાલયની સેવાઓ આપી શકાય છે.

**ફ્લિકર:**

ફ્લિકર એ ફોટો મેનેજમેન્ટ સેવા છે જે ઉપયોગકર્તાઓને ઉચ્ચ ગુણવત્તાવાળા ફોટા અપલોડ અને શેર કરવા, મિત્રો સાથે જોડાવા અને સંપર્કમાં રહેવાની મંજૂરી આપે છે. તેમજ શ્રેષ્ઠ છબીઓ શોધવા અને સમર્થકોની શોધને સંચાલિત કરવા માટે સામાજિક ટેગિંગનો ઉપયોગ કરવાની સરળ રીતો પણ પ્રદાન કરે છે.

- પુસ્તકાલયમાં આવેલ નવા સંગ્રહની છબીઓ શેર કરવા અને વિતરિત કરવા ગ્રંથપાલ આ સાધનનો ઉપયોગ કરી શકે છે. પુસ્તકો અને સામાયિકો તથા અન્ય વાંચન સામગ્રીના મુખપૃષ્ઠને ફ્લિકર દ્વારા ઉપયોગકર્તાઓ સુધી પ્રસારિત કરી શકાય છે.
- ફ્લિકર ગ્રંથપાલોને પુસ્તકાલયની ઘટનાઓ, કાર્યક્રમો, પ્રવૃત્તિઓની છબીઓ અપલોડ અને શેર કરવાની મંજૂરી આપે છે. વધુમાં, તે કીવર્ડ સાથે છબીઓને ટેગ કરવામાં સક્ષમ કરે છે. આ ટેગ સંબંધિત છબીઓને શોધવા માટે વધુ ઉપયોગી થશે. (એંગસ, ૨૦૦૮).
- ગ્રંથપાલ ઉપભોક્તા સાથે ચર્ચા જૂથો બનાવી શકે છે અને શૈક્ષણિક તથા વિષય સંબંધિત ફોટોગ્રાફ્સ પોસ્ટ કરી શકે છે.
- તે પુસ્તકાલયની વર્ચ્યુઅલ મુલકાત માટે ગ્રંથપાલોને વીડિયો પોસ્ટ કરવા સક્ષમ બનાવે છે.

**લાઇબ્રેરી થિંગ:**


ISBN : 978-93-5598-308-4

લાઇબ્રેરી થિંગ એ પુસ્તક કેટલોગ અને વિવિધ પ્રકારના પુસ્તક મેટા ડેટાને સ્ટોર કરવા અને શેર કરવા માટેની એક સામાજિક સૂચિબદ્ધ વેબ એપ્લિકેશન છે. તેનો ઉપયોગ લેખકો, વ્યક્તિઓ, પુસ્તકાલયો અને પ્રકાશકો દ્વારા થાય છે. લાઈબ્રેરી થિંગ ટિમ સ્પાલ્ડિંગ દ્વારા વિકસાવવામાં આવી હતી અને ૨૯ ઓગસ્ટ, ૨૦૦૫ ના રોજ લાઈવ થઈ હતી. ફેબ્રુઆરી ૨૦૨૧ સુધીમાં તેના ૨૬,૦૦,૦૦૦ વપરાશકર્તાઓ અને ૧૫૫ મિલિયન પુસ્તકોની સૂચિ હતી.

- ગ્રંથપાલ આનો ઉપયોગ ઉપયોગકર્તાઓને વર્તમાન પ્રકાશનોની યાદી મોકલવા માટે કરી શકે છે.
- ઉપયોગકર્તાઓ ગમે ત્યાંથી કેટલોગને એક્સેસ કરી શકે છે.
- લાઇબ્રેરી થિંગ લોકોને સમાન પુસ્તકો સાથે પણ જોડવાનું કાર્ય કરે છે.

❖ **સામાજિક માધ્યમોનો ઉપયોગ કરતા પુસ્તકાલયોના કેટલાક ઉદાહરણો નીચે મુજબ છે:**

- અઝરબૈજાનની એડીએ યુનિવર્સિટી લાઇબ્રેરીએ ઓક્ટોબર ૨૦૧૪ માં ફેસબુક પૃષ્ઠ લોન્ચ કર્યું હતું અને તેને લગભગ ૩,૩૦૦ લાઈક્સ મળ્યા હતા. ફેસબુક પૃષ્ઠના ઉપયોગથી પુસ્તકાલયમાં સંસાધનોનો ઉપયોગ કરવા માટે આવતા લોકોની સંખ્યામાં અને નવા પુસ્તકોના પરિભ્રમણમાં વધારો થયો હતો.
- યુનાઇટેડ કિંગડમ (યુકે) માં ગ્લાસગો યુનિવર્સિટી લાઇબ્રેરી પ્રથમ ફેસબુકનો ઉપયોગ કરતી હતી. હવે આ લાઇબ્રેરી વેબ, બ્લોગ્સ, ફેસબુક, ટ્વિટર અને ઇન્સ્ટાગ્રામનો ઉપયોગ કરીને મિશ્રિત અભિગમનો ઉપયોગ કરે છે.
- ઓટિસ લાઇબ્રેરી વિવિધ રીતે પિન્ટેરેસ્ટનો ઉપયોગ કરે છે. જેની પાસે લાઇબ્રેરીનું એક બોર્ડ છે જેમાં લાઇબ્રેરીના ફોટા અને તેમની સેવાઓ મૂકેલ છે.
- પ્રિન્ચ લાઇબ્રેરી ઇન્સ્ટાગ્રામ દ્વારા લાઇબ્રેરીની વાર્તાઓ અને વિશ્વભરની આંતરદૃષ્ટિ પ્રદાન કરે છે.

આ ઉપરાંત અન્ય યુનિવર્સિટી લાઇબ્રેરીઓ પણ ફેસબુકનો ઉપયોગ કરે છે. જેમાંની કેટલીક લાઇબ્રેરીના ફેસબુક પૃષ્ઠની લિંક નીચે મુજબ છે:

https://www.facebook.com/OULibrary
https://www.facebook.com/BristolUniLib
https://www.facebook.com/uofglibrary
https://www.facebook.com/ADAUniversityLibrary
https://www.facebook.com/MuhasLibraryServices
https://www.facebook.com/pages/University-of-NairobiLibrary/265755873442721

**ઉપસંહાર:**

આમ, આજની ૨૧ મી સદીના યુગમાં ઇન્ટરનેટના કારણે અનેક સામાજિક માધ્યમો અસ્તિત્વમાં આવ્યા છે. જેનો ઉપયોગ માહિતીના સંચાર માટે ખૂબ જ વ્યાપક પ્રમાણમાં થતો જાય છે. પુસ્તકાલયમાં ઉપયોગકર્તાઓને સામાજિક માધ્યમો દ્વારા માહિતી અને સેવાઓ પૂરી પાડવા ગ્રંથપાલોએ આ નવા અભિગમને અપનાવવા માટે સતત પ્રયત્નશીલ રહેવું પડશે તેમજ પોતાને સતત અપડેટ કરતા રહેવું પડશે.


ISBN : 978-93-5598-308-4

તો જ પોતાના ઉપયોગકર્તાઓને સારી રીતે, ઝડપથી, અદ્યતન માહિતી અને સેવાઓ આપી શકાશે. ઉપરાંત નવા પ્રેક્ષકોને પણ આકર્ષિત કરી શકાશે. સાથે-સાથે પુસ્તકાલયની માહિતી અને સેવાઓનો પણ ઝડપથી પ્રચાર થઈ શકશે અને  પુસ્તકાલય વેગવંતુ બનશે.

**સંદર્ભસુચિ:**


- Akullo, W. N., Akello, C., & Mulumba, O. (n.d.). The Role of Social Media in Promoting Library Services in Secondary Schools in Uganda. 9.
- Amuda, H. O., & Adeyinka, T. (2017). Application of Social Media for Innovative Library Services in South-Western Nigerian University Libraries. Journal of Balkan Libraries Union, 5(2), 10-16.
- Anuradha, P. (2016). Social Networking and its Application to Academic Libraries in this Digital Era. International Journal of Innovative Research in Advanced Engineering, 3(12), 19-23.
- Anwar, M., & Zhiwei, T. (2020). Social Media and Libraries: The Perfect Combination of the Next Generation. International Journal of Library and Information Studies, 10(3), 108–116.
- Bakare, O. A., Yacob, H., & Umar, M. Y. (2018). Use of Social Media Platforms to Promote Library Services and Profitable Librarianship. International Journal of Scientific & Engineering Research, 9(7), 332-334.
- Barevadiya, J. (2014). Use of Social Media for Library and Information Services, Libraries Towards Value Added Services.4th National Library Conference and 30th Library Conference of Gujarat Granthalaya Seva Sangh. Ahmedabad, Gujarat.158-162.
- Chakrabarti, A. (2016). Social Media and Libraries: A Symbiotic Relationship for 21st Century Librarianship. International Journal of Digital Library Services, 6(2), 32-43.
- Chauhan, M. (2013). Use of Social Media in Libraries. 46.
- Chewe, P., Zulu, Z., Chitumbo, E. M., & Musonda, Y. (2020). Enhanced Library Services Through Social Media in the Age of Covid-19 Pandemic: An Anecdote of Academic Libraries in Zambia. Library Philosophy and Practice (e-Journal), 4762, 14.
- Hadagali, G. S., Kenchakkanavar, A. Y., & Tadasad, P. G. (2019). Social Media Platforms: Effective Tools to Provide Innovative Library Services in a University Environment. Library Philosophy and Practice (e-journal), 2770, 19. https://digitalcommons.unl.edu/libphilprac/2770
- Islam, M. M., & Habiba, U. (2015). Use of Social Media in Marketing of Library and Information Services in Bagladesh. DESIDOC Journal of Library & Information Technology, 35(4), 299-303.
- Jain, P. (2013). Application of Social Media in Marketing Library and Information Services: A Global Perspective. International Journal of Academic Research and Reflection. European Journal of Business, Economics and Accountancy, 1(1), 1-13.
- Kenchakkanavar, A. Y. (2015). Facebook and Twitter for Academic Libraries in the Twenty First Century. International Research: Journal of Library & Information Science, 5(1), 162-173.




ISBN : 978-93-5598-308-4

- Khan, S. A., & Bhatti, R. (2012). Application of Social Media in Marketing of Library and Information Services: A Case Study from Pakistan. Webology, 9(1), 21.
- Mon, L. (2015). Social Media and Library Services. Morgan and Claypool Publishers.
- Nduka, S. C., Adekanye, E. A., & Adedokun, T. O. (2021). Usage of Social Media Tools by Library and Information Professionals (LIPs) in Selected Academic Libraries in South-West, Nigeria. International Journal of Knowledge Content Development & Technology, 11(3), 7-27.
- Neog, S. (2020). Library Services through Social Media during Lockdown due to COVID-19 with Special Reference to University Libraries of Assam. Library Philosophy and Practice (e-journal), 4262,13. https://digitalcommons.unl.edu/libphilprac/4262
- Oche, N. A. (N.A). Social Media as a Driver of Innovative Service Delivery in Academic Libraries.
- Sumadevi, S., & Kumbar, M. (2019). Use of Social Media to Promote Library Services in the Digital Age. 225-238. https://www.researchgate.net/publication/337673976
- Swarn, S. (2014). Social Media: Sampark Kranti ka Kal, Aaj or Kal. Harper Collis Publishers India. https://www.scribd.com/book/427477597/Social-Media
- Waral, N., & Saravanan, P. (2020). The Importance of Social Media for Promoting the Products and Services in Academic Libraries. Journal of Research in Humanities and Social Science, 8(2), 31-36.
- Yalung, H. A., Tuliao, D. L., Gabriel, P. R. M., Oluyinka, S. A., Superio, M. G., & Daenos, R. (2020). Use of Social Media Platforms in Promoting the Academic Library Services of City College of Angeles among Students. International Journal of Information and Education Technology, 10(6), 482–487.
- https://doi.org/10.18178/ijiet.2020.10.6.1411
- https://www.investopedia.com/terms/s/social-media.asp
- https://www.merriam-webster.com/dictionary/social%20media
- https://en.wikipedia.org/wiki/WhatsApp
- https://en.wikipedia.org/wiki/YouTube
- https://en.wikipedia.org/wiki/Facebook
- https://en.wikipedia.org/wiki/Pinterest
- https://en.wikipedia.org/wiki/Instagram
- https://en.wikipedia.org/wiki/LinkedIn
- https://en.wikipedia.org/wiki/Blog
- https://en.wikipedia.org/wiki/Twitter
- https://networksocial.wordpress.com/2008/11/19/myspace/
- https://guides.library.upenn.edu/socialmedia/flickr
- https://www.librarything.com/about
- https://en.wikipedia.org/wiki/LibraryThing
- https://blogs.lse.ac.uk/impactofsocialsciences/2014/04/16/five-ways-libraries-are-using-instagram/
- https://princh.com/blog-instagram-tips-and-tricks-for-your-library/#.YnDz7dpBxPY
- https://www.eifl.net/blogs/facebook-libraries



ISBN : 978-93-5598-308-4

- https://www.eifl.net/system/files/resources/201508/facebook_tips_for_libraries_27.8._v2.pdf
- http://voyamagazine.com/2012/05/25/how-to-use-pinterest-for-your-library/
- https://princh.com/blog-pinterest-for-your-library/#.Ym-DyuhBzIU


# ચી. મ. ગ્રંથાલયનું ગુજરાતી સાહિત્યના જતન-સંવર્ધનમાં પ્રદાન

**ડૉ. હેતલ ગાંધી, આસિ. પ્રોફેસર (ગુજરાતી)**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ**

---

**પ્રસ્તાવના (Abstract)**

સદીઓથી સાહિત્યને સાચવવાનું અને જાળવવાનું કાર્ય ગ્રંથાલયોએ કર્યું છે, તેથી જ તો પ્રાચીનથી મધ્યકાલીન સાહિત્યનો વારસો આપણા સુધી પહોંચી શક્યો છે અને તે સમૃદ્ધ ગ્રંથાલયોએ જ પરંપરાથી પરિચિત કરવાનું અને ભાવિ પેઢીને ઘડવાનું કાર્ય કર્યું છે. તક્ષશીલા, વલભી જેવી પ્રાચીન વિદ્યાપીઠોના વિશાળ અને સમૃદ્ધ ગ્રંથાલયો વિશેના ઇતિહાસથી આપણે પરિચિત છીએ. ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન જેવાં રાજ્યોમાં મોટેભાગે જૈન ટ્રસ્ટો દ્વારા સંચાલિત ગ્રંથાલયો આ બાબતના ઉત્તમ પુરાવારૂપ છે, જેમણે હસ્તપ્રતો, પોથીઓ, તાડપત્રો, શિલાલેખોમાં ઇતિહાસના સંવર્ધનનું કાર્ય કર્યું છે. ગુજરાતનાં સમૃદ્ધ ગ્રંથાલયોમાં ગૂજરાત વિદ્યાપીઠ, એમ. જે. લાઈબ્રેરી, ડાહીબેન ગ્રંથાલય અને વિવિધ યુનિવર્સિટીનાં ગ્રંથાલયો તથા ચી. મ. ગ્રંથાલયનું નામ ગુજરાતી સાહિત્યની સમૃદ્ધિના જતનમાં મોખરાનું છે.

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ દ્વારા સંચાલિત ચીમનલાલ મંગળદાસ ગ્રંથાલય ગુજરાતી સાહિત્યની સમૃદ્ધિને અથથી ઇતિ સુધી જાળવી રાખવાનું અનેરું કાર્ય કરી રહ્યું છે. જે ગ્રંથાલયની સ્થાપના ઈ.સ. ૧૯૮૦માં કરવામાં આવી હતી. જેમાં આજે ૮૦ હજારથી વધુ પુસ્તકો, ગુજરાતી ભાષા અને સાહિત્યને લગતા ૩૧ જેટલાં સામયિકો, ૧૨ જેટલાં દૈનિકપત્રો, પત્રિકાઓ સ્વરૂપે ૧૫૮ જેટલાં સામયિકની આખી શ્રેણી અને તેના જૂના અંકોનો સંગ્રહ પણ અહીં ઉપલબ્ધ છે. ગુજરાતી ભાષા અને સાહિત્યના જ્ઞાનપિપાસુ,


ISBN : 978-93-5598-308-4

સંશોધકો, વાંચકો, વિદ્યાર્થીઓ, રસિકો અને સાહિત્યના અધ્યયન સાથે સંકળાયેલા તેમજ સર્જકો પણ આ ગ્રંથાલયના ચાહકો છે. કુલ ૩૪૫૦ ચો.મીટરમાં ઉપલબ્ધ આ ગ્રંથાલય પુસ્તકોના ખજાનાને ખૂબ જ ઓછી વહીવટી ફી સાથે જ્ઞાનની વિશાળ દુનિયાના દરવાજા ખોલી રહ્યું છે. પુસ્તકો વાંચવા લઈ જતા જ્ઞાનાર્થીઓની સાથે દરરોજ આવનારા વાચકોની સંખ્યા પણ ખૂબ મોટી છે. આ સંશોધનપત્રનો ઉદ્દેશ ચી. મ. ગ્રંથાલયમાં થતી સાહિત્યની પ્રવૃત્તિઓ, પ્રદર્શનો, કાર્યક્રમો થકી ગુજરાતી સાહિત્યની ધરોહરનું સંવર્ધન કરવાનું અને જતન કરવાનું જે કાર્ય થઈ રહ્યું છે, તથા ગ્રંથાલયમાં પુસ્તકો/સામયિકોની જાળવણી અને દુર્લભ પુસ્તકોનું જતન થઈ રહ્યું છે, તે દર્શાવીને ગુજરાતી સાહિત્યની આ અમૂલ્ય સેવાના કાર્યને જનહિતમાં મૂકવાનો છે.

**ચાવીરૂપ શબ્દો (Key Words) : ગ્રંથાલય, ચીમનલાલ મંગલદાસ, ગુજરાતી સાહિત્ય પરિષદ, સાચવણી, જતન**

ગુજરાતી સાહિત્યને ધબકતું રાખવાનું તથા નવસો વર્ષ ઉપરાંત જૂની ગુજરાતી ભાષાનું જતન કરવાનું કાર્ય ૨૦મી-૨૧મી સદીમાં 'ગુજરાતી સાહિત્ય પરિષદ' એક સાહિત્યિક સંસ્થા તરીકે કરી રહ્યું છે. સ્વ. રણજિતરામ વાવાભાઈ મહેતાના અથાગ પ્રયાસોથી આ સંસ્થાની સ્થાપના ઈ.સ.૧૯૦૫માં થઈ. પરિષદ એક સદીથી વધારે સમયથી ગુજરાતી સાહિત્યની જાળવણી કરી, ઐતિહાસિક વળાંકો અને સર્જનની દિશા-દશા જોઈ-અનુભવીને પીઢ બની ચૂકી છે. દર વર્ષે વિવિધ અગિયાર જેટલી પ્રકાશનશ્રેણીઓ હેઠળ પુસ્તક પ્રકાશન તથા વિવિધ પારિતોષિકો દ્વારા સર્જક અને સર્જનને પ્રોત્સાહન આપતી આ સંસ્થામાં બાર વ્યાખ્યાનમાળાઓ તથા છ જેટલી સ્વાધ્યાયપીઠો ચાલે છે. ૧૯૬૦થી શરૂ થયેલું 'પરબ' મુખપત્ર ૧૯૭૬-૭૭થી સામયિકરૂપે પ્રગટ થઈ રહ્યું છે. આ સાહિત્યના આચમનમાંથી ગ્રંથાલયની શરૂઆત ખરેખર તો ઘણી મોડી ૧૭, માર્ચ, ૧૯૮૦માં રૂ.૧.૧૭.૧૧૧/-ના પ્રારંભિક દાનથી થઈ.

ગુજરાત સાહિત્ય પરિષદ ટ્રસ્ટ દ્વારા સંચાલિત ભુવનોમાં 'ચી. મં. ગ્રંથાલય' પરિષદના પરિસરમાં આવેલું છે. સાબરમતીના નદીકિનારે સ્થાપિત આ સંસ્થામાં આવેલા આ વિશાળ ગ્રંથાલયના નામકરણ પાછળનો ઇતિહાસ રસપ્રદ છે.



ISBN : 978-93-5598-308-4





ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રાંગણમાં ત્યાં સ્થાપિત ભુવનોના નામકરણ માટે ગ્રંથાલયની સ્થાપનાના ત્રણ વર્ષ પછી એક-પાંચ દિવસીય મહોત્સવ ૧૯૮૩માં ૨૫થી ૨૯ નવેમ્બર દરમિયાન યોજાયો હતો. તે મહોત્સવના છેલ્લા, પાંચમા દિવસે, ૨૯મી નવેમ્બરની સવારે ઉમાશંકર જોશીએ પરિષદના આ ગ્રંથાલયનું નામ શ્રી ચીમનલાલ મંગળદાસ ગ્રંથાલય કરતાં કહ્યું હતું કે, ‘આજે મંગળવાર છે એટલે સર્વ રીતે મંગળ-પ્રભાત જ છે.’ તે સમયના પરિષદના મંત્રી રઘુવીર ચૌધરીએ સ્વાગત વેળાએ પરિષદના ગ્રંથાલયને મળેલાં દાન અને તેના દાતા શ્રી અનુભાઈ ચીમનલાલને પરિષદના પ્રથમ અને શુકનવંત દાતા તરીકે ઓળખાવ્યા હતા. તે સમયે કાર્યરત ગ્રંથપાલ પ્રકાશ વેગડે ત્રણ વર્ષથી શરૂ થયેલા ગ્રંથાલયની વિકાસયાત્રા સૌ સમક્ષ  રજૂ કરી. ગ્રંથાલયની શરૂઆત ભેટ આપવામાં આવેલા પુસ્તકોથી થઈ. ગ્રંથપાલ પ્રકાશ વેગડ દ્વારા પુસ્તકો ભેટ લેવા માટે એક જબરજસ્ત ટહેલ નાંખવામાં આવી હતી, જેના ભાગરૂપે ગુજરાતના અનેક પ્રસિદ્ધ સાહિત્યકારોએ તેમના અંગત ગ્રંથાલયના ગ્રંથો તેમજ તેને ગોઠવવા માટેના કબાટો ભેટ રૂપે આપ્યા હતા. પંદર હજારથી પણ વધુ



ISBN : 978-93-5598-308-4

પુસ્તકો, લગભગ તમામ પ્રકારના ગુજરાતી દુર્લભ-અપ્રાપ્ય સામયિકો (જેમાં ઉહાપોહ, રે, રેખા, રુચિ) તથા કેટલીક હસ્તપ્રતોનો સમાવેશ થાય છે. પ્રાથમિક તબક્કે ગ્રંથાલયને હસ્તપ્રતોથી સમૃદ્ધ કરવાનું કાર્ય થયું છે. જૈનોની ગુજરાતી સાહિત્યની સેવાનો અને જૈન મુનિઓની હસ્તપ્રતોની સાચવણી અંગેના ઉલ્લેખ સાથે કામગીરી પ્રત્યેની શુભેચ્છા અને આશાવાદ વ્યક્ત કર્યો. આ કાર્યક્રમના અધ્યક્ષ શ્રી વાડીલાલ ડગલી એ જૈનોને સારસ્વત ઉપાસનાને સરળ બનાવવાની પ્રવૃત્તિ તરફ વાળવા માટે બિરદાવ્યા અને પુસ્તકાલય પ્રવૃત્તિને મહત્ત્વ આપવાની વાત તેમણે ઉચ્ચારી અને આ નામકરણ સાથે હવે આ ગ્રંથાલય ‘ ચી. મં. ગ્રંથાલય’ નામે ૪૨ વર્ષથી ગુજરાતી સાહિત્ય સાધકો, તજ્જ્ઞો, વિદ્યાર્થીઓ, સંશોધકો, વિદ્યાવાંછુંઓ માટે પોતાની જ્ઞાનની ગંગા અવિરતપણે વહેવડાવી રહ્યું છે.

ગ્રંથાલયમાં અનેક ખ્યાતિ પ્રાપ્ત સાહિત્યકારોએ પોતાના જ્ઞાનનો ખજાનો ખોલી દીધો. અંગત પુસ્તકાલય અને પુસ્તકો તેમણે ગ્રંથાલયને ભેટ ધર્યા. એમાં રામનારાયણ વિશ્વનાથ પાઠક, બાલુભાઈ પારેખ, નગીનદાસ પારેખ, ધીરુ પારેખ, અનંતરાય રાવળ, રમણલાલ જોશી, ચિમનલાલ ત્રિવેદી, નિરંજન ભગત, રમણલાલ સોની, જયંતિભાઈ નાઈ, ર. વ. દેસાઈ, સંતોષ કરાડે, અનિલા દલાલ જેવા અનેક સાહિત્યકારોએ અંગત પુસ્તકાલયનાં પુસ્તકો સહિત પુસ્તકોને જાળવણી માટે કબાટો પણ ભેટ ધર્યાં. નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાની રોજનીશીની હસ્તપ્રત પણ ગ્રંથાલય પાસે ઉપલબ્ધ છે, તો બીજી તરફ વિખ્યાત તસ્વીરકાર જગન મહેતા દ્વારા લેવાયેલી ૧૦૬ સાહિત્યકારોની તસ્વીરોનો દુર્લભ સંગ્રહ પણ ગ્રંથાલય પાસે સુરક્ષિત છે. ગ્રંથાલયમાં સવાસો વર્ષ જૂના સંદર્ભપુસ્તકો અને દુર્લભ અપ્રપ્ય સામયિકોનો ખજાનો મૌજુદ છે જેના આધારે ગુજરાતી સાહિત્યના જિજ્ઞાસુ-અભ્યાસુ સંશોધકો આજેય પોતાના જ્ઞાનોદય કરી રહ્યાં છે.

આજે ગ્રંથાલયો પાસે ૮૪,૦૦૦ ઉપરાંત પુસ્તકો છે, જેમાં ૪૦,૦૦૦ જેટલા ગ્રંથો સમગ્ર સાહિત્યના છે, જેમાં અંગ્રેજી, જર્મન, ફ્રેંચ, રૂમાનિયન, સ્પેનિશ, લેટિન સાહિત્યના ગ્રંથો પણ છે. આ ઉપરાંત ભારતની સ્થાનિક ભાષા અને પ્રાચીન વિશ્વના ઇતિહાસના ગ્રંથોનો પણ તેમાં સમાવેશ થયો છે. આ ગ્રંથોમાં સાડા ચાર હજાર


ISBN : 978-93-5598-308-4




જેટલાં ગુજરાતી ભાષા-વિવેચનનાં પુસ્તકો તો બાર હજારથી વધારે કવિતાના, પચ્ચીસો જેટલાં નાટકનાં, તેર હજારથી વધારે નવલકથાનાં, સાડા ચાર હજારથી વધારે નવલિકાનાં, લગભગ ત્રણ હજાર નિબંધનાં તથા બીજા અન્ય વ્યાખ્યાનો, પત્રો, હાસ્ય, સાહિત્યકારોની જીવનચરિત્રો, આત્મકથાના પુસ્તકો હાલ આ સંગ્રહાલયમાં સંગ્રહિત છે. આ પુસ્તકોમાં ૨૪૩ જેટલી જૂની હસ્તપતો તથા ૧૪૮૯ ઉપરાંત દુર્લભ પુસ્તકો પણ ઉપલબ્ધ છે. આ ગ્રંથાલયમાં વિવિધ ભાષા વિષયના ૧૫૦ જેટલાં સામયિકો અને દરરોજ વિવિધ ભાષાના દશ જેટલાં સમાચાર પત્રો અહીં આવે છે. અહીં ૭૮ જેટલાં સાહિત્યિક સામયિકોની ફાઈલો વગેરે પણ જોવા મળે છે.




નવા આવતાં પુસ્તકો તથા જયંતિ કે જન્મદિન આવતાં સાહિત્યકારોની કૃતિઓને અહીં પ્રદર્શની માટે મૂકવામાં આવે છે, જેથી ભાષાના જિજ્ઞાસુ- વાચકો-પાઠકોની સાહિત્ય પ્રત્યેની રસરુચિ વધે ઉપરાંત આ



ISBN : 978-93-5598-308-4

અમૂલ્ય ખજાનાનું જ્ઞાનદર્શન થાય. આજે ગ્રંથાલયના ૩૫૦૦ જેટલાં આજીવન સભ્યો છે તથા ૨૦૦થી વધુ વાર્ષિક સભ્યપદ છે. આ ગ્રંથાલયની લગભગ ૪૫થી ૫૦ વ્યકિતઓ સરેરાશ દરરોજ મુલાકાતે-સંશોધનાર્થે આવે છે.

આ ગ્રંથાલયમાં બાળપુસ્તકાલયનો બાળકોનો નિઃશુલ્ક સેવાઓને અલાયદો વિભાગ છે, જેમાં બાળકોને જ્ઞાન સાથે ગમ્મતના સાધનો ઉપરાંત ૫૦ જેટલી સી.ડી., ડીવીડી વગેરે ઉપલબ્ધ છે. આ વિવિધ સામગ્રીનો ઉપયોગ કરી બાળકો માટે વિવિધ પ્રકારના ફિલ્મ-શોનું પણ આયોજન કરવામાં આવે છે. આ ઉપક્રમે કોરોનાકાળ પહેલાં તા. ૨૬-૨-૨૦૧૮ના અમદાવાદ સ્થાપન દિવસે ડૉ. માણેક પટેલ ‘સેતુ’ દ્વારા તૈયાર કરવામાં આવેલી ડોક્યુમેન્ટરી ‘વેલકમ ટુ અમદાવાદ’નો એક શો રાખવામાં આવ્યો હતો. આ ઉપરાંત મહિલાઓ માટે પણ આ પ્રકારના કાર્યક્રમોની પ્રક્રિયા અહીં થઈ રહી છે, સ્પર્ધાત્મક પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ ગ્રંથાલયમાં બેસી શાંતિથી વાંચી શકે એ માટે અલાયદો વાચનખંડ પણ અહીં છે. કુલ ૩૪૫૦ ચો. મીટરમાં વિસ્તૃત આ ગ્રંથાલયમાં વાચનની સુવિધા રવિવારે પણ ઉપલબ્ધ કરવામાં આવે છે.

ડિસ્પ્લે રેક્સમાં સાહિત્યના નવા-પોંખાયેલા-ચર્ચિત પ્રસિદ્ધ પુસ્તકોનું પ્રદર્શન તથા નવા પ્રકાશિત પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવે છે. એ સિવાય સાંપ્રત ઘટનાને અનુસરીને જે-તે સર્જકના જન્મદિન કે સંસ્મરણ નિમિતે હંગામી પ્રદર્શની પણ યોજવામાં આવે છે. આ બધાં જ પુસ્તકો વાચકો માટે તત્ક્ષણ ઇશ્યૂ કરવા શક્ય બને તે માટેનો ભગિરથ પ્રયાસ સતત થઈ રહ્યો છે. ગ્રંથાલયમાં ઇશ્યૂ થયેલાં પુસ્તકોને ઈ-મેલ સેવા દ્વારા તત્કાલ રિન્યુઅલની પણ સેવા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.




આ ઉપરાંત આજીવન સભ્યો વ્યક્તિગત પાસવર્ડ દ્વારા પણ ઘરે બેઠાં ઇન્ટરનેટના માધ્યમે પુસ્તકાલયના પુસ્તકોની સંપૂર્ણ યાદી જોઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સભ્યોના સંશોધન અને અભ્યાસને મદદરૂપ થવા ઝેરોક્ષ મશીનની સેવાનો પણ લાભ શરૂ કરવામાં આવ્યો છે. બાળવિભાગની અંદર જ પુસ્તક પ્રકાશનનોના એક કાયમી પ્રદર્શન વિભાગ સહસંદર્ભ-કોપીરાઇટ-અદેય વિભાગ ઊભો કરવામાં આવ્યો છે.


ISBN : 978-93-5598-308-4

ગ્રંથાલયમાં ઉપલબ્ધ સામયિક રેક્સમાં પણ  મહિલા, બાળ, સાહિત્યિક, કાવ્ય, વાર્તા, સાંપ્રત, રોજગાર, કારકીર્દિને લગતા સામયિકોની સુંદર રીતે ગોઠવણી કરી ગુજરાતી સાહિત્યના ઉમદા પ્રસારની પ્રવૃત્તિ કરવામાં આવે છે. આ ઉપરાંત ‘ચી. મ. ગ્રંથાલય’ના સ્થાપના દિવસે ૧૭ મી માર્ચે દર વર્ષે ઉજવણીના ભાગરૂપે ગ્રંથાલય દ્વારા પુસ્તક પ્રદર્શની કરવામાં આવે છે. આ સાથે વિશ્વ ગ્રંથાલય દિવસને પણ ગ્રંથો સાથે હોંશ ભેર ઉજવવામાં આવે છે. આજે આ ગ્રંથાલયને ગુજરાત સરકાર દ્વારા જાહેર ગ્રંથાલય અને વિશિષ્ટ ગ્રંથાલય તરીકે માન્યતા પ્રાપ્ત થયેલી હોય, સરકારી ગ્રાન્ટની મદદથી સાહિત્ય પરિષદ ટ્રસ્ટ આ ગ્રંથાલયનું સંવર્ધન કરી રહ્યું છે.




આ ગ્રંથાલયને રાજ્યનાં ૧૦ વિશિષ્ટ ગ્રંથાલયોનું એક હોવાનું બહુમૂલ્ય સન્માન સરકાર દ્વારા આપવામાં આવ્યું છે. આ ગ્રંથાલયમાં યાંત્રિકીકરણની પણ શરૂઆત કરવામાં આવી છે, તેના ભાગરૂપે ડિઝિટલાઈઝેશન, કમ્પ્યૂટરાઈઝેશન અને આધુનિકીકરણ કરવાના પ્રકલ્પ પર કામ ચાલી રહ્યું છે. તેમાં ત્યાં સંગ્રહિત ગુજરાતી સાહિત્યના ધરોહર સમા અલભ્ય પુસ્તકોની સાચવણી માટે ‘ Fumigation chamber’નું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. સાથે ‘બાઈન્ડિંગ’ તથા ‘સ્કેન’ કરી ડિઝિટલાઈઝેશનની પ્રક્રિયાને વેગવંતી કરવામાં આવી છે. જેના કારણે ફક્ત ત્યાં આવનાર જ નહીં પણ વિશ્વના કોઈ પણ ખૂણે બેઠેલા ગુજરાતી સાહિત્યના જિજ્ઞાસુ અભ્યાસુને પોતાની તૃષાને પોષિત કરવાની તક મળી રહે. તદઉપરાંત સાહિત્યના જતન માટે વિશેષમાં વાચન-પઠન વાર્તાગોષ્ઠી, ચિત્રસ્પર્ધા, નાટ્યપ્રયોગો, પુસ્તકમેળા જેવા કાર્યક્રમોનું અવારનવાર આયોજન કરવામાં આવે છે. આ ગ્રંથાલયના ઉપક્રમે વિવિધ વિષયના નૂતન-ચર્ચિત-વિશિષ્ટ પુસ્તકો વિશે દર મહિને એક પુસ્તકચર્ચા- વાર્તાલાપ- વ્યાખ્યાનશ્રેણીના આયોજનની પણ પહેલ કરવામાં  આવી છે.

આમ, ગુજરાતમાં ગુજરાતી સાહિત્યના એક અધિકૃત ગ્રંથાલય તથા ગુજરાતી સાહિત્યના ગ્રંથોની જાળવણી અને સંગ્રહ સાથે આ ખજાનો અમદાવાદ જ નહીં ગુજરાતના તથા વિશ્વ આખાને માટે ખોલી નાખવાના આ ગ્રંથાલય દ્વારા હરસંભવ જે પ્રયાસ થઈ રહ્યા છે તે માટે ગુજરાતી પ્રત્યે પ્રીતિ રાખનાર સામાન્ય માનવી પણ આ ગ્રંથાલયનો લાભ ચોક્કસ ઉઠાવી શકે છે અને આપણી સૌની માતૃભાષાના આ વારસાને નવી પેઢી સુધી પહોંચાડવાનો આ પ્રયાસ સરાહનીય છે.


ISBN : 978-93-5598-308-4

**વિશેષ સાભાર નોંધ :**

**ચી. મં. ગ્રંથાલયમાં કાર્યરત સભ્યોનાં સૌજન્યથી છબી મેળવવામાં આવેલ છે.**

**સંદર્ભસાહિત્ય :**

1. ઊર્મિલા ઠાકર. 'ગ્રંથાલયની ગૌરવગાથા-૯૦', (પુસ્તક : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ)
2. પરીક્ષિત જોશી, 'શ્રી. ચી. મં. ગ્રંથાલયના ૩૯માં સ્થાપના દિવસ નિમિતે' (પરબ, માર્ચ ૨૦૧૮)
3. ગુજરાત સાહિત્ય પરિષદ, ચી. મં. ગ્રંથાલય, અમદાવાદ http://www.gujaratisahityaparishad.com/library/index.html

# પુસ્તકાલય : સમાજ પરિવર્તન માટેના સાધન તરીકે

**Mrs.Padma T.Gohel,** Asst.Librarian, Sheth P.T.Mahila college of Arts and Home Science & Science Unit
Vanita Vishram, Athvagate, Surat 395001

**Abstract**

આ લેખ સમાજના પરિવર્તનમાં પુસ્તકાલયોની ભૂમિકાનું વર્ણન કરે છે. માહિતી અને સંચાર ટેકનોલોજીના વિકાસે વિશ્વની દરરોજની લાઇબ્રેરી પ્રવૃત્તિઓની ભૂમિકા ભજવે છે.પુસ્તકાલય અને સમાજના વપરાશકર્તાઓની ભૂમિકાને બદલે છે. સમાજે અનેક રીતે અનુસરણ કર્યું છે અને પુસ્તકાલયોનો ઉપયોગ કર્યો છે. ઈન્ટરનેટનો ઉપયોગ સમાજના વિકાસ તરીકે કાર્યરત છે.પુસ્તકાલયના વ્યાવસાયિકો તાલીમ લઈ રહ્યા છે અને વિવિધ કૌશલ્યોનો ઉપયોગ કરી રહ્યા છે જે તાજેતરનુ આ વલણ ડિજિટલ વાતાવરણમાં અદ્યતન અને ખુબજ ઉપયોગી છે.

**કીવર્ડ્સ (Keywords)**

લાયબ્રેરી, સોસાયટી, ઈન્ટરનેટ અને ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી

**પરિચય (Introduction)**

સમાજ અથવા માનવ સમાજના વિવિધ અર્થો છે. તે સમુદાયમાં સાથે રહેતા, સામાન્ય રુચિઓ વહેંચતા અને વિશિષ્ટ રિવાજો અને સંસ્થાઓ ધરાવતા લોકોનો ઉલ્લેખ કરે છે. 'સમાજ' શબ્દનો ઉપયોગ લોકોના વિવિધ વિશિષ્ટ સાંસ્કૃતિક જૂથો માટે પણ થઈ શકે છે. સરળ શબ્દોમાં કહીએ તો, આપણે સમાજને ઉચ્ચ સંરચિત પ્રણાલીમાં પરસ્પર નિર્ભર સભ્યો તરીકે સાથે રહેતા વ્યક્તિઓના એકંદર તરીકે જોઈ શકીએ છીએ. (Intt4)

મનોવૈજ્ઞાનિક રીતે, લોકો પોતાની જાતને એકતા અને શક્તિ માટે સંગઠિત જૂથનો ભાગ હોવાના વિચારથી ઓળખે છે. તેથી લોકોને સમાજમાં બનાવવાનો હેતુ રક્ષણ, સાતત્ય, સુરક્ષા અને ઓળખ પ્રદાન કરવાનો છે

પુસ્તકાલયો આપણા સમાજમાં મૂળભૂત ભૂમિકા ભજવે છે. તેઓ આપણા વારસાના કલેક્ટર્સ અને કારભારીઓ છે; તેઓ જે પુસ્તકો એકત્રિત કરે છે તેમાંના જ્ઞાનના તેઓ આયોજકો છે - સૂચિબદ્ધ કરીને, વર્ગીકરણ કરીને અને તેનું વર્ણન કરીને મૂલ્ય ઉમેરે છે; અને, જાહેર સંસ્થાઓ તરીકે, તેઓ તમામ નાગરિકો માટે ઍક્સેસની સમાનતાની ખાતરી આપે છે. તેઓ ભૂતકાળ અને વર્તમાનનું જ્ઞાન લે છે અને ભવિષ્ય માટે તેને મૂકે છે.(Intt5)

**પુસ્તકાલય વ્યાખ્યા (Library Definition)**

'લાઇબ્રેરી' શબ્દ લેટિન શબ્દ "લાઇબ્રેરી" પરથી આવ્યો છે જેનો અર્થ થાય છે 'પુસ્તકનું સ્થળ'. તે 'લિબર' શબ્દ પરથી ઉદ્દભવે છે જેનો અર્થ થાય છે 'પુસ્તક'. ઓક્સફોર્ડ કમ્પેનિયન ટુ ધ ઇંગ્લિશ લેંગ્વેજ અનુસાર - "લાઇબ્રેરી એ પુસ્તકો, સામયિકો અને/અથવા અન્ય સામગ્રીઓનો સંગ્રહ છે, જે મુખ્યત્વે લખાયેલ અને મુદ્રિત છે."(Intt6)

હેરોડના ગ્રંથપાલની શબ્દાવલિ અને સંદર્ભ પુસ્તક 'લાયબ્રેરી'ને આ રીતે વ્યાખ્યાયિત કરે છે:

(1) વાંચન, અભ્યાસ અને પરામર્શ માટે રાખવામાં આવેલ પુસ્તકો અને અન્ય સાહિત્યિક સામગ્રીનો સંગ્રહ.

(2) પુસ્તકોના સંગ્રહ વગેરેને રાખવા અને ઉપયોગ કરવા માટે અલગ રાખવામાં આવેલ જગ્યા, મકાન, ઓરડો અથવા રૂમ. (Prytherch, 2005)

(3) 'લોએબ ક્લાસિકલ લાઇબ્રેરી' તરીકે વ્યાપક શીર્ષક હેઠળ એક પ્રકાશક દ્વારા જારી કરાયેલા અસંખ્ય પુસ્તકો, અને સામાન્ય રીતે કેટલીક સામાન્ય લાક્ષણિકતાઓ ધરાવે છે, જેમ કે, વિષય, બંધનકર્તા અથવા ટાઇપોગ્રાફી. (Henderson, 1911)

(4) ફિલ્મો, ફોટોગ્રાફ્સ અને અન્ય બિન-પુસ્તક સામગ્રી, પ્લાસ્ટિક અથવા મેટલ ટેપ, ડિસ્ક અને પ્રોગ્રામ્સનો સંગ્રહ. (Network)

**પુસ્તકાલય સામગ્રીનો સંગ્રહ (Collections of the Library materials)**



ISBN : 978-93-5598-308-4

આજે લાઇબ્રેરી સામગ્રીનો સંગ્રહ ડિજિટલ લાઇબ્રેરી, વર્ચ્યુઅલ લાઇબ્રેરી અને હાઇબ્રિડ લાઇબ્રેરીનું ડિજિટાઇઝેશન છે. ઈલેક્ટ્રોનિક પુસ્તકો, ઈ-જર્નલ્સ, અને ઈ-પેપર્સ વગેરેના લાઈબ્રેરી કલેક્શનમાં પરિવર્તન આવ્યું છે. આ ટ્રેન્ડ પરંપરાગત લાઈબ્રેરીમાં બદલાઈ ગયો છે અને ડિજિટલ લાઈબ્રેરી બની ગઈ છે. ઈલેક્ટ્રોનિક પબ્લિશિંગ વિકસિત છે અને લાઈબ્રેરી સામગ્રીના વિવિધ ફોર્મેટ છે.(Krishnan)

**સોસાયટીના પુસ્તકાલયોની ભૂમિકાઓ (The roles that libraries of the Society)**

આધુનિક સમાજોને ટેકો આપવા માટે પુસ્તકાલયો જે ભૂમિકા ભજવે છે તેને નીચેની પાંચ મુખ્ય શ્રેણીઓમાં જૂથબદ્ધ કરી શકાય છે:

(i) ઉચ્ચ શિક્ષણ

(ii) વપરાશકર્તા શિક્ષણ

(iii) મનોરંજન

(iv) એક સ્થળ તરીકે પુસ્તકાલય

(v) સામાજિક અને સાંસ્કૃતિક.

પુસ્તકાલયો દ્વારા જે સામાજિક ભૂમિકાઓ ભજવવામાં આવી છે તેમાં માહિતી અને જ્ઞાનનું લોકશાહીકરણ, લોકોને જ્ઞાન અને માહિતી સ્ત્રોતો સાથે જોડવા, સશક્તિકરણ માટે સમુદાયોને માહિતી અને જાગૃતિ સેવાઓનો સમાવેશ થાય છે. એક સ્થળ તરીકે પુસ્તકાલય એક આકર્ષણ ધરાવે છે કારણ કે પુસ્તકાલયનો ઉપયોગ શૈક્ષણિક, સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ચલાવવા અને આયોજન કરવા માટે થાય છે. પુસ્તકાલયો સામાજિક સંવાદિતાને પ્રોત્સાહન આપવા માટે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરવા જેવી સંખ્યાબંધ પ્રવૃત્તિઓ માટે યોગ્ય રચનાત્મક જગ્યાઓ સાથે સમુદાય કેન્દ્રો તરીકે સેવા આપે છે. પુસ્તકાલયો ભવિષ્યની પેઢીઓ માટે સમાજના સામાજિક-સાંસ્કૃતિક પાસાઓને લગતા દસ્તાવેજો એકત્રિત કરે છે, સાચવે છે અને તેનું સંરક્ષણ કરે છે. નીચેનું કોષ્ટક સમાજમાં પુસ્તકાલયની સંક્ષિપ્ત કાર્યાત્મક ભૂમિકાઓ આપે છે (case)

**(i) ઉચ્ચ શિક્ષણની ભૂમિકા (The role of the Higher education )**

નીચેની ભૂમિકાઓ નીચે મુજબ છે.

- સહાયક શિક્ષણ,
- જ્ઞાન સંસાધનો, સામગ્રી અને રેફરલ્સ પ્રદાન કરીને સમાજમાં સંશોધન અને તાલીમનું શિક્ષણ
- માહિતીનો પ્રસાર અને વિતરણ
- શિક્ષણમાં હિસ્સેદારોને આવા દસ્તાવેજોમાં સંગ્રહિત જ્ઞાન
- વૈશ્વિક પુસ્તકાલયોના સંગ્રહના પ્રવેશદ્વાર તરીકે સેવા આપે છે
- અનૌપચારિક સ્વ-શિક્ષણ અને શિક્ષણને ટેકો આપવો



ISBN : 978-93-5598-308-4

**(ii) વપરાશકર્તા શિક્ષણની ભૂમિકા( Roles of User education)**

- વાંચનની સારી ટેવ બનાવો
- માહિતી સાક્ષરતા, કોમ્પ્યુટર સાક્ષરતા
- પુસ્તકાલયના સંગ્રહો અને સેવાઓના ઉપયોગને પ્રોત્સાહન આપવું

**(iii) મનોરંજનની ભૂમિકાઓ (The roles of the Recreation )**

- શૈક્ષણિક, નાગરિક અને સાંસ્કૃતિકને ટેકો આપવો
- જૂથો અને સંગઠનોની પ્રવૃત્તિઓ

**(iv) એક સ્થળ તરીકે પુસ્તકાલયની ભૂમિકા ( The role of the Library as a place )**

- ઇન્ફર્મેશન કોમન્સ - શીખવા માટે લાઇબ્રેરી મોડલ
- આર્કિટેક્ચરલી ડિઝાઈન કરેલી ઈમારતને એવી જગ્યા તરીકે ઑફર કરવી કે જે શૈક્ષણિક કાર્યો માટે દરેકમાં રુચિને પ્રેરિત કરે

(v) સામાજિક અને સાંસ્કૃતિક ભૂમિકા **(The role of the Societal and cultural )**

- સમાજમાં માહિતી અને જ્ઞાનનું લોકશાહીકરણ
- લોકોને જ્ઞાન અને માહિતી સ્ત્રોતો સાથે જોડવા
- સમાજના વંચિત વર્ગને તેમના સામાજિક અને આર્થિક વિકાસ માટે સમાજમાં ઉપલબ્ધ તકો વિશે જાગૃતિ આપવી
- સમુદાય માહિતી સંસાધનો
- સામૂહિક સાક્ષરતા જેવા રાજ્યના કાર્યક્રમો વિશે સામુદાયિક જાગૃતિ
- સામાજિક સમરસતાને પ્રોત્સાહન આપવા માટે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરવું જેમ કે પુસ્તક ચર્ચાઓ, મહત્વપૂર્ણ વિષયો પર પ્રવચનો
- જૂથો અને સંગઠનોની નાગરિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને ટેકો આપવો
- વંશજો માટે જ્ઞાનની જાળવણી
- પરંપરાગત જ્ઞાન મેળવવું અને સાચવવું અને
- સ્થાનિક અને રાષ્ટ્રીય સરકારના પ્રવેશદ્વાર તરીકે સેવા આપવી (Chakrabarti, 2008)

**ટેકનિકલ સપોર્ટ (Technical supports)**

અમારે પાઠોના ડિજિટાઇઝેશન અને અનુક્રમણિકા માટેના સાધનોમાં સુધારો કરવાની જરૂર છે, ખાસ કરીને બિન-અંગ્રેજી ભાષા અને જૂની સામગ્રી અને ફોન્ટ્સ માટે. તકનીકી સાધનો સાથેની પ્રગતિ ખર્ચ ઘટાડવા અને ડિજિટાઇઝેશનની કાર્યક્ષમતા વધારવામાં યોગદાન આપી શકે છે. આ કરવા માટે, અમારે વિવિધ હિસ્સેદાર સમુદાયો - સાહસો, પુસ્તકાલયો અને આર્કાઇવ્સ, યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓ સાથે સભ્ય રાજ્યોમાં નિષ્ણાત જ્ઞાનને જોડવાની જરૂર છે. યોગ્યતાના વાસ્તવિક કેન્દ્રોમાં આંતરશાખાકીય


ISBN : 978-93-5598-308-4

સહકાર આપણને વિશ્વમાં ડિજિટાઇઝેશન માટેની તકનીકોને આગળ વધારવામાં મદદ કરી શકે છે.(Krishnan)

વપરાશકર્તાઓ ડિજિટલ લાઇબ્રેરીઓમાંથી જે ઇચ્છે છે તે શોધવામાં સરળ સામગ્રી છે જે તેમના પ્રશ્નોના સૌથી સચોટ અને સંપૂર્ણ જવાબો છે, પરિણામોના પૃષ્ઠો અથવા સ્ક્રીન પરની માહિતી પર નેવિગેટ કર્યા વિના. આના માટે સંસાધનોના વધુ સુસંસ્કૃત અને સ્વચાલિત અનુક્રમણિકાની જરૂર છે જે આપણા ભવિષ્યમાં ડિજિટલ લાઇબ્રેરીઓના ઇન્ફોર્મેશન અને કોમ્યુનિકેશન ટેક્નોલોજી ટૂલની જરૂરિયાત હશે - ઑડિઓ, વિઝ્યુઅલ, મલ્ટીમીડિયા, રેડિયો ફ્રીક્વન્સી ટેક્નોલોજી અને સ્માર્ટ કાર્ડ વગેરે. (Ari, 2017)

**સમાજનું પરિવર્તન (The Transforming Society)**

પુસ્તકાલયના વપરાશકર્તાઓ વિવિધ પ્રકારનાં બાળકો, પુખ્ત વયના, કિશોરો, વરિષ્ઠ નાગરિકો વગેરે છે. ઈન્ટરનેટનો ઉપયોગ ઈલેક્ટ્રોનિક પુસ્તકો, ઈ-જર્નલ્સ, ઈ-થીસીસ, ઈ-પેપર્સ વગેરેના ઓનલાઈન સ્રોતોનો ઉપયોગ કરે છે. સંદેશાવ્યવહાર ઈલેક્ટ્રોનિક મેઈલ, સામાજિક ફેસ બુક, ટ્વિટર, લિંક્ડ ઈન વગેરેનું નેટવર્ક. વિચારોની આપ-લે, યુ ટ્યુબ ડાઉનલોડ અને અપલોડ વગેરે. લાઈબ્રેરીમાં વાચકનો સમય બચાવે છે અને તેને માહિતી મળે છે. સોસાયટીના પુસ્તકાલય પરિવર્તનમાં સાંસ્કૃતિક, રીડર્સ સર્કલ, રીડર્સ ફોરમ વગેરે છે.ટૂંકમાં આપણે કહી શકીએ કે, સમાજમાં પરિવર્તનો નક્કી કરવામાં આવી રહ્યા છે,જે તકનીકી, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક,દરેક ક્ષેત્રે ખુબજ મહત્વના અને ઉપયોગી છે. (Juchnevič, 2014)

**નિષ્કર્ષ (Conclusion)**

પુસ્તકાલયના વ્યાવસાયિકો આજે પુસ્તકાલયોની વિવિધ પ્રવૃત્તિઓમાં માહિતી અને સંચાર ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. લાયબ્રેરી એ એક સેવા લક્ષી સંસ્થા છે જે શીખવાના સંસાધનોની સુલભતા, મૂળભૂત જ્ઞાનના પ્રચાર-પ્રસાર, માહિતીની જાળવણી અને પ્રસાર, માનવ સંસ્કૃતિ અને સભ્યતાની સુવિધા માટે બનાવવામાં આવી છે. પુસ્તકાલયની ભૂમિકાઓનો ઉપયોગ કરીને વિવિધ કૌશલ્યોનો વિકાસ થાય છે. ઈન્ટરનેટ ઘણા કમ્પ્યુટર્સ સાથે જોડાયેલું છે અને નેટવર્ક ટેક્નોલોજીનો વિકાસ એ વાચકની યોગ્ય માહિતીનો ઉપયોગ કરવાનો યોગ્ય સમય છે.

**References**

ALA. (n.d.). *Social Role of the Library*. Retrieved May 2, 2022, from www.ala.org: https://www.ala.org/tools/research/librariesmatter/category/social-role-library

Ari, R. (2017). IMPORTANCE AND ROLE OF LIBRARIES IN OUR SOCIETY. *Tamralipta Mahavidyalaya Research Review , 2*, 59-65.

Baker, W. E. (2011). *Libraries and Society: Role, Responsibility and Future in an age of Change.* Oxford: Chandos Publishing.

case, L. (n.d.). *Case law : T.Arivarasu Pandian vs Government Of Tamil Nadu*. Retrieved May 1, 2022, from indiankanoon.org: https://indiankanoon.org/doc/63903809/

Chakrabarti, B. &. (2008). *Library and Information Science. an introduction”.* Kolkata: The World Press Pvt. Ltd.



ISBN : 978-93-5598-308-4

Evas, W. a. (2011). *Libraries and Society: Role, Responsibility and Future in an Age of Change.* Oxford :Chandos Publishing.
Godin, S. (2011, May 11). *Seth's Blog*. Retrieved March 05, 2022, from Seth's Blog.
Harrington, R. (n.d.). *The changing face of an information vendor*. Retrieved March 05, 2022, from http://www.thompson.com/Investors/PPT/: http://www.thompson.com/Investors/PPT/
Henderson, J. (1911). *Loeb Classical LIbrary*. Retrieved May 5, 2022, from https://www.loebclassics.com/: https://www.loebclassics.com/
https://urbanlibrariansunite.org/, I. (2015, June 8). *why-libraries-are-effective-instruments-for-social-change*. Retrieved May 5, 2022, from urbanlibrariansunite.org: https://urbanlibrariansunite.org/2015/06/08/why-libraries-are-effective-instruments-for-social-change/
ignou. *UNIT 1 ROLE OF LIBRARIES IN SOCIETY.* New Delhi: indira Gandhi National Open University.
Intt4. (n.d.). Retrieved May 2, 2022, from slideplayer.com: https://slideplayer.com/slide/18103300/
Intt5. (n.d.). Retrieved May 2, 2022, from digitalcommons.unl.edu: https://digitalcommons.unl.edu/cgi/viewcontent.cgi?httpsredir=1&article=3473&context=libphilprac/
Intt6. (n.d.). *NIOS-Library-Science-Unit-1-Library-and-Information-Centers-Part-1*. Retrieved May 2, 2022, from www.flexiprep.com: https://www.flexiprep.com/NIOS-Notes/Senior-Secondary/Library-Science/NIOS-Library-Science-Unit-1-Library-and-Information-Centers-Part-1.html
Juchnevič, L. (2014, February). LIBRARY ROLES IN CHANGING SOCIETY. *STICS* , 120-130.
Kaul, H. K. (2013). *Librarian of the future: MAstering the road ahead.* New Delhi: DELNET.
Khanna, J. K. (1987). *Library and Society.* New Delhi: EssEss Publication.
Krishnan, M. (n.d.). *ROLE_OF_LIBRARY_IN_CHANGING_SOCIETY.* Retrieved April 29, 2022, from https://www.researchgate.net: https://www.researchgate.net/publication/323935597_ROLE_OF_LIBRARY_IN_CHANGING_SOCIETY
Kumar, K. (2001). *Library Organization.* New Delhi: Vikash Publishing House.
LISBDNETWORK. (2022, February 14). *role-library-society*. Retrieved May 2, 2022, from www.lisedunetwork.com: https://www.lisedunetwork.com/role-library-society/
Mahapatra, B. C. (2008). *Libarary and Information Science : An Introduction.* Kolkata: The World Press Pvt. Ltd.
Network, I. L. (n.d.). *library-definition-and-meaning*. Retrieved May 5, 2022, from lisedunetwork.com: https://www.lisedunetwork.com/library-definition-and-meaning/
NIOS. (n.d.). *http://nios.ac.in/media/documents/SrSecLibrary/LCh-001.pdf*. Retrieved March 11, 2022, from http://nios.ac.in: http://nios.ac.in/media/documents/SrSecLibrary/LCh-001.pdf
Nuut, A. (2004). The role of Libraries in a Knowledge Based Society: Estonian and European Experience. *Proceedings of 7th Congress of Baltic Librarians.* Jumurda Latvia: Congress of Baltic Librarians.
Pandey, S. K. (1992). *Library and Society.* New Delhi: EssEss Publication.
Prytherch, R. (2005). *Harrod's Librarians' Glossary and Reference Book.* Routledge Taylor and Francis Group.
Sridhar, M. S. (n.d.). *www.slideshare.net/mssridhar/library-and-society*. Retrieved March 10, 2022, from www.slideshare.net: www.slideshare.net/mssridhar/library-and-society
White, B. (2012). *Guaranteed Access to knowledge: The role of Libraries*. Retrieved March 05, 2022, from http://www.wipo.int: http://www.wipo.int/wipo_magazine/en/2012/04/article_0004.html
Wiki. (n.d.). *https://en.wikipedia.org/wiki/Library*. Retrieved March 12, 2022, from https://en.wikipedia.org: https://en.wikipedia.org/wiki/Library
चोधरी, न. स. (२०१०). *सम्पूर्ण पुस्तकालय विज्ञान कार्ड से कम्पुटर तक.* नई दिल्ही: डिस्कवरी पब्लिशिंग हाउस प्राइवेट लिमिटेड.


ISBN : 978-93-5598-308-4

नैम, प. क. (२००८). *पुस्तकालय एवं समाज.* नई दिल्ही: Rajat Publishers.
शर्मा, अ. (२०१२). *सुचनास्त्रोतएवंसेवाए.* New Delh.
કાથડ, સ. આ. (૨૦૧૨). *શ્રી જી.એન્ડ સી.કે.બોસમીયા તર્સ એન્ડ કોમેર્સ કોલેજ ગ્રંથાલય , જેતપુર સંચાલન,કાર્યો અને સેવાઓ: એક અભ્યાસ.(અપ્રકાશિત લઘુ શોધ નિબંધ.).* ભાવનગર: ભાવનગર યુનિવર્સીટી.
ડી.એ.ઉચાટ. (૨૦૧૨). *શિક્ષણમાં અને સામાજિક વિજ્ઞાનમાં સંશોધનનું પદ્ધતિ શાસ્ત્ર.* રાજકોટ: પારસ પ્રકાશન.
ભૈયા, છ. (૧૯૯૩). *ગ્રથાલય અને સમાજ.* અમદાવાદ: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય.
ભૈયા, છ. (૨૦૦૯). *પુસ્તકાલય વ્યવસ્થાપન.* .. અમદાવાદ: પાર્થ પબ્લિકેશન.

# પ્રલેખ માપન, *વિજ્ઞાનમાપન* અને વેબમાપન : એક અભ્યાસ

**Rana Twinkal A. Central Library Gujarat Vidyapith, Ahmedabad.**

---

**સારાંશ:**
*એકવીસમી સદી માં જ્ઞાન અને ટેક્નોલોજી ની સ્થાન એ મહત્વ નું બની રહ્યું છે. પુસ્તકો, જર્નલ, લેખો ને માપન માટે તથા લેખકો ધ્વારા થતાં સંશોધનોનું માપન કરવા માટે પ્રલેખમાપન, વૈજ્ઞાનિક માપન અને વેબ માપન ના ઉપયોગ ના માધ્યમ થી કયા લેખકો નું કેટલું પ્રકાશન થયું છે તથા કઈ વિશ્વવિદ્યાલય નું કેટલું યોગદાન છે. તથા એક જ લેખક ના કેટલા લેખો છે, બે લેખકો નું સાથે પ્રકાશન કેટલું છે વગેરેના માપન માટે ઉપયોગ કરી શકાય છે. પ્રલેખમાપન એ મૂલ્યાંકન કરવા માટે ગણતરીની એક આંકડાકીય પદ્ધતિ છે. પ્રલેખમાપન માટેના મૂળભૂત કાયદાઓ છે જેમાં બ્રેડફોર્ડ નો કાયદો, જીપ્ફનો કાયદો, લોટકા નો કાયદો નો સમાવેશ થાય છે. વિજ્ઞાનમાપન નો મુખ્ય ધ્યેય કોઈ પણ વિષય નો કેટલો વિકાસ થઈ શકે તેમ છે, તેની શક્યતા તપાસવાનો છે. વેબસાઇટના તુલનાત્મક અભ્યાસ ને વેબમાપન તરીકે ઓળખવા માં આવે છે. વેબમાપન માં વેબસાઇટના માળખા, પ્રમાણ અને ટેક્નોલૉજીનો સમાવેશ કરવામાં આવે છે. પ્રસ્તુત સંશોધન પેપરમાં પ્રલેખમાપન, વેબમાપન અને વિજ્ઞાનમાપનની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.*
**ચાવીરૂપ શબ્દો:** ટેક્નોલોજી, પ્રલેખમાપન, લેખો, વિજ્ઞાનમાપન, વેબમાપન.

**પ્રસ્તાવના:-**


ISBN : 978-93-5598-308-4

એકવીસમી સદી માં જ્ઞાન અને ટેક્નોલોજી ની સ્થાન એ મહત્વ નું બની રહ્યું છે. ગ્રંથો, ઈ-લર્નિંગ અને ઇ રિસોર્સિસ નો ઉપયોગ એ મહત્વ નો બનતો જાય છે. અને આ સમયગાળા માં પ્રકાશિત થતાં પુસ્તકો, જર્નલ, લેખો ને માપન માટે તથા લેખકો ધ્વારા થતાં સંશોધનો નું માપન કરવા માટે પ્રલેખમાપન, વૈજ્ઞાનિક માપન અને વેબ માપન ના ઉપયોગ ના માધ્યમ થી કયા લેખકો નું કેટલું પ્રકાશન થયું છે તથા કઈ વિશ્વવિદ્યાલય નું કેટલું યોગદાન છે. તથા એક જ લેખક ના કેટલા લેખો છે, બે લેખકો નું સાથે પ્રકાશન કેટલું છે વગેરેના માપન માટે ઉપયોગ કરી શકાય છે.

**સાહિત્ય સમીક્ષા:-**

**(Shukla, Akhandanand and Tripathi, Aditya,2015)** તેમના ગ્રંથમાં પ્રલેખમાપન , વૈજ્ઞાનિક માપન તથા વેબમાપન અને માહિતીમાપન વિશે આપેલ છે. જેમાં ગ્રંથાલયો ની વેબસાઇટ માં આપેલ માહિતી ની માપન માટે જાગૃતિ માટે ની માહિતી આપેલ છે. શૈક્ષણિક ગ્રંથાલયો અને સંશોધન ગ્રંથાલયો ની વેબસાઇટનો ઉપયોગ વિશે જણાવેલ છે. આ ઉપરાંત ગ્રંથાલયની વેબસાઇટ પર રહેલી માહિતીનું એનાલિસિસ કેવી રીતે થાય તેની માહિતી આપેલ છે. **(Jalal, Samirkumar, Biswas, Subal Chandra and Mukhopadhyay, Parthsarahi, 2009)** Bibliometric to Webometrics પ્રલેખ માં પ્રલેખમાપન અને વેબમાપન ની માહિતી આપેલ છે. પ્રલેખમાપન એ લેખો, ગ્રંથો સાથે સંકડાયેલ છે, જ્યારે વેબમાપન એ વેબ આધારિત દસ્તાવેજો (document) ના માપન કરવા માટે થાય છે. પ્રલેખમાપન અને વેબમાપન એ ઘણા બધા ડેટાબેઝ ના માધ્યમ થી એનાલિસિસ કરી શકાય છે. **(Pachuau, Vanlafeli & Shukla, Akhandanand, 2015)** તેમના મત મુજબ, વેબમાપન એ વેબસાઇટ નું માપન છે તથા વેબ પર આવેલ link (જોડાણ) અને URL (યુનિફોર્મ રીસોર્સ લોકેટર) નું એનાલિસિસ કરવામાં આવે છે. તથા માહિતી સ્ત્રોતો નું મૂલ્યાંકન કરવા માં આવે છે.

**સંશોધન પદ્ધતિ:**

પ્રસ્તુત અભ્યાસના મુખ્ય હેતુ પ્રલેખમાપન, વેબમાપન તથા વૈજ્ઞાનિકમાપન ની જાણકારી માટે, પ્રલેખમાપન માં ઉપયોગી થતાં કાયદાની જાણકારી માટે અને માપન નું ક્ષેત્ર જાણવાનો છે. આ સંશોધનમાં ગુણવતાયુક્ત લેખો, પુસ્તકો ના માધ્યમ થી માહિતી પ્રાપ્ત કરેલ છે.

**Bibliometric (પ્રલેખમાપન)**

પ્રલેખમાપન એ આધુનિક સમયમાં અસ્તિત્વમાં આવેલો વિષય છે. તે માહિતી વિજ્ઞાનની શાખા છે. જે સામાજિક અને ભૌતિક વિજ્ઞાનની વચ્ચે આવે છે. તેમાં સાહિત્યના એક મુદ્દાના વિવિધ પાસા નો પરિમાણાત્મક અભ્યાસ કરવામાં આવે છે. જેનો ઉપયોગ પ્રકાશનનો ઢાંચો (pattern) કર્તુત્વ, ઉલ્લેખો, દ્વિતીય કક્ષાના સમાયિકોની વ્યાપ્તિ વગેરે ની ઓળખ માટે કરી શકાય છે. Bibliometric (પ્રલેખમાપન)


ISBN : 978-93-5598-308-4

અભ્યાસ એ મૂલ્યાંકન કરવા માટે ગણતરીની એક સરળ આંકડાકીય પદ્ધતિ હતી. અને વિષયવૃદ્ધિ નું પ્રમાણ કેટલું છે તે નક્કી કરવા થાય છે. (Bibliometric) પ્રલેખમાપન તકનિકોનો ઉપયોગ હવે વૈજ્ઞાનીક સૂચકાંકો ના નિર્ધારણ, વૈજ્ઞાનિક આઉટપુટનું મૂલ્યાંકન જેવા હેતોઓ માટે તથા ગ્રંથાલયો માટે જર્નલ્સની પસંદગી, ચોક્કસ ક્ષેત્રની સંશોધન માટે ઉપયોગી છે.

બિબ્લિઓમેટ્રિક્સ (Bibliometrics) શબ્દની ઉત્પતિ બે શબ્દો બિબ્લિઓ (biblio) અને મેટ્રિક્સ (metrics) પરથી થઈ છે. બિબ્લિઓ (biblio) શબ્દ એ લેટિન અને જર્મન શબ્દ એ બિબ્લિઓન (biblion) પર થી ઊતરી આવ્યો છે. જેનો અર્થ ‘ગ્રંથ’ અથવા લેખ થાય છે. જ્યારે મેટ્રિક્સ metrics એટલે પરિમાણનું વિજ્ઞાન. આ શબ્દ પણ લેટિન અથવા ગ્રીક શબ્દ મેટ્રિક્સ (metrics) અથવા મેટ્રિકોસ (Metrikos) પર થી ઊતરી આવેલો છે. જેનો અર્થ પરિમાણ છે. આમ અહીં “બિબ્લિઓમેટ્રિક્સ” માટે ગ્રંથ, લેખ, સામાયિક વગેરે ને સંયુક્ત રીતે દર્શાવવા માટે *“પ્રલેખ” શબ્દોનો ઉપયોગ કર્યો છે. આ પ્રલેખો ના પરિમાણનું વિજ્ઞાન એટલે “પ્રલેખ માપન”*

સૌ પ્રથમ 1969 માં એલેન પ્રીચાર્ડ (Alan Prichard) બિબ્લિઓમેટ્રિક્સ શબ્દનો પ્રયોગ કર્યો. તે સમયે તેમણે તેની વ્યાખ્યા આ પ્રમાણે આપી.

“The application of mathematics and statistical method of the books and other media of communication.”

“ગ્રંથો અને પ્રત્યાયનના અન્ય માધ્યમોને માટે ગણિત અને આકડાકીય પદ્ધતિઓનો ઉપયોગ.”

ત્યારબાદ પ્રીચાર્ડ (Prichard) તેનું વિસ્તૃત અર્થઘટન કરીને તેની પુનઃ વ્યાખ્યા આ પ્રમાણે આપી.

“To shed light on the process of written communication and of the nature and course of development of analysing the various facts of written communication.”

પ્રલેખમાપન એ “લેખિત પ્રત્યાયનની પ્રક્રિયા અને લેખિત પ્રત્યાયનના જુદાં જુદાં પાસાઓની ગણતરી અને પૃથ્થકરણ કરતાં સાધનો કોઈ એક વિધાશાખાના વિકાસના અભ્યાસ અને પ્રકારને સ્પષ્ટ કરે છે.”

**વ્યાખ્યા:-**

અત્યંત આધુનિક રીતે પોટરે (poter) પ્રલેખમાપનની વ્યાખ્યા આ રીતે આપી છે.

“The story and measurement of the publication patterns of all forms of written communication and their authorship.”

“લેખિત પ્રત્યાયનના બધા જ સ્વરૂપો અને તેના લેખકોના પ્રકાશનના ઢાચાનો અભ્યાસ અને માપન.”

પ્રલેખમાપનના બધા જ પાસાઓને નજર સમક્ષ રાખતા આપ લે કહીએ છીએ કે વિશાળ અને સૂક્ષ્મ પ્રલેખો તેમ જ તેના લેખકોના પ્રકાશનના ઢાચાનું ગાણિતિક અને આકડાકીય વિદ્યા ધ્વારા વ્યવસ્થાપન, વર્ગીકરણ અને પરિમાણાત્મક મૂલ્યાંકન. પ્રલેખમાપન એટલે ગ્રંથાલય પદ્ધતિ માં અથવા બે ગ્રંથાલય પદ્ધતિઓ વચ્ચે પુસ્તકો અને અન્ય માધ્યમોના ઉપયોગ અંગેનો અભ્યાસ કરવા માટે ગાણિતિક અને આકડાકીય પદ્ધતિઓનો


ISBN : 978-93-5598-308-4

ઉપયોગ. આમ, પ્રલેખ માપન એ બીજું કશું જ નથી. પરંતુ એ સાહિત્યના ભૌતિક તત્વોની વાઙ્મય સૂચિ લાક્ષણિક્તાઓના પૃથ્થકરણ માટે ગાણિતિક અને આકડાકીય પદ્ધતિઓનો ઉપયોગ કરે છે.

પ્રલેખમાપન એ માહિતીના સંશોધન નું મહત્વનું અંગ બની ગયું છે. આજે સંશોધન અને પ્રયોગ બંનેમાં સેવાઓની ચકાસણી તેમ જ પ્રલેખોના વર્ણન માટે પરિમાણાત્મક અભિગમ મહત્વનો બનતો જાય છે. એના ધ્વારા આકડાકીય રજૂઆત કરી શકાય છે. તેમજ પરંપરાગત અભિગમોની માન્ય અભિવ્યક્તિ થઈ શકે છે.

પ્રલેખમાપનના ઉપકરણોના કેટલાક વિષયો નીચે મુજબ છે. જ્યાં કોઈપણ વિદ્યાશાખાની ઉત્પાદન ક્ષમતા અથવા ઉત્પાદન ક્ષમતાના પૃથ્થકરણ માટે આધાર સામગ્રીના માપનના વિચાર શક્ય છે.

1. આકડાશાસ્ત્ર (નમૂના - પસંદગીની પ્રવધિ, પ્રત્યાવર્તન અને પરસ્પર સબંધોનું વલણ પરિવર્તન પામતી ચલ સંખ્યાની પ્રવધિ.)
2. પ્રક્રિયાત્મક સંશોધન (રેખાકાર નિર્ધારણ પદ્ધતિ પરિવહનની સમસ્યાઓ)
3. પ્રલેખમાપનના કાયદાઓ (ઝિપ્સનો કાયદો, લોટકાનો કાયદો, બ્રેડફોર્ડનો તથા અન્ય કાયદાઓ)
4. ઉલ્લેખ પૃથ્થકરણ (ઉલ્લેખના પરિમાણો, નેટવર્કસ, વિજ્ઞાન નીતિ, કાલગ્રસ્તતા)

**પ્રલેખમાપનનાં મૂળભૂત કાયદાઓ**

1. જીપ્ફનો કાયદો (zipf 'law) frequency of occurrence of word in text)
2. બ્રેડફોર્ડ નાં કાયદો (Bradford law Of Scattering of Article over different journal)
3. લોટકા નો કાયદો (lotka's law of Productivity of authors in terms of scientific paper.)

આ કાયદાઓ પ્રલેખમાપન માટેની મહત્વની આધારશિલા પૂરી પાડે છે. આ ત્રણે કાયદાઓ અનુક્રમે નીચેના પર આધારિત છે.

- જ્ઞાનના નિશ્ચિત ક્ષેત્રમાં સામયિક પ્રકાશનોની વહેચણી અથવા સામાયિકોની શ્રેણીમાં લેખો ની સંખ્યા.
- કોઈ એક વિધાશાખામાં કે આની વિષયો માં પ્રદાન કરનાર લેખકો ની સંખ્યા.
- વિશિષ્ટ પ્રલેખોની શ્રેણીમાં શબ્દોના આવર્તનમાં તેની નિશ્ચિત ક્રમમાં ગોઠવણી.

**બ્રેડફોર્ડ નાં કાયદો:-**

સેમ્યુઅલ ક્લેમેંટ બ્રેડફોર્ડ 1934માં "વૈજ્ઞાનિક સામયિકોની કોઈ એક વિશિષ્ટ વિષયના લેખોની ઉત્પાદન ક્ષમતા નાં ઉતરતા ક્રમમા યાદી આપવામાં આવે તો સૌ પ્રથમ કેન્દ્રમાં હાર્દરૂપ સામયિકો આવે. જે સમાયિકોની સંખ્યા ઓછી હોય પણ તેના સંદર્ભો પુષ્કળ પ્રમાણમાં હોય. કેન્દ્ર પછીના તેના આસપાસના


ISBN : 978-93-5598-308-4

બીજા જૂથ માં સામયિકો ની સંખ્યા વધે છે. સંદર્ભો ની સંખ્યા એટલી જ રહે છે. ત્યાર પછીના ત્રીજા જૂથમાં પણ સામયિકો ની સંખ્યા એથી પણ વધે છે. જ્યારે સંદર્ભો ની સંખ્યા એટલી જ રહે છે.

**લોટકાનો કાયદો:-**

અલ્ફ્રેડ જે. લોટકા 1926માં વૈજ્ઞાનિક ઉત્પાદન ક્ષમતાનું માપન કરતાં વૈજ્ઞાનિક લેખોના લેખકો અને તેમના લેખોની સંખ્યા ને ગાણિતીક પ્રમાણે દર્શાવાયે છે.

**જીપ્ફનો કાયદો:-**

જ્યોર્જ કિંગસ્લે જીપ્ફનો કાયદો 1935માં કુદરતી ભાષાની વત્તા ઓછા આવર્તનના સમીકરણ અને શબ્દોના આવર્તન અને ક્રમ માં આવતા શબ્દો વચ્ચેના અનોન્ય સબંધ દર્શાવે છે. આ મુજબ જો લાંબી પાઠ્ય સામગ્રીમાં જો શબ્દોને તેના આવર્તનના ઉતરતા જતાં ક્રમમા ગોઠવવા હોય તો, પાઠ્ય સામગ્રી માં આપેલા શબ્દોનો ક્રમ શબ્દોના આવર્તનના પ્રમાણ માં વિરુદ્ધ હશે.

જ્ઞાનની વૃદ્ધિ સાચી દિશામાં થાય એ માટે પ્રલેખમાપનના અભ્યાસોને ઉપયોગ કરવામાં આવે છે. એ માટે જીપ્ફ, લોટકા, બ્રેડફોર્ડના કાયદા ઓની મદદ લેવામાં આવે છે. આ અભ્યાસ થી આપણે લેખકોનો ઢાંચો, પ્રકાશન નો ઢાંચો અને મહત્વના સંગ્રહની જાણકારી મેળવી શકીએ છે.

**Scientometrics (વિજ્ઞાનમાપન)**

Scientometrics શબ્દનો ઉદભવ 1969માં Vasily Y. Nalimov અને M. Mulchenko ધ્વારા રશિયન વિભાવના Naukometriya ઉપર થી ઉદભવ્યો છે. આ શબ્દ મુખ્યત્વે વિજ્ઞાન અને ટેક્નોલોજી ને લગતા સાહિત્યના બધા જ પાસાઓના અભ્યાસ માટે વપરાય છે. આ શબ્દનો સૌ પ્રથમ ઉપયોગ Tibour Braun ધ્વારા 1977માં તેમના journal “Scientometrics” માં કરવામાં આવ્યો. જે સૌ પ્રથમ હંગરીમાં પ્રકાશિત થયું. Scientometrics એ સમાજશાસ્ત્ર વિજ્ઞાનનો એક ભાગ છે. અને તેનો ઉપયોગ વિજ્ઞાનનીતિ નિર્માણ માટે થાય છે.

Derek J. de Solla Price એ “Scientometrics” ના પિતા તરીકે ઓળખાય છે તથા તેમણે 1963માં વિજ્ઞાનની ઘાતાંકીય સિદ્ધાંત ઘડ્યો હતો જ્યારે યુજીન ગારફીલ્ડ Eugene Garfield એ ઇન્સ્ટિટ્યૂટ ફોર સાયન્ટિફિક ઇન્ફોર્મેશન (ISI) ની સ્થાપના કરી હતી.

**વ્યાખ્યા:**

“વૈજ્ઞાનિક પ્રગતિ, ઉત્પાદકતા અને પ્રવૃતિનું આંતર તફાવત અને સંખ્યાત્મક મૂલ્યાંકન એટલે વિજ્ઞાનમાપન કહેવાય.”

“Tague-sutcliffe 1992 Scientometrics is the “study of quantitative aspacts of science as a dicscipline or economic activity.”



ISBN : 978-93-5598-308-4

"વિજ્ઞાનના પરિમાણાત્મક પાસાઓનો એક શિસ્ત અથવા આર્થિક પ્રવૃતિ તરીકેનો અભ્યાસ છે."

**વિજ્ઞાનમાપન નાં ક્ષેત્રો:**

વિજ્ઞાનમાપનનું મુખ્ય ધ્યેય કોઈ પણ વિષયનો વિકાસ કેટલો થઈ શકે તેમ છે. તેની શક્યતા તપાસવાનો છે. વિજ્ઞાનનાં પરિમાણત્મક પાસાઓનો, વિજ્ઞાનનીતિ, વિજ્ઞાન વહીવટ અને વિજ્ઞાનના પરિમાણાત્મક અભ્યાસની આજુબાજુ ફેલાયેલ છે.

**વિજ્ઞાનમાપનનાં હેતુઓ:**

- માહિતી સ્રોતોની ગુણવતાનું મૂલ્યાંકન કરવામાટે
- માહિતીનું પુનઃગઠન કરવા ત્યાં વિજ્ઞાન નીતિ અંગે નિર્ણય લેવા માટે
- વિજ્ઞાનનાં વિષયનું કાર્યક્ષેત્ર વધારવામાં અને વ્યાવહારિક ભલામણો કરવા માટે
- વિજ્ઞાનના વિષયનું કાર્યક્ષેત્ર નક્કી કરવા માટે અને ભવિષ્યમા તેનો વિકાસ કરવા માટે

આમ, બીજા શબ્દોમાં કહીએ તો વિજ્ઞાનમાપન એ વિજ્ઞાન માપવાની પ્રક્રિયા છે. આ અભ્યાસ વિજ્ઞાન અને ટેક્નોલૉજી નો નિર્દેશ કરવા માટે, ગાણિતિક નિયમિતતા અને વૈજ્ઞાનિક રીતમા થતાં ફેરફારો, ટેક્નોલૉજી નો ફેલાવો, અને માનવશક્તિ વગેરે પરના આકડાકીય હેતુઓ પરના ડેટા સાથે સબંધિત છે.

**Webometric (વેબમાપન)**

વર્તમાન સમય એ computer technology નો યુગ છે. અને આ કમ્પ્યુટર જગતમાં ઇન્ટરનેટ થી ભાગ્યે જ કોઈ માણસ અજાણ હશે ઇન્ટરનેટ એ વિવિધ વેબસાઇટનો સમૂહ છે. જે સમગ્ર વિશ્વને આવરે છે. તે www (world wide web) તરીકે ઓળખાય છે. ઇન્ટરનેટ એ જ્ઞાન વિશ્વના તમામ ક્ષેત્ર ને સમાવે છે. વેબ એ સંશોધન સાથે સંકલિત વિધાનોને વિસ્તૃત માત્રામાં જાહેર ચર્ચાનું માધ્યમ પૂરું પાડે છે, કે જે સુસંગત ક્ષેત્રમાં ઉત્પન્ન થતાં તમામ જ્ઞાન ને સંગ્રહી રાખે છે. તેના ધ્વારા ઉપભોક્તા પોતાને જરૂરી માહિતી પ્રાપ્ત કરી શકે છે. અમુક વેબસાઇટ એ સર્ચ એન્જિન પણ પૂરા પાડે છે. જેની મદદથી ઉપભોક્તા પોતાને જોઈતી સાઇટ થી અજાણ હોય તો પણ માહિતી મેળવી શકે છે. આ વિવિધ વેબસાઇટના તુલનાત્મક અભ્યાસ ને વેબમાપન (webometrics) તરીકે ઓળખવા માં આવે છે.

સંશોધનના ક્ષેત્રોમાં આ પદની પરિભાષા આપવાનો સૌ પ્રથમ પ્રયત્ન 1990 માં કરવામાં આવ્યો હતો ત્યારબાદ તેને સૌ પ્રથમ Netometrics તરીકે 1995 માં bossy એ રજૂ કર્યું. ઇ.સ. 1997માં ઓલમીન્ડ(Almind) અને ઇંગવેર્સેન (Ingwersen) ને સાથે મળીને વેબમાપન (Webometrics) શબ્દ આપ્યો.

**વ્યાખ્યા:-** તેની સર્વમાન્ય વ્યાખ્યા મુજબ, ઇન્ટરનેટ પર માહિતી સંશોધન, માળખું અને ટેકનિકલ ની રચના અને ઉપયોગિતાનો ગુણાત્મક અભ્યાસ એટલે વેબમાપન (webometrics).



ISBN : 978-93-5598-308-4

**ક્ષેત્ર:-**

વેબ એ વિવિધ વિષયક્ષેત્રને જકડી રાખનાર તત્વ તરીકે કાર્ય કરે છે. વેબમાપન માં નીચે દર્શાવેલા કેટલીક બાબતો નો સમાવેશ થાય છે.

- વેબમાપન માં વેબસાઇટોના માળખા, પ્રમાણ અને ટેક્નોલોજીનો સમાવેશ કરવામાં આવે છે.
- સર્ચ એન્જિનના ઉપયોગમાં પદ્ધતિસરના પ્રકાશન સાથેનો સબંધ તથા ડેટા સંકલનના અન્ય ઓનલાઇન સાધનોનો અભ્યાસ કરવામાં આવે છે.
- આંતર જોડાણના સર્જન માટે અપાતા પ્રોત્સાહનની બાબતોનો સમાવેશ થાય છે.
- વેબપેજના વિવિધ પ્રકારો અને વિષયવસ્તુનું સ્તરીકરણ કરવામાં આવે છે.
- સામાજિક, સાંસ્કૃતિક તથા ભાષાકીય ઉપયોગ માં વેબ નો અભ્યાસ કરવામાં આવે છે. વેબમાપન માં “શોધતા પદો” ની વહેચણીનો અભ્યાસ કરવામાં આવે છે. વેબમાપન માં માહિતી ની પુનઃપ્રાપ્તિનો સમાવેશ કરવામાં આવે છે. વેબમાપનમાં વેબને વધુ કાર્યસજ્જ કરવામાં આવે છે. વેબમાપનમાં વાઙ્મયમાપન અંગે વિજ્ઞાનમાપન પદ્ધતિઓનો ઉપયોગ, અમલ અને ફેલાવો કરવામાં આવે છે.

આમ ઉપર મુજબની બાબતોનો વેબમાપન માં સમાવેશ કરવામાં આવે છે.

**માપનના આધારો (માપદંડ):-**

વેબમાપનના માપદંડ એટલે વેબના અભ્યાસી તુલના આધારને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. તે એટલે તેને વેબમાપન ના માપદંડ પણ કહેવામા આવે છે જે નીચે છે.

**1.વસ્તુવિશ્લેષણ (web page content analysis):-**

આ માપદંડ પ્રમાણે વેબપેજમાં જે વિષયવસ્તુ દર્શાવાવમાં આવે છે. તેનું વિશ્લેષ્ણ કરવામાં આવે છે. એટલે કે તેમાં તેની ચોકસાઇનું પ્રમાણ માપવા આવે છે. વિષય તરીકે દર્શાવાવમાં આવેલ માહિતી કેટલી વિશ્વનીય છે તેની ચકાસણી કરવામાં આવે છે.

**2.વેબજોડાણ માળખું (web link structure):-**

કોઈ એક વેબસાઇટ સાથે બીજી આની વેબસાઇટનું આંતરજોડાણ કેવી રીતે કરવામાં આવે છે. તેનો અભ્યાસ કરવામાં આવે છે. જોડાણના માળખાનું વિશ્લેષ્ણ કરવામાં આવે છે. તેનો વિવિધ વેબસાઇટ સાથે તુલનાત્મક અભ્યાસ કરવામાં આવે છે.

**3.વેબ વપરાશ ની પદ્ધતિનું વિશ્લેષણ (web usages analysis):-**

ઉપભોક્તાઓ પોતાની જરૂરિયાત સંતોષવા વેબસાઇટનો ઉપયોગ કરતાં હોય છે. અહી વેબ વપરાશની પદ્ધતિનું વિશ્લેષણ કરવામાં આવે છે, એટલે કે ઉપભોકતાની શોધ માટે વાંચનની વર્તણૂકના અભ્યાસનું


ISBN : 978-93-5598-308-4

વિશ્લેષ્ણ કરવામાં આવે છે. વર્તણૂકમાં પોતાની જરૂરિયાત સંતોષવા ઉપભોક્તા કઈ રીતોનો ઉપયોગ કરે છે તેનો સમાવેશ થાય છે.

**4.તકનીકી વિશ્લેષ્ણ (web technology analysis)**

અહિ ઉપભોક્તા જ્યારે શોધકાર્ય કરે છે, ત્યારે તેને માહિત કેવા પ્રકારે પ્રાપ્ત થાય છે તેનું વિશ્લેષ્ણ કરવામાં આવે છે. એટલે કે, સર્ચ એન્જિનની અભિવ્યક્તિ (performance) નો સમાવેશ થાય છે. આ માપદંડમાં સર્ચ એન્જિન ઉપભોકતાની જરૂરિયાત અસરકારકતાથી સંતોષવા માટે કેટલું સક્ષમ છે તેનો અભ્યાસ કરવામાં આવે છે. અથવા તો માપ નીકાળવામાં આવે છે.

**5.ટોપોલોજી અને ઘસારો:- (topology and traffic)**

અહી વેબસાઇટની ટોપોલોજી એટલે કે તેના જોડાણ ની પદ્ધતિ અથવા તો કેવી છે. એટલે કે વેબ એક વેબ પર થી બીજી વેબ પર માહિતી ટ્રાન્સફર કેવી રીતે કરવામાં આવે છે તેનો અભ્યાસ કરવામાં આવે છે. તથા અમુક વેબ પર ઉપભોક્તાઓ વ્યાપક પ્રમાણ માં શોધ કરતાં હોય છે. તેથી અમુક વેબ ખૂબ જ પ્રચલિત હોય છે. અને ત્યાં ઘસારો વિશેષ હોય છે. માટે અહી વેબના ઘસારાને ધ્યાન માં રાખી ને તેનું માપન કરવામાં આવે છે.

**6.પુનઃપ્રાપ્તિ ની ઝડપ:- (Retrieval Speed)**

કોઈ પણ ઉપભોક્તા જ્યારે માહિતી શોધ કરે છે ત્યારે તેને કેટલી ઝડપથી માહિતીની પુનઃપ્રાપ્તિ થાય છે તેનું વિશ્લેષ્ણ કરવામાં આવે છે. એટલે કે અન્ય વેબસાઇટ સાથે કોઈ ચોકકસ વેબસાઇટના એકસેબલે રેટનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવે છે.

આમ, ઉપરોક્ત દર્શાવ્યા પ્રમાણેના માપદંડોને ધ્યાનમાં રાખીને અથવા તેના આધારે વેબમાપન નું કાર્ય કરવામાં આવે છે.

**વેબમાપન ની ઉપયોગિતા:-**

વર્તમાન સમયમાં વેબમાપનનો ઘણા ક્ષેત્રોમાં ઉપયોગ થાય છે. જેમકે સંશોધન શિક્ષણ અને કમ્પ્યુટર વિજ્ઞાન માં પણ ઉપયોગી છે. તેની કેટલીક ઉપયોગિતા નીચે મુજબ છે.

- વેબસાઇટના આંતર જોડાણ ના માળખા ને વ્યવસ્થિત અથવા અસરકારક બનાવી શકાય છે.
- વેબ માપન સરળ શોધ ટેક્નિક વિકસાવવા માટે ઉપયોગી નીવડી શકે છે.
- વિવિધ વેબસાઇટ માથી ચોકકસ વેબસાઇટની વિશ્વનીયતા પ્રમાણ ભુતતા માપી શકાય છે.
- વિવિધ વેબસાઇટમાં સૌથી વધારે લોકપ્રિય વેબસાઇટ કઈ છે તે જાણી શકાય છે.
- વેબના આંતર જોડાણ ની ટોપોલોજી ના અભ્યાસ માટે વેબસાઇટ માં વિવિધ સર્ચ એન્જિન ની કાર્ય ક્ષમતાના તુલનાત્મક અભ્યાસ ધ્વારા નવી સર્ચ ટેક્નિક વિકસાવી શકાય છે.


ISBN : 978-93-5598-308-4

ઉપસંહાર:-

માહિતીનો વિસ્ફોટ અને આધુનિક ટેક્નોલોજીમાં સતત સંશોધનને પરિણામે ઉપભોક્તા કઈ ટેક્નોલોજીના ઉપયોગ ધ્વારા ખૂબ ઝડપથી માહિતી મેળવી શકશે તે નિશ્ચિત કરવા માપન એ અત્યંત જરૂરી છે. પ્રલેખમાપન ના ડેટાબેઝમાં google scholar, Scopus (Elsevier) cite seer for computer science, cite base, web of science વગેરે નો સમાવેશ થાય છે . જેના માધ્યમથી citation (સાઈટેશન) માટે ઉપયોગ કરી શકાય છે. અને તે જ કમ્પ્યુટર જગતમાં "વેબમાપન" ઘણી સફળતા મળી છે. આમ પ્રલેખમાપન, વેબમાપન અને વૈજ્ઞાનિક માપન નો ઉપયોગ ઊતરોત્તર વધી રહ્યો છે.

**References**


1. Donthu, N., Kumar, S., & Pattnaik, D. (2020). Forty-five years of Journal of Business Research: A bibliometric analysis. Journal of BusinessResearch 109. 1–14. https://doi.org/10.1016/j.jbusres.2019.10.039
2. Durisin, B., Calabretta, G., & Parmeggiani, V. (2010). The Intellectual Structure of Product Innovation Research: A Bibliometric Study of the Journal of Product Innovation Management, 1984-2004. Journal of Product Innovation Management, 27(3), 437–451. https://doi.org/10.1111/j.1540-5885.2010.00726.x
3. Glänzel, W. (2003). Bibliometrics as a research field: A course on theory and application of bibliometric indicators. *Course Handouts*.
4. Ingwersen, P. (2012). *Scientometric indicators and webometrics—And the polyrepresentation principle information retrieval*. Ess Ess Publications for Sarada Ranganathan Endowment for Library Science.
5. Jalal, S., Biswas, S., & Mukhopadhyay, P. (2009). Bibliometrics to webometrics. *Information Studies*, *15*, 3–20.
6. Mahapatra, G. (2009). *Bibliometric Studies in the digital era*. Daryaganj.
7. Nove E. Variant Anna, Novita Dwi Anawati, Nurul Aida Noor Azizi. (n.d.). Analysis of Bibliometrics Research in Library Philosophy and Practice from 1998-2021.
8. Ravichandra Rao, I. K., Neelameghan, A., & Sarada Ranganathan Endowment for Library Science. (2014). *Scientometrics*. Published by Ess Ess Publications for Sarada Ranganathan Endowment for Library Science, Bangalore.
9. Sahu, R. R., & Parabhoi, L. (2020). Bibliometric Study of Library and Information Science Journal Articles during 2014-2018: LIS Research Trends in India. 40(6), 6.
10. Shukla, A., & Pachuau, V. (2015). Conceptual Approach to Webometrics: An Exploratory Study. *ABHIYANTRIKI: An International Journal of Engineering & Technology*, *2*, 8–21.
11. Shukla, A., & Tripathi, A. (2015). *Webometric studies and libraries*. Ess Ess Publications.
12. Shukla, A., Sharma, J., Kumar, S., Mahala, A., & Tripathi, M. (2020). Library and Information Science Research in India during the Last Four Decades (1980-2019): A Brief Analysis. 40(6), 9.
13. Siddique, N., Rehman, S. U., Khan, M. A., & Altaf, A. (2021). Library and information




ISBN : 978-93-5598-308-4

science research in Pakistan: A bibliometric analysis, 1957–2018. Journal of Librarianship and Information Science, 53(1), 89–102. https://doi.org/10.1177/0961000620921930
14. Thanuskodi, S. (2010). Journal of Social Sciences: A Bibliometric Study. Journal of Social Sciences, 24(2), 77–80. https://doi.org/10.1080/09718923.2010.11892847
15. Trend of Library and Information Science Research on Library and Information Science Journals in Indonesia (2013-2019). (n.d.).
16. Wang, X., Xu, Z., & Škare, M. (2020). A bibliometric analysis of Economic Research-Ekonomska Istraživanja (2007–2019). Economic Research-Ekonomska Istraživanja, 33(1), 865–886. https://doi.org/10.1080/1331677X.2020.1737558
17. Zurita, G., Shukla, A. K., Pino, J. A., Merigó, J. M., Lobos-Ossandón, V., & Muhuri, P. K. (2020). A bibliometric overview of the Journal of Network and Computer Applications between 1997 and 2019. Journal of Network and Computer Applications, 165, 102695. https://doi.org/10.1016/j.jnca.2020.102695



ISBN : 978-93-5598-308-4

# કોવિડ-19 દરમિયાન પારુલ યુનિવર્સિટી ગ્રંથાલયોની સેવાઓનું મૂલ્યાંકન: એક અભ્યાસ

**ડૉ. વૈશાલીબેન ભાવસાર, ગ્રંથપાલ, આણંદ એજયુકેશન કોલેજ, આણંદ.**
**ડૉ. રવિ આર. જાની, સહાયક ગ્રંથપાલ, પારુલ યુનિવર્સિટી, વડોદરા**

**એબ્સ્ટ્રેક્ટ:**
આ અભ્યાસનો ખાસ ઉદ્દેશ્ય પુસ્તકાલય સેવાઓ માટે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની ધારણાના સ્તર પર તેમજ પરંપરાગત અને અતિઆધુનિક શૈક્ષણિક પુસ્તકાલયોની સેવાઓમાં અતિઆધુનિક પુસ્તકાલયોની સેવાઓનું મૂલ્યાંકન કરવાનો હતો. પારૂલ યુનિવર્સિટીમાંથી કુલ 40 ઉપયોગકર્તાઓ પાસેથી પ્રશ્નાવલી ભરાવી ડેટા સંગ્રહ માટે ગુણાત્મક અભિગમનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ અભિગમથી ડિજિટલ સામગ્રી અને સેવાઓના વિદ્યાર્થીઓની ધારણાનું સ્તર બહાર આવ્યું છે. આ અભ્યાસના પરિણામો દર્શાવે છે કે વપરાશકર્તાઓની પ્રતિક્રિયાઓ ખૂબ સારી હતી, અને ઇન્ટરનેટ દ્વારા ડેટાબેઝને ઍક્સેસ કરવું એ અતિમહત્ત્વનું માનવામાં આવેલ છે. શૈક્ષણિક ડિજિટલ લાઇબ્રેરીઓ માટેનો એક અર્થ એ છે કે જે ઇન્ટરનેટ પર્યાવરણ એ ડિજિટલ સામગ્રી અને સેવાઓની જોગવાઈ સાથે સંબંધિત છે. વપરાશકર્તાઓની ભલામણો ધ્વારા માહિતીની શોધ માટે ઇન્ટરનેટની સૌથી વધુ મદદ લેવામાં આવી છે.
**ચાવિરૂપ શબ્દો:** ડિજિટલ લાયબ્રેરી, એકેડેમિક લાયબ્રેરી, ઈન્ટરનેટ સર્વિસીસ, ડેટાબેસિસ, પારૂલ યુનિવર્સિટી

**પ્રસ્તાવના:**
સમગ્ર માનવજાત ધ્વારા વિવિધ પ્રકારના રોગચાળાનો સામનો કરેલ છે અને એમાંથી કેટલીક ખુબ જ જોખમી હતી. આ વખતે ફરીથી એક ભયંકર કોવિડ-૧૯ નામનો વાયરસ કે જેના થકી માનવજાતનું સમગ્ર કાર્ય થંભી ગયું. કોઈ ક્ષેત્ર એવું ન હતું કે જે કાર્યાન્વિત હોય એમાં આપણું ગ્રંથાલય ક્ષેત્ર પણ બાકાત ન હતું. માનવી માનવી પાસે ઊભો રહી શકતો ન હતો. પરંતુ માનવીમાં રહેલી જીજીષાવૃત્તિ તેને શાંતિથી બેસવા દેતી ન હતી. અને તેના પરિણામસ્વરૂપે લોકો એકબીજાથી ઓનલાઇન જોડાયા. દરેક કાર્ય ઇન્ટરનેટનાં માધ્યમથી થવા લાગ્યું. આ સમયે પુસ્તકાલયોને પણ લોકો સાથે કદમ થી કદમ મિલાવવું જરૂરી બન્યું. અને પુસ્તકાલયો ધ્વારા ઓનલાઈન લાયબ્રેરી સેવાઓ આપવાની શરૂઆત કરી. આપડા ગ્રંથપાલ ધ્વારા "વર્ક ફ્રોમ હોમ" નો અભિગમ આવ્યો. અને આ સમગ્ર સેવાઓથી વાકેફ કરવા ઉપયોગકર્તાઓ માટે ગ્રંથાલયો ધ્વારા વેબિનાર નું પણ આયોજન કરવામાં આવ્યું.
વડોદરા શહેરની પારુલ યુનિવર્સિટી ના ગ્રંથાલય ધ્વારા વિવિધ પ્રકારની ઓનલાઇન ને લાયબ્રેરી સર્વિસીસ પૂરી પાડવામાં આવી. અને આ સેવાઓ ધ્વારા ઉપયોગકર્તાઓને જરૂરી એવી માહિતી ઓનલાઇનને માધ્યમથી પુરી પાડી. પારૂલ યુનિવર્સિટી ધ્વારા "જ્ઞાનોદય ભવન ઓનલાઈન કનોલેજ પોર્ટલ" તૈયાર કરવામાં આવેલ છે. આ


ISBN : 978-93-5598-308-4

પોર્ટલના માધ્યમથી ઉપયોગકર્તાઓને વિવિધ પ્રકારના સ્રોતો પૂરા પાડી તેમને માહિતીસભર બનાવવામાં આવે છે.

**સંશોધનના ઉદ્દેશ્યો:**

આ અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ્ય કોવિડ-19ને કારણે લોકડાઉન દરમિયાન લાઇબ્રેરી સેવાઓ પૂરી પાડવા માટે પારુલ યુનિવર્સિટી દ્વારા ઑનલાઇન લાઇબ્રેરી સેવાઓ વિશે તપાસ કરવાનો છે. મુખ્ય ઉદ્દેશ્યને પૂર્ણ કરવા માટેના વિશિષ્ટ ઉદ્દેશ્યો નીચે મુજબ છે:

- લોકડાઉન સમયગાળા દરમિયાન વિવિધ પ્રકારની લાઇબ્રેરીઓ દ્વારા પ્રદાન કરવામાં આવતા સાધનો અને સેવાઓના પ્રકારો જાણવા માટે.
- સમુદાયના જુદા જુદા જૂથને સેવા આપવા માટે લાઇબ્રેરી પ્રોફેશનલ્સની જવાબદારી વ્યાખ્યાયિત કરવી.
- લાયબ્રેરી પ્રોફેશનલ્સ દ્વારા ઉપયોગકર્તાઓની સમસ્યાઓ ઓળખવા અને તેનું નિરાકરણ કરવું.
- લોકડાઉન સમયગાળા દરમિયાન ઉપયોગકર્તાઓ માટે આપવામાં આવતી સુવિધાઓ અને સેવાઓ વિશે જાણવું.
- લોકડાઉનના સમયમાં પુસ્તકાલય પ્રણાલીની ભાવિ કાર્યકારી સ્થિતિ જાણવા માટે.
- લોકડાઉનના સમયગાળા દરમિયાન પારુલ યુનિવર્સિટીમાં વિવિધ ઓનલાઈન લાઈબ્રેરી સેવાઓ પૂરી પાડવા માટે ઉપયોગકર્તાઓ ના સંતોષનું સ્તર જાણવું.

**સંશોધની મર્યાદાઓ:**

પારૂલ યુનિવર્સિટીમાંથી કુલ 40 ઉપયોગકર્તાઓ પાસેથી પ્રશ્નાવલી ભરાવી ડેટા સંગ્રહ માટે ગુણાત્મક અભિગમનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**સંશોધનુ મહત્વ:**

COVID-19 રોગચાળા દરમિયાન મર્યાદિત સંખ્યામાં પ્રકાશિત અભ્યાસો છે જે શિક્ષણ પ્રક્રિયા અને વૈજ્ઞાનિક સંશોધનને ટકાઉ રાખવા માટે સંગ્રહ અને ડિજિટલ લાઇબ્રેરી સેવાઓની ક્ષમતા સાથે વ્યવહાર કરે છે. તેથી, આ અભ્યાસના પરિણામો પારૂલ યુનિવર્સિટીમાં અભ્યાસમાં અનુભવેલા લોકો દ્વારા ડિજિટલ માહિતીના સ્રોતો વિશે મૂળભૂત મહત્વપૂર્ણ માહિતી સ્થાપિત કરશે અને ગ્રંથપાલો, શિક્ષણવિદો અને જાહેર નિર્ણય લેનારાઓ વચ્ચે સહકારમાં મદદ કરશે કારણ કે તે COVID-19 પછી ઇચ્છે છે. આ અભ્યાસનું મહત્વ પારૂલ યુનિવર્સિટીમાં સામાન્ય રીતે ડિજિટલ લાઇબ્રેરીઓની સ્થિતિ અને કાર્યક્ષમતામાં સુધારો કરવાનો ઉદ્દેશ્ય ધરાવતા કાર્યની રચનામાંથી ઉદ્દભવે છે. આના માટે સરકારે એક સુઆયોજિત પુસ્તકાલય અને ઉચ્ચ-ગુણવત્તાવાળા સંશોધન માળખાને પ્રસ્તુત કરવા માટે આદર્શ નીતિ સેટિંગ્સ તૈયાર કરવાની જરૂર છે.

**સંશોધન પધ્ધતિ:**

કોવિડ-19 દરમિયાન ડિજિટલ સેવાઓ પ્રદાન કરતી યુનિવર્સિટીઓને ઓળખવા માટે ઇન્ટરનેટ પર પારૂલ યુનિવર્સિટી લાઇબ્રેરીઓની પ્રાથમિક તપાસ કરવામાં આવી છે અને તેઓ ઇન્ટરનેટ પર નિર્ભરતા સાથે તેમની સેવાઓ પ્રદાન કરે છે. આ અભ્યાસ પ્રકૃતિમાં ગુણાત્મક છે અને તેમાં પ્રશ્નાવલી પદ્ધતિનો ઉપયોગ કરે છે. પ્રશ્નાવલી પદ્ધતિનો ઉપયોગ કરવાનો હેતુ ઉપયોગકર્તાઓની ધારણાઓ અને અનુભવો વિશે વધુ જાણવાનો છે જે તેઓ ઇન્ટરનેટ દ્વારા ઉપલબ્ધ શૈક્ષણિક ડિજિટલ લાઇબ્રેરીઓની સેવાઓ મેળવવા માટે ધરાવે છે, કુલ 40 ઉપયોગકર્તાઓ નક્કી કરવામાં આવ્યા છે.

**કોવિડ-19 દરમિયાન પારૂલ યુનિવર્સિટી ગ્રંથાલયોમાં આપવામાં આવેલી સેવાઓ:**



ISBN : 978-93-5598-308-4




| Services Type | Content Available | Link |
|---|---|---|
| KNIMBUS Remote Access | All Subscribe Resources + Open Access Free Resources | https://new.knimbus.com/user#/home |
| Free E-book | 447+ | https://sites.google.com/paruluniversity.ac.in/gyanodaybhavan/video-library?authuser=0 |
| Free E-journals | 323+ | |
| E-Database (All Subjects) | 115+ | |
| Audio Books + Multimedia (Resources) | 15+ | |
| Online Free Courses | 1118+ | |
| Video Library | 7759+ | |

## લાયબ્રેરી સેવાઓનો ઉપયોગ:

| **Services** **Create Online Knowledge Portal** | **Implementation Week** | **No of Usage Increase Before Implementation** | **After Showcase / Add new Services** |
|---|---|---|---|
| Create Online Knowledge Portal | First Phase of Lock Down | Nil | 871 |
| Add Online Courses and Audio Books & Other Database | Second Phase of Lock Down | 871 | 1244 |
| Add Online Videos , CAS services and Stat webinar | Third Phase of Lock Down | 1244 | 2428 |
| Add Library Discovery | After Lock Down | 2428 | 3436 |



ISBN : 978-93-5598-308-4

and Library Research Support

**પુસ્તકાલયોમાં વર્ચ્યુઅલ પ્લેટફોર્મ/વેબિનાર સાથે શીખવાની તકો:**
લાઇબ્રેરી પ્રોફેશનલ્સ માટે તકોનો લાભ લેવા અને વર્ચ્યુઅલ વાતાવરણમાં પહોંચવા માટે તેમની કુશળતા/ક્ષમતા સુધારવાનો આ સમય છે. તેઓ વર્ચ્યુઅલ સેમિનાર અથવા વેબિનારનું આયોજન કરી શકે છે, જ્યારે સૉફ્ટવેરની મદદથી સેમિનાર ઓનલાઈન કરવામાં આવે છે ત્યારે તેને વેબિનાર કહેવામાં આવે છે. હવે વેબિનારનો ટ્રેન્ડ આવ્યો છે અને વર્ચ્યુઅલ મીટિંગ, વેબિનાર, વિડિયો કોન્ફરન્સિંગ, લાઈવ ચેટ વગેરે કરવા માટે કેટલીક વિશિષ્ટ એપ્લિકેશન્સ/સોફ્ટવેર છે. વેબ-આધારિત (વર્ચ્યુઅલ) સેમિનાર પ્લેટફોર્મનો ઉપયોગ ઓનલાઈન મીટિંગ કરવા માટે થઈ શકે છે. પ્રવચનો અને પરિષદો. વેબિનાર સોફ્ટવેર ઓનલાઈન પ્લેટફોર્મ પૂરું પાડે છે, જ્યાં ઓડિયો-વિઝ્યુઅલ કમ્યુનિકેશન કરવા માટે વક્તાઓ અને ઉપસ્થિત લોકો વચ્ચે પરસ્પર ક્રિયાપ્રતિક્રિયા થાય છે. વેબિનાર સોફ્ટવેર મલ્ટીપલ-હોસ્ટ/ક્લાયન્ટ્સ, મતદાન/મતદાન, લાઇવ ચેટ, પ્રશ્નો અને જવાબો, સ્ક્રીન શેરિંગ વગેરે જેવી રીઅલ-ટાઇમ ઇન્ટરેક્ટિવ સુવિધાઓ પ્રદાન કરે છે. આ ટેક્નોલોજી ઑનલાઇન શિક્ષણ, વ્યાખ્યાન, તાલીમ અને શીખવાના હેતુઓમાં પણ ઉપયોગી છે. ડાઉનલોડિંગ/કનેક્ટિંગ લિંક્સ અહીં કેટલીક એપ્લિકેશન્સ/સોફ્ટવેર માટે આપવામાં આવી છે, તેમાંના મોટા ભાગના મફત ટ્રાયલ/મોડ્યૂલ ઑફર કરે છે અને કનેક્ટિંગ લિંક્સમાં સૂચવ્યા મુજબ ચલાવવા માટે સરળ પ્રક્રિયાની જરૂર છે. લાઇબ્રેરીઓ સ્ટાફ/સંશોધકો/વપરાશકર્તાઓ વચ્ચે જ્ઞાનની વહેંચણીના હેતુ માટે આ સુવિધાઓનો ઉપયોગ કરી શકે છે. વિશ્વભરમાં વેબિનર હોસ્ટિંગ સોફ્ટવેરનો વ્યાપકપણે ઉપયોગ થાય છે:

| Sr. No. | Application / Software | Symbol | Downloading / Connecting Links |
|---|---|---|---|
| 1 | Google Meet | | https://meet.google.com/ |
| 2 | GoToMeeting | | https://www.gotomeeting.com/en-in |
| 3 | Business Hangouts | | https://business-hangouts.com/ |
| 4 | Join Me | | https://www.join.me/ |
| 5 | Microsoft team | | https://www.microsoft.com/en- in/microsoft-365/microsoft-teams/group- chat-software |



ISBN : 978-93-5598-308-4

| | | | |
|---|---|---|---|
| 6 | My Own Conference | | https://myownconference.com/ |
| 7 | Skype for Business | | https://www.skype.com/en/get-skype/ |
| 8 | CISCO Webex | | https://www.webex.com/content/webex/c/e%20n_US/index/downloads.html/ |
| 9 | Zoho Meeting | | https://www.zoho.com/meeting/ |
| 10 | Zoom | | https://zoom.us/signin |

**અભ્યાસના તારણો**

- પુસ્તકાલય મોટાભાગે ઉપયોગકર્તા માટે તમામ ડિજિટલ સેવાઓ પ્રદાન કરે છે.
- કોવિડ-૧૯ના સમયમાં 83% ઉપયોગકર્તા ઓનલાઈન સેવાઓનો ઉપયોગ કરે છે અને 17% ઉપયોગકર્તા આ સેવાઓનો ઉપયોગ કરતા નથી.
- કોવિડ-૧૯ના સમયમાં પુસ્તકાલય સેવાઓ દ્વારા ઉપયોગકર્તાઓની જરૂરિયાત પૂરી કરવામાં આવે છે.
- જ્ઞાનોદય ભવન ઓનલાઈન નોલેજ પોર્ટલ વિશે મહત્તમ ઉપયોગકર્તા માહિતગાર છે.
- જ્ઞાનોદય ભવન ઓનલાઈન નોલેજ પોર્ટલમાં, 41% ઉપયોગકર્તા Current Awareness Service નો ઉપયોગ કરવામાં આવે છે, 27% ઉપયોગકર્તાઓનો ઉપયોગ ઓનલાઈન અભ્યાસક્રમો માટે થાય છે, 18% ઉપયોગકર્તાઓ વિડીયો લાઈબ્રેરીનો ઉપયોગ કરે છે અને 14% ઉપયોગકર્તાઓનો ઉપયોગ ઓનલાઈન કોર્સમાં થાય છે.
- કોવિડ-૧૯ના સમય દરમિયાન, 58% ઉપયોગકર્તાઓને ઈન્ટરનેટ સાથે અટકી જવાની સમસ્યા હોય છે અને ટેક્નોલોજી સમસ્યાઓ સૌથી સામાન્ય છે.
- લાઈબ્રેરી દ્વારા ઓનલાઈન સેવાઓ પૂરી પાડવામાં આવે છે, ત્યાં 34% ઉપયોગકર્તાઓ સંપૂર્ણ સંતુષ્ટ છે, 32% ઉપયોગકર્તાઓ સંતુષ્ટ છે, 18% ઉપયોગકર્તાઓ એવરેજ છે અને 16% ઉપયોગકર્તાઓ neutral છે.

**સૂચનો:**

આપણા સૌ કોઈના જીવનમાં શૈક્ષણિક પુસ્તકાલયનું મહત્વ જાણીએ છીએ. શ્રેષ્ઠ સેવાઓ પ્રદાન કરવી પણ મહત્વપૂર્ણ છે. અને હવે આ દુનિયા ઇન્ટરનેટ પર આધારિત છે. આ કારણે તમામ ઉપયોગકર્તાઓ લાઈબ્રેરી અને લાઈબ્રેરીયન સ્ટાફ દ્વારા ડિજિટલ સેવાઓનો ઉપયોગ કરે છે પરંતુ રોગચાળાના સમયમાં 28% ફેકલ્ટી



ISBN : 978-93-5598-308-4

ડિજિટલ સેવાઓનો ઉપયોગ કરી શક્યા નથી. પુસ્તકાલય સેવાઓ શિક્ષકો અને તેના વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી છે. કોવિડ-૧૯ પરિસ્થિતિ દરમિયાન તમામ પ્રકારની પુસ્તકાલયોએ તેમની ડિજિટલ સેવાઓને પ્રોત્સાહન આપ્યું છે. અને ફેકલ્ટીઓ અને તેના વિદ્યાર્થીઓ માટે સેમિનાર, કોન્ફરન્સ, જાગૃતિ કાર્યક્રમ ગોઠવે તો વધુ ને વધુ સેવાઓનો લાભ લઇ શકે.

## સંદર્ભ સૂચિ:


- Ali, Amna Farzand: Open Access Resources as an Opportunity for Academic Libraries during Pandemic: A Study https://digitalcommons.unl.edu/libphilprac
- Ali MY, Gatiti P. The COVID-19 (Coronavirus) pandemic: reflections on the roles of librarians and information professionals. Health Info Libr J. 2020;37(2):158–62.
- Ary, D.; Jacobs, L.; and Razauieh, A. (1996), Introduction to Research in Education,NewYork: Harcourt
- Asif M, Singh KK, Trends, opportunities and scope of libraries during Covid-19 pandemic. *IP Indian J Libr Sci Inf Techno* 2020;5(1):24-7. http://doi.org10.18231/j.ijlsit.2020.005
- Barnard, J.P. (2000), A Study of Internet and Library Use in an Academic Setting, Doctoral Dissertation, Arizone State University, Dissertation Abstracts International, 61 (021), 577.UMI no. 9962600).
- Bhati, Pankaj, Role of Library Professionals in a Pandemic Situation like COVID-19
- http://www.ijlis.org/
- Brar, Khushpreet Singh: The pandemic of COVID 19 and Role of Academic Libraries https://digitalcommons.unl.edu/libphilprac
- Carbery, Alan, COVID-19: the Irish academic library response
- https://insights.uksg.org/articles/10.1629/uksg.522/
- COVID-19 and the Global Library Field accessed on 02/06/2020 from https://www.ifla.org/covid-19-and-libraries
- D. Mestri D. Reopening libraries in COVID 19 pandemic: challenges and recommendations. IP Indian J Libr Sci Inf Technol. 2020;5(1):16–23.
- Dadhe, Pooja P., Library Services Pr vices Provided During CO vided During COVID-19 P VID-19 Pandemic: Content andemic: Content Analysis of Websites of Premier Technological Institutions of India.
- Dadhe, Pooja P.: Library Services Pr vices Provided During CO vided During COVID-19 P VID-19 Pandemic https://digitalcommons.unl.edu/libphilprac
- Deol, Navneet Kaur: The pandemic of COVID 19 and Role of Academic Libraries https://digitalcommons.unl.edu/libphilprac
- Dhawan, Shivangi, Online Learning: A Panacea in the Time of COVID-19 Crisis Frederick, Jennifer Academic Library Strategy and Budgeting During the COVID-19 Pandemic
- Gama, U. G. 2013. "Reference Services in the Digital Age: What hope for reference librarians in Nigeria" Journal of Library and Information Sciences, 2010;1 (1), 32-39.
- Ilori ME. A Pilot Study on awareness and use Library Services among Postgraduate Students in Nigeria. Libr Philos Pract. 2019;2019.




ISBN : 978-93-5598-308-4

- Nwalo, K. I.N. Fundamentals of library practice: A manual on library routines. Ibadan: Sterling-Horden Publishers Ltd.2003
- Reclaims M, Loan I, Delivery D, Prints P. FAQ – Library Services during the Corona Pandemic. 2020;1–2.
- Questions G. COVID - 19 FAQ for Library Services. 2020;1–3.

# ડિજિટલ યુગમાં શૈક્ષણિક ગ્રંથાલયોનું ભવિષ્ય અને બદલાતી ભૂમિકા

સંજયકુમાર આઈ. પટેલ, સંશોધક, ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન વિભાગ
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ



ISBN : 978-93-5598-308-4

ડૉ. વૈદેહી સી. પંડ્યા, ગ્રંથપાલ,  લો કોલેજ, હિંમતનગર અને સંશોધન માર્ગદર્શક
ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

---

**સાર સંક્ષેપ:**

*ગ્રંથાલય જ્ઞાનનો મહાસાગર છે. જ્યાં વિવિધ વિષયરૂપી જ્ઞાનની અનેક નદીઓનો સુભગ સમન્વય થાય છે. આ બ્રહ્માંડની સમગ્ર માહિતી ગ્રંથાલયમાં વિવિધ પ્રલેખ અને ઇલેક્ટ્રોનિક ડેટાબેઝ દ્વારા સંગ્રહ પામે છે. ગ્રંથાલય મનુષ્યના વારસાને સાચવે છે. તેથી જ તો ગ્રંથાલય શૈક્ષણિક સંસ્થાનું હૃદય તરીકે ઓળખાય છે. અદ્યતન ટેક્નોલોજીના કારણે માહિતી યુગમાં ખુબ જ ઝડપથી પરિવર્તન આવ્યું છે અને મહત્તમ માહિતી ઓનલાઈન અને ડિજિટલ સ્વરૂપમાં ઉપલબ્ધ છે. વર્તમાન સમયમાં માહિતી અને પ્રત્યાયન ટેક્નોલોજીએ સમાજના દરેક શ્રેત્રમાં પાયાગત ફેરફારો લાવી દીધા છે. આ લેખમાં શૈક્ષણિક ગ્રંથાલયોની સંકલ્પના, કર્મનિષ્ટ ગ્રંથપાલની ચર્ચા કરેલ છે આ ઉપરાંત ગ્રંથાલયમાં અદ્યતન ટેકનોલોજી, અદ્યતન ટેકનોલોજીના ફાયદા અને ગ્રંથપાલના ભવિષ્યના કૌશલ્યોનું વર્ણન કરેલ છે.*

**સંબંદિત શબ્દો** : ગ્રંથપાલ, શૈક્ષણિક ગ્રંથાલય, ટેકનોલોજી, ડિજિટલ યુગ

**પ્રસ્તાવના**

ગ્રંથાલય વ્યાવસાયિકો આજે ગ્રંથાલયની વિવિધ પ્રવૃત્તિઓમાં માહિતી અને સંચાર ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. ગ્રંથાલય એ એક સેવાલક્ષી સંસ્થા છે અને ગ્રંથપાલ એ એક સેવાલક્ષી વ્યવસાયિક છે. જ્યાં સેવા એ સૌથી મહત્વની છે. સેવાના વ્યવસાયમાં ઉપભોક્તાનો સંતોષ જ ફલશ્રુતિ છે. ગ્રંથાલય શીખવાના સંસાધનોની સુલભતા, મૂળભૂત જ્ઞાનના પ્રચાર-પ્રસાર, માહિતીની જાળવણી અને પ્રસાર, માનવ સંસ્કૃતિ અને સભ્યતાની સુવિધા માટે બનાવવામાં આવે છે. ગ્રંથાલય જ્ઞાનનું મંદિર છે જ્યાં એક સમાન રસ વાળા વ્યક્તિ એકબીજાના સંપર્કમાં આવે છે. ગ્રંથાલયમાં વાંચન ટેવ કેળવાય છે તદઉપરાંત સાચી માહિતી પણ મળે છે.

કોઈ પણ શૈક્ષણિક સંસ્થા માટે મહત્વનું કેન્દ્ર હોય તો તે ગ્રંથાલય છે. ગ્રંથાલય એ જ્ઞાનનો ભંડાર છે. સમગ્ર વિશ્વમાં કોઈ પણ દેશ અને માનવજાતના વિકાસ માટે જ્ઞાન સર્વોપરી છે. ગ્રંથાલય શિક્ષણના કેળવણીના કાર્યને સમર્થન અને પ્રોત્સાહન આપે છે અને શિક્ષણના આદર્શોને જાળવી રાખે છે. ગ્રંથાલય દ્વારા જ સાચું જ્ઞાન મેળવી શકાય છે. ગ્રંથાલયોએ સમગ્ર વિશ્વના શૈક્ષણિક શ્રેત્રમાં મહત્વનું સ્થાન મેળવ્યું છે. ગ્રંથાલય માત્ર જ્ઞાનનું સ્થાન નથી પરંતુ એ તો સક્રિય અભ્યાસ અને જ્ઞાન શોધ વચ્ચેના માધ્યમ તરીકે ભાગ ભજવે છે.

**શૈક્ષણિક ગ્રંથાલયો ની સંકલ્પના**



ISBN : 978-93-5598-308-4

શૈક્ષણિક સંસ્થા સાથે સંકળાયેલા ગ્રંથાલયો એટલે કે જ્યાં વિદ્યાર્થીઓ, અધ્યાપકોને અભ્યાસક્રમને લગતી માહિતી ત્વરિત આપવામાં આવે છે. વાચકના વ્યક્તિત્વને ખીલવવા અને રસના વિષયમાં અગ્રીમતા પ્રાપ્ત કરવા માટે જરૂરી સામગ્રી કે પુસ્તકોને આપવામાં આવે છે. ગ્રંથાલય વિજ્ઞાનના ભારતીય વિદ્વાન ડૉ. રંગનાથન કહે છે 'Library is a trinity of books, reader and staff.' (પુસ્તકો, વાચકો અને ગ્રંથાલયના કર્મચારીઓ આ ત્રણેયનું ત્રિત્તત્વ જ ગ્રંથાલય છે.)

આ વ્યાખ્યા સૂચવે છે કે ગ્રંથાલય પુસ્તકોના કેવળ સંગ્રહને નહીં પરંતુ તેનો ઉપયોગ કરનાર વાચક અને કર્મચારી આ ત્રણેયના સુસંવાદી એકમને ગ્રંથાલય કહી શકાય. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનએ ગ્રંથાલયને બધી જ યુનિવર્સિટીઓના કાર્યનું હૃદય કહ્યું છે. ગ્રંથાલય પ્રત્યક્ષ રીતે સંશોધન અને પરોક્ષ રીતે તેના શિક્ષણ કાર્ય સાથે સંકળાયેલું છે. ગ્રંથાલયમાંથી આપવામાં આવતા પુસ્તકો ગમે તે સ્થળે અને સમયે વાંચી શકાય છે. પુસ્તકો સમગ્ર બ્રહ્માંડની શ્રેષ્ઠ માહિતી આપે છે. અને પરોક્ષ રીતે શિક્ષક તરીકે સેવા બજાવે છે. આ રીતે ગ્રંથાલય શિક્ષણનો હેતુ સિદ્ધ કરવામાં સહાયભૂત બને છે.

જ્ઞાન આપવો અને જ્ઞાનનો ફેલાવો કરવો એ ગ્રંથાલયનું મહત્વનું કાર્ય છે. સતત શિક્ષણના કારણે તેના વિકાસમાં વધારો થાય છે. વિવિધ દેશો, રાજ્યો, જિલ્લાઓ, તાલુકાઓ અને ગામડાઓના માટે ગ્રંથાલય ખુબ જરૂરી છે કે જ્યાં વિશાળ સંખ્યા અશિક્ષિત હોય. દરેક અનિવાર્ય જગ્યાએ ગ્રંથાલય અને સાથે ગ્રંથપાલ પણ હોવો જરૂરી છે. ગ્રંથપાલ વિના પુસ્તકોની આપ-લે, વાંચન રુચિ, પ્રચાર-પ્રસાર શક્ય નથી અને ગ્રંથાલયના સૂત્રોને ચરિતાર્થ કરવા માટે ગ્રંથપાલ અનિવાર્ય અંગ બની રહે છે.



**2.1 ઈલેક્ટ્રોનિક ગ્રંથાલય (Electronic Library)**

ઈલેક્ટ્રોનિક ગ્રંથાલય એ ઈલેક્ટ્રોનિક સામગ્રી અને સેવાઓનો સમાવેશ કરતું ગ્રંથાલય છે. ઈલેક્ટ્રોનિક ગ્રંથાલય એ એક એવું ગ્રંથાલય છે જે વિવિધ વિજાણું સ્વરૂપમાં સંગ્રહ ધરાવે છે. જેમ કે માઈક્રોફિલ્મ, માઈક્રોકાર્ડ, ઓડિયોટેપ્સ, વિડીયોટેપ્સ, સીડી-રોમ અને ફ્લોપી ડિસ્ક. વિવિધ વાંચન સામગ્રીને વાંચવા માટે ચોક્કસ ઉપકરણ અથવા રીડરની જરૂર પડે છે.



**2.2 ડિજિટલ ગ્રંથાલય (Digital Library)**

ડિજિટલ ગ્રંથાલયએ ડિજિટલ સામગ્રી અને સેવાઓનો સમાવેશ કરતું ગ્રંથાલય છે. ડિજિટલ સામગ્રી એ એવી સામગ્રી છે જે કમ્પ્યુટર અથવા નેટવર્ક દ્વારા ઍક્સેસ કરી શકાય છે. આ સામગ્રીઓ ડિજિટલ ઉપકરણો દ્વારા સંગ્રહિત, પ્રક્રિયા અને પુનઃપ્રાપ્તિ કરવામાં આવે છે. ડિજિટલ



ISBN : 978-93-5598-308-4

ગ્રંથાલયના શ્રેષ્ઠ ઉદાહરણોમાંનું એક યુએસ લાઇબ્રેરી ઑફ કોંગ્રેસ અમેરિકન મેમરી કલેક્શન છે.



**2.3 વર્ચ્યુઅલ લાઇબ્રેરી (Virtual Library)**

વર્ચ્યુઅલ ગ્રંથાલયમાં કમ્પ્યુટર અને કમ્પ્યુટર નેટવર્કનો ઉપયોગ કરીને વર્ચ્યુઅલ સ્પેસમાં ગોઠવાયેલી વિવિધ ગ્રંથાલયોની સામગ્રીનો સમાવેશ થાય છે. વર્ચ્યુઅલ ગ્રંથાલયના શ્રેષ્ઠ ઉદાહરણોમાંનું એક નેટવર્ક કમ્પ્યુટર સાયન્સ ટેકનિકલ રિપોર્ટ્સ લાઇબ્રેરી (NCSTRL) છે.



**2.4 હાઇબ્રિડ ગ્રંથાલય (Hybrid Library)**

હાઇબ્રિડ ગ્રંથાલયો પરંપરાગત પ્રિન્ટ સામગ્રી જેમ કે પુસ્તકો અને સામયિકો, તેમજ ડાઉનલોડ કરી શકાય તેવી ઑડિયોબુક્સ, ઇલેક્ટ્રોનિક જર્નલ્સ, ઇ-પુસ્તકો વગેરે જેવી ઇલેક્ટ્રોનિક આધારિત સામગ્રીનું મિશ્રણ છે.



**2.5 ઇન્સ્ટિટ્યૂટ રિપોઝિટરી (Institutional repository)**

ઇન્સ્ટિટ્યૂટ રિપોઝિટરી (સંસ્થાકીય ભંડાર) એ ખાસ કરીને સંશોધન સંસ્થાના બૌદ્ધિક આઉટપુટની ડિજિટલ નકલો એકત્રિત કરવા, સાચવવા અને પ્રસારિત કરવા માટેનું આર્કાઇવ છે.

**ગ્રંથપાલ**

ગ્રંથપાલ એટલે માત્ર પુસ્તકોનો રખેવાડ, પુસ્તકોને સાચવીને જાળવીને જીવજંતુઓથી બચાવે, આ હવે જુનવાણી વિચાર ગણાય. આજનો ગ્રંથપાલ અનેક કાર્યો કરે છે. વર્તમાન યુગનો ગ્રંથપાલ ગ્રંથાલયમાં અધ્યતન સામગ્રીનો મહત્તમ ઉપયોગ થાય તે માટેના સત્તત પ્રયાસ કરતો એક કર્મનિષ્ટ કર્મચારી હોવો જોઈએ. એક સારા દીર્ઘદ્રષ્ટિવાળા ગ્રંથપાલના અભાવે બધી સામગ્રી નિરર્થક થવા સંભવ છે. આથી એક ઉત્તમ ગ્રંથાલયનું આયોજન કરતી વખતે બીજી બાબતોની સાથે જ એક સારા ગ્રંથપાલ અંગે પણ ગંભીરતાપૂર્વક વિચારવું જોઈએ. ગ્રંથાલયના હેતુને સિદ્ધ કરવા અને તેને સંસ્કાર કેન્દ્ર બનાવવાનો આધાર તેના કાર્યકર પર છે.

**ગ્રંથાલયમાં અદ્યતન ટેકનોલોજી**

વર્તમાન સમયમાં શૈક્ષણિક ગ્રંથાલયો એ નવી ટેકનોલોજીથી સજ્જ થવું એ અનિવાર્ય બાબત છે કારણકે માહિતી વિસ્ફોટ, વાચકોની સંખ્યામાં વધારો, પુસ્તક સંગ્રહ માટેની જગ્યા માટેનો પ્રશ્ન, નવા વિષયનો


ISBN : 978-93-5598-308-4

ઉદ્ભવ, વાચકોની સંશોધનો પ્રત્યે વધતી અભિરુચિ, મર્યાદિત બજેટ, મર્યાદિત કર્મચારીઓની સંખ્યા જેવા અનેક પ્રશ્નો કોઈ પણ પ્રકારના ગ્રંથાલય અને દેશ માટે જટિલ સમસ્યા બની ગઈ છે. આ સમસ્યાના ઉકેલ માટે ગ્રંથાલયો એ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવો પડે તેમ છે જો ન કરવામાં આવે તો સર્વે ગ્રંથાલયો વામણા સાબિત થશે. આજની નવી ટેકનોલોજી ગ્રંથાલયો માટે આશીર્વાદરૂપ બની ગઈ છે. વિકસિત તેમ જ અલ્પ વિકસિત દેશોમાં ગ્રંથાલયોએ નવી ટેકનોલોજી અપનાવવા માટે ઝડપથી કામગીરી કરવી પડે તેમ છે.

એકવીસમી સદીમાં ઇન્ફોર્મેશન ટેકનોલોજી માહિતી વિશ્વમાં એક પોતાની આગવી પ્રતિભા ઊભી કરી છે. હાલના યુગમાં એટલી બધી જરૂરિયાત ઊભી થાય છે કે જેનો ભાર વહન કરવા માટે દરેક ગ્રંથપાલે પોતાની કમર કસી છે. આધુનિક ટેકનોલોજીમાં કમ્પ્યુટર ટેલિકોમ્યુનિકેશન, ઓડિયો વીડિયો, સીડી, સીડી રોમ, સ્કેનર, ઈ-મેલ, ઈન્ટરનેટ વગેરે સેવાઓથી ગ્રંથાલય ક્ષેત્રે ક્રાંતિ સર્જી છે. કોમ્પ્યુટરની મદદથી માહિતી સંચય, માહિતી પુનઃપ્રાપ્તિ, માહિતી મુજબ ગોઠવણી, અને માહિતીનું કાગળ ઉપરનું મુદ્રણ ઝડપી બન્યું છે. ગ્રંથાલયમાં વિવિધ કાર્યો જેવા કે પ્રાપ્તિકરણ, આપ-લે વિભાગ અને સેવાઓ કોમ્પ્યુટરની મદદથી આપી શકાય છે. આમ આધુનિક ટેકનોલોજી દ્વારા ગ્રંથાલયોનો ઉપયોગ વધી ગયો છે. માહિતી માટે ટેલિકોમ્યુનિકેશન ટેકનોલોજીના સહયોગથી દુનિયાના કોઈપણ ગ્રંથાલયમાં માહિતીનું આદાન-પ્રદાન આજે શક્ય બન્યું છે.

**શૈક્ષણિક ગ્રંથાલયમાં આધુનિક ટેકનોલોજીના વ્યાપથી થતા ફાયદા**

- વાચક વર્ગને ઝડપી સેવા સાથે સહકારની ભાવના વધશે.
- ગ્રંથાલયમાં જગ્યાનો પ્રશ્ન હલ થાય છે.
- અગણિત માહિતી ધરાવતા ગ્રંથો કે જેને જ્ઞાનકોશ કહીએ છીએ તે તમામ ગ્રંથો કમ્પ્યુટર ટેકનોલોજીના વિકાસના કારણે એક નાનકડી સીડીમાં સમાઈ જાય છે.
- કર્મચારી ઓછા હશે તો પણ સારી અને ઝડપી સેવાઓ આપી શકાશે.
- કાર્ય કરવાની સૂઝમાં વધારો અને નવી દિશા મળશે.
- ઈન્ટરનેટની સુવિધાથી વાચકની માંગ ઝડપથી પૂર્ણ કરી શકાય છે.
- સમય અને સ્થળની મર્યાદા વિના ઝડપી સેવાઓ આપી શકાય છે.

**ગ્રંથપાલના ભવિષ્યના કૌશલ્યો**

આજના આધુનિક સમયમાં ગ્રંથપાલે પણ વિવિધ કૌશલ્યો વિકસાવવા પડશે. જેમ કે

- સર્જનાત્મકતા અને નવીનતા
- વિવિધ સોફ્ટવેર, હાર્ડવેર અને ભાષા પરનું પ્રભુત્વ


ISBN : 978-93-5598-308-4

- માહિતીનું આયોજન અને વ્યવસ્થાપન
- આંતરવૈયક્તિક કુશળતા વિકસાવવી
- ઓપન સોર્સ સોફ્ટવેર કુશળતા
- દેશ વિદેશના નવીન સંશોધન વિશે માહિતગાર રહેવું
- ડિજિટલ માહિતી વ્યવસ્થાપન
- બૌદ્ધિક ક્ષમતા વિકસાવવી
- સંશોધનમાં મદદ કરવી
- કમ્પ્યુટરનું ઉચ્ચ કક્ષાનું જ્ઞાન
- ઇન્ટરનેટ દ્વારા માહિતી શોધ
- ડિજિટલ સાક્ષરતા
- માર્કેટિંગ વ્યૂહરચના
- નૈતિકતાની અખંડિતતા
- અનુકૂલનક્ષમતા
- સહયોગ અને દૂરદર્શિતા

**ઉપસંહાર**

ઇન્ટરનેટ દ્વારા વિજ્ઞાન અને ટેક્નોલોજીના દરેક શ્રેત્રોમાં ક્રાંતિ આવી છે. માહિતીની શોધ અને પુનઃ પ્રાપ્ત કરવામાં ઇન્ટરનેટ મહત્વનો ભાગ ભજવે છે. આજે ગ્રંથાલયના ઉપભોક્તાને સમયસર અને ગુણવત્તાયુક્ત સેવા પૂરી પાડવા માટે શૈક્ષણિક ગ્રંથાલયો દ્વારા વિવિધ ICT ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવે છે. આજના ડિજિટલ યુગમાં ગ્રંથાલયોનું સમગ્ર સ્વરૂપ બદલાઈ ગયું છે જેના કારણે ગ્રંથાલયોની સેવાઓ અને કાર્યોમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. આ ઉપરાંત ગ્રંથપાલોની કાર્ય પદ્ધતિમાં પણ પરિવર્તન આવ્યું છે. તેથી ગ્રથપાલે આજના વૈશ્વિક સંદર્ભમાં ઉપભોક્તાને ગુણવત્તાયુક્ત માહિતી આપવા માટે નવીનતમ ICTના કૌશલ્યો આત્મસાત કરવા જોઈએ અને ICTના જ્ઞાનને સમૃદ્ધ બનાવવું જોઈએ. આજના ગ્રંથપાલોને પરંપરાગત સેવાઓ ઉપરાંત ડિજિટલ ગ્રંથાલય બનાવીને ઈ-સેવાઓનું પણ આયોજનું કરવું પડશે. વર્તમાન માહિતી વિસ્ફોટના સમયમાં ઉપભોક્તાને પણ ઝડપી માહિતી મેળવવી મુશ્કેલ બને છે, તેથી ગ્રંથાલયમાં ઉપભોક્તાને વેબ આધારિત માહિતી શોધ કઈ રીતે કરવી તેનું પ્રશિક્ષણ આપવું અનિવાર્ય બન્યું છે. આજના શૈક્ષણિક ગ્રંથાલયોમાં ડિજિટલ યુગ અને ટેક્નોલોજીના વ્યાપ વધવાના કારણે પ્રો. લેન્કેસ્ટરે ૨૧ મી સદી 'કાગળ વિહીન સમાજ તરીકે ઓળખાવે છે'. જયારે કેટલાક ગ્રંથાલયીઓ વર્તમાન ગ્રંથાલયોને 'Library on a Desk' કે 'Paperless information system' તરીકે ઓળખાવે છે. વર્તમાન ડિજિટલ યુગમાં પરંપરાગત સેવાઓ અને પુસ્તકોનું મહત્વ વધ્યું છે અને ICT આધારિત સેવાઓનો વ્યાપ પણ ખુબ જ વધ્યો છે.

**સંદર્ભ :**


ISBN : 978-93-5598-308-4

- *10 Ways The Future Library Will Be Different*. (2012, November 18). TeachThought. https://www.teachthought.com/literacy/future-library/
- *ACM Digital Library*. (n.d.). ACM Digital Library. Retrieved March 21, 2022, from https://dl.acm.org/
- Co, E. L. A. P. (n.d.). *Three Trends Shaping the Future of Libraries*. Library Journal. Retrieved March 21, 2022, from https://www.libraryjournal.com/story/three-trends-future
- Digital library. (2022). In *Wikipedia*. https://en.wikipedia.org/w/index.php?title=Digital_library&oldid=1073150447
- Fallows, D. (2020, May 12). *Our Towns: The Post-pandemic Future of Libraries*. The Atlantic. https://www.theatlantic.com/ideas/archive/2020/05/post-pandemic-future-libraries/626995/
- *Library Roles in a Digital Age • CLIR*. (n.d.). CLIR. Retrieved March 21, 2022, from https://www.clir.org/pubs/reports/pub108/digital/
- MFIGUEROA. (2014, August 8). *Trends* [Text]. Tools, Publications & Resources. https://www.ala.org/tools/future/trends
- *National Digital Library of India*. (n.d.). Retrieved March 21, 2022, from https://ndl.iitkgp.ac.in/
- SBIRES. (2014, July 31). *Center for the Future of Libraries* [Text]. Tools, Publications & Resources. https://www.ala.org/tools/future
- *The Changing Role of Libraries in the Digital Age*. (2011, January 3). HuffPost. https://www.huffpost.com/entry/the-changing-role-of-libr_b_803722
- *The WWW Virtual Library*. (n.d.). Retrieved March 21, 2022, from http://www.vlib.org/
- *What is Virtual Library | IGI Global*. (n.d.). Retrieved March 21, 2022, from https://www.igi-global.com/dictionary/virtual-library/31714


# કોવિડ-19 દરમિયાન આરોગ્ય વિજ્ઞાન પુસ્તકાલયોની ભૂમિકા


**સંજયકુમાર એન. લિમ્બાચીયા[૧], રાજેશકુમાર આર. પટેલ[૨]**

---

પી.એચ.ડી. રીસર્ચ સ્કોલર, શ્રી ગોવીદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા.,લાયબ્રેરીયન, એ.એમ.સી. ડેન્ટલ કોલેજ, અમદાવાદ.[૧] અને રીસર્ચ સુપર્વાઈઝર, શ્રી ગોવીદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા., એમ.એમ. ગાંધી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કાલોલ. (પ.મ)[૨]



ISBN : 978-93-5598-308-4

**ટુંકસાર:**

આ પેપરમાં કોવિડ- ૧૯ની મહામારીના સમયમાં હેલ્થ વિજ્ઞાન સંસ્થાના ગ્રંથાલયોની ભૂમિકા વિશે ચર્ચા કરવામાં આવી છે. આ મહામારીના સમયમાં તબીબી ગ્રંથાલયો તેના વપરાશકર્તાઓના ઉપર ગ્રંથાલયની ભૂમિકાની અસર, કોરોના વાયરસનું સંકટ અને ગ્રંથાલય ઉપર તેની અસર, ગ્રંથાલય, ગ્રથાપાલ અને ગ્રંથાલય સ્ટાફ દ્વારા કોવિડ19ની આ રોગચાળાની પરિસ્થિતિમાં ગ્રંથાલયની અને ગ્રંથાલય પ્રોફેશનલ્સની શક્તિ, નબળાઈઓ, તકો અને વિવિધ પ્રકારના પડકારોનો સામનો કરી રહ્યા છે, આ રોગચાળાની પરિસ્થિતિમાં આરોગ્ય વિજ્ઞાનના ગ્રંથાલય દ્વારા પૂરી પાડવામાં આવેલ વિવિધ સંસાધનો અને સેવાઓ અંગે ચર્ચા કરવામા આવી છે.

ગ્રંથપાલ દ્વારા ગ્રંથાલયના વપરાશકર્તાઓને મહત્વપૂર્ણ માહિતી ઝડપથી તેમને પ્રસારિત કરવામાં સક્ષમ છે. વર્તમાન યુગમાં ગ્રંથાલયમાં ઇન્ફોર્મેશન ટેક્નોલોજીના ઝડપી વિકાસને કારણે તથા કોવિડ-૧૯ની મહામારીના લીધી ગ્રંથાલયની કામગીરી અને વ્યાખ્યા બદલાઈ ગઈ છે. તબીબી ગ્રંથાલયો આ સમય દરમ્યાન તેમણે કરેલ કામગીરી ઉપરાંત અન્ય કામગીરી અંગેની ચર્ચા કરવામા આવી છે.

**કીવર્ડ:** કોવિડ- ૧૯, ગ્રંથાલયની ભૂમિકા, નબળાઈઓ, નેશનલ લાઇબ્રેરી ઓફ મેડિસિન, નેશનલ મેડિકલ લાઇબ્રેરી ઇન ઈન્ડીયા, કોક્રેન લાઇબ્રેરી, પડકારો, સામાજિક ભૂમિકા, શકિત, તકો, તબીબી શિક્ષણ ગ્રંથાલય.

**૧. પ્રસ્તાવના:**

ચીનથી પ્રસાર થયેલો COVID-19ના વાયરસને કારણે વિશ્વભરમાં COVID-19ના વાયરસના ઝડપથી ફેલાવાના કારણે અને લોકડાઉનની પરિસ્થિતિ દરમિયાન વિવિધ સમુદાયમાં કટોકટીના સંજોગો ઉભા થયેલા હતા. આ પરિસ્થિતિને કારણે સમગ્ર વિશ્વની આરોગ્ય પ્રણાલીઓમાં પડકારોનો સામનો કરવામાં આવી રહ્યો છે. અને તેની અસર શૈક્ષણિક સંસ્થાઓમાં અને ખાસ કરીને હેલ્થ સાયન્સની શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરાવનારા અધ્યાપકો, વિદ્યાર્થીઓ, પેરામેડીકલ સ્ટાફ, ગ્રંથાલય સ્ટાફ અને અન્ય સ્ટાફની ઉપર ઘણી પડી હતી. આ લેખમાં, આ સમય દરમ્યાન ભજવવામાં આવેલા હેલ્થ સાયન્સની શૈક્ષણિક સંસ્થાઓના ગ્રંથાલયો અને ગ્રંથાલય સ્ટાફની ભૂમિકા અંગે ચર્ચા કરવામાં આવી છે. હેલ્થ વિજ્ઞાન સંસ્થાના ગ્રંથાલયમાં કોવિડ 19ની આ રોગચાળાની પરિસ્થિતિમાં વિવિધ પડકારો અને લાઇબ્રેરી પ્રોફેશનલ્સ કેવી રીતે પડકારોનો સામનો કરી રહ્યા છે તેની ચર્ચા કરવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન સમુદાયની બદલાતી જરૂરિયાતોને પહોંચી વળવા આ પ્રકારના ગ્રંથાલયો દ્વારા પૂરી પાડવામાં આવેલ સંસાધનો અને સેવાઓના અંગે ચર્ચા કરવામાં આવી છે

આ ઉપરાંત કોવિડ-19 રોગચાળા દરમિયાન, આરોગ્ય વિજ્ઞાનના ગ્રંથાલયો દ્વારા આ રોગચાળા અંગે લોકોમાં વાયરસ અંગેની જાગૃતિ વધારવા, દસ્તાવેજ વિતરણ સેવાઓ જાળવી રાખીને અને સંશોધન સહાય પૂરી પાડીને સામાજીક અને સંશોધનમાં સક્રિય ભૂમિકા પણ ભજવી રહ્યા છે.



ISBN : 978-93-5598-308-4

## ૨. કોવિડ19ના વાયરસનું સંકટ અને ગ્રંથાલય

આ રોગની ઉત્પત્તિ ડિસેમ્બર ૨૦૧૯માં ચીનમાં આવેલા વુહાન શહેરમાં તેનો ફેલાવો શરૂ થયેલો હતો. જે ધીરે ધીરે સમગ્ર વિશ્વમાં આ રોગનો ફેલાવો એટલો ઝડપી થઇ ગયો હતો. તેથી વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા 11 માર્ચ 2020 ના રોજ આ વાયરસનો રોગચાળો જાહેર કરવામાં આવ્યો હતો. 30 જાન્યુઆરી, 2020 ના રોજ, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ની ઈમરજન્સી કમિટીની ભલામણોને અનુસરીને, WHO ડાયરેક્ટર જનરલે વાયરસના ફાટી નીકળવાના કારણે Public Health Emergency of International Concern (PHEIC) જાહેર કરી. (R&D Blueprint and COVID-19, 2021)

આ વાયરસ, ગંભીર તીવ્ર રેસ્પિરેટરી સિન્ડ્રોમ કોરોના વાયરસ 2 (SARS-CoV-2) ને કારણે થતો નવો રોગ છે. આ વાયરસ ચેપગ્રસ્ત વ્યક્તિના મોં કે નાકમાંથી તેનો ફેલાવો થતો હોય છે. આ પ્રકારના દર્દી જ્યારે તેઓ ખાંસી, છીંક, બોલે, શ્વાસ લે ત્યારે આ વાયરસ નાના પ્રવાહી કણોમાં તે અન્ય વ્યક્તિઓમાં ફેલાતો હોય છે. આ કણો મોટા શ્વસન ટીપાંથી લઈને નાના એરોસોલ્સ સુધીના હોય છે. (Coronavirus disease (COVID-19), 2021)

કોવિડ-19 રોગચાળામાંથી બહાર નીકળવાના માટે તે વખતે કોઈ સરવાર કે દવા શોધાઈ ન હોવાથી, આના નિવારણનો એક માત્ર રસ્તો તે વખતે સામાજિક અંતર ઘટાડવા માટેનો હતો. આ નિર્ણય આરોગ્ય ક્ષેત્રના નિષ્ણાતોના અનુભવો અને અન્ય દેશોના અનુભવો પરથી વડા પ્રધાન શ્રીનરેન્દ્ર મોદીએ 22 માર્ચે ના રોજ એક દિવસનું જનતા કર્ફ્યુંનું એલાન કર્યું હતું (Hebbar, 2020) ત્યાર બાદ, આ ચેપની સાંકળ તોડવામાં 21 દિવસનો સમય લાગતો હોવાથી, આપણા દેશના માનનીય વડાપ્રધાન શ્રીનરેન્દ્ર મોદીએ કોવિડ-19 રોગચાળામાંથી બહાર આવવાના પ્રયાસરૂપે 24 માર્ચ, 2020ના રોજ સમગ્ર રાષ્ટ્ર માટે 21 દિવસ માટે સંપૂર્ણ લોકડાઉન જાહેર કર્યું હતું આ રોગને કાબુમાં રાખવા ધીરે ધીરે આ લોકડાઉનનો સમય વધારવામા આવ્યો હતો. (One year since a complete lockdown was announced, we look back on how India fought COVID, 2021)

આ સમય દરમિયાન શૈક્ષણિક સંસ્થાઓમાં કામ કરતા પ્રોફેસરો,વિદ્યાર્થીઓ, પેરામેડિકલ સ્ટાફ અને અન્ય સ્ટાફે માનવ વસ્તીને આ રોગમાંથી સાજા થવામાં મદદ કરવા માટે અથાક મહેનત કરી હતી અને કેટલાક આરોગ્ય શિક્ષકો, ડોકટરો, વિદ્યાર્થીઓ અને અન્ય સ્ટાફ પણ તેનો ભોગ બન્યા હતા.

સરકારે લોકડાઉનની પરિસ્થિતિ દરમિયાન તમામ જાહેર સ્થળોને અનિશ્ચિત સમય માટે બંધ કરવાની જાહેરાત કરી હતી, તેથી ગ્રંથાલયને પણ અનિશ્ચિત સમય માટે બંધ કરવાની અથવા આંશિક રીતે ખુલ્લી રાખવાની ફરજ પડી હતી. આ કારણે, ગ્રંથાલયોની સુસંગતતા જાળવવી એ કટોકટીના આ સમયમાં ગ્રંથપાલો અને અન્ય ગ્રંથાલયના કર્મચારીઓ માટે એક મોટો પડકાર ઉભો થયો હતો.

આ સમય દરમિયાન આ ગ્રંથાલય પણ આ કાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલું હતું, જેની અસર ગ્રંથાલય ક્ષેત્ર પર પણ પડી હતી. અને તેના કારણે લાઇબ્રેરી અને આરોગ્ય ક્ષેત્રના કેટલાક ગ્રંથપાલો પણ


ISBN : 978-93-5598-308-4

આ રોગને કારણે બીમાર પડ્યા હતા. અને કેટલાક ગ્રંથપાલો પણ આ રોગને કારણે મૃત્યુ પામ્યા હતા જે ખૂબ જ દુઃખદ હતું.

આ સમય દરમિયાન ગ્રંથાલયોનું મહત્વ ઘણું વધી ગયું. ગ્રંથાલયની માહિતીના આયોજન અને પ્રસારમાં ગ્રંથાલયો અને ગ્રંથપાલોની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ બની ગઈ. આ પરિસ્થિતિને કારણે વપરાશકર્તાઓને તેમની જરૂરી માહિતી પૂરી પાડવાની ગ્રંથાલયની ઔપચારિક ફરજોને બંધ કરી શકાય તેમ ન હોવાથી આ ગ્રંથાલયોની પરંપરાગત ઔપચારિક પદ્ધતિમાં અમુલ પરિવર્તન લાવવાની જરૂરિયાત ઉભી થઇ હતી.

બેલ્લારટ હેલ્થ સર્વિસીસ(BHS), ઓસ્ટ્રેલિયાના લાઇબ્રેરી મેનેજર જેમ્મા સિમેન્સના કહેવા મુજબ આ પરિસ્થિતિમાં ગ્રંથપાલોએ "સંદર્ભ પરામર્શ અને સાહિત્યના અદ્યતન સ્વરૂપોને પુરાવા સંશ્લેષણ અને નિર્ણાયક મૂલ્યાંકનની શોધમાં શ્રેષ્ઠ બનવાનું ચાલુ રાખવાની જરૂર છે,"(The Changing Roll of Medical Librarian in a Covid19, 2020)

### ૩. કટોકટીના સમયમાં ગ્રંથાલયોની ભૂમિકા

અત્યારના આધુનિક સમાજને એક માહિતી સમાજ તરીકે ઓળખવામાં આવે છે. જેમા ગ્રંથાલય અને સમાજ એકબીજા સાથે હંમેશા જોડાયેલા અને પરસ્પર નિર્ભર હોય છે. તેથી જો સમાજનો વિકાસ કરવો હોય તો ગ્રંથાલય વિના સમાજનો વિકાસ શક્ય નથી.

સમાજના સામાજિક-આર્થિક અને સાંસ્કૃતિક વિકાસને ઘડવા માટે માહિતી, જ્ઞાન અને ગ્રંથાલયની ભૂમિકા સમજવા માટે વિકાસના ગ્રાફ પર સમાજને ત્રણ જુદા જુદા તબક્કામાં વિભાજિત કરવામાં આવ્યો છે. આ વિભાજન સમાજની વસ્તીના વ્યવસાય અને વ્યવસાય પર આધારિત છે. 'કૃષિ સમાજ'.'ઔદ્યોગિક સમાજ' અને 'માહિતી સમાજ'. (LIBRARY AND INFORMATION SCIENCE Class XI)

“The Developing Role of Public Libraries in Emergency Management: Emerging Research and Opportunities” પુસ્તકમાં Mabe & Ashley, (2017)એ કટોકટીની પરિસ્થિતિઓમાં ગ્રંથાલયોની ભૂમિકા વિશે વિગતવાર ચર્ચા કરી હતી. લેખકે કેટલીક બાબતો ઉપર ભાર આપ્યો છે. જેમકે,(Deol & Brar, 2021)

**૧. સુરક્ષિત આશ્રયસ્થાનો:** કોઈપણ માનવસર્જિત અથવા કુદરતી આફતો દરમિયાન ગ્રંથાલયોનું રક્ષણ કરવા માટે, આર્કિટેક્ટ્સ અને તેમની ઇમારતોની બાંધકામ પ્રક્રિયા દરમિયાન સલામતીના પગલાં લેવા અંગેનું અયોજન કરવું જોઈએ.

**૨. સામાન્ય સેવાઓ પ્રદાન કરવી:** કટોકટીની પરિસ્થિતિઓ દરમિયાન, ગ્રંથાલયોએ કોઈપણ વધઘટ અથવા વિલંબ વિના, ગ્રાહકો અથવા વપરાશકર્તાઓને સુસંગત સેવાઓ પ્રદાન કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

**3. ઇન્ફર્મેશન હબ તરીકે કાર્યરત:** કટોકટીના સમયમાં માહિતીનો પ્રસાર કરવામાં ગ્રંથાલયોની મહત્વની ભૂમિકા ભજવા તૈયાર રહેવું જોઈએ.


ISBN : 978-93-5598-308-4

**૪. ઇમ્પુવાઇઝિંગ:** લાઇબ્રેરી સ્ટાફ પાસે ઔપચારિક તાલીમ તેમજ સમુદાયને હકારાત્મક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રાખવા માટે સ્ત્રોતોની ઉપલબ્ધતા હોવી જોઈયે.

**૫.ઔપચારિક ભૂમિકાઓ** : લાયબ્રેરી સ્ટાફ ગ્રંથાલયના કાર્યો કરવા માટે તેમને નિયુક્ત ફરજોના ભાગ રૂપે જાગૃત અને પ્રશિક્ષિત હોવા જોઈયે.

### ૩.૧ COVID-19ના રોગચાળા દરમિયાન ગ્રંથાલયોની સામાજિક ભૂમિકા

આ સમય દરમિયાન આ પ્રકારના ગ્રંથાલયોની ઔપચારિક ભૂમિકાઓની સાથે સાથે સામાજિક ભૂમિકાઓ નિભાવવાની જવાબદારી પણ ખુબ વધી ગઈ હતી. જેવી કે આ રોગના નિવારણ માટે લેવાતી સાવચેતીઓ વિશે લોકજાગૃતિ ફેલાવવાની, સમુદાયમાં સરકારની માર્ગદર્શિકાનો ફેલાવો, લોકોનું મનોબળ મજબુત બને તે માટેની પ્રેરક ભૂમિકા જેવી વગેરે સમાજીક ભૂમીકા ભજવવાની જવાબદારી ઉભી થઈ હતી. આ માટે ગ્રંથાલય દ્વારા આ કટોકટીના સમયમાં હેલ્થ વિજ્ઞાનના ક્ષેત્રના તથા અન્ય લોકોનું મનોબળ વધારવા માટે, રોગ નિયંત્રણ, નિવારણ અંગેના વિવિધ જાગૃતિ કાર્યક્રમો યોજવા, વાયરસ વિશે જાગૃતિ ફેલાવવા તથા માનસિક તણાવ ઓછો થાય તે માટે નિષ્ણાતો સાથેનો વાર્તાલાપ ગોઠવવા અંગેના કાર્યક્રમો પણ કરવામા આવતા હોય છે. કોવિડ-19 સંક્રમિત લોકોને તેમના અનુભવો શેર કરવા માટે પ્રોત્સાહિત કરવામાં ગ્રંથાલય પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે.

### ૩.૨ COVID-19 ના રોગચાળા દરમિયાન સંશોધનમાં ગ્રંથાલયની ભૂમિકા

આ સમયમાં સંશોધનમાં ગ્રંથાલયોની ભૂમિકા બહુ નોધપાત્ર ભાગ ભજવ્યો હતો. ગ્રંથાલયોએ સંશોધકો અને ડોકટરોને તેમના કાર્યમાં આગળ વધવા માટે નક્કર માર્ગદર્શન આપવા માટે પદ્ધતિસરની સમીક્ષાઓ અને સાહિત્યનું સંકલનનું કાર્ય કરવામાં મહત્વનો ભાગ ભજવે છે. તેમનુ મુખ્ય ઉદ્દેશ્ય પરંપરાગત માધ્યમો જેમ કે જર્નલ્સ અને પ્રકાશનો દ્વારા માહિતીનો ઝડપી પ્રસાર કરવાનો છે. આ ઉપરાંત અન્ય ઓનલાઈન માહીતી, વિવિધ સંશોધના ડેટા, અન્ય પ્રકારના ડેટાને ધ્યાનમાં લેવા અને તેની ગોઠવણો કરીને તે સહાયક માહિતી એકત્રીત કરીને આરોગ્ય પ્રણાલીઓને મળી રહે તે ખુબ જરુરી બને છે.

કોવિડ-19 અંગેની માહિતીની જરૂર હોય તેવી સંશોધન ટીમોને ગ્રંથાલયોએ લાઇબ્રેરી સબ્સ્ક્રિપ્શન્સ, ઇન્ટર લાઇબ્રેરી લોન (ILL) દ્વારા લેખો મેળવવા સુધીની સંપૂર્ણ શોધ વ્યૂહરચના વિકસાવવાથી લઈને, ગ્રંથાલયોએ સંશોધકોને પદ્ધતિસરની સમીક્ષા પ્રક્રિયાના ઘણા પાસાઓ સાથે સહાયતા કરવાની ભુમીકા ભજવે છે. સંશોધકો અને ચિકિત્સકોને કોઈપણ સ્વાસ્થ્ય વિષય પર વર્તમાન સંશોધનને ટ્રેક કરવા અને તેનું સંચાલન કરીને માહીતીનું પ્રસાર કરવાનું કાર્ય ખુબ જરુરી બની જાય છે.

### ૩.3 COVID-19 રોગચાળા દરમિયાન હેલ્થ વિજ્ઞાનના ગ્રંથાલયોની ભૂમિકા

#### ૩.૩.૧ નેશનલ લાઇબ્રેરી ઓફ મેડિસિન (National Library of Medicine)



ISBN : 978-93-5598-308-4

નેશનલ લાઇબ્રેરી ઑફ મેડિસિન એ વિશ્વની સૌથી મોટી બાયોમેડિકલ લાઇબ્રેરી છે. કોમ્પ્યુટેશનલ હેલ્થ ઇન્ફોર્મેટિક્સમાં સંશોધન અને માહિતી સેવાઓ, વૈજ્ઞાનિક શોધ, આરોગ્ય સંભાળ અને જાહેર આરોગ્યને લગતી માહિતીના પ્રસારનુ કાર્ય કરે છે.(National Library of Medicine (NLM), 2020)

નેશનલ લાઇબ્રેરી ઓફ મેડિસિન દ્વારા કોરોનાના વાયરસ રોગ (COVID-19) અંગેની માહિતી તેમની વેબ સાઈટ www.ncbi.nlm.nih.gov મા NCBI SARS-CoV-2 સંસાધન વેબપેજ પર SARS-CoV-2 Literature, SARS-CoV-2 Sequence Resources, COVID-19 Clinical Resources તથા અન્ય COVID-19ને લગતા ડેટા, માહિતીનો ઉપયોગ સંશોધકો અને અન્ય લોકો કરી શકે તે માટે સમયાંતરે અદ્યતન માહિતી સતત મુકવામાં આવે છે. આ ઉપરાંત લિટકોવિડ 2019મા નોવેલ કોરોના વાઇરસ સંબંધિત વ્યાપક ક્યુરેટેડ સાહિત્ય સંગ્રહ અને બુકશેલ્ફમાં સંપૂર્ણ ટેક્સ્ટ COVID-19 માર્ગદર્શિકા અને સમીક્ષાઓની લિંકમાં અધ્યતન માહીતી દર્શાવવામા આવે છે. **(NCBI SARS-CoV-2 Resources, 2021)**

આ ડેટબેસમાં અત્યાર સુધીમાં નિચે મુજબના SARS- COV-2 Data સ્રોતોનો સગ્રહ કરવામા આવ્યો છે.

| | |
|---|---|
| 2,73,4080 | - SRA Runs |
| 2,92,3366 | - Nucleotide Records |
| 3,215 | - Clinical Trials.gov |
| 2,10,274 | - Pubmed |
| 2,54,358 | - PMC (Pubmed Central ) |

### ૩.૩.૨ કોક્રેન લાઇબ્રેરી (Cochrane Library)

કોક્રેન લાઇબ્રેરીમાં આરોગ્યને લગતા સહિત્યના ડેટાબેઝનો સંગ્રહ છે. જેમાં આરોગ્ય સંભાળ અંગેની માહિતીનુ વિસ્તરણ અને વિવિધ પ્રકારના ઉચ્ચ-ગુણવત્તાવાળા સહિત્યનો સગ્રહ છે. કોક્રેન લાઇબ્રેરીમાં કોક્રેન ડેટાબેઝ ઓફ સિસ્ટમેટિક રિવ્યુઝ (સીડીએસઆર), કોક્રેન સેન્ટ્રલ રજિસ્ટર ઓફ કંટ્રોલ્ડ ટ્રાયલ્સ (સેન્ટ્રલ), અને કોક્રેન ક્લિનિકલ આન્સર્સ અને ફેડરેટેડ સર્ચ ફિચરનો સમાવેશ કરવામા આવ્યો છે

આ લાઇબ્રેરીના વેબ પેજમાં કોક્રેન સમીક્ષાઓ અને કોવિડ-19 રોગચાળાને લગતી સંબંધિત સામગ્રીના ખાસ સંગ્રહને સમ્યાતરે અપડેટેટ માહિતી મુકવામાં આવતી હોય છે. આ ઉપરાંત કોક્રેનમા COVID-19 સંબંધિત નવી અને અપડેટેટ કોક્રેન સમીક્ષાઓ, COVID-19 ના સંદર્ભમાં ઉદ્ભવતા પ્રશ્નો માટે ઝડપી સમીક્ષાઓ પ્રકાશિત કરે છે. (Cochrane Library relating to the COVID-19 pandemic, 2021)

### ૩.૩.૩ નેશનલ મેડિકલ લાઇબ્રેરી ઇન ઈન્ડીયા

નેશનલ મેડિકલ લાઇબ્રેરી, મેડિકલ અને એલાઇડ હેલ્થનાં ક્ષેત્રમાં એક રેફરલ લાઇબ્રેરી છે. નેશનલ મેડિકલ લાઇબ્રેરીના ઇલેક્ટ્રોનિક રિસોર્સિસ ઇન મેડિસિન (ERMED) કન્સોર્ટિયમ દ્વારા અસરકારક આરોગ્ય સંભાળ પહોંચાડવા માટે તબીબીના ક્ષેત્રમાં દેશવ્યાપી ઇલેક્ટ્રોનિક માહિતી સંસાધનો વિકસાવવા માટે DGHS અને MOHFW દ્વારા સિંગલ ગેટવે એટલે કે www.ermed.in દ્વારા સંપૂર્ણ ટેક્સ્ટને ઍક્સેસ અને ડાઉનલોડ કરી શકે તે માટે આ રોગચાળાના સમયમાં ભારતમાં આવેલી તમામ AIIMS સહિત બધા


ISBN : 978-93-5598-308-4

રાજ્યની સરકારી મેડિકલ કોલેજો/સંસ્થાઓ અને કેન્દ્રીય ભંડોળ ધરાવતી સરકારી સંસ્થાઓને કન્સોર્ટિયમ પ્રોજેક્ટ હેઠળ ઇલેક્ટ્રોનિક જર્નલ્સ અને કોક્રેન લાઇબ્રેરીની મહિતી સેવા પુરી પાડે છે.

**૪. COVID-19ના રોગચાળા દરમિયાન ગ્રંથાલયોની શકિત, નબળાઈઓ, તકો અને પડકારો**

આ કોવિડ-૧૯ રોગચાળો દરમ્યાન ગ્રંથાલયના વ્યવસાય માટે ગ્રંથાલયની પરિસ્થિતિ, કાર્યો અને પ્રાથમિકતાઓનું મૂલ્યાંકન કરવા માટે લાઇબ્રેરીઓની શક્તિ, નબળાઇઓ, તકો અને ધમકી અથવા પડકારો અંગેની ચર્ચા નીચે કરવામા આવી છે.

➢ **શકિત:**

- સમુદાયની પ્રવૃત્તિઓને ટેકો આપવા માટે માહિતી ટેકનોલોજી, ઈ-સંસાધન અને ઈ-પુસ્તકોની ઍક્સેસ મુખ્ય શક્તિ છે.
- વિવિધ પ્રકાશકો તરફથી ઓપન એક્સેસ સંસાધનોને પ્રોત્સાહન મેળે તે માટે આ સમય દરમ્યાન ફ્રીમા તેમના પ્રકાશીત ઈ- જર્નલ, ઈ-બુક્સનો ઉપયોગ પણ તેની શકિત હતી.
- મોનિટરિંગ કાર્યો, અહેવાલો પૂરા પાડવા અને ગ્રંથાલયની અસરકારકતા સાબિત કરવાના કાર્યોને લોકપ્રિયતા મળી છે.
- ગ્રંથલાય સ્ટાફ દ્વારા કોવિડ-૧૯ વિશે તથા અન્ય હેલ્થ અંગેની વિવિધ માહિતી વિશે ગ્રંથલાય વપરાશકર્તાઓને માહિતગાર રાખવામાં આવ્યા હતા, જેનાથી વપરાશકર્તાઓના પ્રશ્નોના સમયસર જવાબ આપવામાં મદદ મળી હતી.
- COVID-19ના વિવિધ પાસાઓને વૈશ્વિક પ્રતિસાદ આપવા માટે વિવિધ દેશોની માહિતી શેર કરવાની જરૂરિયાતને પ્રકાશિત કરી છે.
- ગ્રંથલાય સ્ટાફના ટીમવર્ક અને રોગશાસ્ત્રના સ્ટાફના જ્ઞાન અને આત્મવિશ્વાસના પ્રસારણને પરિણામે નવી કૌશલ્યો અને ક્ષમતાઓનો વિકાસ થયો.

➢ **નબળાઈઓ:**

- આ પરિસ્થિતિ દરમ્યાન ગ્રંથલાય ટૂંકા સમયમાં વર્ચ્યુઅલ રીતે કામ કરવા અને વિવિધ પ્લેટફોર્મ્સનો ઉપયોગ કરવા માટે તૈયાર ન હતી.
- વપરાશકર્તાઓ સાથે પ્રત્યક્ષ શારીરિક ક્રિયા પ્રતિક્રિયા સાથેની મર્યાદાને કારણે ગ્રંથલાયની કામગીરી મુશ્કેલ બની હતી.
- કેટેલીક વખત ખોટી માહિતીનો સામનો પણ કરવો પડતો હોય છે.

➢ **તકો:**

- વર્ચ્યુઅલ સંદર્ભ, વર્ચ્યુઅલ સેવાઓ, વર્ચ્યુઅલ મીટિંગ્સ, વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા શૈક્ષણિક અને ઇલેક્ટ્રોનિક સંસાધનોની ઓપેન એક્સેસની તકો ખુલી ગઈ હતી.


ISBN : 978-93-5598-308-4

- લાઇબ્રેરીએ વપરાશકર્તાઓને તેમની જરૂરિયાતોને સંતોસ આપવા માટે વર્ચ્યુઅલ ઇન્સ્ટન્ટ ચેટ અંગેની કાર્યક્ષમ તકોનો વધારો થયો.
- કોવિડ-19 રોગચાળો હોસ્પિટલ અને આરોગ્ય વિજ્ઞાન ગ્રંથપાલો માટે જોડાણો બનાવવા અને અન્ય વિભાગો સાથે સંબંધો વિકસાવવા માટે એક મૂલ્યવાન તક રજૂ કરે છે જે તેમની સંસ્થાઓ માટે મૂલ્યવાન છે.
- માહિતી પ્રસારિત કરવાના પ્રયાસોના નેતૃત્વની તકો રહેલી છે.
- ગ્રંથલાયો દ્વારા આંતર વિભાગીય સંબંધો અને ભવિષ્યના રોગચાળા અને આપત્તિની ઘટનાઓની તૈયારીમાં આપત્તિ પ્રતિભાવ યોજનાઓને મજબૂત કરવાની તકો રહેલી છે.

➢ **ધમકી/પડકારો:**

- કોવિડ દ્વારા લાદવામાં આવેલા નીતી નિયમોની કારણે,પ્રત્યક્ષ આદાન પ્રદાનની મર્યાદાની કારણે તથા ઓનલાઈન સેવાઓની કારણે લાઇબ્રેરીઓના વ્યૂહાત્મક આયોજન અને ગ્રંથાલયોની સુસંગતતા માટે મોટો પડકાર ઉભો થયો હતો.
- વિવિધ સ્ત્રોતોમાંથી વાયરસ અને તેની સારવાર વિશે ખોટી માહિતીને લીધે અને ડુપ્લિકેશનની ચિંતાઓ ગ્રંથપાલો અને અન્ય ગ્રંથાલયના કર્મચારીઓ માટે ખોટી માહિતીનો સામનો કરવાની જવાબદારી વધી ગઈ છે.
- સામાજિક અલગતા અને દૂરસ્થ કાર્યને લીધે આ કટોકટીના સમયમાં ગ્રંથાલયોની સુસંગતતા જાળવવી એ ગ્રંથપાલો અને ગ્રંથાલયના અન્ય કર્મચારીઓ માટે એક મોટો પડકાર ઉભો થયો હતો.
- માહિતી શોધનારાઓને માહિતી પૂરી પાડવા અને સામાજિક મદદ પણ પૂરી પાડવા માટેનું યોગદાન ગ્રંથાલયના કર્મચારીઓ માટે હકારાત્મક ભૂમિકા ભજવવી એ કેટલાક સંજોગોમાં એક પડકાર રુપ બને છે.

## ૫. ઉપસંહાર

કોવિડ-19ની નકારાત્મક પરિસ્થીતીને કારણે ઉત્પન થયેલી શારીરિક રોગ, માનસિક આઘાત અને સામાજિક અશાંતિના ભયની આ ભયાનક પરિસ્થિતિમાં, હેલ્થ ક્ષેત્રની શૈક્ષણિક ગ્રંથાલયો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ગ્રંથાલયમાં ઓનલાઈન સ્ત્રોતો દ્વારા સંબંધિત સામગ્રી પૂરી પાડવાની જવાબદારી ખુબ વધી ગઈ છે. ગ્રંથાલયો કોવિડ-19ની નકારાત્મક પરિસ્થિતિમાંથી બહાર નિકળવાના માટેના નિવારક પગલાં લેવા, સરકારની માર્ગદર્શિકાનું પાલન કરવા અને COVID-19 ના વાયરસની અસરને રોકવા વિશે સમુદાયોમાં જાગૃતિ ફેલાવવાની સામાજિક ભૂમિકા ભજવી શકે છે. કોવિડ-19 રોગચાળા દરમિયાન ગ્રંથાલય દ્વારા માહિતી એકત્ર કરવા અને પ્રસારિત કરવા માટે તેમની પોતાની યોજનાઓ, સતત પ્રયત્નો માટે સર્જનાત્મક અને નવીન ઉકેલો ભજવવા મોખરે રહી છે.


ISBN : 978-93-5598-308-4

## સંદર્ભ સૂચી:


1. Ansuategi, E., & others, a. (2020). Challenges for medical libraries in times of COVID-19: Making clinical decisions that uphold research quality. Education for Information, 495-499.
2. Chauhan, M., & others, a. (2011, February). Library. Retrieved December 19, 2021, from Gujarati Vishwakosh: https://gujarativishwakosh-org.translate.goog /%E0%AA% 97% E0 %AB%8D%E0%AA% B0%E0%AA% 82% E0% AA% A5%E0%AA%BE%E0%AA%B2%E0%AA%AF/?_x_tr_sl=gu&_x_tr_tl=en&_x_tr_hl=en&_x_tr_pto=sc
3. Clifton, V. L., & others, a. (2021). COVID-19 – Background and Health Sciences Library Response during the First Months of the Pandemic. MEDICAL REFERENCE SERVICES QUARTERLY, 1-10.
4. Cochrane Library relating to the COVID-19 pandemic. (2021, December 23). Retrieved from Cochrane Library: https://www.cochranelibrary .com/covid-19
5. Coronavirus disease (COVID-19). (2021). Retrieved December 2021, 2021, from World Health Organization: https://www.who.int/health-topics/ coronavirus #tab=tab_1
6. COVID-19 Information. (2021, December 21). Retrieved December 21, 2021, from National Library of Medicine National Center for Biotechnology Information : https://www.ncbi.nlm.nih.gov/sars-cov-2/
7. Deol, N. K., & Brar, K. S. (2021). The pandemic of COVID 19 and Role of Academic Libraries. Library Philosophy and Practice , 1-10.
8. Hebbar, N. (2020, March 24). Coronavirus | PM's address to the nation updates: lockdown extended to entire country for next 21 days, says Modi. Retrieved December 18, 2021, from The Hindu: https://www.thehindu.com /news/national/prime-minister-narendra-modi-live-updates-march-24-2020/article31153585.ece
9. ISO 2789:2013(en) Information and documentation — International library statistics. (2012). Retrieved July 10, 2021, from iso.org: https://www.iso.org/obp/ui/#iso:std:iso:2789:ed-5:v1:en

10 LIBRARY AND INFORMATION SCIENCE Class XI. (n.d.).

11. Medawar, K., & Tabet, M. (2020). Library collections and services during Covid-19: Qatar National Library experience. The Journal of National and International Library, 178-190.
12. National Library of Medicine (NLM). (2020, April 6). Retrieved from National Library of Health: https://www.nih.gov/about-nih/what-we-do/nih-almanac/national-library-medicine-nlm
13. NCBI SARS-CoV-2 Resources. (2021, December 21). Retrieved December 21, 2021, from National Library of Medicine National Center for Biotechnology Information: https://www.ncbi.nlm.nih.gov/sars-cov-2/
14. One year since a complete lockdown was announced, we look back on how India fought COVID. (2021, March 2021). Retrieved December 18, 2021, from The Economic Times: https://economictimes. indiatimes.com/news/india/one-year-since-a-complete-lockdown-




ISBN : 978-93-5598-308-4

was-announced-we-look-back-on-how-india-fought-covid/first-lockdown-announced/slideshow/81662838.cms

15. R&D Blueprint and COVID-19. (2021). Retrieved December 19, 2021, from World Health Organization: https://www.who.int /teams/ blueprint/covid-19
16. Shukla, K., & Other, a. (2021). Library. Retrieved from Gujarat Vishvkosh Trust: https://gujarativishwakosh.org/%e0%aa %97%e0%ab%8d% e0% aa%b0%e0%aa%82%e0%aa%a5%e0%aa%be%e0%aa%b2%e0%aa%af/
17. The Changing Roll of Medical Librarian in a Covid 19. (2020, December). Retrieved December 18, 2021, from Blog.oup: https://blog.oup.com /2020/12/the-changing-role-of-medical-librarians-in-a-covid-19-world
18. Zhou, J. (2021). The role of libraries in distance learning during COVID-19. Information Development, 1-12.

# (કોવીડ-૧૯ પહેલાં અને પછી કૉલેજના વિદ્યાર્થીઓની વાંચન ટેવ – એક અભ્યાસ )

સેવક નિરાલીબેન ઉપેન્દ્રકુમાર, રિસર્ચ સ્કોલર, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટી, ગોધરા.

ગ્રંથપાલ, શ્રી ઇન્દુભાઇ શેઠ લોં કૉલેજ, દાહોદ

ડૉ. દીપ્તિ એન. સોની, ગ્રંથપાલશ્રી, શ્રી એસ.આર.ભાભોર આર્ટસ કૉલેજ, સિંગવડ

---

**સાર:-**

*COVID - 19 રોગચાળાએ સમગ્ર વિશ્વને ખલેલ પહોંચાડી છે. આ રોગ ચીનમાં વિકસિત થયો હતો અને દરેક વૈશ્વિક સ્તરે ફેલાઈ ગયો હતો. COVID - 19 એ એક એવો રોગચાળો છે જેમાં લોકોનું આરોગ્ય  લથડિયું હતું અને જે દેશના આર્થિક વિકાસને અસર થઇ હતી. આ રોગચાળાને કારણે સામાન્ય જીવનમાં પણ વિક્ષેપ આવ્યો હતો. આ કોરોના વાયરસ ને નિયંત્રિત કરવા માટે સમગ્ર દેશમાં lockdown જાહેર કર્યું હતું તેથી તમામ શાળા કોલેજ આને યુનિવર્સિટી બંધ જાહેર કરવામાં આવી હતી ત્યારે વિદ્યાર્થીઓ ઘરમાં પોતાનો સમય કેવી રીતે પસાર કરતા હતા? જો વાંચનમાં તો આ covid-19 પહેલા, lockdown દરમિયાન, અને lockdown પછી વિદ્યાર્થીઓમાં વાંચન ટેવ માં શું બદલાવ આવ્યો તે જાણવું જરૂરી બને છે.*



ISBN : 978-93-5598-308-4

*વાંચન એ જ્ઞાન પ્રાપ્તિનો રાજમાર્ગ છે કોઈપણ વિદ્યાશાખા નો વિદ્યાર્થી હોય વાંચન તો કરવું જ પડે અને આમ વાંચન એ વ્યક્તિત્વ વિકાસનો માર્ગ છે અને આ COVID-19 lockdown સમયમાં વિદ્યાર્થીઓને પોતાના વ્યક્તિત્વનો વિકાસ વિકસાવવા માટે સારો એવો સમય મળ્યો હતો. તેથી COVID-19 lockdown પહેલા, તે દરમિયાન અને તે પછી વાંચન ટેવ કેવી રહી તે તપાસવાનો મારો અભ્યાસ છે.*

**Keywords**:- College Students, COVID-19, E-Resources, Lockdown, Reading Habits.

**પ્રસ્તાવના:-**

૧૧ માર્ચ ૨૦૨૦ ના રોજ WHO દ્વારા COVID-19 ને રોગચાળા તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. આ રોગચાળો ચીન ના વુહાન શહેર માંથી વિકસિત થયો અને ઘણાં દેશોમાં તેની અસર જોવા મળી હતી આ રોગનું સંક્રમણ ન થાય તે માટે વિવિધ દેશો માં જુદાં- જુદાં પગલાં લેવામાં આવ્યા હતાં જેમકે લોકડાઉન , કાર્યસ્થળમાં ગેરહાજરી , શાળા-કૉલેજ, યુનિવર્સિટી બંધ કરવી, પરિવહન સુવિધાઓ સ્થગિત કરવી વગેરે. COVID-19 રોગચાળાના ફેલાવાને નિયંત્રીત કરવા માટે મોટા ભાગની શૈક્ષણિક સંસ્થાઓ બંધ કરવામાં આવી હતી. દેશભર માં ૯૦ ટકા થી વધુ વિદ્યાર્થીઓને આ લોકડાઉન પ્રભાવિત થયુ હતું.

ભારત પણ આ મહામારી થી બચ્યું ન હતું. COVID-19 ના આ ચેપ ને નિયંત્રિત કરવા માટે ભારત સરકારે વિવિધ પગલાં લીધા જેમ કે ૨૨ માર્ચ ૨૦૨૦ નાં રોજ ભારતના વડાપ્રધાન દ્વારા પ્રથમ જનતા કર્ફ્યુ ની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારબાદ કોવિડ-૧૯ ના કેસોને નિયંત્રિત કરવા માટે ૨૧ દિવસ ના લોકડાઉન ની જાહેરાત કરવામાં આવી હતી. ૧૪ એપ્રિલ ૨૦૨૦ ના રોજ ભારત સરકાર દ્વારા લોકડાઉન ને ૩ મે ૨૦૨૦ સુધી લંબાવવામાં આવ્યું હતું. આ નિર્ણય થી દેશના વિવિધ ક્ષેત્રો ને અસર થઇ હતી. લોકડાઉન ની શિક્ષણ ક્ષેત્રમાં પણ અસર થઇ .જેમાં સરકારશ્રી ના આદેશ મુજબ તમામ શાળા, કૉલેજ અને યુનિવર્સિટી ઓ બંધ હતી. COVID-19 રોગચાળાને કારણે સમગ્ર શિક્ષણ વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. ત્યારે શિક્ષણ પ્રણાલી ને લગતી નીતિ માટે નીતિ- નિર્માતા ઓને ઘણી બધી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. ત્યારે ઓફલાઈન થી ઓનલાઈન ભણતર થઇ ગયું હતું અને હજુ પણ કેટલીક જગ્યા એ તો ચાલે પણ છે. આમ શિક્ષણ વ્યવસ્થા ઓનલાઈન થવાથી વિદ્યાર્થીઓની વાંચન ટેવ પર પણ અસર જોવા મળી છે.

વિકસવું એ માનવમાત્ર ની ઈચ્છા, ઝંખના અને મહત્ત્વાકાંક્ષા હોય છે. તેથી જ તે વિકાસ માટે સતત પ્રયત્ન કર્યા કરે છે. વિકાસ માટેનો રાજમાર્ગ છે શિક્ષણ. અને શિક્ષણ સંસ્થામાં તે જોડાય છે. વિકાસ માટે જ્ઞાન ખૂબ જ અનિવાર્ય છે અને જ્ઞાન માટે વાંચન અનિવાર્ય છે. કોઈપણ વિદ્યાશાખા ના વિદ્યાર્થી હોય તો પણ તેને વાંચન તો કરવું જ પડે છે. આમ વાંચન અને વ્યક્તિત્વનો વિકાસ માર્ગ છે. વાંચન એ શીખવા માટેનું એક મહત્વપૂર્ણ તત્વ છે અને તે શૈક્ષણિક સફળતા સાથે સંકળાયેલું છે જેના માટે સારી વાંચનની આદત જરૂરી છે સારી વાંચન ટેવ જીવનમાં શ્રેષ્ઠ બનાવા માટે એક મજબૂત શસ્ત્ર તરીકે કામ કરે છે. જ્યારે આ કોરોનાની મહામારી માં સમય પસાર થતો ન હતો ત્યારે વિધાર્થીઓ સમય પસાર કરવા માટે જુદી –



ISBN : 978-93-5598-308-4

જુદી પ્રવૃત્તિઓ કરતાં હતાં. જેમ કે ઘર કામમાં મદદ, જમવાનું બનાવવું, ટીવી જોવું, ગેમ્સ રમવી, સોશિયલ મીડિયા નો ઉપયોગ કરવો, ઓનલાઈન કોર્સ કરવા તથા વાંચન કરવું. મનોવૈજ્ઞાનિક રીતે કહીએ તો યોગ્ય મન ધરાવતો વાચક માનસિક રીતે સંતુલિત હોય છે એટલે કે નિયમિત વાંચન થી માનસિક રીતે સ્વસ્થ રહી શકાય છે. જે આ COVID-19 ના લોકડાઉન દરમિયાન ખુબ જરૂરી બની રહ્યું. આ અભ્યાસમાં મે લોકડાઉન પહેલા, લોકડાઉન દરમિયાન અને લોકડાઉન પછી વિદ્યાર્થીઓની વાંચન ટેવ માં શું તફાવત છે અને વાંચનમાં કેવાં પ્રકારના મીડિયા નો વધુ પડતો ઉપયોગ કર્યો છે અને તેનાથી શું બદલાવ આવ્યો છે તે જાણવાનો પ્રયત્ન કર્યો છે.

**ઉદ્દેશ:-**

આ અભ્યાસ નો ઉદ્દેશ COVID-19 લોકડાઉન પહેલા અને પછી વિદ્યાર્થીઓમાં વાંચન ટેવ એ તપાસવાનો છે.

**હેતુ:-**

- ✓ વિદ્યાર્થીઓમાં વાંચન તેમનો અભ્યાસ કરવો.
- ✓ વિદ્યાર્થીઓ કઈ વાંચનસામગ્રી વધારે પડતી ઉપયોગમાં લે છે તે જાણવી.
- ✓ લોકડાઉન પહેલા વિદ્યાર્થીઓ વાંચન માટે નો વિતાવેલ સમય જાણવો.
- ✓ લોકડાઉન પછી વિદ્યાર્થીઓ વાંચન માટે કેટલો સમય વિતાવે છે તે જાણવું.
- ✓ લોકડાઉન દરમિયાન વિદ્યાર્થીઓના વાંચનમાં અવરોધક પરિબળો ની તપાસ કરવી.

**વાંચન:-**

વાંચન નો અર્થ આપવો મુશ્કેલ છે. આમ છતાં કેટલાંક વિદ્વાનો દ્વારા વાંચનના અર્થ આપવાનાં પ્રયાસ થયેલ જોવા મળેલ છે.

- કેમ્બ્રિજ ડીક્ષનરી પ્રમાણે:- "The skill or activity of getting information from written words".
- રોબીન્સન ના મત પ્રમાણે :- " સંજ્ઞાઓ અને અવાજોને જોઇને કે સંભાળીને અર્થ ધરવાની પ્રક્રિયા એ જ વાંચન છે."

સામાન્ય રીતે કહીએ તો "વાંચન એ જ્ઞાન પ્રાપ્તિ માટેની માનસિક પ્રક્રિયા છે."

**વાંચન ટેવ:-**

વાંચન ટેવ એ સામાન્ય રીતે વાંચન કરતાં કરતાં કેળવાતી હોય છે. વાંચન થી વિદ્યાર્થીઓના જીવન માં સંસ્કારિતા ના બીજ રોપાય છે અને તેમનું જીવન ઉર્ધ્વગામી બને છે. વાંચન ટેવ વિકસાવવામાં શૈક્ષણિક પાસું ખુબ ઉપયોગી બને છે.શાળા , કોલેજ માં ભણાવતાં શિક્ષકો, અધ્યાપકો અને ગ્રંથપાલો


ISBN : 978-93-5598-308-4

વિદ્યાર્થીઓમાં વાંચન ટેવ વિકસાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે અને તેમાં પણ આ માહિતી વિસ્ફોટક યુગમાં જ્ઞાનથી સુસજ્જ રહેવા માટે વાંચન ટેવ વિકસાવવી જરૂરી બને છે.

**વિદ્યાર્થીઓમાં વાંચન ટેવ વિકસાવવામાં ગ્રંથપાલનો મહ્ત્વનો ફાળો :-**

વિદ્યાર્થીઓમાં વાંચન ટેવ વિકસાવવામાં અધ્યાપક ઉપરાંત ગ્રંથપાલનો પણ મહ્ત્વની ભૂમિકા ભજવે છે. ગ્રંથાલયની મદદથી વિદ્યાર્થીઓમાં વાંચનક્ષમતા વિકસાવી શકાય છે. તે માટે અદ્યાપક અને ગ્રંથપાલ યોગ્ય આયોજન કરે તો બંને ના પ્રયત્નથી વિધાર્થી વાંચનનું મહ્ત્વ સમજી શકે છે. જેમકે ,

- વિદ્યાર્થીઓ ગ્રંથાલય સુધી પહોંચે અને વાંચન કરે તે માટે સતત પ્રેરણા આપવી જોઈએ.
- વિદ્યાર્થીઓને રસ પડે તેવું વાંચન સાહિત્ય ગ્રંથાલયમાં વસાવવું અને તેમને વાંચન માટે પૂરું પાડવું.
- વિદ્યાર્થીઓને તેમના અભ્યાસના અનુસંધાનમાં ઉપલબ્ધ સંદર્ભ સાહિત્યથી પરિચિત કરાવવા અને આ સંદર્ભ સાહિત્યનો મહત્તમ ઉપયોગ કરે તે માટેના પ્રયાસ કરવાં જોઈએ.
- ગ્રંથાલયના નોટીસ બોર્ડ ઉપર દૈનિક સમાચાર, સારા લેખો, જાણવા જેવું તથા વિવિધ સ્પર્ધાત્મક પરિક્ષલક્ષી માહિતી તૈયાર કરી મુકવી જોઈએ.
- પ્રખ્યાત વ્યક્તિ કે સાહિત્યક્ષેત્રે નામ ધરાવતાં હોય તેવી વ્યક્તિ પાસે વાંચન મહ્ત્વ સમજાવતાં કાર્યક્રમનું આયોજન કરવું.

આ ઉપરાંત COVID-19 રોગચાળા ને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓમાં ઓનલાઈન વાંચન કઈ રીતે વિકસાવી શકાય તે માટે ઈ-ગ્રંથાલય અને ગ્રંથપાલ ની વિશિષ્ઠ ભૂમિકા છે તેમ કહી શકાય. જેમકે,

- વિદ્યાર્થીઓનું WHATS'UP ગ્રુપ બનાવી તેમાં વાંચન સાહિત્ય EPUB કે PDF ફોર્મેટ માં મોકલી શકાય છે.
- TELEGRAM, FACEBOOK પર ચેનલ બનાવી BOOKS શેર કરી શકાય.
- FACEBOOK ઉપર વાંચવા લાયક કોઈ લેખના PAGE બનાવી પોસ્ટ કરી શકાય છે.
- વિષય અનુસાર ડિજીટલ માધ્યમ થી વેબીનારનું આયોજન કરી તેમને તેમનાં વિષયની માહિતી પૂરી પાડી શકાય છે.
- ગ્રંથાલય દ્વારા સબસ્ક્રાઇબ કરેલાં E- RESOURCES (જર્નલ્સ , સોફ્ટવેર, ડેટાબેઝ વગેરે) વિદ્યાર્થીઓને તેનો ID- PASSWORD આપી તેનો એક્સેસ કરાવી શકાય છે.
- જે લોકો વાંચવા માટે સમર્થ નથી તે લોકો માટે AUDIO- BOOKનું આયોજન કરી શકાય છે.
- વિદ્યાર્થી ઓના વિષય ને લાગતા અને અન્ય સાહિત્ય ના રીવ્યુ બનાવીને શેર કરી શકાય છે.
- આજે હાલ ની પરિસ્થિતિમાં સોશિયલ મીડિયાનો વધુ પડતો ઉપયોગ થઇ રહ્યો છે તો તે માટે વાંચન ને લગતી પોસ્ટ બનાવી સોશિયલ મીડિયા પર શેર કરી વાંચન માટે પ્રેરી શકાય છે.


ISBN : 978-93-5598-308-4

**COVID-19 પહેલા વિદ્યાર્થીઓમાં વાંચન ટેવ:-**

વાંચન વિચાર પ્રેરે છે. દુનિયામાં જે અવનવા ઘડતર થાય છે એ વાચકને પ્રેરેલા વિચાર ને આભારી છે. જ્યારે COVID-19 રોગચાળો આ દુનિયામાં ન હતો ત્યારે વિદ્યાર્થીઓ વાંચન જુદી જુદી રીતે કરતા હતા તેમાં પણ આ માહિતી વિસ્ફોટ થવાને કારણે તેઓ ફિઝિકલી ગ્રંથાલયમાં જઈ તેનું વાંચન સાહિત્ય મેળવીને વાંચન કરતા હતા અને સાથે સાથે ગ્રંથાલયની સેવાઓનો પણ લાભ લેતા હતા. આ સમયે ઓનલાઇન સેવાઓ હતી પણ વધારે વિકસી ન હતી અને વિદ્યાર્થીઓ પુસ્તકનો વધુ આગ્રહ રાખતા હતા.

**COVID-19 દરમિયાન વિદ્યાર્થીઓમાં વાંચન ટેવ:-**

જ્યારે COVID-19 દરમિયાન શાળા-કોલેજો બંધ થવાથી ડિસ્ટન્સ લર્નિંગ અને ઓનલાઈન શિક્ષણની શરૂઆત થઈ ત્યારે શિક્ષકોને પ્રશ્ન ઉદભવ્યો કે "વિદ્યાર્થીઓને વાંચન સાહિત્ય કેવી રીતે મળી શકે"? ડિજિટલ વાંચન માટે વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા એટલે વિદ્યાર્થીઓ ડિજિટલ મીડિયા નો સૌથી વધુ ઉપયોગ કરવા લાગ્યા હતા. અને ડિજિટલ મીડીયાના ઉપયોગથી ડિજિટલ રિસોર્સિસ વધુ પડતા એક્સેસ થવા લાગ્યા છે.

આ ઉપરાંત ઓનલાઈન વાંચન માટે કેટલીક એપ્લીકેશન નો પણ વધુ ઉપયોગ થતો જોવા મળ્યો છે. જેમ કે POCKETFM, પ્રતિલીપી, KUKUFM. જેમાં પ્રતિલિપિ એ એક બૂક ની જેમ વાંચી શકાય છે અને તેમાં સાહિત્ય ના પ્રકાર પણ જુદાં- જુદાં જોવાં મળે છે અને KUKUFM , POCKETFM માં AUDIO દ્વારા સાંભળી શકાય તેવું સાહિત્ય ઉપલબ્ધ છે.

**COVID-19 પછી વિદ્યાર્થીઓમાં વાંચન ટેવ:-**

COVID-19 લોકડાઉન પછી જ્યારે શાળા કોલેજ યુનિવર્સિટી ઓ ખુલી ક્યારે વિદ્યાર્થીઓ શાળા-કોલેજમાં જવા લાગ્યા અને ગ્રંથાલયનો ઉપયોગ કરવા લાગ્યા ગ્રંથાલયમાં નવીન સેવાઓ નો લાભ લેવા લાગ્યા સાથે સાથે ડિજિટલ રિસોર્સિસ તથા પ્રિન્ટ મટીરીયલ, પુસ્તક પણ મેળવી વાંચન કરવા લાગ્યા છે.

**અભ્યાસનું ક્ષેત્ર:-**

આ અભ્યાસમાં દાહોદ જિલ્લામાં આવેલ નવજીવન આર્ટસ કોમર્સ કોલેજ, જે એન્ડ આર બી.એડ કોલેજ તથા ઇન્દુભાઇ શેઠ લૉ કોલેજના વિદ્યાર્થીઓની વાંચન ટેવ નો અભ્યાસ કરેલ છે.


ISBN : 978-93-5598-308-4

**અભ્યાસની મર્યાદા:-**

આ અભ્યાસમાં દાહોદ જીલ્લામાં આવેલ મેડીકલ કૉલેજ, પેરામેડીકલ કૉલેજ, ITI, પોલિટેકનીક કૉલેજ નો અભ્યાસ કરેલ નથી.

**સંબંધિત સાહિત્યની સમીક્ષા:-**

- Packialakshmi, K; Varghese, L.S: Thenesha K. (2021).આ રિસર્ચ પેપર એક સર્વેક્ષણ પ્રકારનું છે જેમાં કિશોરોમાં lockdown દરમિયાન ડિજિટલ યુગમાં વાંચન ટેવ નો અભ્યાસ કરેલ છે. જેમાં ચેન્નાઈના ૩૦૦ જેટલા અંડર ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓમાં Reading Attitude Scale, self report habit index questionnaire અને Self Structured Questionnaire on reading habits in Digital Era જેવા ત્રણ tools નો ઉપયોગ કરેલ હતો અને આ ડેટા કોવિડ ૧૯ ને ધ્યાનમાં રાખી google forms દ્વારા એકત્રિત કરવામાં આવ્યો હતો. જેમાં તારણની વાત કરીએ તો આ સર્વેમાં 44% વિદ્યાર્થીઓએ અખબાર નું વાંચન કર્યું હતું 38% વિદ્યાર્થીઓએ તેમની શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે google કલાસરૂમ નો ઉપયોગ કર્યો હતો અને 44% વિદ્યાર્થીઓએ શૈક્ષણિક કાર્ય માટે દરરોજ એક થી ત્રણ કલાક ઓનલાઇન વાંચન કરતા હતા. આ ઉપરાંત 50.33 % વિદ્યાર્થીઓએ સ્વીકાર્યું કે ઓનલાઇન વાંચવાથી માહિતી સ્ત્રોતોની એક્સેસ વધે છે આ અભ્યાસમાં એવું તારણ કાઢવામાં આવ્યું કે અંડર ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓએ lockdown દરમિયાન મોટા ભાગનો સમય ડિજિટલ વાંચનમાં વિતાવેલ હતો.
- Parikh, Kshama; Vyas, Priyanki; and Parikh Saurin (2020). આ રિસર્ચ પેપર માં લેખકોએ COVID-19 લોકડાઉન દરમિયાન ગ્રંથાલયમાં આવતા ઉપભોક્તા ઓની વાંચનની ટેવોનો અભ્યાસ કરવા માટે એક સર્વે હાથ ધરેલ હતો. જેમાં ઈ- લાઇબ્રેરી ખ્યાલ વધુ સ્પષ્ટ કર્યો છે. વાંચન ટેવ ઉપરાંત આ સર્વેમાં ઘરે બેઠા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓનો ડેટા પણ ઉપભોક્તાઓ પાસેથી એકત્રિત કરવામાં આવેલ હતો. સર્વેક્ષણના મુખ્ય કારણો દર્શાવ્યા છે કે વપરાશકર્તાઓએ e-books નો વાંચવા માટે ઊંડો રસ લીધો હતો જેમાં 70 % વિદ્યાર્થીઓ અને 53% ફેકલ્ટી ઓ એ વધુ e-content જેમાં પુસ્તકો, મેગેઝિન, સંશોધન પેપર પહોંચ્યા હતા. આ સર્વેક્ષણમાં જણાવાયું છે કે લોકડાઉન દરમ્યાન પુસ્તકોનું વાંચન કરવું એ વપરાશકર્તાઓને મુખ્ય પ્રવૃત્તિ રહી હતી. આ ઉપરાંત જણાવ્યું છે કે ઈ- લાઇબ્રેરી માટે વધુ e-books વસાવી અને આ COVID-19 જેવી આ પરિસ્થિતિમાં ગ્રંથાલયમાં વપરાશકર્તાઓને વધુ સારી ગ્રંથાલય સેવાઓ પૂરી પાડી શકાય છે તેમ દર્શાવેલ છે.


ISBN : 978-93-5598-308-4

- Vyas, P. and Tandel, B. (2020). અભ્યાસમાં લેખકોએ કોવિડ ૧૯ lockdown માં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના શૈક્ષણિક સ્ટાફ પર વાંચન ટેવ ની અસર પર એક સર્વે કરવામાં આવેલ હતું. આ અભ્યાસના તારણો દર્શાવે છે કે યુનિવર્સિટીના શૈક્ષણિક સ્ટાફ દરરોજ વાંચન કરતા હતા જેમાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક બંને રિસોર્સિસનો ઉપયોગ કરેલ હતો. આ ઉપરાંત એમ પણ જાણવા મળેલ હતું કે શૈક્ષણિક સ્ટાફ દરરોજ એક થી ત્રણ કલાકનું વાંચન કરતા હતા અને તે પણ તેમના ફોન પર થી જ વાંચન કરતા હતા.

**માહિતીનું એકત્રીકરણ :-**

આ અભ્યાસમાં દાહોદ જીલ્લામાં આવેલી શ્રી ઇન્દુભાઇ શેઠ લૉ કૉલેજ, નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ અને જે એન્ડ આર બી.એડ કૉલેજ ના વિદ્યાર્થીઓ પાસે ગૂગલ ફોર્મ દ્વારા પ્રશ્નાવલી ભરાવવામાં આવેલ છે.

આ ચારેય કૉલેજના ગ્રુપમાં પ્રશ્નાવલી ગૂગલ ફોર્મ દ્વારા મોકલેલ હતી જેમાં ૨૨૮ જેટલા ના જવાબ પરત મેળવેલ છે. જેમાં ચાર ફેકલ્ટી આર્ટ્સ, કોમર્સ, એજ્યુકેશન અને લૉ નો સમાવેશ કરેલ છે.

**માહિતીનું પૃથક્કરણ :-**

**ચાર્ટ :- ૧**




| | Entertainment | Knowledge | To pass the Time | Other | Exam |
|---|---|---|---|---|---|
| વાંચન ની ટકાવારી | 10.4 | 68 | 8.6 | 14 | 0.9 |

ચાર્ટ:- ૧ માં દર્શાવેલ પ્રમાણે વિદ્યાર્થીઓનો વાંચનનો હેતુ જ્ઞાન વધારવાનો કહી શકાય.જેમાં ૧૦.૪ % મનોરંજન માટે , ૬૮% જ્ઞાન માટે , ૮.૬ % સમય પસાર કરવા માટે, ૧૪ % અન્ય જેમાં ધાર્મિક , સ્પર્ધાત્મક પરિક્ષાનો સમાવેશ કરેલ છે.

**ચાર્ટ :- ૨**


ISBN : 978-93-5598-308-4




ચાર્ટ-૨ માં દર્શાવેલ અનુસાર વિધાર્થીઓને લોકડાઉન દરમિયાન વાંચનમાં અવરોધક પરિબળોમાં ૯.૬ % ટેલીવિઝન, ૮.૩ % ગેમ્સ, ૩૫.૮ % સોશિયલ મીડિયા, ૩૯.૯% સ્માર્ટ ફોન, ૭.૩ % નેટફ્લિક્ષ / વેબ સીરીઝ, ૦.૫ % વર્ક ફ્રોમ હોમ અને ઘરકામ માં મદદ અને ૦.૯% ઈન્ટરનેટ હતા.જેમાં સૌથી વધુ અવરોધક પરિબળ સ્માર્ટ ફોન ગણી શકાય.

**ચાર્ટ :-3**




ચાર્ટ- ૩ માં દર્શાવેલ માહિતી અનુસાર COVID-19 લોકડાઉન પછી વિદ્યાર્થીઓ વાંચન પાછળ ૩૪.૮ % ૧ કલાક , ૪૦.૩ % ૨ કલાક , ૧૭.૬% ૩ કલાક થી વધુ .૫ % ક્યારેક અને ૬.૮% ૦ કલાક એટલે કે વાંચન કરતાં જ નથી તેમ જાણવા મળેલ છે.

**તારણો :-**


ISBN : 978-93-5598-308-4

એકત્રિત કરેલ માહિતી અને માહિતી નું પૃથક્કરણ કરતાં એવું તારણ કાઢી શકાય કે COVID-19 લોકડાઉન પહેલાં વાંચન માટે ઓનલાઈન માધ્યમ નો ઉપયોગ ઓછો થતો હતો અને વાંચન પાછળ વધુ પડતા ૨ કલાક નો જ સમય ફાળવતા હતાં અને વિષય સંબંધિત જ વાંચન કરતાં હતાં  જ્યારે COVID-19 લોકડાઉન દરમિયાન વાંચન માટે સૌથી વધુ ઓનલાઈન માધ્યમ માં સ્માર્ટ ફોન નો ઉપયોગ કરેલ હતો. આ ઉપરાંત આ સમયગાળા દરમિયાન સૌથી વધુ વાંચન જ્ઞાન મેળવવા કરતાં હતાં તેમ આ સર્વે થી જાણવા મળેલ છે. જ્યારે COVID-19 લોકડાઉન પછી કૉલેજ માં આવવાથી વિષય સંબંધિત નું વાંચન વધુ કરે છે અને તેમાં ફીઝીકલ મીડિયા તેમજ ઇલેક્ટ્રિક મીડિયા એમ બંને નો ઉપયોગ કરી વાંચન કરે છે તેમ કહી શકાય.

આ ઉપરાંત COVID-19 લોકડાઉન પહેલાં ૭૨.૭% તે COVID-19 લોકડાઉન દરમિયાન ૬૮.૧% અને COVID-19 લોકડાઉન પછી ૭૨.૮%  વિદ્યાર્થીઓ વિષય સબંધિત સદર્ભ સાહિત્યનો પણ અભ્યાસ કરે છે તેમ જાણવા મળેલ છે.

**ઉપસંહાર :-**

COVID-19 લોકડાઉન દરમિયાન જ્યારે વિદ્યાર્થીઓ ઘરે જ હતા ત્યારે તેમનાં શિક્ષણમાં ખુબ અસર પડી હતી અને સાથે સાથે તેમની વાંચન ટેવ અને વાંચન રસ પર પણ અસર પડી હતી.

આ સર્વે થી એમ કહી શકાય કે વિદ્યાર્થીઓનો વાંચન હેતુ COVID-19 લોકડાઉન દરમિયાન મુખ્ય જ્ઞાન વધારવા માટેનો હતો. અને COVID-19 લોકડાઉન પછી વિષય અનુલક્ષી સાહિત્ય નો ઉપયોગ વાંચન માટે વધુ કરે છે તેમ કહી શકાય. આ ઉપરાંત આ સમયગાળા દરમિયાન તેમની જે વાંચન રસ છે એ ડિજીટલ મીડિયા માં વધ્યો છે. COVID-19 લોકડાઉન પછી વિદ્યાર્થીઓ વિષય સંબંધિત સાહિત્ય ઓનલાઈન માધ્યમ થી અને ફિઝીકલી રીસોર્સીસ નો ઉપયોગ કરવાં લાગ્યા છે. ઓનલાઈન માધ્યમ માં સૌથી વધુ ઉપયોગ સ્માર્ટ ફોન નો જ ઉપયોગ કરે છે તેમ કહી શકાય.

**References:-**


- Adeyemi, I. O. (2020). Influence of Covid-19 Lockdown on Reading Habit of Nigerians: A Case Study of Lagos State Inhabitants. *Reading & Writing Quarterly*, 1–14. https://doi.org/10.1080/10573569.2020.1857891
- Malipatil, B. (2021). Role of Public Libraries in Promoting Reading Habits. *Library Progress (International)*, *41*(1), 138–143. https://doi.org/10.5958/2320-317x.2021.00015.5
- OPPENHEIM, A. N. (1962). READING HABITS OF STUDENTS. *Journal of Documentation*, *18*(2), 42–57. https://doi.org/10.1108/eb026314
- Packialakshmi K, Varghese LS, Thenesha K. (2021) Reading Habits in Digital Era during Lockdown among Adolescent. *Indian Journal of Science and Technology*, 14(29): 2420-2426. https://doi.org/10.17485/IJST/v14i29.608




ISBN : 978-93-5598-308-4

- Parikh, Kshama; Vyas, Priyanki Dr; and Parikh, Saurin Sharad PhD, "A Survey on Reading Habit of Library Users during COVID-19 Lockdown" (2020). *Library Philosophy and Practice (e-journal)*. 4216. https://digitalcommons.unl.edu/libphilprac/4216

- Saaid, S. A., & Wahab, A. (2014). The impact of digital-based materials on undergraduates’ reading habit. *International Journal of Social Science and Humanity*, *4*(3), 249–253. https://doi.org/10.7763/IJSSH.2014.V4.357

- The Habit of Reading. (1849). *Scientific American*, *4*(48), 382–382. https://doi.org/10.1038/scientificamerican08181849-382e

- Vyas, P., & Tandel, B. (2020). THE IMPACT OF LOCKDOWN DUE TO COVID-19 IN 2020 ON READING HABITS OF ACADEMIC STAFF OF STATE OPEN UNIVERSITIES: A STUDY. *Towards Excellence*, 28–37. https://doi.org/10.37867/te120104



ISBN : 978-93-5598-308-4

# Transforming Libraries into Digital Libraries

**શિલ્પા ઓઝા, ગ્રંથપાલ, પલણ કોલેજ, અંજાર**
**જીતેન્દ્ર ઓઝા, મદદનીશ ગ્રંથપાલ, સરકારી તાલુકા પુસ્તકાલય, નખત્રાણા**

---

**સાર સંક્ષેપ :**

*આજના આધુનિક યુગમાં ગ્રંથપાલે વાચકોને ઝડપી સેવા પૂરી પાડવા ગ્રંથાલયને ડીજીટલ અથવા હાયબ્રીડ ગ્રંથાલય દ્વારા વાચકોને લાયબ્રેરી ઓરીએન્ટેશન પ્રોગ્રામ દ્વારા નવી ટેકનોલોજી દ્વારા માહિતીગાર કરવાથી વાચક પોતાને જોઈતી માહિતી મેળવવા માટે અને જ્ઞાનમાં વધારો કરી શકે છે. ટેકનોલોજીના માધ્યમ દ્વારા સંગ્રહિત ડીજીટલ માહિતી વેબ OPAC દ્વારા મેળવી શકે છે. એનીમેશન, ઓડિયો-વિડીઓ, ઈન્ટરનેટ, સોશ્યલ નેટવર્કિંગ સાઈટનો ઉપયોગ કરી માહિતીની આપ-લે કરી શકે છે. ડીજીટલ સેવાઓ દ્વારા સર્ક્યુલેશન,કેટલોગીંગ, સ્કેનીંગ, ફોટોગ્રાફ્સ, દ્વારા ગ્રંથાલયમાં ઉપલબ્ધ ઈ-રિસોર્સનો ઉપયોગ કરી શકે છે*

**Keywords:** Digital Library, Digital Preservation, Hybrid Library,

**પ્રસ્તાવના :**

આજના આધુનિક યુગમાં સમય, જગ્યા અને સંગ્રહિત સામગ્રી ઉપયોગ ઝડપી કરવો જ રહ્યો, પરંપરાગત પુસ્તકાલયોનો સંગ્રહ મર્યાદિત છે ; ડિજિટલ લાઇબ્રેરીઓમાં વધુ માહિતી સંગ્રહિત કરવાની ક્ષમતા હોય છે, માત્ર એટલા માટે કે ડિજિટલ માહિતીને સમાવવા માટે ખૂબ જ ઓછી ભૌતિક જગ્યાની જરૂર પડે છે ડિજિટલ લાઇબ્રેરીની જાળવણીનો ખર્ચ પરંપરાગત પુસ્તકાલય કરતા ઘણો ઓછો હોય છે જેમાં ભૌગોલિક સ્થાન,પુસ્તકની જાળવણી, ભાડું અને વધારાના પુસ્તકો, તથા ફીને દૂર કરી ડિજિટલ લાઇબ્રેરીઓ વપરાશકર્તાઓને વધુવાંચન સામગ્રી ઉપલબ્ધ કરાવી શકાય છે અને વાંચન સામગ્રી શોધવી અને પુનઃ પ્રાપ્ત કરવી ઉપયોગી સાબિત થઈ રહી છે.


ISBN : 978-93-5598-308-4

**વ્યાખ્યા :-**

ડીજીટલ લાઈબ્રેરીને "અંત વપરાશકર્તા એક્સેસ માટે ડીજીટલ સામગ્રી પ્રાપ્ત કરવા, સંગ્રહ કરવા ગોઠવવા, શોધવા, વિતરણ કરવા, અને પ્રદર્શિત કરવા માટે કોમ્પુટર આધારિત માહિતી સીસ્ટમ તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે; જરૂરી નથી કે તે નેટવર્ક આધારિત હોય, પરતું એવી રીતે ડીઝાઇન કે નિર્માણ કરેલ હોય કે જેથી તેને નેટવર્ક સાથે જોડી શકાય "

**Clifford Lynch define as** "Digital libraries are system providing users with coherent access to a very large, organised repository of information and knowledge"

**ગ્રંથાલય માટેના સોફ્ટવેર :**

1) KOHA 2) LIBsys 3) Sanjay 4) D-space 5) Fedora 6) Greenstone

**ડીજીટલ લાયબ્રેરીના ઘટકો :**

કોમ્પ્યુટર, સર્વર, ગ્રંથાલય સોફ્ટ્વેર, ઈન્ટરનેટ સુવિધા, CD, DVD, પ્રિન્ટર, પ્રોજેક્ટર, પેન ડ્રાઈવ, સ્કેનર,

**ફાયદાઓ :**

- ઓછી કિમતમાં વધારે માહિતીનો સંગ્રહિત
- ૨૪ કલાક ઉપયોગ
- સાર્વત્રિક/ મર્યાદિત સુલભતા
- વર્ચ્યુલ કલાસીસ દ્વારા પણ જ્ઞાન મેળવું શક્ય
- સમય બચાવ,
- ઈ- રિસોર્સથી ઝડપથી વધારે માહિતી મેળવું શક્ય,
- એક સાથે અનેક વ્યક્તિ દ્વારા માહિતીનો ઉપયોગ મળવું શક્ય
- સંગ્રહ તથા જાળવણી ખુબ સરળ

**શા માટે ડીજીટલ ટ્રાન્સફોર્મેશન મહત્વનું છે ?**

વર્ષોથી ચાલી આવતા પરંપરાગત રીતે ગ્રંથાલયમાં જ્ઞાન મેળવવામાં થતી મુશ્કેલીઓને ડીજીટલ ગ્રંથાલય દ્વારા સંચાલનમાં સરળતા જ્ઞાનપ્રાપ્તિના અડચણો દુર કરવા આજના સમયની માંગ બની છે.

**પ્લાનિંગ ડીજીટલ લાઈબ્રેરી :**


ISBN : 978-93-5598-308-4

આયોજનએ વૈકલ્પિક વિશ્લેષણ અને મૂલ્યાંકનના માધ્યમથી લાંબાગાળાના લક્ષ્યો અથવા ઉદેશ્યોને પ્રાપ્ત કરવાની પ્રક્રિયા છે પ્રણાલીગત આયોજનનું મહત્વ વ્યવસ્થિત રીતે ધ્યેય હાસલ કરવાનું છે આયોજન દ્વારા સિસ્ટમની ખામીઓ દુર કરી શકાય છે જે નીચે મુજબ છે.

૧) ફ્લોચાર્ટ
૨) ઇન્ફોર્મેશન ટેકનોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર
૩) માહિતીનું ડીજીટાઇઝેશન
૪) માહિતી એક્સેસ
૫) મેન પાવર પ્લાનિંગ
૬) યોગ્ય ફર્નિચર તથા જગ્યાનું આયોજન
૭) સેવાઓ
૮) નાણાકીય આયોજન

**ડીજીટલ કલેકશન બનાવવું**

પરંપરાગત પુસ્તકાલય મુખ્ય સંગ્રહ પ્રિન્ટ માધ્યમ છે પરતું હાલના આધુનિક સમયની માંગ મુજબ હાયબ્રીડ પુસ્તકાલયો તેમજ ડીજીટલ પુસ્તકાલય સમાવેશ થતા ડીજીટલ કલેક્શન માટે રાઈટ્સ તેમજ ઉપલબ્ધ સંગ્રંહ માટે નીચ મુજબના મુદા જરૂરી છે

- ઈન્ટરનેટના માધ્યમથી ડીજીટલ દસ્તાવેજ બનાવવા
- ઉપલબ્ધ ડીજીટલ માહિતી યોગ્ય રીતે ગોઠવવી.
- ઈ-જર્નલ, ઈ-બુક, ઈ-રીપોર્ટસ, સામગ્રી માટે ઓનલાઈન સબસ્ક્રિપ્શન મેળવવા

**ડીજીટલ સરક્ષણ :**

ડીજીટલ સરક્ષણ એ સામગ્રીને જીવત રાખવાની પદ્ધતિ છે કે જેથી તેનો ઉપયોગ કરી શકાય તેવી રહે કારણકે તકનિકી પ્રગતિ મૂળ હાર્ડવેર તથા સોફ્ટવેર વિશિષ્ટતાઓને અપ્રચલિત બનાવે છે ડીજીટલ સરક્ષણ એવી પ્રક્રિયા છે જેના દ્વારા ડીજીટલ ડેટાને ડીજીટલ સ્વરૂપમાં સાચવવામાં આવે છે, જેથી તેની ઉપયોગીતા, ટકાઉપણું અને બૌદ્ધિક અખંડિતતાને સુનિશ્ચિત કરી શકાય.

**ડીજીટલ સરક્ષણ માટેના ધોરણો:**

ડીજીટલ દસ્તાવેજો જાળવણી માટેના નીચે મુજબના ધોરણો જરૂરી છે

- આર્કીટેક્ચર માટેના ધોરણો
- જાળવણી એક્સેસ માટેના ધોરણો
- આંતર કાર્યક્ષમતા માટેના ધોરણો



ISBN : 978-93-5598-308-4

- સરક્ષણ સામગ્રી માટેના ધોરણો
- દસ્તાવેજ ફોરમેટ માટેના ધોરણો

**ડીજીટલ સરક્ષણ નીતિ :**

વર્તમાન સમયમાં લાંબા સમયગાળા માટેનો સંગ્રહ, ડીજીટલ એક્સેસ સ્થાનિક કે રાષ્ટ્રીય સ્તરે, ખાનગી કે જાહેર એમ બને ક્ષેત્રોમાં સગવડ ભર્યું હોતું નથી, ડીજીટલ સામગ્રીની જાળવણી તેની અધિકૃતતા, વિશ્વસનીયતા અને લાંબાગાળાની સુલભતા સુનિશ્ચિત કરવી તેનો પ્રાથમિક ઉદેશ્યનો હેતુ છે તે અંગે માર્ગદર્શન અને અધિકૃતતા પ્રદાન કરવાનો છે વધુમાં નીતિઓ દ્વારા સમજાવું જોઈએ કે કેવી રીતે ડીજીટલ સરક્ષણ ગ્રંથાલયની મુખ્ય જરૂરિયાતો પૂરી કરી શકે છે

**ડીજીટલ પુસ્તકાલયોની જાળવણી ( Maintenance of Digital Libraries ):**

- જે સિસ્ટમની ખરીદી પુસ્તકાલયોની જાળવણી માટે આવશ્યક હોઈ તે લાંબા સમયગાળા માટે યોગ્ય તેમજ અનુરૂપ માપદંડો ચકાસીને લેવું જેથી ખર્ચનો બચાવ થઈ શકે.
- રોજબરોજ દ્વારા લેવાતી કામગીરીથી સંચાલન સરળ બને છે .
- નવીન માહિતી યોગ્ય રીતે પુન:પ્રાપ્તિ થાય તે માટે યોગ્ય ફોરમેટમાં એકરૂપતા જાળવવી.
- ડીજીટલ માહિતી યોગ્ય સુરક્ષા (Anti Virus ) પૂરી પાડવી.
- ચોક્કસ પ્રકારની માહિતી વાચક (User) સુધી મેળવવામાં થતી મુશ્કેલીઓ દુર કરવા ફીડબેક લેતા રહેવું જોઈએ.

**ગ્રંથપાલની જવાબદારીઓ :**

- ડીજીટલ પ્રોજેક્ટ્સ અંગે તથા સ્ટાફનું કાર્ય સંચાલન
- બજેટ, નાણાનું સંચાલન, અનુદાન તથા લક્ષ્યાંકો નક્કી કરવા
- ડીજીટલ માહિતી/રિસોર્સ ચકાસતા રહેવું.
- ડીજીટલ રાઈટ્સ તેમજ ડેટાબેઝ યોગ્ય રીતે તૈયાર કરવા (પુન:પ્રાપ્તિ )
- ડીજીટાઈઝેશન પ્રક્રિયાઓનું મોનીટરીંગ અને ગુણવતા મૂલ્યાંકન પ્રદર્શન

**ઉપસંહાર :**

આજના આધુનિક ઝડપી યુગમાં ગ્રંથાલયોની સ્થિતિ કરુણાજનક જોવા મળે છે ગ્રંથાલયનો સાચો ઉપયોગ વાચકને યોગ્ય માહિતી ઝડપી મેળવી આપવા, આધુનિક ટેકનોલોજી દ્વારા વાચકોને


ISBN : 978-93-5598-308-4

ગ્રંથાલયો તરફ ધરખમ પરિવર્તનો લાવી તેમનું આ એક પગલું છે જેમાં ઈ-રિસોર્સથી અધ્યતન માહિતી ૨૪ કલાક, અપ્રાપ્ય ગ્રંથો, પ્રાપ્ય ગ્રંથો, સંદર્ભ ગ્રંથો વિશેની માહિતી જાણી અસરકારક રીતે સંચાલન માટે કોમ્પ્યુટરનો ઉપયોગથી શક્ય બની શકે તેમ છે, વળી, કોઈ પુસ્તક બેવડાવાનો ભય રહેતો નથી.

રંગનાથનના પાંચ સુત્રોને આજના ડીજીટલ એરા મુજબ આ પ્રમાણે તેનું સાચા અર્થમાં અર્થઘટન કરી શકાય.

- Digital resources are for use.
- Every user his/her digital resources.
- Each digital resource for its user.
- Save the time of the digital resource user.
- Digital library is an overgrowing organism.

**References :**

1) GREENSTEIN, D.I., & Thorin, S.E. The digital library: A biography. Digital Library Federation, 2002.
2) Brundaban, Nayak. & Partha, S. Planning Designing Developing of Digital Libraries and Preservation, Planner, 2014.
3) www.ignou.ac.in
4) 32nd library conference of Gujarat Granthalaya Seva Sangh-2016 SEMINAR PAPER, Dynamic Role of Libraries in Different Sectors of the Knowledge Society Organised by Gujarat Granthalay Seva Sangh, held in January, 2016 at Somnath.



ISBN : 978-93-5598-308-4

# લાઈબ્રેરીઓને ડિજિટલ લાઈબ્રેરીમાં રૂપાંતરિત કરવી

**સોનલ ડી. બિલવાળ, મદદનીશ ગ્રંથપાલ, તિલકવાડા- ૩૯૧૧૨૦**
**ડૉ.વનીતા એ. કાલાણી,ગ્રંથપાલ, બી.એડ.કોલેજ,સીંગવડ**

---

**સારાંશ:**

*અત્યારના આધુનિક યુગમાં ગ્રંથાલયમાં આધુનિક તકનીકોનો ઉપયોગ થતો જોવા મળે છે.આજના સમયમાં ઉપયોગકર્તા ઓછા સમયમાં ઝડપી અને ચોક્કસ કામ કરવા માટે નવી-નવી તકનીકોની શોધ કરીને ઉપયોગ કરતા શિખ્યો છે ત્યારે ગ્રંથાલયમાં પણ નવી શોધોના આધારે અનેક નવીન ફેરફાર થઇ રહ્યા છે.ઉપયોગકર્તા તેને જોઇતી અધિકૃત માહિતી એક જ જગ્યાએથી ઝડપથી મળી રહે તેવી અપેક્ષા રાખે છે.આના કરણે ગ્રંથાલય ક્ષેત્રમાં વિકાસ માટે લાયબ્રેરી સંચાલનમાં સમ્પુર્ણતાનો અભાવ જોવા મળે છે. જો ગ્રંથાલયનું કદ મોટું હોય તો સંચાલન વધુ મુશ્કેલ અને જટિલ બને છે.તેમાં ગ્રંથાલયના ઘણાખરા ઉપયોગકર્તાઓમાં મૈત્રીપૂર્ણ સમજશકિતનો અભાવ રહેલો હોય છે. ઉપયોગકર્તાએ પુસ્તક કે અન્ય વાંચન સામગ્રી શોધવા માટે ગ્રંથાલયના વિસ્તારનું વર્ગીકરણ સમજવું જોઇએ. ગ્રંથાલયમાં અસંખ્ય પુસ્તકો સંગ્રહિત કરેલ હોય છે અને આ પુસ્તકો ઉપયોગકર્તાને ઉચિત સમયમાં મળી રહેવા મુશ્કેલ હોય છે. જેથી ગ્રંથાલયએ પુસ્તકો કે મહિતીનું સરળતાથી સંચાલન કરી શકે તેવું અને ઉપયોગકર્તા માટે મૈત્રીપૂર્ણ હોવું જોઇએ.*

**કી-વર્ડ:** ડીઝીટલ લાયબ્રેરી, સંચાલન,એપ્લીકેશન,લોકેટર

**પ્રસ્તાવના :**

ઇ-બુક્સ, ઇ-જર્નલ્સ, આઇપેડ્સ અને કિંડલ્સ જેવા ભવિષ્યનો માર્ગ હોઇ શકે છે, પરંતુ વિશ્વનું મોટાભાગનું જ્ઞાન ગ્રંથાલયમાં કબાટ / ઘોડા/ ખાના / રેકમાં રાખવામાં આવેલ લાખો પુસ્તકો હજી પણ સંગ્રહિત છે. ગ્રંથાલયમાં રહેલ તમામ પુસ્તકોને ડિજિટલ સામગ્રીમાં રુપાંતરીત કરી શકાતી નથી, કારણ કે તેમાં વિવિધ કોપીરાઇટ જેવી સમસ્યાનો સામનો કરવો પડે છે.હાલના પ્રવર્તમાન યુગમાં મોબાઇલ અને


ISBN : 978-93-5598-308-4

ટેબલેટ વગેરે જેવા સાધનોની વૃધ્ધિને કારણે વિધ્યાર્થીઓ અને સંશોધકો ઇંટર્નેટના માધ્યમનો વધુ ઉપયોગ કરે છે તેમ છ્તાં તેઓ તેમની જુરિયાતો મુજવ સંતોષકારક માહિતી સુધી પહોંચી શકતા નથી.

અત્યારે ગ્રંથાલયમાં બધી જ માહિતી કે પુસ્તકોનો ડેટા બેઇઝ સર્વર પર હાજર હોય છે.આ માહિતી ફક્ત ગ્રંથાલયમાં હાજર સર્વરમાંથી જ મેળવી શકાય છે. હાલમાં ઘણાબધા લાઇબ્રેરી ઓટોમેશન સોફ્ટ્વેર છે, જેમકે કોહા ઓપન સોર્સ ફ્રી માં ઉપલબ્ધ સોફ્ટ્વેરની મદદથી ઘણી બધી લાઇબ્રેરીઓનું ડીજીટાઇઝેશન થયું છે.આ સોફ્ટ્વેરના ઓપેકની મદદથી ઉપયોગકર્તા ગ્રંથાલયમાં પુસ્તક હાજર છે કે નહી અને છે તો કયાં કબાટ/ ઘોડા/ ખાના/ રેકમાં હશે તેનો ખ્યાલ આપે છે પરંતુ ખરેખર પુસ્તક તે કબાટ/ ઘોડા/ ખાના/ રેકમાં જ્યારે લેવા જાય છે તો ઘણી વખત ન પણ મળે અથવા તો એક જ વિષયના ઘણા બધા કબાટ/ ઘોડા/ ખાના/ રેક જોવા મળે છે. જેના કરણે ઉપયોગકર્તા ગુંચવણમાં મુકાય છે. અને જો ગ્રંથાલયનું કદ વિશાળ હોય તો ઉપયોગકર્તા ભુલી પણ જાય છે કે તેને કયા કબાટ/ ઘોડા/ ખાના/ રેકમાં જવાનું હતું તો ઘણી વાર ઉપયોગકર્તાની માનસિકતાના કારણે તે પ પુસ્તકને બીજી જગ્યાએ મુકી દેતા હોય છે તો ક્યાંક ગ્રંથાલયના કર્મચારી પ્રશિક્ષિત ન હોવાના કારણે વ્યવસ્થિત ગોઠવણી ન કરતા આડા અવળા  કબાટ/ ઘોડા/ ખાના/ રેકમાં મુકી દેતા હોય છે.

ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાનમાં અહી સંકુચિત અને કાર્યક્ષમ સિસ્ટમ વિકસાવવા પર ધ્યાન આપવામાં આવ્યું છે. આ એંડ્રોઇડ બેસ્ડ એપ્લીકેશન દ્વારા પુસ્તકનું સ્થાન શોધવા અને પુસ્તક સુધી પોંહચવાનો માર્ગ બતાવવાની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવ્યું છે. આ એપ્લીકેશનમાં ગ્રંથાલયના સંસાધનોનું સંચાલન અને માહિતીના ખરેખર સમય દરમ્યાન પ પુસ્તકની માહિતી અધ્યતનનો પણ સમાવેશ થાય છે. આ એપ્લીકેશન ગ્રંથાલયના ભંડોળના મુદ્દાને ધ્યાનમાં રાખી ઓછામાં ઓછી કિંમતમાં સરળતાથી ઉપયોગ કરી શકાય તેવી વિકસાવવાનો હેતું છે.આ એપ્લીકેશનની મદદથી ઉપયોગકર્તાઓ પુસ્તકોને સરળતાથી શોધી શકશે અને પુસ્તકાલયની સુવિધામાં વધારો કરી શકાય તે રીતે એક એંડ્રોઇડ બેસ્ડ એપ્લીકેશન વિકસાવવાનો પ્રસ્તાવ તથા ડીજીટાઇઝેશન તરફ સ્માર્ટ લાયબ્રેરી તરફ આગળ વધવાની પહેલ કરેલ છે.

**સાહિત્ય સમીક્ષા:**

૧. ગુજ્જા,એ.હુસેન અને અન્ય (૨૦૧૯) વાઇફાઇ આધારિત લાઇબ્રેરી બુક લોકેટર માટે એંડ્રોઇડ એપ્લીકેશન. આ પેપરમાં એન્ડ્રોઇડ એ એક નોંધપાત્ર ટેકનોલોજી છે જે લાઇબ્રેરી બુક લોકેટરનો આધાર છે. જે સૂચિત સિસ્ટમ દ્વારા પુસ્તક શોધવા માટે દરેક શેલ્ફમાંથી પસાર થવાના મેન્યુઅલ કાર્યની જટિલતાને અમૂર્ત કરે છે. તે વાઈફાઈ એક્સેસ પોઈન્ટ દ્વારા લાઈબ્રેરીમાં હાજર લોકલ સેવર સાથે જોડાય છે. તે સર્વર સાથે માહિતીની આપલે કરે છે અને વપરાશકર્તા માટે કાર્ય કરે છે. તે વપરાશકર્તાને પુસ્તક તરફ દોરી જતા



ISBN : 978-93-5598-308-4

માર્ગની સાથે ચોક્કસ સ્થાન પ્રદાન કરે છે. સિસ્ટમ લાઇબ્રેરીમાં બહુવિધ પુસ્તકોની સ્થિતિ તપાસવાની પણ મંજૂરી આપે છે.

૨. રફી,એસ.એસ.અને અન્ય(૨૦૧૭) એંડ્રોઇડ આધારિત એડવાન્સ્ડ બુક લોકેટર અને લાયબ્રેરી મેનેજર. આ પેપરમાં સ્વયંસંચાલિત લાઇબ્રેરી તેમના વપરાશકર્તાઓને વધુ સારી લાઇબ્રેરી સેવાઓ પ્રદાન કરી શકે છે અને લાઇબ્રેરીને વધુ યોગ્ય રીતે જાળવી શકે છે જે મેન્યુઅલ લાઇબ્રેરી કરી શકતી નથી. આ સૂચિત સિસ્ટમમાં, ઉપયોગકર્તા એન્ડ્રોઇડ મોબાઇલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને જ જરૂરી પુસ્તકો શોધી શકે છે. વપરાશકર્તાને ફક્ત લાઇબ્રેરીની Wi-Fi શ્રેણીમાં રહેવાની જરૂર છે. યુઝર્સના મોબાઈલમાં ઉપલબ્ધ એપ લાઈબ્રેરીનો નકશો આપશે અને પુસ્તકની સ્થિતિની જાણ થશે. આમ વપરાશકર્તા માટે પુસ્તક શોધવાનું સરળ બને છે. વપરાશકર્તા ફક્ત સ્કેન કરીને જ એપ્લિકેશનમાંથી પુસ્તકો સીધા જ ઇશ્યૂ કરી શકે છે. પુસ્તકો પર QR કોડ ગુંદરવાળો. તેમજ ચોરીની તપાસ માટે RFID આધારિત સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવે છે.

૩. ડીઓ, ગૌરી અને અન્ય.(૨૦૨૦) અ સ્માર્ટ લાયબ્રેરી સિસ્ટમ બેસ્ડ ઓન ધ ઇંટર્નેટ ઓફ થિંગ(IOT) વીથ ઇંટેગ્રેશન ઓફ મૂડલે,ઇન અડીશન ટુ ધ યુસ ઓફ કોલાબોરેટિવે ફીલ્ટરીંગ ફોર બૂક રીકોમ્મેંડેશન એંડ સેંટિમેંટ અનાલેયસિસ ફોર ઇમ્પ્રોવિશન ઓફ રીસોર્સ.આ પેપરમાં ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT) અને ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી (ICT) એ માનવ જીવન પર જે અસર કરી છે તેને ગ્રાહકો અને સર્વર વચ્ચે આયોજન કરવાની મંજૂરી આપે છે.તેમજ આ પેપરમાં લાઇબ્રેરી ઓટોમેશનની વિભાવના રજૂ કરવામાં આવેલ છે.

**અભ્યાસના ઉદ્દેશો (Objective of Study):**

અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ ગ્રંથાલયમાં સોફ્ટવેર એપ્લીકેશનની જાગૃતી અને તેના ઉપયોગને જાણવાનો પ્રયાસ છે.

૩.૧ ગ્રંથાલયમાં ઉપયોગકર્તાઓને સોફ્ટવેર એપ્લીકેશન વિશે જાગૃતિનો અભ્યાસ કરવા.

૩.૨ ગ્રંથાલયની સેવાઓ પર સોફ્ટવેર એપ્લીકેશન ની અસરનો અભ્યાસ કરવા.

૩.૩ સોફ્ટવેર એપ્લીકેશન નો ઉપયોગ વધારવા માટે સૂચક પગલા.

૩.૪ સોફ્ટવેર એપ્લીકેશન સેવાનો ઉપયોગ કરતી વખતે અસરકર્તા પરિબળોનો અભ્યાસ.

**સોફ્ટવેર એપ્લીકેશનની પરિભાષા:**

માહિતી તકનીકમાં, એપ્લિકેશન (એપ), એપ્લિકેશન પ્રોગ્રામ અથવા એપ્લિકેશન સોફ્ટવેર એ એક કમ્પ્યુટર પ્રોગ્રામ છે જે લોકોને પ્રવૃત્તિ કરવામાં મદદ કરવા માટે રચાયેલ છે. જે પ્રવૃત્તિ માટે તે ડિઝાઇન કરવામાં આવી હતી તેના આધારે, એપ્લિકેશન ટેક્સ્ટ, સંખ્યાઓ, ઑડિઓ, ગ્રાફિક્સ અને આ ઘટકોના


ISBN : 978-93-5598-308-4

સંયોજનમાં હેરફેર કરી શકે છે. કેટલાક એપ્લિકેશન પેકેજો એક જ કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેમ કે વર્ડ પ્રોસેસિંગ; અન્ય, જેને સંકલિત સોફ્ટવેર કહેવાય છે તેમાં ઘણી એપ્લિકેશનોનો સમાવેશ થાય છે.

**એન્ડ્રોઇડ એપ્લિકેશન:**

તે એક એન્ડ્રોઇડ ફોન એપ્લિકેશન છે, જે ઉપયોગકર્તાની મિત્ર સમાન એપ છે. જ્યાં વપરાશકર્તા સિસ્ટમ સોફ્ટવેરમાં સંગ્રહિત પુસ્તકની માહિતી જોઈ અને શોધી શકે છે. આ એપ્લિકેશનમાં એક QR કોડ સ્કેનર છે, જે પુસ્તક પર ગુંદર ધરાવતા QR કોડને સ્કેન કરે છે અને QR કોડ સ્કેનિંગ દ્વારા પુસ્તક જારી કરવાની વિનંતી કરી શકે છે. તેમાં પુસ્તકાલયનો નકશો પણ છે જે પુસ્તકાલયમાં દરેક પુસ્તકની ચોક્કસ સ્થિતિ દર્શાવે છે.

**એપ્લીકેશનનું વર્ણન:-**

એપ્લીકેશન વિકસાવવી અને જાળવણી કરવા માટે તેને ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે જેમાં માહિતીનો સંગ્રહનો વિભાગ, એપ્લીકેશન વિભાગ અને નેટવર્ક વિભાગ.આ એપ્લીકેશનમાં મુખ્ય ઘટક તરીકે નેટવર્ક વિભાગ છે જે માહિતી સંગ્રહના વિભાગ અને એપ્લીકેશન વિભાગની વચ્ચે જાળવવાનું કામ કરે છે. નેટવર્ક વિભાગમાં વાઇ-ફાઇ ઉપકરણો છે, જે ઉપયોગકર્તાને નેટવર્કથી જોડી અથવા રદ કરવા દે છે. માહિતી સંગ્રહમાં ગ્રંથાલયમાંની વસ્તુંઓ અને તેના ઉપયોગકર્તાઓ વિશેની સમગ્ર માહિતી રાખવામાં આવેલ છે.




**એપ્લીકેશનની કામ કરવાની યોજના:-**

આ એપ્લિકેશનનો ડિઝાઇન કઇ રીતે કામ કરશે તેનો વિચાર નીચે મુજબ છે.ઉપયોગકર્તા તેના પ્રમાણીકરણ દ્વારા,એંડ્રોઇડ સર્વરને વિનંતી મોકલે છે. આ વિનંતીના પ્રકારને ઓળખવા માટે તેનું વિશ્લેષણ કરશે.અને વિનંતીના આધારે ડેટા મેળવવા અથવા અપડેટ ડેટા હોઈ શકે છે. સૌપ્રથમ ઉપયોગકર્તા પુસ્તકાલયમાં ઉપલબ્ધ પુસ્તકોના ડેટાની વિનંતી કરશે ત્યાર બાદ એપ્લિકેશન ઉપયોગકર્તાને નજીકના QR કોડને સ્કેન કરવાની મંજૂરી આપીને સ્થાનની વિનંતી કરે છે ત્યાર બાદ પુસ્તકોના સ્થાનની દિશા અથવા માર્ગ મેળવવા માટે ઉપલબ્ધ પુસ્તકોમાંથી પસંદ કરવા દે છે અથવા પુસ્તકની વિગતો જોઈ શકે છે. પુસ્તક


ISBN : 978-93-5598-308-4

ભૌતિક રીતે શોધ્યા પછી ઉપયોગકર્તા એપ્લિકેશન દ્વારા પુસ્તકની નોંધણી કરવાનું પસંદ કરી શકે છે. પુસ્તક શોધવા માટે, એપ્લિકેશન અનુસરતી સામાન્ય પ્રક્રિયા એ છે કે વપરાશકર્તાને પુસ્તક પસંદ કરવા દો અને પછી ઉપયોગકર્તાઓનું સ્થાન મેળવો તે પછી પુસ્તકોનું સ્થાન મેળવો અને ઝડપીથી માહિતીને પ્રાપ્ત કરો.

**એપ્લિકેશનની સિસ્ટમ:-**

આ પેપરમાં ઓટોમેટેડ લાયબ્રેરી સિસ્ટમ બનાવવાના વિચારની ચર્ચા કરવામાં આવી છે. તમામ પુસ્તકોની વિગતો અને ચોક્કસ સ્થિતિ ડેટાબેઝમાં સંગ્રહિત છે. Wi-Fi દ્વારા સિસ્ટમ સાથે જોડાયેલ એન્ડ્રોઇડ એપ્લીકેશન સિસ્ટમથી ઉપયોગકર્તા જે પુસ્તકને ઍક્સેસ કરવા માગે છે તેને તે એપ્લીકેશનની મદદથી શોધી શકે છે.આ એપ્લીકેશનમાં પુસ્તકની સ્થિતિ તથા પુસ્તકાલયનો નકશો આપવામાં આવેલ છે. પુસ્તક મેળવ્યા પછી ઉપયોગકર્તા પુસ્તકમાંની QR કોડ સ્ટિકને સ્કેન કરીને પુસ્તકને સીધું ઇશ્યૂ કરી શકે છે. આ સ્કેન કરેલી વિગતોને સિસ્ટમને મોકલવામાં આવે છે. ત્યાર બાદ સિસ્ટમ એપને જવાબ આપશે કે તે પુસ્તકને ઇશ્યુ કરવું જોઇએ કે ન કરવું જોઇએ. જો તે પુસ્તક સિસ્ટમ દ્વારા ઇશ્યુ કરવામાં આવે તો તેને ઉપયોગકર્તા લઈ જઈ શકે છે. દરેક પુસ્તક તેની સાથે સંકળાયેલ અનન્ય RFID ટેગ ધરાવે છે. જ્યારે પુસ્તક બહાર કાઢવામાં આવે છે ત્યારે RFID રીડર પુસ્તકના RFID ટૅગમાંથી 12 અંકનું હેક્સાડેસિમલ મૂલ્ય વાંચે છે. જો પુસ્તક સફળતાપૂર્વક ઇશ્યુ કરવામાં આવ્યું હોય તો કોઈ ક્રિયા કરવામાં આવી નથી. પરંતુ જો તે ઇશ્યુ ન કરે તો એલાર્મ વાગશે અને પુસ્તકની વિગતો સિસ્ટમ પર પ્રદર્શિત થશે. RFID નો ઉપયોગ પુસ્તકોને ચોરીથી બચાવવા માટે થાય છે. પુસ્તક પરત કરવાની તારીખ સિસ્ટમ અને એન્ડ્રોઇડ એપ બંનેમાં સંગ્રહિત કરવામાં આવશે. આ એપ પર બાકીની રકમ પણ સેટ કરી શકાય છે.

**નિષ્કર્ષ:-**

ઓટોમેશન એ સરળતાથી કામ કરવા અને માનવ શક્તિનો સમય બચાવવા માટે મશીનરીનો ઉપયોગ કરવાની પ્રક્રિયા છે. લાઇબ્રેરી ઓટોમેશનનો મુખ્ય હેતુ ગ્રંથપાલો અને પુસ્તકાલયના કર્મચારીઓને મુક્ત કરવાનો અને તેમને જ્ઞાન અને માહિતીના પ્રસારમાં વધુ અર્થપૂર્ણ યોગદાન આપવાનો છે. લાઇબ્રેરી સાયન્સમાં ઓટોમેશન એ 'પ્રક્રિયા અને સિસ્ટમની ડિઝાઇન અને વિકાસ સાથે સંબંધિત તકનીક છે જે તેમની કામગીરીમાં માનવ હસ્તક્ષેપની આવશ્યકતાને ઘટાડે છે. કોઈપણ લાઈબ્રેરી ઓટોમેશન પ્રોગ્રામની સફળતા તેના યોગ્ય આયોજન અને અમલ પર આધાર રાખે છે. ઓટોમેટેડ લાઈબ્રેરી સિસ્ટમમાં રેકોર્ડ રાખવાની પ્રવૃત્તિઓ અને વિવિધ રેકોર્ડ જનરેશન ખૂબ જ સરળ બને છે. આ સિસ્ટમ ડૉ.એસ.આર.રંગનાથનના ચોથા સૂત્ર ને સાર્થક કરે છે.તે ઉપયોગકર્તાનો સમય બચાવે છે.

**સંદર્ભ:-**



ISBN : 978-93-5598-308-4

- ગુજ્જા,એ.હુસેન અને અન્ય.: વાઇફાઇ આધારિત લાઇબ્રેરી બુક લોકેટર માટે એંડ્રોઇડ એપ્લીકેશન.- ઇન્ટરનેશનલ રિસર્ચ જર્નલ ઓફ એંજિનિયરિંગ એન્ડ તકનીકી (IRJET), વોલ્યુમ:૬, અંક:૪,(એપ્રિલ ૨૦૧૯), પૃ.૨૭૬૭-૨૭૬૯.
- રફી,એસ.એસ. અને અન્ય.: એંડ્રોઇડ આધારિત એડવાન્સ્ડ બુક લોકેટ્ર અને લાયબ્રેરી મેનેજર.- ઇન્ટરનેશનલ રિસર્ચ જર્નલ ઓફ એડવાંસ રીસર્ચ ઇન સાયંસ એન્ડ એંજિનિયરિંગ (IRARSE), વોલ્યુમ:૬, અંક:૪,(એપ્રિલ ૨૦૧૭), પૃ.૫૬૨-૫૬૫.
- નાગ,એ.અને નિકમ,ખે.: શૈક્ષણિક પુસતકાલયોમાં ઇંટર્નેટ ઓફ થિંગ્સ એપ્લીકેશન.- ઇન્ટરનેશનલ જર્નલ ઓફ ઇંફોર્મેશન તકનીકી એન્ડ લાયબ્રેરી સાયંસ, વોલ્યુમ:૫,નં.:૧,૨૦૧૬,પૃ.૧-૭.
- ચિત્રા,એન. ટી.,અનુષા,આર., રોજા,જી.,ધનલક્ષ્મી,બી.: વાઇ-ફાઇનો ઉપયોગ કરીને પુસ્તકાલયમાં પુસ્તક શોધવું.- ઇન્ટરનેશનલ જર્નલ ઓફ રીસેંન્ટ તકનીકી એન્ડ એન્જિનિયરીંગ(IJRTE),વોલ્યુમ :૭, અંક : ૬ (માર્ચ ૨૦૧૯), પૃ.૧૧૪-૧૧૭.
- ડીઓ,ગૌરી અને અન્ય.: અ સ્માર્ટ લાયબ્રેરી સિસ્ટમ બેસ્ડ ઓન ધ ઇંટર્નેટ ઓફ થિંગ(IOT) વીથ ઇંટેગ્રેશન ઓફ મૂડલે,ઇન અડીશન ટુ ધ યુસ ઓફ કોલાબોરેટિવે ફીલ્ટરીંગ ફોર બૂક રીકોમ્મેંડેશન એંડ સેંટિમેંટ અનાલેયસિસ ફોર ઇમ્પ્રોવિશન ઓફ રેસોર્સ.(ઓક્ટો.૨૦૨૦)

**Webliography:-**

- https://www.techopedia.com/definition/25099
- https://en.wikipedia.org/wiki/List_of_free_and_open-source_software_packages
- https://en.wikipedia.org/wiki/Android_version_history



ISBN : 978-93-5598-308-4

# સોશિયલ મીડિયા ની ઉપયોગીતા લાઇબ્રેરી સર્વિસ માટે

શર્મા ધ્રુવ, આસિસ્ટન્ટ લાયબ્રેરીયન
જય જાની કોલેજ લાયબ્રેરીયન

---

**એબ્સ્ટ્રેક્ટ**

ટેકનોલોજી એ મનુષ્યના જીવનમાં વરદાનરૂપ સાબિત થઇ રહી છે પરંતુ તેનો સાચો માર્ગે ઉપયોગ એ વરદાન સ્વરૂપ છે અતિશયોક્તિ વરદાનને શ્રાપ માં પણ ફેરવી શકે છે સોશિયલ મીડિયા એ મનુષ્યના વચ્ચેની કમ્યુનિકેશનની આંગળીઓના ટેરવે રાખી દીધું છે હાલમાં વર્ચ્યુઅલ વર્લ્ડ meetup નજીકના ભવિષ્યમાં આવી રહ્યા છે સોશિયલ મીડિયાનો લાઇબ્રેરી ની સેવાઓમાં ઉપયોગ કરી યુઝર ની સારામાં સારી સેવા પૂરી પાડી શકાય છે

**Keyword**
સોશલ મીડિયા, સ્માર્ટફોન, Whatsapp

સોશિયલ મીડિયા ની ઉપયોગીતા લાઇબ્રેરી સર્વિસ માટે

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. માનવ સભ્યતાની શરૂઆતથી જ માહિતીનું આદાન-પ્રદાન કરતા રહ્યા છે આજે આપણે ગામ ના ચોરે થી ચેટિંગ સુધી પહોંચી ગયા છીએ. લોકોની સવાર સ્માર્ટ ફોન ના એલાર્મ સાથે સ્ટેટસ સ્ટોરી અને પોસ્ટ સાથે જાગે છે. આજે મોટાભાગની માહિતી ઓનટચ છે.

“Social media is a catch-all term for a variety of internet applications that allow users to create content and interact with each other.” (Techopedia) સોશ્યલ મીડિયાની શરૂઆત1997 મા Six degree થઈ હતી. ત્યારબાદ સોશિયલ મીડિયામાં સૌથી મોટું પરિવર્તન 2004 માં ફેસબુક આવવાથી થયુ. 2006 માં ભારતમાં ફેસબુક શરૂ થઈ . અત્યારે ભારતમાં 34કરોડ એકટીવ યુઝર ફેસબુકના છે. અને વિશ્વમાં પ્રથમ સ્થાન ધરાવે છે. અને હાલના ટ્રેન્ડ પ્રમાણે ઇન્સ્ટાગ્રામ મા ભારતમાં 20 કરોડ એક્ટિવ યુઝર છે ઇન્સ્ટાગ્રામ ની શરૂઆત



ISBN : 978-93-5598-308-4

2010માં થઈ હતી માત્ર થોડા જ વર્ષોમાં ઇન્સ્ટાગ્રામ ના ઉપયોગ માં ભારત પ્રથમ સ્થાન ધરાવે છે .આ બધા વિકાસ માટે ઘણા પરિબળો જવાબદાર છે. જે અમુક અહીં દર્શાવેલા છે

આજે સ્માર્ટફોનની કિંમત ઘણી વ્યાજબી થઈ ગઈ છે માત્ર પાંચથી છ હજારની અંદર સારી કંપનીના બજારમાં સ્માર્ટફોન ઉપલબ્ધ છે. પરંતુ માત્ર સ્માર્ટફોનથી સોશિયલ મીડિયા પર પહોંચાતું નથી તે માટે ઇન્ટરનેટ કનેક્શન જરૂરી છે. અહીં Jio જેવી કંપનીઓ કરી ફ્રીરજી લોન્ચ કરી ભારત અતિ ઝડપે ઇન્ટરનેટના વપરાશમાં બીજુ સ્થાન ગ્રહણ કરી લીધું છે. આજે 1Gb 4G કિંમત એક પેન્સિલ રબર ના સેટ કરતા સસ્તી છે. પ્રધાનમંત્રી ટેબલેટ વિતરણ યોજના વિદ્યાર્થીઓને ટેબલેટ દ્વારા ઓડિયો વિઝ્યુઅલ લર્નિંગ શીખી અને શેર કરે છે. દેશમાં કૃષિ ઉદ્યોગ સેવા જેવા ક્ષેત્રમાં સેવા ક્ષેત્રે જે પ્રગતિ થઈ છે તે જ રીતે લાઇબ્રેરીઓમાં પણ સેવા ક્ષેત્ર નું મહત્વ વધ્યું છે . 2019 લોકો 200 મિનિટથી વધારે મોબાઇલ ફોનનો ઉપયોગ કરે છે. 2020 માં આ 300 મિનિટ સુધી પહોંચશે અહીં Pew Research Center Internet & Technology રિસર્ચ મુજબ લોકો સોશ્યલ નેટવર્ક સાઈટ ને ક્યારે જોવે છે કેટલી વાર જોવે છે તેના આંકડા




દર્શાવેલા છે

સોશિયલ મીડિયાનો ઉપયોગ સંપર્કમાં રહેવા માટે, અદ્યતન રહેવા માટે, ફ્રી સમય વિતાવવા માટે, રમુજી અથવા મનોરંજક સામગ્રી શોધવા માટે અન્ય લોકો સાથે નેટવર્કિંગ જોડાવા માટે, કારણ કે મિત્રો તેમાં જોડાયેલા


ISBN : 978-93-5598-308-4

છે,ફોટાઓ અથવા અન્ય લોકો સાથે વિડિઓ શેર કરવી,આપણો અભિપ્રાય શેર કરી  છીએ,નવા ઉત્પાદનો ખરીદવા સંશોધન,નવા લોકોને મળો.

**1. Facebook, Instagram , WhatsApp**

Facebook, WhatsApp,  Instagram ના યુઝર લગભગ સ્માર્ટફોન ના યુઝર ને સમાંતરે રહે છે. લાઇબ્રેરી પોતાની સેવાનું માર્કેટિંગ ન્યુ બુક માટે, ન્યુ ઈર્વન્ટ જાણકારી વધુ લોકો સુધી પહોંચાડી શકાય છે હવે ત્રણે પ્લેટફોર્મ એક થઈ ગયેલા છે જેથી કનેકટીવિટી વધુ સારી થઈ ગઈ છે.

**2. Telegram**

આ એક મેસેજીંગ એપ જે અનલીમીટેડ ક્લાઉડ સ્ટોરેજ અને સર્ચ એન્જીન સાથે ફેસેલીટી આપે છે. આ એપનો સ્પોટ એન્ડ્રોઇડ વિન્ડોસ એન્ડ મેક OS પર ઉપલબ્ધ છે.

**3. Twitter**

આ પ્લેટફોર્મ સામાન્ય તથા પ્રખ્યાત લોકો દ્વારા ઉપયોગ લેવાય છે. અહી અમુક શબ્દોના મયાર્દી સાથે ટ્વીટ કરી લોકો જાણકરી શકાય છે

**4. Google+/ Google Group**

આ ગુગલ દ્વારા આપવામાં આવતી સોસીયલ ક્યુમુનીટી ને કનેક્ટ કરી શકાય છે. ભારતમાં વધુ લોકો Google ની સેવાનો ઉપયોગ કરે છે જેથી લોકો ને અલગ અલગ પ્લેટફોમ પર જવુ પડતુ નથી ઇમેલનું કન્ટેટર સહેલાઈથી આપી શકાય.

**5. YouTube**

યુટુબ વિડિયો માટેનુ દુનીયાનું સૌથી મોટુ સોસીયલ મિડિયા નુ પ્લેટફોર્મ છે.અને આ લોકપ્રિય પ્લેટફોર્મ આ તમામ પ્રકાર ના ડિવાઈઝ પર ઉપલબ્ધ છે. યુટયુબ યુઝરને પોતાનું કટેન્ટ અન્ય દુનીયાના લોકો સાથે શેર કરવા માટે ની સેવા પૂરી પાડે છે.

**6. LinkedIn**

આ પ્લેટફોમ દ્વારા લોકો પોતાની આવડત, અનુભવનું વિસ્તૃત માહિતી આપી છે. જેથી સમાન રસ ધરાવતા લોકોને સહેલાઈથી એકબીજાને શોધી આપે છે. આ પ્લેટફોર્મ દ્વારા નોકરી માં ભારતી, સલાહ, પ્રેજેક્ટ માં જરૂરી આવડત ધરાવતા લોકો અહીંથી શોધી શકાય છે.

**7. Pinterest**

આ પ્લેટફોમ લોકો પોતાની ક્રિએટિવિટીને ફોટો દ્વારા વ્યક્ત કરે છે.અને તેને પોતાની વેબસાઈટ કે બ્લોગ સાથે લિંક કરી શકે છે .

**8. wakelet.com**



ISBN : 978-93-5598-308-4

આ પ્લેટફોર્મ દ્વારા વિવિધ પ્રકારના રિસોર્સ ઓને એક જ જગ્યાએ ભેગા કરીને એક કલેક્શન બનાવી શકાય છે અને આ કલેક્શનને નામ આપી યુઝર્સ સુધી પહોંચાડી શકાય છે જેમાં online link પીડીએફ વીડિયોસ ઓડિયો સ્ટોરી વગેરેનો સંગ્રહ કરે એક કલેક્શન બનાવે શકાય છે.

**સોશિયલ મીડિયાના ફાયદા**

વિચારો અને અભિવ્યક્તિ માટે, નિષ્ણાત લોગો પોતાની પ્રાઇવસી ગુમાવ્યા વગર સમાજ સાથે સંપર્કમાં રહી શકે છે. જ્ઞાનની વહેંચણી સરળતાથી કરી શકાય છે. લાઈવ ફંકશનનો ઉપયોગ કરી ઇવેન્ટ ને ઓછા ખર્ચે લોકો સુધી પહોંચાડી શકાય, લાઈબ્રેરી ને પોતાના માર્કેટિંગ માટે લેઝર શાર્પ યુઝર સોશિયલ મીડિયા ઉપરથી મળી રહે છે,દાખલા તરીકે સ્પર્ધાત્મક પરીક્ષાઓ ના પુસ્તકો કરિયર ગાઈડન્સ માટેના પુસ્તકો માટે વધુ ઉપયોગ કરનાર વિદ્યાર્થીઓ છે સોશિયલ મીડિયા પરથી સહેલાઈથી આ વિદ્યાર્થીઓને તારવીને માર્કેટિંગ તે જ વિદ્યાર્થીઓ પર કરી શકાય છે જેથી ઇફેક્ટિવ માર્કેટિંગ થાય છે

જ્યારે યુઝર લાઇબ્રેરીમાં OPAC, અન્ય માધ્યમો દ્વારા પુસ્તકો ની શોધ કરતા હોય ત્યારે તે પુસ્તકો લાઇબ્રેરીમાં ઉપલબ્ધ ન હોય, અને ફરી પાછા જ્યારે પુસ્તકો લાયબ્રેરીમાં આવે ત્યારે તે શોધ કરનાર વ્યક્તિને નોટિફાઇડ મી જેવા વિકલ્પનો ઉપયોગ કરે યુઝરને જાણ કરી શકાય છે. લાઇબ્રેરીમાં જુના પુસ્તકો તેમજ અન્ય વાંચન સામગ્રી, subscription, જેવી જાણકારી સોશિયલ મીડિયા પર આપી અને વેચાણ કરી શકાય છે ઇસ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર “swipe up to pay “ જેવા વિકલ્પો પસંદ કરે વેચાણ કરી શકાય છે

જે રીતે વિડીયો ગેમ રમવા માટે સોશિયલ મીડિયા પર ઇન્વિટેશનઅપાય છે થાય છે. તે રીતે લાઇબ્રેરીઓમાં થતા કાર્યક્રમો માટે લોકોને ઇન્વાઇટ કરી શકાય છે સોશિયલ મીડિયા સાથે જોડાયેલા યુઝર્સ સાથે quiz competition રમી શકાય છે લાઈબ્રેરી પોતાના સોશિયલ મીડિયા પર ગ્રુપ અને પેજીસ બનાવી શકે છે. અને યુઝર સાથે વધુ ને વધુ માહિતી શેર કરી અને ટચમાં રહી શકે છે.

ઇન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી લોકોના મત, પોલ , વગેરે જાણી શકો છો, અને આ મળેલા ફિડબેકના સુધારા સાથે ફીટ ફોરવર્ડ કરી , લોકોને સહેલાઈથી જાણ કરી શકો છો. અહીં એક ઉદાહરણમાં રેલવેમાં મુસાફરી કરતા મુસાફરોએ પોતાને પડેલી અગવડતાને રેલવે મંત્રાલયના ટ્વિટર હેન્ડલ પર ટ્વિટ કર્યું આશ્ચર્યજનક તેમની મુશ્કેલીઓનું નિરાકરણ મુસાફરી દરમ્યાન જ થયું તાત્કાલિક ધોરણે પગલાં લેવાય અને કાર્યવાહી થઈ કોઈ યુઝરના પ્રશ્ન, ક્વેરી ના નિરાકરણ કે જવાબો સોશિયલ મીડિયા પર શેર કરી એ એક યુઝર જેવા અન્ય ઘણા યુઝરોના પ્રશ્ન,ક્વેરી નું નિરાકરણ કરી શકાય છે સોશિયલ મીડિયા ના મુખ્ય ફાયદો ખુબ જ નજીવા ખર્ચે લોકો સુધી પહોંચી શકાય છે જેમાં મેસેજ, માહિતી, કોલ( ઓડિયો વીડિયો), નો સમાવેશ થાય છે અને લોકો પણ સમાન માધ્યમમાં હોવાથી તરત જ મળે છે.

**નુકસાન**



ISBN : 978-93-5598-308-4

લોકો વર્કિંગ અવર્સમાં દરમિયાન કાર્ય છોડી સોશિયલ મીડિયાનો ઉપયોગ કરે છે. રાત્રે અંધારામાં લાંબો સમય ડિવાઇસનો ઉપયોગ સોશિયલ મીડિયા માટે કરે છે જેથી શારીરિક માનસિક નુકશાન થાય છે. આજના યુગમાં નાણાં પણ કિમતી લોકોનો ડેટા છે અને સોશિયલ મીડિયા ડેટા મેળવવા માટેનું એક ખૂબ જ સરળ માધ્યમ બની ગયું છે જેનાથી લોકો ફિશિંગ,ટાર્ગેટ અટેક, ઑનલાઇન ફ્રૉન્ડ, વગેરેનું પ્રમાણ વધ્યું છે. લોકો સોશિયલ મીડિયા દ્વારા સારી વસ્તુઓને જોવે અને શેર કરે છે પરંતુ ખોટી વસ્તુઓ મેં પ્રસારણ ઝડપ થોડી વધારે હોય છે તેથી સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતા પહેલા તેના હકારાત્મક-નકારાત્મક બંને પાસા જોઈ પોસ્ટ કરવું જોઈએ. આથી સરકાર દ્વારા અફવાઓ રોકો, તેવા અભિયાનો ચલાવવામાં આવે છે જેમાં સોશિયલ મીડિયા ના સંસ્થાપક મદદ પણ કરે છે. જ્યારે એક જ સમયે સોશિયલ મીડિયા પર વધારે લોકો આવતા ઘણીવાર સર્વર ડાઉન સમસ્યાનો સામનો કરવો પડે છે જેથી પ્રોફેશનલ કામ કરતા લોકોને થોડી અગવડતા ઉભી થાય છે. ઘણા લોકો પોતાનું અગત્યનું કામ છોડી સોશિયલ મીડિયા નો ઉપયોગ કરે છે જેથી અમૂલ્ય સમયની બરબાદી થાય છે ઘણા લોકોને સોશિયલ મીડિયાની લત લાગી જાય છે પરિણામે આ લોકોને વ્યસન મુક્ત કેન્દ્રમાં મોકલવા પડે છે.

**સમાપન**

આજના સમયમાં સોશિયલ મીડિયા સાથે જોડાણ અદ્યતન માહિતી મેળવવા અને મોકલવા માટે ખૂબ જ જરૂરી છે પરંતુ સોશિયલ મીડિયાનો સંયમિત અને સ્માર્ટ ઉપયોગ થી લાઇબ્રેરી પોતે અને યુઝરને ઓછામાં ઓછા ખર્ચે ને સારામાં સારી સેવા પૂરી પાડી શકે છે

**સંદર્ભ**

1. Published by Statista Research Department, & 13, D. (2021, December 13). Facebook users by country 2021. Statista. Retrieved January 6, 2022, from https://www.statista.com/statistics/268136/top-15-countries-based-on-number-of-facebook-users/#:~:text=There%20are%20over%20290%20million,terms%20of%20Facebook%20audience%20size.
2. *Instagram: Users by country*. (2021, July 21). Statista. https://www.statista.com/statistics/578364/countries-with-most-instagram-users/
3. *What is social media? - Definition from Techopedia*. (2011, November 2). Techopedia.com. https://www.techopedia.com/definition/4837/social-media



ISBN : 978-93-5598-308-4

# સામાજિક પરિવર્તનમાં ગ્રંથાલયની ભૂમિકા: સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણ

**ડૉ. સંજય પટેલ, આસી.પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**
**ડૉ. ભાગ્યશ્રી રાજપૂત, આસી.પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

---

**સારાંશ) Abstract) :-**

‘ગ્રંથાલય’ એટલે સમાજની સામાન્ય પરિસ્થિતિઓથી માંડી ગંભીર સામાજિક સમસ્યાઓનો દસ્તાવેજ પૂરું પાડતી, તેમજ જ્ઞાન, માહિતી અને પ્રેરણા પૂરું પાડતી સંસ્થા. ગ્રંથાલય એવું માધ્યમ છે કે જે સમાજને જડમૂળથી પરિવર્તિત કરી દેવાની ક્ષમતા ધરાવે છે. સમાજના સભ્યો દ્વારા થતા જ્ઞાન, માહિતી કે વિચારોની આપ-લે મોટેભાગે મૌખિક સ્વરૂપે થતી હોય છે. પરંતુ જ્યારે લેખિત દસ્તાવેજનું સર્જન થાય છે ત્યારે તેને વ્યવસ્થિત સંગ્રહ કરી લોકો સુધી પહોંચાડવાનું કાર્ય ગ્રંથાલય કરે છે. સમાજનાં જુદા-જુદા ક્ષેત્રો જેમ કે, કુટુંબ, લગ્ન, ધર્મ, આર્થિક વ્યવસ્થા, આરોગ્ય સંભાળ, શિક્ષણ હોય કે સંશોધન, વેપાર હોય કે ઉદ્યોગ સંસ્થાકીય માહિતીને ઉપલબ્ધ કરાવી સમાજને નવી દિશા તરફ ગતિશીલ બનાવે છે. પરંપરાગત સાદા ગ્રંથાલયો/પુસ્તકાલયો હવે આધુનિક ડિજિટલ લાયબ્રેરી બની ગયા છે, તેમ પરંપરાગત સમાજને પણ આધુનિક ડિજિટલ બનાવ્યું છે. ગ્રંથાલય માહિતી/જ્ઞાનને પુસ્તકો, જર્નલ્સ, મેગેઝીન, સંશોધન લેખો, થીસીસ વગેરેને પ્રિન્ટ અને વિજાણું માધ્યમનાં સ્વરૂપે એકત્રિત કરે છે, સંગ્રહિત કરે છે, પ્રક્રિયા કરે છે, ગોઠવે છે, પ્રસારિત કરે છે અને તેનું વિતરણ કરે છે. આધુનિક ભારત સામાજિક, આર્થિક, રાજકીય, શૈક્ષણિક વિકાસ તરફ ગતિ કરી રહ્યો છે ત્યારે ગ્રંથાલયો પણ વિકસિત અને પરિવર્તિત બન્યા છે. સતત પરિવર્તિત પામતું ગ્રંથાલય અને તેની સામગ્રી સમાજને કેવી દિશા તરફ પરિવર્તિત કરાવે છે, સમાજમાં થતું પરિવર્તન વિધાયક છે કે વિઘાતક, ખાસ કરીને સમાજમાં પરિવર્તન લાવવામાં ગ્રંથાલય કેવી ભૂમિકા ભજવે છે, તે વિશે પ્રસ્તુત લેખમાં છણાવટ કરવામાં આવી છે.

**ચાવીરૂપ શબ્દો (Key Words) :-** સમાજ, ગ્રંથાલય, સામાજિક પરિવર્તન, ભૂમિકા, આધુનિકતા

## પ્રસ્તાવના :-

ગ્રંથાલય/પુસ્તકાલયનું સર્જન સમાજનાં સભ્યો દ્વારા જ કરવામાં આવે છે. સમાજને નવી દિશા, નવી ગતિ અને નવું બળ પ્રદાન કરવામાં ગ્રંથાલય મહત્વનો ભાગ ભજવે છે. એ સંદર્ભે જોતા, સમાજ અને ગ્રંથાલય બન્ને પરસ્પર સંકળાયેલા છે. સમાજની જરૂરિયાત માટે પુસ્તકાલય અસ્તિત્વમાં છે, એ જ રીતે ગ્રંથાલયને વેગ આપવા, નવીન માહિતી પ્રદાન કરવા


ISBN : 978-93-5598-308-4

સમાજનાં સભ્યોની જરૂરિયાત છે. ગ્રંથાલયને એક એવી સામાજિક સંસ્થા ગણાવી શકાય કે જે વ્યક્તિનું સામાજીકિકરણ કરવામાં, ધોરણો, મૂલ્યો, સહકારનું સિંચન કરવામાં મહત્વનો ભાગ ભજવે છે. ગ્રંથાલયનાં પુસ્તકો અને અન્ય સામગ્રીઓ દ્વારા સંચિત જ્ઞાનનું પ્રસારણ અને પ્રસાર થાય છે, જે સમાજને ઘડવામાં મદદરૂપ બને છે. ઔપચારિક અને બિન-ઔપચારિક શિક્ષણની શૈક્ષણિક પ્રક્રિયામાં, સંશોધન અને વિકાસમાં, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં, આધ્યાત્મિક અને વૈચારિક ક્ષેત્રોમાં, સર્જનાત્મક પ્રવૃત્તિઓ અને મનોરંજન વગેરેમાં પુસ્તકાલયો અનિવાર્ય બની રહે છે.

## ❖ ગ્રંથાલય અને સમાજ-:

જ્ઞાન અને માહિતીથી ભરપૂર આજનાં ટેક્નોલોજીકલ યુગમાં સમાજ અને ગ્રંથાલય બંને ખૂબ જ ઝડપથી ટેક્નોલોજીયુક્ત બની રહી રહ્યા છે. આધુનિક સમાજ એક એવો સમાજ છે કે જે પરંપરાગત ધોરણો, મૂલ્યો સાથે જોડાયેલ રહેતો હોવા છતાં આધુનિકતાને વરેલો છે. આધુનિકતા મુખ્યત્વે પ્રાપ્ત થયેલ માહિતી, જ્ઞાનનું આદાન-પ્રદાન, ક્રિયા-આંતરક્રિયા દ્વારા જ શક્ય બને છે. સમાજનો વિકાસ અને વિનાશ માહિતી કેવા પ્રકારની વિસ્તરે છે તેના પર આધાર રાખે છે. જો કે માહિતી કયા માધ્યમથી મળે છે, કોના દ્વારા પ્રાપ્ત થાય છે તે પણ મહત્વનું બને છે. આથી જ સમાજનું મુખ્ય એકમ ગ્રંથાલય એવું માધ્યમ છે કે જેના દ્વારા પ્રાપ્ત થયેલ માહિતી યોગ્ય હોય છે. પ્રાચીન ગ્રંથાલયો માત્ર દસ્તાવેજી સ્વરૂપનાં જ હતા. જયારે હવે અનેક સુવિધાઓને પરિણામે ઓનલાઈન માધ્યમથી દસ્તાવેજો પ્રાપ્ત થઇ શકે છે. જેના દ્વારા સમાજમાં આર્થિક વિકાસ સ્તર સુધર્યો છે, માહિતી ત્વરિત અને સરળતાથી પ્રાપ્ત થવા લાગી છે. માર્ટિન (Martin William : 1995) મુજબ, સંસાધનો પ્રિન્ટમાં હોય, બિન-પ્રિન્ટ/ઈલેક્ટ્રોનિક અથવા કોઈપણ ફોર્મેટમાં હોય, પણ સામાજિક પરિવર્તન અને આર્થિક વિકાસની જરૂરિયાતોને પહોંચી વળવા માટે માહિતી મુખ્ય બની રહે છે.

સમાજમાં સતત અવિરતપણે થતી માહિતીની આપ-લે દ્વારા સમુદાય, નગર અને વિશ્વના લોકો વચ્ચેનું સાતત્ય ટકી રહે છે, જેમાં પછાત વિસ્તારોનાં ગ્રંથાલાયોથી માંડી વિશાળ નગરોનાં ગ્રંથાલયો મહત્વની ભૂમિકા ભજવે છે. નવોકોચા (Nwokocha : 2004) સાર્વજનિક પુસ્તકાલય વિશે જણાવે છે તે મુજબ, સમુદાય અથવા નગર જ્યાં તે સ્થિત છે ત્યાંના રહેવાસીઓની સામાન્યતાને સેવા આપવા માટે ગ્રંથાલયોની સ્થાપના કરવામાં આવી રહી છે. અન્ય પુસ્તકાલયોની તુલનામાં ત સાર્વજનિક પુસ્તકાલયોમાં સૌથી વધુ મુલાકાતીઓનો સમાવેશ થાય છે કારણ કે તેનો ઉપયોગ કોણ કરી શકે તેના પર કોઈ પ્રતિબંધ નથી. (According to Nwokocha, public library is defined as it is being established to serve the generality of the residents of the community or town where it is located. Compared to other libraries it has about the most heterogeneous clientele as there is no restriction as to who can use it.)

જુદા-જુદા ધોરણો, મૂલ્યો, રીત-રીવાજો, માન્યતાઓ, સામાજિકીકરણ, ખોરાક, પોશાક, જીવનશૈલી, ભાષાશૈલી વગેરેના સંમિશ્રણથી સમાજ બને છે. જેમાં ક્યાંક તથ્યો, તાર્કિકતાની સાથે સાથે અંધશ્રદ્ધા, ધોરણભંગ, વિમુખતાની સ્થિતિ પણ જોવા મળે છે. આથી જ ગ્રંથાલય જેવી સંસ્થા સામાજિક માનવીઓમાં સહકાર, સામાજિક અનુરૂપતા અને અનુકૂળતા બનાવી રાખવા, બૌદ્ધિક જ્ઞાન આપવા મહત્વની ભૂમિકા ભજવે છે. આ સંદર્ભમાં રોબરસન (Roberson A. A. : 2005) મુજબ, પુસ્તકાલય એ એક સંસ્થા તરીકે છે જે વ્યક્તિઓ માહિતી મેળવી શકે તેવા બૌદ્ધિક ઉત્પાદનોનું સંચાલન કરે છે. (According to Roberson, a library is as an institution that manages the intellectual products that individuals can gain access.)

ઘણા વિદ્વાનોએ ગ્રંથાલયને મંદિર, પૂજાનું ઘર, જ્ઞાનની દેવીનું ઘર તરીકે પરિભાષિત કરેલ છે. આ બાબત જ સમાજમાં ગ્રંથાલયનું સ્થાન અને મહત્વ દર્શાવે છે. IFLA/UNESCO (IFLA - International Federation of Library Associations and Institutions, UNESCO - The United Nations Educational, Scientific and Cultural


ISBN : 978-93-5598-308-4

Organization) પબ્લિક લાયબ્રેરી મેનિફેસ્ટો મુજબ, સાર્વજનિક પુસ્તકાલય એ જ્ઞાનનું સ્થાનિક પ્રવેશદ્વાર છે, જે આજીવન શિક્ષણ, સ્વતંત્ર નિર્ણય લેવા અને વ્યક્તિગત અને સામાજિક જૂથોના સાંસ્કૃતિક વિકાસ માટે મૂળભૂત સ્થિતિ પ્રદાન કરે છે. જ્ઞાન એ એક મહત્વપૂર્ણ સંસાધન છે અને જાહેર પુસ્તકાલય માત્ર એક સાંસ્કૃતિક સંસ્થા નથી પણ લોકોના મન દ્વારા આવશ્યક કલ્યાણ પણ છે. (IFLA/UNESCO Public Library Manifesto, 1997).

ગ્રંથાલય શાસ્ત્રી બરનેશ મુજબ, સમાજમાં સામાજિક વારસો એ લોકોના વિચારો, મંતવ્ય, રીતરીવાજ, માન્યતા વગેરે દ્વારા પ્રગટ થાય છે. આ સામાજિક વારસો એક પેઢીમાંથી બીજી પેઢીમાં હસ્તાંતરિત થાય છે. હસ્તાંતરણનાં આ કાર્યમાં શિક્ષણ અને માહિતી અનિવાર્ય બની રહે છે. આ સંદર્ભમાં જોઈએ તો ગ્રંથાલય શાસ્ત્રી હર્ટઝલર ગ્રંથાલયને સમાજમાં સામાજિક વારસાનું વહન કરનાર સંસ્થા તરીકે ગણાવે છે.

ભારતમાં પુસ્તકાલય વિજ્ઞાનના પિતા ડો. સિયાલી રામામૃત રંગનાથન છે. તેઓએ ગ્રંથાલયને મહત્વની સામાજિક સંસ્થા ગણાવેલ છે. તેમણે સમાજમાં ગ્રંલાલયનાં મહત્વને દર્શાવતા ગ્રંથાલય વિજ્ઞાનના પાંચ સિદ્ધાંતો/સૂત્રો આપેલ છે (રંગનાથન : 1931):

1. પુસ્તકો ઉપયોગ માટે છે.
2. દરેક વાચકને તેનું પુસ્તક મળવું જોઈએ.
3. દરેક પુસ્તકને તેનો વાચક મળવો જોઈએ.
4. વાચકનો સમય બચાવવો.
5. ગ્રંથાલય એ એક વર્ધનશીલ સંસ્થા છે.

ઉપર્યુક્ત દર્શાવેલ સિદ્ધાંતોને આધારે કહી શકાય કે, ગ્રંથાલયનો મુખ્ય ઉદ્દેશ્ય સામાજિક માનવના ઐતિહાસિક કે વર્તમાન વિચારો-માન્યતાઓ, માહિતી અને જ્ઞાનના સંગ્રહ દ્વારા તેને બધા માટે ઉપલબ્ધ કરાવીને સમાજની સેવા કરવાનો છે.

### ❖ ગ્રંથાલયની જરૂરિયાત અને સામાજિક પરિવર્તન-:

ગ્રંથાલયને સમાજનું મહત્વનું એકમ અને સંસ્થા ગણવા કરતાં તેની જરૂરીયાતનાં માધ્યમ તરીકે વધુ પરિભાષિત કરી શકાય. કારણ કે ઈતિહાસ રહ્યો છે કે પુસ્તકો, વાંચન અને લખાણ દ્વારા જ સમાજમાં ક્રાંતિ થઇ છે, સામાજિક પરિવર્તનો આવ્યા છે. આથી જ ઓયરોન્કે અદેબાયો (Oyeronke Adebayo : 2012) ગ્રંથાલયના મહત્વને કોઈપણ રાષ્ટ્રની સંસ્કૃતિ, વંશીયતા, ભાષા, વગેરેને ધ્યાનમાં લીધા વિના આર્થિક, સામાજિક અને રાજકીય વિકાસ માટે નિર્ણાયક પરિબળ તરીકે ગણાવે છે. સમાજમાં ગ્રંથાલયની જરૂરિયાત અને તેના થતું પરિવર્તન નીચેની બાબતોથી સમજી શકાય છે :-

1. સમાજનાં સભ્યોને શિક્ષિત કરવા ઉપરાંત નાગરીકો ફરજો અને અધિકારો તથા પોતાની જવાબદારીઓ પ્રત્યે જાગૃત થાય તે માટે ગ્રંથાલયોની જરૂરીયાત રહેલી છે. ઉપરાંત જુદી-જુદી શાળા, કોલેજ, યુનિવર્સિટી કે અન્ય કોઇપણ સ્થળે ગ્રંથાલય ઔપચારિક શિક્ષણ પૂરું પાડે છે. જે સમાજમાં પરિવર્તન માટે નિર્ણાયક બને છે. સાથે જ બિન-ઔપચારિક શિક્ષણ અને સતત સ્વ-શિક્ષણને સમર્થન આપી, નિરક્ષરતા જેવી ગંભીર સામાજિક સમસ્યાને નાબૂદ કરવામાં ફાળો આપતી સંસ્થા છે.



ISBN : 978-93-5598-308-4

2. માહિતીપ્રદ ગ્રંથાલય સામાન્ય લોકોની જરૂરિયાતોને પહોંચી વળવા માહિતી ઉપલબ્ધ કરાવવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. ગ્રંથાલયની સ્થાનિક, પ્રાદેશિક, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય, ઐતિહાસિક, વર્તમાન એમ સર્વાંગી માહિતી એકત્રિત કરવાની અને તેને સરળતાથી ઉપલબ્ધ કરાવવાની ચોક્કસ જવાબદારી છે.
3. ગ્રંથાલય પ્રત્યેક સમાજના સાંસ્કૃતિક વારસાને એકત્રિત અને સાચવી શકે છે. આનાથી લોકો તેમની સાંસ્કૃતિક જાગૃતિને સમૃદ્ધ બનાવવામાં સક્ષમ બનશે, પરિવર્તન પામતા સમાજમાં ઐતિહાસિક સંસ્કૃતિની માહિતી મેળવવા ગ્રંથાલય અનિવાર્ય છે.
4. સમાજના મોટાભાગના લોકો નવરાશની પ્રવૃત્તિમાં પણ માહિતીની આપ-લે, પુસ્તકોનું વાંચન કરતા હોય છે આથી લોકોને વાંચન માટે પ્રોત્સાહિત કરવામાં અને પરિવર્તન તેમજ નવરાશ સમયની પ્રવૃત્તિ માટે માહિતી પ્રદાન કરવામાં ગ્રંથાલયની જરૂરિયાત રહેલ છે.
5. લેખિત દસ્તાવેજો દ્વારા વ્યક્તિના વિચારો, માન્યતાઓને બદલી શકાય છે. આથી જ સમાજમાં વિવિધ સામાજિક સંઘર્ષો, સમસ્યાઓ અને તેમના નિયંત્રણ માટેના વિવિધ પગલાંને સમજવામાં ગ્રંથાલયની જરૂરીયાત છે.

સામાજિક ક્ષેત્રે જાગૃતિ લાવવા, સશક્તિકરણમાં, સમુદાયોના સંબંધો મજબૂત કરવામાં માહિતીની જરૂરીયાત અને યોગ્ય માહિતીનો ફેલાવો જરુરી બની રહે છે. આથી જ સમગ્ર વિશ્વમાં, વિકસિત અને વિકાસશીલ બંને દેશોમાં, ઘણા સમુદાયોમાં ગ્રંથાલયનો હેતુ જ્ઞાન, વ્યક્તિગત કૌશલ્યો, નાગરિક કૌશલ્યો અને જીવનભર શિક્ષણના સતત વિકાસ માટે માહિતી પ્રદાન કરવાનો છે. સમુદાયોને તેમના ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય સાથે સાંકળી, લોકોને જરૂરી જ્ઞાન અને માહિતી સુધી પહોંચાળવાનું માધ્યમ ગ્રંથાલય બને છે. સામાજિક સમુદાયના સશક્તિકરણમાં યોગદાન આપવામાં ગ્રંથાલયની જરૂરીયાત રહેલ છે.

### ❖ ગ્રંથાલયની ભૂમિકા અને પરિવર્તિત સમાજ-:

સમાજના સામાજિક, આર્થિક, શૈક્ષણિક, રાજકીય, ટેક્નોલોજીકલ વિકાસ અને પરિવર્તનની સાથે સાથે જ્ઞાન, માહિતીમાં સતત વધારો અને સુધારો થતો જાય છે. દિન-પ્રતિદિન માહિતીમાં આવતી નવીનતા ગ્રંથાલયની ભૂમિકામાં પરિવર્તન લાવે છે. પરંપરાગત મુજબનું સાદું ગ્રંથાલય હવે આધુનિક ઇન્ટરનેટના માધ્યમથી ચાલતું ઓનલાઈન ગ્રંથાલય બની ચૂક્યું છે. ગ્રંથાલયની જેમ જ ઈન્ટરનેટ માહિતી મેળવવાનું માધ્યમ બની ગયું છે જેનાથી સમાજમાં માહિતીની અસમાનતા દૂર થઈ છે. માહિતી અને સંચાર ટેક્નોલોજી સાથે, વિકસિત અને વિકાસશીલ રાષ્ટ્રો વચ્ચે માહિતીની ઉપલબ્ધતા અને ઉપયોગમાં વ્યાપક અંતર અથવા અસમાનતા છે, તેનું મુખ્ય કારણ ટેક્નોલોજીકલ સુવિધાનો અભાવ ગણાવી શકાય. ઓરકપોર (Orakpor : 2007) મુજબ, ગ્રંથાલયો વપરાશકર્તાઓને યોગ્ય માહિતી માટે, યોગ્ય સ્વરૂપમાં અને યોગ્ય સમયે ઇન્ટરનેટ પર આપી શકવા સક્ષમ બની છે. માહિતી અને સંચાર તકનીકના ઉદભવ સાથે, માહિતી મેળવવાના માધ્યમો પણ બદલાયા છે કારણ કે ઘણા વપરાશકર્તાઓ ઇન્ટરનેટના માધ્યમથી માહિતી મેળવવા ઓનલાઈન જ ગ્રંથાલયોની મુલાકાત લેતા થયા છે, હવે રૂબરૂ જવાની જરૂરીયાત રહી નથી. ઓનલાઈન માધ્યમથી પુસ્તકો, જર્નલ્સ, મેગેઝિન્સ, થીસીસ કે અન્ય લેખિત માહિતી ગ્રંથાલયો દ્વારા પીડીએફ સ્વરૂપે સરળતા થી ઉપલબ્ધ કરાઈ રહી છે. જે સમાજના અનેક ક્ષેત્રે ખાસ કરીને વિદ્યાર્થીઓ, શિક્ષકો, સંશોધનકર્તાઓ કે સામાન્ય નાગરીકો માટે ઉપયોગી બની રહે છે. શાળા, કોલેજ, યુનિવર્સિટીના ગ્રંથાલયોની જેમ જ જાહેર ગ્રંથાલયો પણ પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક એમ બંને રીતે માહિતી ઉપલબ્ધ કરાવવામાં મહત્વનો ભાગ ભજવે છે.


ISBN : 978-93-5598-308-4

જે. કે. ખન્ના (Khanna, 1987) મુજબ, પુસ્તકાલયો વિનાના સમાજનું કોઈ મહત્વ નથી અને સમાજ વિના પુસ્તકાલયનું કોઈ મૂળ નથી તેથી જ જાહેર પુસ્તકાલયને 'સામાજિક સંસ્થા' તરીકે ગણવામાં આવે છે, જે તેની સાંસ્કૃતિક પ્રગતિ માટે સમાજની ઉપજ છે. આ સંદર્ભમાં જોઈએ તો પરિવર્તિત સમાજ માં ગ્રંથાલયની જવાબદારી છે કે સમાજના સભ્યોને શિક્ષિત, સતત નવી માહિતીથી અવગત રાખવી. સમુદાયના પ્રત્યેક નાગરિકને જાગૃત બનાવવું તેમજ સમાજ વ્યવસ્થાને જાળવી રાખવું.

❖ **ગ્રંથાલય અને સમાજ – સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણ-:**

પ્લેટો અને એરીસ્ટૉટલે માનવીને સામાજિક પ્રાણી તરીકે પરિભાષિત કર્યો છે .સમાજશાસ્ત્રના પિતા ઓગસ્ટે કોમ્ટે (1857-1798) લગ્ન, કુટુંબ અને સમુદાય તેમજ અસંખ્ય સામાજિક બંધારણો અને પ્રક્રિયાઓ , ધોરણો ,મૂલ્યો તેમજ સમાજના પ્રત્યેક ક્ષેત્રોનો અભ્યાસ કરવા પર ભાર મૂકયો છે .જટિલ સમાજનો અભ્યાસ ખૂબ જ મુશ્કેલ કાર્ય છે ,જેને સરળ બનાવવા ગ્રંથાલયમાં સમાજ વિશેની માહિતી ઉપયોગી બની રહે છે .ગ્રંથાલયમાંથી પ્રાપ્ત થતી માહિતી સમાજના વ્યક્તિઓ દ્વારા જ તેમાં ઉમેરો કરવામાં આવે છે .ગ્રંથાલય એકમાત્ર એવું માધ્યમ ગણાવી શકાય કે જ્યાં પ્રત્યેક વિજ્ઞાનો જેમ કે ,સમાજશાસ્ત્ર ,ધર્મશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજકીય વિજ્ઞાન, ઇતિહાસ, મનોવિજ્ઞાન અને નીતિશાસ્ત્ર જેવી કેટલીક બૌદ્ધિક શાખાઓની લેખિત માહિતી પ્રાપ્ત થઇ શકે છે .

માનવ સમાજ વિકસિત ,અવિકસિત ,અલ્પવિકસિત ,પછાત ,મૂડીવાદી ,ગરીબ એમ જુદા-જુદા સ્તરોની વ્યક્તિઓ નો બનેલો છે .જેઓ અનેક જ્ઞાતિ ,પેટા-જ્ઞાતિ ,ધર્મમાં વહેચાયેલા છે .સમાજમાં પ્રત્યેક સ્તરે અસમાનતા હોવા છતાં ગ્રંથાલય જેવી સંસ્થા સમાજમાં સમાનતા સ્થાપવાનો પ્રયત્ન કરે છે .ગ્રંથાલયનો સંપર્ક કરનાર વિદ્યાર્થીઓ, શિક્ષણવિદો, શિક્ષકો ઉપરાંત ગૃહિણીઓ ,દુકાનદારો, વેપારીઓ, ટેકનિશિયન, અમલદારો, કારકુન, એન્જિનિયરો, ડૉક્ટર, બૌદ્ધિકો, મિકેનિક્સ, કૃષિકારો, ખેડૂતો, મજૂરો વગેરે હોઈ શકે .સમાજમાં લોકોના આ વિવિધ જૂથોના જ્ઞાનની રુચિ ,મનોરંજન ,શોખ તેમની માનવ જરૂરિયાતો અનુસાર તેઓનું વાંચન ખૂબ જ વૈવિધ્યસભર છે .પ્રત્યેક વર્ગના લોકોને લેખિત માહિતી પ્રાપ્ત કરવા, પ્રસારિત કરવા, ગોઠવવા અને સંચાલિત કરવાની જવાબદારી ગ્રંથાલયની છે .ગ્રંથાલયની મુખ્ય ભૂમિકા ગ્રામ્ય ,પ્રદેશ ,રાષ્ટ્રીય સ્તરે અને અન્ય સમુદાયમાં ગ્રંથાલયના વપરાશકર્તાઓને શ્રેષ્ઠ માહિતી સુવિધાઓ પૂરી પાડવાની છે .એ રીતે જોતા ગ્રંથાલય અને સમાજ એકબીજા સાથે જોડાયેલા અને પરસ્પર નિર્ભર છે .

ગ્રંથાલયો સમાજની સંસ્કૃતિને હુબહુ દર્શાવે છે .રત્થ નામના વિદ્વાને જાહેર પુસ્તકાલયો તેની સામાન્ય સંસ્કૃતિનું બેરોમીટર ગણાવ્યું છે (Rath, 1996) .સંસ્કૃતિ સામાજિક જૂથના સભ્યો દ્વારા વહેંચાયેલી માન્યતા, મૂલ્યો, ધોરણો, વ્યવહાર, ભાષા અને તકનીકી ધરાવતા સામાજિક જૂથના જીવન માર્ગને આવરી લે છે .સંસ્કૃતિ એ સમાજના સભ્યો અથવા સમાજની અંદરના જૂથોની જીવનશૈલીનો ઉલ્લેખ કરે છે .તેમાં તેઓ કેવી રીતે પોશાક પહેરે છે, તેમના લગ્નના રિવાજો અને પારિવારિક જીવન, તેમના કામની રીતો, ધાર્મિક વિધિઓ અને નવરાશની પ્રવૃત્તિ) Giddens: (1997નો સમાવેશ થાય છે .સ્થાનિક સમુદાયમાં વિવિધતામાં સ્થાનિક સંસ્કૃતિના સંગ્રહ, જાળવણી અને પ્રચાર માટે મુખ્ય સંસ્થા તરીકે ગ્રંથાલય હોવું જોઈએ .વિકાસશીલ સમાજમાં જાહેર ગ્રંથાલયો ,


ISBN : 978-93-5598-308-4

ખાનગી ગ્રંથાલયો અને શૈક્ષણિક સંસ્થાના ગ્રંથાલયો સાંસ્કૃતિક વારસો જાળવી રાખે છે, સાંસ્કૃતિક અભિવ્યક્તિના તમામ સ્વરૂપોની માહિતી પ્રદાન કરે છે, આંતર-સાંસ્કૃતિક સંવાદને પ્રોત્સાહન આપવાના પ્રયાસો કરે છે, સાંસ્કૃતિક વિવિધતાને સમર્થન આપે છે અને મૌખિક પરંપરાને સમર્થન આપે છે (Venkatappaiah, 2007). આમ , ગ્રંથાલયો ભલે ખાનગી હોય કે જાહેર હોય પરંતુ સમાજને લેખિત સ્વરૂપમાં ગ્રંથાલયો દ્વારા જ જાણી શકાય.

## ❖ ઉપસંહાર-:

સમાજના પ્રત્યેક સભ્યોમાં સ્વ-સશક્તિકરણ વિકસાવવા, આર્થિક, શૈક્ષણિક, સામાજિક અને રાષ્ટ્ર વિકાસમાં ગ્રંથાલયની મુખ્ય ભૂમિકા રહેલ છે. જી. એલ. ત્રેહાન (Trehan : 1980)ના મતે, સમુદાયને પુસ્તક સેવા પૂરી પાડવી એ ગ્રંથાલયનું સામાજિક કાર્ય છે. ગ્રંથાલયએ એકમાત્ર સંગઠિત સામાજિક સંસ્થા છે જે પુસ્તકો વાંચવાની ટેવને પ્રોત્સાહન આપે છે. કોઇપણ સત્ય અને સમાજોપયોગી માહિતીનો વિસ્તાર કરવો એ ગ્રંથાલયોનો નૈતિક અધિકાર છે. ગ્રંથાલયોએ સામાજિક, આર્થિક, રાજકીય અને શૈક્ષણિક વિકાસ પર પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક બંને સ્વરૂપે માહિતી સંસાધનો લોકોને સરળતાથી બની શકે અને સમુદાયોને સાક્ષર બનાવવા માટે પ્રયત્ન કરવો જોઈએ. સમાજના છેવાડાના લોકો સુધી, વંચિત, ગરીબ, પછાત સમુદાયના જીવનમાં ગુણવત્તાયુક્ત સુધારો લાવવા તેમજ શિક્ષણથી વંચિત રહેલ સમુદાયોને શિક્ષિત કરવા ગ્રંથાલયોએ આગવા પગલાં ભરવાની જરૂરિયાત છે.

માહિતીનાં યુગમાં માહિતીની માંગ દિન-પ્રતિદિન વધતી જાય છે. વિશ્વના મોટાભાગના ગ્રંથાલયો જ્યારે ઇન્ટરનેટથી કનેક્ટ થઇ રહ્યા છે ત્યારે માહિતી વિસ્ફોટક પણ થઇ જ રહ્યું છે. સમુદાયો સુધી યથાર્થ માહિતી પહોંચે તે જરૂરી છે. આથી જ ગ્રંથાલયોમાં માહિતીને અસરકારક અને કાર્યક્ષમ રીતે એકત્રિત કરવા, ગોઠવવા અને પ્રસારિત કરવા માટે વ્યાવસાયિક રીતે લાયકાત ધરાવતા અને પ્રશિક્ષિત ગ્રંથપાલો, કર્મચારીઓની જરૂર છે. તેમની પાસે સારી સંચાર કૌશલ્યતા, પ્રત્યેક વ્યક્તિને તેને જોઈતું પુસ્તક પ્રાપ્ત થઇ રહે તે માટે આવડત, સૂઝ પણ હોવી જોઈએ તો જ ગ્રંથાલયો સામાજિક સંસ્થા તરીકે યોગ્ય ભૂમિકા નિભાવી શકશે.

## ❖ સંદર્ભસૂચિ-:


1. Giddens, Anthony. (1997). Sociology; 3rd Edn. Polity Press; Cambridge.
2. IFLA/UNESCO. Public Library Manifesto, (1994) Available at http://www.ifla.org/publiclibrarv/iflaunesco-public-iibrary-manifesto
3. Khanna, J. K. (1987). Library and Society; Ess Ess Publications; New Delhi.
4. Laura Juchnevič (2014), Library Roles In Changing Society, ‘Social Transformations in Contemporary Society’’, ISSN 2345-0126 (online) http://stics.mruni.eu/wp-content/uploads/2014/08/STICS_2014_2_120-130.pdf
5. Libraryand Information Centres : Concept And Role In Society https://nios.ac.in/media/documents/SrSecLibrary/LCh-001.pdf
6. Martin William J. (1995). The Global information society, 2nd edn; Aslib Grower; England, p. 233




ISBN : 978-93-5598-308-4

7. Murugan and Krishna (2018) Role Of Library In Changing Society, https://www.researchgate.net/publication/323935597_ROLE_OF_LIBRARY_IN_CHANGING_SOCIETY
8. Nwokocha, U. (1993). Resources utilization by adults in Nigeria- the case study of two public libraries. International Information and Library Review, 25(1), 88
9. Orakpor, A. M. (2007). The internet and information resources for state and public library development in the 21st century. Anambra State Library and Information Science digest, 1(1), 37-42.
10. Oyeronke, Adebayo. (2012). Information as an economic resource: the role of public libraries in Nigeria. Chinese Librarianship: an International Electronic Journal, 34. Available at www.iclc.us/cliej/cl34oyeronke.pdf
11. Rath, Pravakar. (1996). Public Library Finance; Pratibha Prakashan; Delhi.
12. Roberson, A. A. (2005). The use of library information materials by the academic staff in state universities in Nigeria. African Journal of librarianship, 10(2), 48-57.
13. Role of Libraries and Information Centres in Modern Society. (2017). Retrieved from http://egyankosh.ac.in/handle/123456789/33044
14. Roziya, Abu; Marty, Grace and Marry, Carroll. (2011). The role of the rural public library in community development and empowerment. The International Journal of the Book, 8(2), 63-74.
15. Trehan, G. L. (1980). Library services for a developing society. ILA Bulletin, XVI (1-2), (Jan-June 1980).
16. Venkatappaiah, Valega. Need for a state policy for public library and information system and services, In Proceedings of National Seminar on Legislation Based Rural Library service in India. Ranganathan Society for Book Culture, Library and Information Studies, North East Chapter, Imphal, 8-10 Sept 2007.
17. રંગનાથન એસ .આર (1931) .ગ્રંથાલય વિજ્ઞાનના પાંચ સિદ્ધાંતો ,મદ્રાસ ગ્રંથાલય સંગઠન ,મદ્રાસ


ISBN : 978-93-5598-308-4

# તોલાણી કેમ્પસના વિદ્યાર્થીઓ દ્વારા ICT નો ઉપયોગ - એક અભ્યાસ

નીશા મહારાજ-આસી.પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
પરમાર ખુશ્બુ એસ. –લાયબ્રેરીયન, એલ.જે.ઈન્સ્ટીટ્યુટ ઓફ અપ્લાઈડ સાયન્સ

---

***સારાંશ –***

*ICT* ના આવિષ્કરાથી ગ્રંથાલયમાં ઘણા બદલાવ આવ્યા છે. દરેક ગ્રંથાલયો અત્યારે ડિજિટાઈઝેશન તરફ પ્રયાણ કરી રહ્યા છે. આ અભ્યાસ દ્વારા તોલાણી કેમ્પસમાં ગ્રંથાલયમાં ICT ની સગવળતા અંગેનો ખ્યાલ પ્રાપ્ત થશે. તેમજ આપેલ તારણો દ્વારા ICTના ઉપયોગીતા અંગે ખ્યાલ મેળવી વધુ ઉપયોગ માટેના અવરોધો દૂર કરવા માટેની ભલામણ કરતા ગ્રંથાલયનો ઉપયોગ વધારવા માટેના પ્રયાસો પણ કરી શકાશે.

**કી વર્ડસ – ICT, ICT IN LIBRARIES, TOLANI CAMPUS, USAGE OF ICT**

**પ્રસ્તાવના** – ICT ના ઉપયોગ દ્વારા આજે દરેક ક્ષેત્રમાં નવિન્ય આવેલ છે. દરેક દેશનો વિકાસ ICT, ઉપયોગ, તેની ઝડપ,અને તેની આવધુત પર રહેલો છે. દેશની સમૃધ્ધતા દેશમાં ઉપયોગ થતી ટેકનોલોજી પર આધારિત છે. દરેક ક્ષેત્રમાં  જ્યારે ટેકનોલોજીનો ઉપયોગ થઈ રહ્યો છે. ત્યારે ગ્રંથાલય પણ તેમાં પાછળ નથી. ટેકનોલોજીના ઉપયોગી ગ્રંથાલય આજે મહત્વની સેવાઓ ઓછા સમયમાં અસરકાર રીતે આપી રહ્યુ છે.

**તોલાણી કેમ્પસના વિદ્યાર્થીઓ દ્વારા**

- તોલાણી કેમ્પસમાં રહેલ વિદ્યાર્થીઓનો અભ્યાસ કરવો
- પુસ્તકાલય સંગ્રહ અને હેતુ વિશે અભ્યાસ કરવો
- પુસ્તકાલયની મુલાકાત લેવાનો હેતુ જાણવો
- ICTનો ઉપયોગનો હેતુ જાણી શીક્ષણમાં કઈ રીતે મદદરૂપ થાય છે. તે જાણવું.
- તોલીણી કેમ્પસમાં ICTના ઉપયોગ કરવામાં આવતા અવરોધો જાણવા.

**પધ્ધતિ –**

આ અભ્યાસ તોલાણી કેમ્પસમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં ICT ઉપયોગની પેટર્ન જાણવા સુધી સિમીત છે. આ અભ્યાસ એ સર્વેક્ષણ પધ્ધતી પર આધારિત છે. જેમાં તૈયાર કરેલ પ્રશ્નાવલી કુલ 250



ISBN : 978-93-5598-308-4

વિદ્યાર્થીઓને આપવામાં આવેલ હતી પરંતુ 218 વિદ્યાર્થીઓએ તે ભરીને આપેલ છે. આમ એકંદરે પ્રતિભાવ દર 87.2% ગણી શકાય.

**માહિતી વિશ્લેષણ –**

**T.1 જાતિ પ્રમાણે વિભાજન**

| GENDER | પ્રતિભાવની સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| પુરુષ | 92.00 | 42.20 |
| મહિલા | 126.00 | 57.79 |
| ટોટલ | 218.00 | 100.00 |

પ્રથમ ટેબલમાં પ્રતિભાવ આપનાર વિશ્લેષણમાં મહિલા દર 57.79 છે. તેમજ પુરુષ નો દર 42.20 ટકા છે.

**T.2 સ્તર પ્રમાણે કોમ્પ્યુટર અને ઈન્ટરનેટના જાણકાર**

| PARTICULAR | પુરુષ | Per % | મહિલા | Per % |
|---|---|---|---|---|
| તજજ્ઞ (Expert) | 42 | 19.20 | 23 | 10.50 |
| મધ્યમ (Intermediate) | 34 | 15.59 | 64 | 29.35 |
| ઓછુ જાણકાર(Beginner) | 16 | 07.30 | 39 | 17.88 |

T.2 માં દર્શાવ્યા મુજબ 42% પુરુષ અને 23% મહિલાઓ કોમ્પ્યુટર અને ઈન્ટરનેટના જાણકાર છે. તેમજ 34% પુરુષ અને 64% સ્ત્રીઓ મધ્યમ સ્તરે જાણકાર છે. તેમજ 16% પુરુષ અને 39% મહિલા આ વિશે શીખાઉ છે. તે પુરવાર થાય છે.

**T.3 ગ્રંથાલય સંગ્રહ સંતોષ**

| પ્રકાર | H.S. | % | SATI. | % | NETURAL | % | DISTI. | % | H.D.SATI. | % | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Textbook | 152 | 70 | 33 | 15 | 12 | 5 | 7 | 3.2 | 14 | 6 | 218 |
| Referance | 133 | 61 | 51 | 23 | 14 | 6 | 8 | 3.6 | 12 | 5 | 218 |
| Journal | 70 | 32 | 67 | 31 | 45 | 21 | 12 | 5.5 | 24 | 11 | 218 |
| Magazines | 66 | 30 | 72 | 33 | 39 | 18 | 24 | 11 | 17 | 7 | 218 |



ISBN : 978-93-5598-308-4

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | |
| Batch Volume | 59 | 27 | 66 | 30 | 4 | 20 | 29 | 13 | 20 | 9 | 218 |
| Project Report | 62 | 28 | 54 | 24 | 47 | 22 | 25 | 3 | 30 | 13 | 218 |

ત્રણ નંબર કોષ્ટક ગ્રંથાલય સંગ્રહ સંતોષનું છે. જેમાં 70% વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તક સંગ્રહથી અને 27% બાઈન્ડીંગ કરેલા સામાયિકથી વધુ સંતોષ અનુભવે છે. જ્યારે 33% સામાયિકો અને 15% પુસ્તકથી ફક્ત સંતોષ અનુભવે છે. 22% પ્રોજેક્ટ રીપોર્ટ અને 5% પાઠ્યપુસ્તકથી સંતોષ અનુભવે છે. જ્યારે 13% વિદ્યાર્થીઓ જુના બાઈન્ડીંગ સામાયિકો અને 5% સંદર્ભ પુસ્તકોમાં વધુ અસંતોષ અનુભવે છે.

**T-4 ગ્રંથાલય મુલાકાત ના કારણો**

| કારણો | હંમેશા | % | ઘણીવાર | % | ક્યારેક | % | ભાગ્યેજ | % | ક્યારેય નહી | % | ટોટલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વિશેષ જ્ઞાન વધારવા | **96** | 44 | **55** | 25 | **39** | 18 | **19** | 8 | **4** | 5 | **218** |
| પરીક્ષાની તૈયારી કરવા | **136** | 62 | **42** | 19 | **12** | 5 | **11** | 5 | **17** | 8 | **218** |
| એસાઈમેન્ટ તૈયાર કરવા | **103** | 46 | **58** | 26 | **22** | 10 | **21** | 1 | **14** | 6 | **218** |
| નોટ લેવા | **110** | 50 | **67** | 30 | **18** | 8 | **16** | 7 | **7** | 3 | **218** |
| ઈન્ટરનેટ સેવા માટે | **136** | 62 | **38** | 17 | **23** | 10 | **13** | 6 | **8** | 4 | **218** |
| જર્નલ્સ વાંચવા | **86** | 39 | **44** | 20 | **38** | 17 | **31** | 1 | **19** | 9 | **218** |

**કોષ્ટક નં. 4** એ વિદ્યાર્થીઓ ગ્રંથાલયનો ઉપયોગ કયા હેતુ માટે કરે છે તે દર્શાવે છે. જેમાં 62% વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારી માટે અને ઈન્ટરનેટ સેવા માટે રોજ ગ્રંથાલયનો ઉપયોગ કરે છે. 39% વિદ્યાર્થીઓ સામાયિકો વાંચવા માટે જાય છે. 30 % નોટ બનાવવા માટે ગ્રંથાલયનો ઉપયોગ કરે છે. 17% ઈન્ટરનેટનો ઉપયોગ કરવા ગ્રંથાલયનો વારંવાર ઉપયોગ કરતા હોય છે. જ્યારે 9% જર્નલ્સ વાંચવા અને પોતાના જ્ઞાનમાં વધારો કરવા ક્યારેક ઉપયોગ કરતા હોય છે.


ISBN : 978-93-5598-308-4

**T.5 ICT ઉપયોગના હેતુ**

| કારણો | હંમેશા | % | વારંવાર | % | ક્યારેક | % | ભાગ્યેજ | % | ક્યારેય નહી | % |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સોશિયલ મીડિયા જોવા | **129** | 59 | **43** | 20 | **29** | 13 | **17** | 08 | **-** | - |
| વિષય નિષ્ણાંત સાથે સંપર્કમાં રહેવા | **98** | 44 | **35** | 16 | **22** | 10 | **43** | 19 | **10** | 5 |
| અભ્યાસ, માહિતી મેળવવા અને માહીત શોધવા | **135** | 62 | **46** | 21 | **27** | 12 | **10** | 5 | **-** | - |
| શૈક્ષણિક વિડીયો જોવા | **78** | 36 | **44** | 20 | **56** | 26 | **34** | 16 | **6** | 2 |
| સમાચાર વાંચવા | **81** | 37 | **54** | 25 | **49** | 22 | **20** | 9 | **14** | 5 |
| ક્લાસ ભરવા | **112** | 51 | **61** | 28 | **23** | 10 | **12** | 6 | **10** | 5 |
| મનોરંજન | **61** | 28 | **53** | 24 | **43** | 20 | **35** | 16 | **26** | 1 |
| વસ્તુ ખરીદવા | **178** | 82 | **31** | 14 | **8** | 4 | **1** | - | **-** | 2 |

**ટેબલ 5 માં ICT** ના ઉપયોગના હેતુ દર્શાવે છે. 82% વિદ્યાર્થીઓ ઓનલાઈન વસ્તુ ખરીદવા માટે હંમેશા તેનો ઉપયોગ કરે છે જ્યારે 28% વિદ્યાર્થીઓ વારંવાર મનોરંજન મેળવવા ઉપયોગ કરે છે. 18% વિદ્યાર્થીઓ ક્યારેક ક્લાસ માટે ઉપયોગ કરે છે. 26% વિદ્યાર્થીઓ મનોરંજન માટે ક્યારેક **ICTનો** ઉપયોગ કરતા નથી.

**Table – 6 ICT ના ઉપયોગમાં નીપુણતા**

| ટેકનોલોજી | નીપુણ | % | મધ્યમ | % | શીખાઉ | % |
|---|---|---|---|---|---|---|
| ફાઈલ મેનેજ કરવી | **121** | 55 | **52** | 24 | **45** | 21 |
| વર્ડ પ્રોસેસીંગ | **175** | 80 | **36** | 17 | **7** | 3 |
| સ્પ્રેડ શીટ | **145** | 66 | **56** | 26 | **17** | 7 |
| ઈન્ટરનેટ / ઈમેઈલ | **168** | 60 | **35** | 16 | **15** | 7 |
| કેમેરા અને સ્કેનર | **98** | 45 | **76** | 35 | **44** | 20 |


ISBN : 978-93-5598-308-4

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિડિયો ઓડિયો રેકોર્ડીંગ | **112** | 51 | **66** | 30 | **40** | 18 |
| પ્રોજેક્ટ અને અન્ય ટેકનોલોજી | **101** | 46 | **78** | 36 | **39** | 18 |
| ઓનલાઈન કોર્સ મટીરીયલ વપરાશ | **154** | 70 | **58** | 27 | **6** | 2 |
| મલ્ટીમીડિયાનો ઉપયોગ | **113** | 52 | **46** | 21 | **59** | 27 |

કોષ્ટક 6 માં 80% વિદ્યાર્થીઓ વર્ડ પ્રોસેસીંગમાં નિષ્ણાંત છે. જ્યારે 45% કેમેરા અને સ્કેનીંગમાં નિષ્ણાંત છે. 36% વિદ્યાર્થીઓ પ્રોજેક્ટ અને અન્ય ઉપયોગ માટે મધ્યમ આવડત ધરાવે છે. જ્યારે 27% મલ્ટીમીડિયાનો ઉપયોગ ખુબ ઓછો આવડે છે.

**T.7 ICT ઉપયોગ માટે ઉભા થતા અવરોધો / ફાયદા**

| હેતુ | હંમેશા | % | વારંવાર | % | ક્યારેક | % | ભાગ્યેજ | % | ક્યારેય નહી | % |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1.ઈન્ટરનેટની ઝડપ | **111** | 51 | **74** | 34 | **20** | 9 | **9** | 4 | **4** | 2 |
| 2. ICT કોર્ષના અભ્યાસક્રમમાં નથી | **124** | 57 | **43** | 20 | **32** | 15 | **13** | 6 | **5** | 2 |
| 3. કમ્પ્યુટર લેબની ખામી છે. | **145** | 67 | **23** | 11 | **19** | 9 | **19** | 9 | **12** | 5 |
| 4. જરૂરી માહીત માટે પૈસાની માંગ થાય છે. | **98** | 45 | **55** | 25 | **43** | 20 | **10** | 5 | **12** | 5 |
| 5.શોધ માટે જ્ઞાનનો અભાવ છે | **122** | 56 | **29** | 13 | **33** | 15 | **20** | 9 | **14** | 6 |
| 6. ટેકનીકલ ખામીઓ | **77** | 35 | **69** | 32 | **52** | 24 | **14** | 9 | **6** | 3 |
| 7. ICT મને વધુ જ્ઞાન આપે છે. | **113** | 52 | **73** | 33 | **23** | 11 | **9** | 4 | **-** | - |
| 8. ICTના પ્રત્યાયન વધુ મજબુત બનાવે છે. | **151** | 69 | **34** | 16 | **20** | 9 | **13** | 6 | **-** | - |
| 9. માટે સમય અને શક્તિનો બચાવ કરે છે. | **162** | 74 | **39** | 18 | **12** | 5 | **5** | 2 | **-** | - |


ISBN : 978-93-5598-308-4

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 10. શૈક્ષણિક ગ્રંથો પુરાપાડે છે. | **174** | 79 | **26** | 12 | **18** | 8 | - | - | - | - |

ઉપરોક્ત કોષ્ટકમાં 79% વિદ્યાર્થી પોતાના શૈક્ષણિક મટીરીયલ માટે ICT ઉપયોગી થાય છે. 35% વિદ્યાર્થીઓ ઉપયોગ નથી કરતા કેમકે તેમને આની જાણકારી નથી. 11% લોકો ઓછો ઉપયોગ કરે છે. કેમકે યુનિવર્સીટીમાં લેબની ખામી છે. 5% ક્યારેક તેનો ઉપયોગ કરે છે. તેમની પ્રયત્નન સમતા વધારે છે. માટે કેટલાક લોકોએ કેટલાક પ્રશ્નનો જવાબ નથી આપ્યો કેમકે તેઓ આનાથી અજાણ છે.

**તારણો –**

- 70% વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકના સંગ્રહ વિકાસથી સંતોષીત છે. જ્યારે 27% વિદ્યાર્થીઓ બાઈડીંગ કરેલ સામાયિકથી વધુ સંતોષિત છ.
- મોટાભાગના વિદ્યાર્થીઓ પરીક્ષા સમયે તેમજ ઈન્ટરનેટના ઉપયોગ માટે ગ્રંથાલયમાં આવે છે.
- સૌથી ઓછો ઉપયોગ જર્નલ્સનો અને પ્રોજેક્ટ વર્કનો થાય છે.
- 82% વિદ્યાર્થીઓ ICT નો ઉપયોગ ઓનલાઈન ખરીદી માટે કરે છે. 62% વિદ્યાર્થીઓ ICTનો ઉપયોગ વાંચન / ભણવા માટે કરે છે.
- 80% વિદ્યાર્થીઓ વર્ડ પ્રોસેસિંગમાં માહીર છે.
- આ અભ્યાસ પરથી જાણવા મળ્યુ કે 35% વિદ્યાર્થીઓને ICT નું જ્ઞાન ન હોવાથી ઉપયોગ કરતા નથી.

**સમાપન –**

ઈન્ટરનેટ એ માહિતી પ્રાપ્તી માટેનો ખુબ ઉપયોગી સ્રોત છે ઓછા સમયમાં માહિતી અને પ્રત્યાપન માટેનો સૌથી સરળ રસ્તો કરી આપે છે. જો ફી માં ઈન્ટરનેટ સર્વિસ ગ્રંથાલય દ્વારા આપવામાં આવે તો ગ્રંથાલયના ઉપયોગકર્તામાં વાંચન માટે રસ વધારી શકાય તેમજ ICT ના ઉપયોગ માટે સમય અંતરે ટ્રેનીંગ આપવામાં આવે તો જે વિદ્યાર્થીઓને ICT જ્ઞાનમાં વધારો કરી શકાય. તેમજ વિદ્યાર્થીઓ માટે ગ્રંથાલયમાં લેબની વ્યવસ્થા પણ કરવી જોઈએ. ગ્રંથાલયના સંગ્રહનો ઉપયોગ વધે તે અર્થે કાર્યક્રમ અને ઉપયોગીતા માટે એક્ટ્રસ લેવા જોઈએ.

## પુસ્તકાલયની ક્ષિતિજો વિસ્તારવામાં સોશિયલ મીડિયાની ભૂમિકા

**ડૉ. દિવ્યેશ વ્યાસ, આસિસ્ટન્ટ પ્રોફેસર, જર્નલિઝમ એન્ડ માસ કમ્યૂનિકેશન**


ISBN : 978-93-5598-308-4

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

---

–

સારાંશ (Abstract) :

એકવીસમી સદીમાં નોલેજ સોસાયટીની ચર્ચાઓ વચ્ચે માહિતીની બોલબાલા સતત વધતી રહી છે. ‘ડેટા ઇઝ પાવર’ સૂત્ર દિવસે દિવસે ચરિતાર્થ થઈ રહ્યું છે. દેશ આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે અને ‘ડિજિટલ ઇન્ડિયા’નો નારો બુલંદ થઈ રહ્યો છે ત્યારે ઇન્ટરનેટની સુવિધા ધરાવતો મોબાઇલ ફોન જીવન જરૂરિયાતની પાયાની ચીજ ગણાવા માંડ્યો છે. ખેડૂતો અને શ્રમિકોને પણ સ્માર્ટ ફોન માટે સબસીડીની સુવિધાઓ પ્રદાન કરવામાં આવી રહી છે. મોટા ભાગના લોકો ઇન્ટરનેટવાળા મોબાઇલના સહારે સોશિયલ મીડિયા સાથે પણ જોડાયેલા છે. સોશિયલ મીડિયાએ માધ્યમ ક્ષેત્રે મોટી ક્રાંતિ આણી છે. સમૂહ પ્રત્યાયનના લોકતાંત્રિક અને સર્વસુલભ માધ્યમ તરીકે સોશિયલ મીડિયાએ સારું એવું કાઠું કાઢ્યું છે અને એટલે આર્થિક, સામાજિક અને રાજકીય રીતે તેનું મહત્ત્વ અને પ્રભાવકતા વધ્યા છે.

ડિજિટલ યુગમાં પુસ્તકાલયના સ્વરૂપ અને ભૂમિકામાં અનેક પરિવર્તનો જોવા મળે છે. વિવિધ એપ્સ, વેબસાઇટ, ઈ-બુક અને ઈ-જર્નલના જમાનામાં ડિજિટલ લાઇબ્રેરીનો વિભાવ સાકાર થઈ રહ્યો છે. કોવિડ-19 મહામારીમાં લોકો પુસ્તકાલય સુધી પહોંચી શકતા નહોતા ત્યારે અનેક પુસ્તકાલયો વિવિધ રીતે લોકો સુધી, ખાસ તો વિદ્યાર્થીઓ સુધી પહોંચવા માટે પ્રયત્નશીલ જોવા મળ્યા. ડિજિટલ યુગના પ્રારંભિક વર્ષોમાં જ આ મહામારીએ પુસ્તકાલયને નવા સ્વરૂપ અને ભૂમિકા માટે સજ્જ થવા માટે તાકીદ કરી છે. પુસ્તકાલયના વિકાસ અને વિસ્તારમાં સોશિયલ મીડિયા ખૂબ જ ઉપયોગી અને અસરકારક માધ્યમ પુરવાર થઈ રહ્યું છે. અનેક પુસ્તકાલયોએ પોતાની ઈ-સેવા શરૂ કરી છે અને સોશિયલ મીડિયા પર તેમની ઉપસ્થિતિ જોવા મળી રહી છે. સોશિયલ મીડિયા થકી પુસ્તકાલયની ક્ષિતિજો વિસ્તારવાનું આસાન થઈ શકે છે.

**ચાવીરૂપ શબ્દો (Key Words) :**



ISBN : 978-93-5598-308-4

પુસ્તકાલય, પુસ્તકો, સોશિયલ મીડિયા, ઇન્ટરનેટ, સ્માર્ટ ફોન, ડિજિટલ, જ્ઞાન સમાજ, ઈ-બુક્સ, સમૂહ માધ્યમો, Library, Books, Social Media, Internet, Smart Phone, digital, Knowledge Society, e-Books, Mass Media

**પ્રસ્તાવના :**

20મી સદીના ઉત્તરાર્ધમાં ઉદભવેલી સંચાર/માધ્યમ ક્રાંતિ 21મી સદીમાં સોળે કળાએ ખીલી ઊઠી છે. સ્માર્ટ ફોનના આગમન પછી ઇન્ટરનેટ દરેક માટે હાથવગું બન્યું છે. માનવી આજે આંગળીના ટેરવાની મદદથી માહિતી અને જ્ઞાનના મહાસાગરને ઉલેચી શકે છે અને પોતાની ખપની માહિતી હાંસલ કરી શકે છે. ઇન્ટરનેટ ધરાવતાં સ્માર્ટ ફોનની મદદથી આધુનિક માનવી માહિતી ઉપરાંત તે અનેક પ્રકારની સેવાઓ પણ મેળવી રહ્યો છે.

બદલાતાં સમય સાથે વહેલું-મોડું બધું બદલાતું હોય છે કે પછી પરિવર્તન લાવવું જરૂરી બનતું હોય છે. મુદ્રણક્રાંતિના પ્રથમ સંતાન એવા પુસ્તકે પણ ઈ-બુક સ્વરૂપે પોતાનું આધુનિક રૂપ ધારણ કર્યું છે. પુસ્તકનું સ્વરૂપ બદલાયું, એટલાથી વાત અટકી નથી, પુસ્તકની સાથે સાથે પુસ્તકાલયનું સ્વરૂપ તેમજ તેની ભૂમિકા પણ બદલાયાં છે.

ઇન્ટરનેટ અને સ્માર્ટફોનને કારણે જનસમુદાયને સોશિયલ મીડિયા નામનું એક માધ્યમ સુલભ બન્યું છે. સોશિયલ મીડિયા થકી સમય અને સ્થળના બંધનો વિના વ્યાપક સમુદાય સુધી આપણે પહોંચી શકીએ છીએ. સોશિયલ મીડિયા માર્કેટિંગનું શસ્ત્ર પણ બન્યું છે તો સમાજસેવાના વિસ્તારનું માધ્યમ પણ પુરવાર થયું છે. પુસ્તકાલયની ક્ષિતિજો વિસ્તારવા, તેની પ્રવૃત્તિઓને વ્યાપક બનાવવામાં સોશિયલ મીડિયા એક ઉપયોગી માધ્યમ સાબિત થઈ શકે છે.

**ઉદ્દેશો :**

આ સંશોધન-પત્ર તૈયાર કરવા માટેના મુખ્ય ઉદ્દેશો નીચે પ્રમાણે છેઃ

- સમય સાથે પુસ્તકાલયના બદલાતાં સ્વરૂપ અને ભૂમિકાનો તાગ મેળવવો.
- ડિજિટલ યુગમાં પુસ્તકાલયનું સ્વરૂપ કેવું રહેશે, એનો ચિતાર મેળવવો.
- સોશિયલ મીડિયા કઈ રીતે પુસ્તકાલયને નવી ભૂમિકા ભજવવામાં મદદરૂપ થઈ શકે, તેનો અભ્યાસ કરવો.
- **પુસ્તકાલયની ક્ષિતિજો વિસ્તારવામાં સોશિયલ મીડિયાની ભૂમિકા કેવી હોઈ શકે, તે ચકાસવું.**


ISBN : 978-93-5598-308-4

**સમય સાથે બદલાતાં રહેલાં પુસ્તકાલયનાં સ્વરૂપ અને ભૂમિકા :**

પુસ્તક એટલે મુદ્રણ ક્રાંતિનું પ્રથમ સંતાન. 1450ના દાયકામાં જર્મનીના જોહાનિસ ગુટેનબર્ગે ધાતુમાંથી અક્ષરોના બીબાં ઢાળ્યાં, શાહી તૈયાર કરી અને સાદા યંત્રો દ્વારા પુસ્તક છાપીને મુદ્રણ ક્રાંતિના મંડાણ કર્યા હતા. ગુટેનબર્ગે સૌપ્રથમ પુસ્તક તરીકે બાઇબલને પ્રકાશિત કરી રહી. અંધારયુગમાંથી પસાર થયેલા યુરોપમાં બાઇબલ સામાન્ય લોકો સુધી પહોંચી. ધર્મ એટલે માત્ર ધર્મગુરુ કહે એ અને એટલું જ, એ માન્યતા સૌના હાથમાં ધાર્મિક પુસ્તકો આવતાં તૂટવા માંડી. ધર્મ હોય કે કોઈ પણ વિષય, માત્ર મુઠ્ઠીભર લોકો સુધી સીમિત રહેલા જ્ઞાનને જનજન સુધી પહોંચાડવામાં પુસ્તકની બહુ મોટી ભૂમિકા રહી. યુરોપમાં જે નવજાગરણનો (રેનેસાંનો) પ્રારંભ થયો, તેનાં કારણોમાં પુસ્તક અને મુદ્રણ ક્રાંતિની ભૂમિકા સ્વીકારવામાં આવી છે.

ભારતમાં વેદ કાળથી જ્ઞાનનો અખૂટ ભંડાર હતો, પરંતુ એ જ્ઞાન અમુક વર્ગ સુધી મર્યાદિત રહેતું હતું. કણ્ઠોપકણ્ઠ પરંપરામાં બહુ ઓછા લોકોનો સમાવેશ શક્ય હતો. જોકે, પુસ્તકના આગમન પછી અક્ષરજ્ઞાન અને સાક્ષરતાનું મૂલ્ય અને મહત્ત્વ વધ્યાં. લોકોમાં જ્ઞાનની ભૂખ ઉઘડી અને પુસ્તકો મેળવવાની તાલાવેલી વધી. યુરોપની ઔદ્યોગિક ક્રાંતિએ અન્ય યંત્રો અને તકનીકોની સાથે સાથે મુદ્રણ યંત્રો અને તકનીકોમાં પણ આધુનિકતા આણી અને મુદ્રણ વધારે આસાન અને સસ્તું બન્યું. ફ્રેન્ચ ક્રાંતિ હોય કે ભારતનું આઝાદી આંદોલન, લોકજાગૃતિ માટે પુસ્તક એક પ્રબળ અને અસરકારક માધ્યમ પુરવાર થયું છે.

સમાજના સર્વાંગી વિકાસ અને પરિવર્તન માટે પુસ્તકની અનિવાર્યતાને ધ્યાનમાં રાખીને વધુ ને વધુ લોકોને પુસ્તક ઉપલબ્ધ કરાવવાને પણ સમાજસેવાનો ભાગ ગણવામાં આવ્યો છે. સુધારાવાદી રાજાઓએ પોતાની રૈયતના માનસિક અને સામાજિક વિકાસ માટે જાહેર પુસ્તકાલયો શરૂ કરાવ્યાના અનેક દાખલા ઇતિહાસમાં નોંધાયેલા છે.

સમય સાથે પુસ્તકાલયના સ્વરૂપમાં પણ ખાસ્સો બદલાવ આવ્યો છે. ઇમારતો અને માળખાકીય સુવિધામાં આધુનિકતા આવવાની સાથે સાથે પુસ્તકાલયોની કાર્યપ્રણાલીમાં પણ અનેક પરિવર્તનો નોંધાયાં છે. કહેવાય છે કે એક સમયે પુસ્તકોને સાચવવા માટે સાંકળોથી બાંધી રખાતાં, પછી તાળાબંધ કબાટોમાં રખાતાં, પરંતુ હવે એ સ્થિતિ બદલાઈ છે. હવે અનેક પુસ્તકાલયોમાં પુસ્તક ખુલ્લા ઘોડામાં હોય છે અને વાંચક જાતે પુસ્તકો જોઈને પોતાની રીતે વાંચવા માટે પુસ્તક પસંદ કરી શકે છે. ચોપડામાં પુસ્તકની લેતીદેતી નોંધાતી હતી, તેને બદલે હવે કમ્પ્યૂટર આવી ગયા છે અને એમાંય હવે લાઇબ્રેરી માટે વિશિષ્ટ સોફ્ટવેર પણ ઉપલબ્ધ બન્યા છે, જેના થકી પુસ્તકાલયની કામગીરી સુચારુ અને ઝડપી રીતે ચાલે છે.

ડિજિટલ યુગમાં કમ્પ્યૂટર અને હવે તો મોબાઇલના જમાનામાં એપ્સની બોલબાલા છે ત્યારે અનેક પુસ્તકાલયો પોતાની એપ પણ તૈયાર કરાવી રહી છે, જે વાચકને તેના પુસ્તકના ખાતાની વિગતો ઉપરાંત નવા સામયિકો અને પુસ્તકોના આગમનની જાણકારી સહિતની સેવાઓ પૂરી પાડે છે.


ISBN : 978-93-5598-308-4

ભારતમાં આઝાદી પછી શિક્ષણ નીતિ ઘડવામાં આવી, જેમાં પુસ્તકાલયના વિકાસને મહત્ત્વ આપવામાં આવ્યું. ભારત સરકાર દ્વારા નેશનલ લાઇબ્રેરી મિશન શરૂ કરવામાં આવ્યું, જે અંતર્ગત નવાં પુસ્તકાલયો ખોલવાં ઉપરાંત હયાત પુસ્તકાલયોની માળખાકીય સુવિધાઓ વિકસાવવા ઉપરાંત પુસ્તકોની ઉપલબ્ધતા વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

લોકો સુધી પુસ્તકો અને એના થકી જ્ઞાન-સમજ વિકસાવવા માટે પુસ્તકાલય પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી. મોબાઇલ પુસ્તકાલય અને લાઇબ્રેરી ઓન વ્હીલના પ્રયોગો પણ કેટલીક સંસ્થાઓ દ્વારા હાથ ધરવામાં આવ્યાં. ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારો સુધી પુસ્તકાલયના લાભ પહોંચાડવા માટે આવા પ્રયોગો સફળ પણ રહ્યા.

સરકાર કે સંસ્થા સંચાલિત પુસ્તકાલયો ઉપરાંત છેલ્લાં કેટલાંક વર્ષોથી ખાસ કરીને શહેરી વિસ્તારોમાં ખાનગી પુસ્તકાલયો પણ વિકસ્યાં છે. ખાનગી પુસ્તકાલયો વિદ્યાર્થીઓને પુસ્તક કે સંદર્ભસાહિત્યની સાથે સાથે શાંતિથી કલાકો સુધી બેસીને વાંચવા માટેની સુવિધાઓ આપે છે, જેને કારણે તેનું આકર્ષણ વધતું જોવા મળે છે. કેટલાંક પુસ્તકાલયો તો માત્ર વાંચનાલય તરીકે જ સેવા આપી રહ્યા છે અને યુવાનો તેનો હોંશે હોંશે ઉપયોગ કરી રહ્યા છે.

ડિજિટલ યુગમાં પુસ્તકનું સ્વરૂપ બદલાયું છે તો તેની સાથે લાઇબ્રેરીની ભૂમિકામાં પણ મોટાં પરિવર્તનો આવ્યાં છે. પુસ્તકાલયો હવે પુસ્તકની હાર્ડકોપી ઉપરાંત તેની સોફ્ટ કોપી (ઈ-વર્ઝન) પણ ઉપલબ્ધ કરાવી શકે છે. આધુનિક પુસ્તકાલયો હવે માત્ર પુસ્તક નહિ, પરંતુ સીડી, ડીવીડી કે ઓનલાઇન માધ્યમથી ડિજિટલ સ્વરૂપે જ્ઞાન અને માહિતી ઉપલબ્ધ કરાવી શકે છે. આધુનિક પુસ્તકાલયો નવાં સોફ્ટવેર-પ્રોગ્રામ ઉપરાંત ડિજિટલ માધ્યમોનો પણ ઉપયોગ કરીને વાંચકોની સેવા કરી રહ્યાં છે. પુસ્તકાલયો હવે વેબસાઇટ કે એપ સ્વરૂપે પણ ઉપલબ્ધ થઈ રહ્યા છે, જેમાં લોગ-ઇન કરીને વાંચકો ઈ-બુક્સ અને ઈ-જર્નલ્સ વાંચી શકે છે.

**માધ્યમ ક્રાંતિમાં સોશિયલ મીડિયાનો ઉદભવ :**

પોતાની વાત સામેની વ્યક્તિ સુધી પહોંચાડવા માટે માનવીએ સમયાંતરે નવાં નવાં માધ્યમો વિકસાવ્યા છે. કહી શકાય કે પ્રત્યાયન (કમ્પ્યૂનિકેશન) માટે માનવીએ ઈશારા યુગથી ઇન્ટરનેટ યુગ સુધીની એક સુદીર્ઘ યાત્રા કરી છે. એકવીસમી સદીમાં અનેક આધુનિક માધ્યમો વિકસ્યાં છે, જેણે સામાન્ય માનવીને પણ સમૂહ પ્રત્યાયન કરવા સક્ષમ બનાવ્યો છે. ઇન્ટરનેટ અને સ્માર્ટફોનના સંગમે માહિતીના આદાન-પ્રદાનની પ્રક્રિયાને અત્યંત ઝડપી, વિશ્વવ્યાપી અને તદ્દન સરળ બનાવી દીધી છે.

ડિજિટલ ક્રાંતિ થકી જે કેટલાંક નવાં માધ્યમો ઉદભવ્યા, તેમાં સૌથી વધુ લોકપ્રિયતા સોશિયલ મીડિયાને હાંસલ થઈ છે. આજે વોટ્સએપ, ફેસબુક, ટ્વીટર, યુટ્યૂબ, ઇન્ટાગ્રામ, ટેલિગ્રામ, વીચેટ વગેરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મની બોલબાલા છે.


ISBN : 978-93-5598-308-4

'સોશિયલ મીડિયા' શબ્દ કોણે આપ્યો, એ માટે જુદા જુદા દાવાઓ કરવામાં આવે છે, પરંતુ અમેરિકન આંત્રપ્રેન્યોર, ફિલ્મ મેકર ટેડ લિઓન્સીસે અમેરિકન ઓનલાઇન (AOL)ના એક્ઝિક્યુટિવ તરીકે ઈ.સ. 1997માં 'સોશિયલ મીડિયા' શબ્દનો ઉપયોગ AOLના ઇન્સ્ટન્ટ મેસેન્જરના લૉંચિંગ સમયે કર્યો હતો. ટેક્નોલોજી રાઇટર તરીકે જાણીતાં ક્રિસ શિપ્લેનો પણ દાવો છે કે તેણીએ 2005માં વિશ્વની સૌપ્રથમ સોશિયલ મીડિયા કોન્ફરન્સ બ્લોગઓન યુનિવર્સિટી ઑફ કેલિફોર્નિયા ખાતે આયોજિત કરી હતી અને 'સોશિયલ મીડિયા' શબ્દ આપ્યો હતો. અમેરિકાનાં એક બીજા મહિલા આંત્રપ્રેન્યોરનો દાવો છે કે તેણીએ 1999માં www.socialmedia.com નામનું ડોમેન રજિસ્ટર્ડ કરાવેલું, એટલે આ શબ્દનું નિર્માણ તેણે કર્યું છે. ખેર, પરંતુ આજે આ શબ્દ દુનિયાભરમાં ગુંજી રહ્યો છે.

સોશિયલ મીડિયાના ઉદભવની વાત કરીએ તો ઇન્ટરનેટના વિકાસ અને વિસ્તારની સાથે સાથે જ સોશિયલ મીડિયાનો વિકાસ થતો રહ્યો છે. 1990ના દાયકા પછી ઇન્ટરનેટ સામાન્ય લોકોને પણ ઉપલબ્ધ બની શક્યું અને એ જ ગાળામાં બ્લોગની પણ શરૂઆત થઈ. બ્લોગ થકી સામાન્ય વ્યક્તિ પોતાની વાત વ્યાપક સ્તરે પહોંચાડી શકે છે અને બ્લોગના વાચકો તેમની પ્રતિક્રિયા પણ આપે છે. આમ, ઇન્ટરેક્ટિવ મીડિયાનો વિકાસ થયો. એકમાર્ગી પ્રત્યાયન કરનારાં પરંપરાગત માધ્યમો, જેવાંકે, અખબાર, ટીવી, રેડિયોને બદલે લોકોને આ નવું, આધુનિક, ઝડપી અને વિશ્વવ્યાપી ઉપરાંત દ્વીમાર્ગી માધ્યમ વધારે રસપ્રદ લાગ્યું. આને પરિણામે જ ઇન્ટરનેટની લોકપ્રિયતા અને વ્યાપ વધ્યા, સાથે સાથે નવા નવા સોશિયલ મીડિયાનો પણ વિકાસ થયો ગયો.

1997માં અધિકૃત રીતે લૉન્ચ થયેલું 'સિક્સ ડિગ્રીસ' દુનિયાનું સૌપ્રથમ સોશિયલ મીડિયા ગણાય છે. અમેરિકન આંત્રપ્રેન્યોર એન્ડ્રુ વેનરીચે એવું ઓનલાઇન પ્લેટફોર્મ તૈયાર કર્યું, જેમાં લોકો પોતાની પ્રોફાઇલ તૈયાર કરી શકે, મિત્રોને જોડાવા આમંત્રણ પાઠવી શકે તથા અંદરોઅંદર સંવાદ પણ સાધી શકે. એ પછી તો એક પછી એક અનેક સોશિયલ મીડિયા વિકસતાં ગયાં અને વિશ્વવ્યાપી બનતા ગયા.

**પુસ્તકાલયના વિસ્તારમાં સોશિયલ મીડિયાની ભૂમિકા :**

સોશિયલ મીડિયા પર કરોડો લોકોની ઉપસ્થિતિને કારણે માર્કેટિંગ ક્ષેત્રની લાળ ટપકે એ સ્વાભાવિક છે. આજે કોર્પોરેટ કંપનીઓ પોતાના બ્રાંડિંગ માટે સોશિયલ મીડિયા પર પોતાની પ્રભાવક ઉપસ્થિતિ માટે પ્રયત્નશીલ છે. ચીજવસ્તુઓના બ્રાંડિંગ અને પ્રમોશન માટે આ ડિજિટલ માધ્યમ સસ્તું છે. લક્ષિત જૂથ સુધી આસાનીથી પહોંચી શકાય છે. માત્ર કોર્પોરેટ કંપનીઓ જ નહિ, ફિલ્મ કે પુસ્તકના પ્રમોશન માટે પણ સોશિયલ મીડિયા અનિવાર્ય માધ્યમ બની ચૂક્યું છે. એટલું જ નહિ, લોકશાહી દેશોમાં રાજકીય પક્ષો પણ હવે સોશિયલ મીડિયા પર સક્રિય બન્યા છે અને પોતાના પક્ષ કે નેતાના બ્રાંડિંગ માટે મથી રહ્યા છે. વિચારધારાનો વિસ્તાર હોય કે સંપ્રદાયનો પ્રસાર, સોશિયલ મીડિયાનો ઉપયોગ વધી રહ્યો છે. સામાજિક સંસ્થાઓ પણ 'ક્રાઉડ ફંડિંગ' માટે સોશિયલ મીડિયાનો સહારો લઈ રહી છે.



ISBN : 978-93-5598-308-4

આજે શિક્ષણ ક્ષેત્રે પણ સોશિયલ મીડિયાની ભૂમિકા વધી રહેલી જોવા મળે છે. યુજીસી સહિતની રાષ્ટ્રીય સ્તરની ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ પણ સોશિયલ મીડિયા પર ઉપસ્થિત છે તો લગભગ તમામ યુનિવર્સિટીઓ સોશિયલ મીડિયા પર ઓછા-વધતાં અંશે સક્રિય જોવા મળે છે. યુવા પેઢી સોશિયલ મીડિયા સાથે સતત જોડાયેલી હોવાથી તેમના સુધી કોઈ વિચાર, માહિતી કે જ્ઞાન પહોંચાડવામાં સોશિયલ મીડિયાનો મંચ ખૂબ જ ઉપયોગી બની શકે છે.

પુસ્તકાલયના સંદર્ભે સોશિયલ મીડિયાને જોઈએ તો પુસ્તકાલયની ક્ષિતિજો વિસ્તારવામાં તે ખૂબ જ ઉપયોગી અને ઉપકારક નીવડી શકે છે. ઇન્ટરનેટની સુવિધાને કારણે સ્થળ અને સમયના બંધનો ઓગળી રહ્યાં છે ત્યારે સોશિયલ મીડિયા થકી એક પુસ્તકાલય સમગ્ર વિશ્વ સુધી પોતાની પહોંચ વિસ્તારી શકે છે. સોશિયલ મીડિયા થકી પુસ્તકાલયમાં નવાં આવનારાં પુસ્તકો અને લેટેસ્ટ સામયિકોની જાણકારી વાંચકો સુધી પહોંચાડી શકાય છે, એ તો પ્રાથમિક બાબત છે અને અનેક પુસ્તકાલયો હવે ઓનલાઇન પ્લેટફોર્મથી પોતાના સભ્યો/વાંચકો સાથે સંપર્ક/સંવાદ સાધી રહ્યાં છે.

સોશિયલ મીડિયા થકી નવા વાચકોને પુસ્તકાલય સાથે જોડી શકાય છે. સોશિયલ મીડિયાની મદદથી પુસ્તકાલય પોતાની સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને પણ વિસ્તારી શકે છે અને એક વ્યાપક જનસમુદાય સુધી પહોંચાડી શકે છે.
કોવિડ-19ની મહામારી દરમિયાન આપણે જોયું કે લોકો જ્યારે પુસ્તકાલય સુધી પહોંચી શકતા નહોતા, ત્યારે ઓનલાઇન માધ્યમથી અનેક પુસ્તકાલયોએ લોકો સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. આ મહામારીએ સમજાવી દીધું કે પુસ્તકાલયોએ હવે પોતાનું સ્વરૂપ અને ભૂમિકા બદલવાનો સમય પાકી ગયો છે. પુસ્તકાલયોએ હવે પોતાનું સ્વરૂપ અને માળખું બદલવું જરૂરી બન્યું છે. એકવીસમી સદીમાં પોતાની નવી ભૂમિકા ભજવવા માટે સજ્જ થવું જરૂરી છે. પુસ્તકાલય સોશિયલ મીડિયાની મદદથી વધારે સારી અને અસરકારક રીતે ભજવી શકે છે.

**ઉપસંહાર :**
ઇન્ટરનેટ અને સ્માર્ટ ફોનના વિકાસ અને વિસ્તાર પછી સોશિયલ મીડિયા સોળે કળાએ ખીલી ઊઠ્યું છે. માધ્યમ તરીકે તેની પ્રકૃતિ અને સ્વરૂપને કારણે તેણે જનસમુદાયમાં, ખાસ કરીને યુવાનો વચ્ચે બહુ જ ટૂંકા ગાળામાં એક પ્રભાવક સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. સમૂહ પ્રત્યાયનના લોકતાંત્રિક અને સર્વસુલભ માધ્યમ તરીકે સોશિયલ મીડિયાએ સારું એવું કાઠું કાઢ્યું છે અને એટલે આર્થિક, સામાજિક અને રાજકીય રીતે તેનું મહત્ત્વ અને પ્રભાવકતા વધ્યા છે. સોશિયલ મીડિયા આજે લોકોના જીવનનું અભિન્ન અંગ બની ગયું છે. સોશિયલ મીડિયાએ સ્થળ અને સમયના બંધનોને ઓગાળી નાખ્યા છે.
યુરોપનું નવજાગરણ હોય કે ભારતનું આઝાદી આંદોલન, લોકજાગૃતિ અને સમાજસુધારા માટે પુસ્તકાલય એક ઉપયોગી સ્થાન બની રહ્યું છે. જ્ઞાન સમાજ (નોલેજ સોસાયટી)ના વિકાસમાં પુસ્તકાલયની ભૂમિકા


ISBN : 978-93-5598-308-4

મહત્ત્વપૂર્ણ છે. ઇન્ટરનેટ અને સોશિયલ મીડિયા થકી પુસ્તકાલય પોતાનો વિસ્તાર અને પ્રભાવ વધારી શકે છે. એકવીસમી સદીમાં પુસ્તકાલયના બદલાતાં સ્વરૂપ અને ભૂમિકામાં સોશિયલ મીડિયા ખૂબ જ ઉપયોગી બની શકે છે. પુસ્તકાલયના વિકાસ અને વિસ્તારમાં સોશિયલ મીડિયા ખૂબ જ ઉપયોગી અને અસરકારક માધ્યમ પુરવાર થઈ રહ્યું છે. પુસ્તકાલય સોશિયલ મીડિયાના સહારે આધુનિક યુગની જરૂરિયાત આસાનીથી પૂરી કરી શકશે, એવું માની શકાય.

**સંદર્ભ :**


- નિશાંત, 'ડિજિટલ મીડિયા, સોશિયલ મીડિયા, ઇમર્સિવ મીડિયા', ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ, પહેલી આવૃત્તિ-2022
- ભગત, શશિકાંત, શુક્લા, ડૉ. આવા, 'ડિજિટલ મીડિયા', ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ, પહેલી આવૃત્તિ-2020
- પટેલ, ભક્તિ, પટેલ, પ્રિયંકા, મુન્શી કાંક્ષિન, 'પ્રિન્ટ – ન્યૂઝપેપર, મેગેઝિન', ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ, પહેલી આવૃત્તિ-2020
- વ્યાસ દિવ્યેશ, અભિવ્યક્તિની આઝાદી અને ગુજરાતી બ્લોગવિશ્વ (ગૂજરાત વિદ્યાપીઠમાં એમફિલના અભ્યાસ અંતર્ગત લખેલો મહાશોધનિબંધ, માર્ગદર્શક – ડૉ. અશ્વિન ચૌહાણ, વર્ષ – 2010)
- વ્યાસ દિવ્યેશ, એસએમએસ - એક અસરકારક પ્રત્યાયન માધ્યમ, (ગૂજરાત વિદ્યાપીઠમાં પીએચડીના અભ્યાસ અંતર્ગત લખેલો મહાશોધનિબંધ, માર્ગદર્શક – ડૉ. વિનોદ કુમાર પાંડેય, વર્ષ – 2015)




ISBN : 978-93-5598-308-4

# ગ્રંથાલય સેવા અને સામાજીક મીડિયા

ડૉ. વર્ષા જી. જોષી, આસિસ્ટન્ટ લાયબ્રેરીયન, પી.ડી.યુ. ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ, રાજકોટ.

**સારાંશ :**

પ્રસ્તુત લેખમાં સામાજીક મીડિયા અને ગ્રંથાલય સેવા કેવી રીતે એકબીજાના પુરક બની રહે છે તેની વિસ્તુત માહિતી પ્રાપ્ત કરીશુંલેવાથી (સાંકળવાથી)ગ્રંથાલય સેવાની સાથે સોશિયલ મીડિયા ને વણી . ગ્રંથાલય સેવામાં સોશિયલ મીડિયા.ગ્રંથાલયમાં અપાતી સેવા મુલ્ય વર્ધક બની રહે છે નો ફાળો કેટલો મહત્વનો બની રહે છે અને તેની ઉપયોગકર્તા સમૂહ પર કેવી અસર જોવા મળે છે તે જાણી શકાય છે .

**ચાવીરૂપ શબ્દો:**

ગ્રંથાલય સેવા - સામાજીક મીડિયા - ડીજીટલયુગ - ડીજીટલ જનરેશન.

**પ્રસ્તાવના:**

સોશિયલ (સામાજિક) મીડિયાથી આજકાલ બાળકોથી લઈને વયોવૃદ્ધ સૌ કોઈ જાણકાર રહે છે અરે! અપડેટ રહે છે. હવે જયારે અપડેટ ની વાત થાય ત્યારે સૌ કોઈ નવા વિચાર,નવી વાતને અપનાવવા તૈયાર રહે છે. આજના પ્રવર્તમાન યુગ એટલે ટેક્નોલોજી યુગ ,ડીજીટલ યુગનું વર્ચસ્વ વધી રહ્યું છે. પ્રસ્તુત પેપરમાં ગ્રંથાલય સેવા અને સોશિયલ (સામાજિક) મીડિયા વિશેની ચર્ચા કરીશું.

ગ્રંથાલય સેવા એટલે શું?

ગ્રંથાલય દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાને ગ્રંથાલય સેવા કહેવાય એ સર્વસ્વીકૃત વિધાન છે. પરંતુ એ ગ્રંથાલય દ્વારા કઈ-કઈ ને કેવા પ્રકારની તેમજ ઉપયોગકર્તાની જરૂરિયાત મુજબ અપાતી સેવા યોગ્ય રીતે , યોગ્ય સમયે મળી રહે તે જરૂરી છે. ગ્રંથાલયની મોટા ભાગની સેવાઓ આપણે સોશિયલ (સામાજિક) મીડિયાના માધ્યમ થી પ્રદાન કરી રહ્યા છીએ. ગ્રંથાલયમાં ન્યુઝ પેપર ક્લીપીંગ , કરન્ટ અવરનેસ સર્વિસ ,S.D.I. સર્વિસ , ન્યુ અરાઈવલ ડેસ્ક, વગેરે જેવી સેવાઓ ગ્રંથાલય માંથી ઉપલબ્ધ થતી રહે છે. સાથે-સાથે સોશિયલ મીડિયા દ્વારા પણ આ માહિતી પ્રાપ્ત કરી શકો છો.

**સોશિયલ (સામાજિક)મીડિયા એટલે શું?**



ISBN : 978-93-5598-308-4

સોશિયલ (સામાજિક) એટલે સમાજ દ્વારા બનતું મીડિયા એટલે સોશિયલ (સામાજિક) મીડિયા અત્યાધુનિક યુગમાં આશીર્વાદ રૂપ  તો છે, જ પરંતુ જો થોડીક પણ બેદરકારી દાખવવામાં આવે તો નુકશાનકારક પણ સાબિત થઇ શકે છે.  સોશિયલ (સામાજિક)મીડિયા જેવાકે વોટ્સએપ, ફેસબુક, માયસ્પેસ ,બ્લોગસ , ટવીટર, લીંકડીન(LinkedIn), યુટ્યુબ(You tube), Library Thing વગેરે જેવા માધ્યમો પ્રચલિત છે.

ગ્રંથાલય સેવામાં સોશિયલ (સામાજિક)મીડિયાનો ફાળો

સામાન્યરીતે પરંપરાગતરીતે તો ગ્રંથાલય સેવા અપાતી રહે જ છે, પરંતુ આજના ડીજીટલ યુગમાં સોશિયલ (સામાજિક)મીડિયાના માધ્યમોથી ગ્રંથાલય સેવા ને પણ એક કલગી મળી છે. જે ઉપયોગકર્તા ગ્રંથાલય સુધી પહોંચી શકવાને સક્ષમ ન હોય તેઓ માટે આ માધ્યમ આશીર્વાદ રૂપ  બને છે. ડીજીટલ સ્વરૂપે બુક્સ, જર્નલ, ન્યુઝપેપર વગેરે ઉપલબ્ધ રહે છે. આપણે સૌ આ સેવાથી વધારે પરિચિત થઇ રહ્યા હતા યાદ છે? કોરોના મહામારી સમય દરમ્યાન ગ્રંથાલય સેવાને પરિપૂર્ણ કરવા સોશિયલ (સામાજિક)મીડીયાએ સિંહફાળો પ્રદાન કરેલ હતો અને સૌ કોઈ ડીજીટલ સેવાનો લાભ પ્રાપ્ત કરવા તત્પર રહેતા હતા. આ ઉપરાંત ગ્રંથાલય અને તેમાં રહેલ સાહિત્ય ને પ્રોત્સાહીત કરી શકાય છે. લાયબ્રેરી અને તેના ઉપયોગકર્તા સમૂહ વચ્ચે પ્રત્યાયનનું સાધન સોશિયલ (સામાજિક)મીડિયા બની રહે છે. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન ક્ષેત્રમાં નવા સુધારાઓ તેમાં નવા પ્રોજેક્ટ, ઇવેન્ટ, ગ્રંથાલય પ્રવૃતિઓ, તેમજ ગ્રંથાલયમાં અપાતી સેવાઓની પ્રવૃત્તિ માટે પણ એક લીંક (Link) તૈયાર કરી સોશિયલ (સામાજિક)મીડિયા દ્વારા ઉપયોગકર્તા સુધી પહોચી શકાય છે. આ ઉપરાંત નવા ઉભરતા લેખકો , ગ્રંથાલયમાં નવું આવતું સાહિત્ય , નેશનલ કલ્ચર હેરીટેજ , બુક-રીવ્યુ, નવી બુકની પ્રાયમરી માહિતી, આવી ઘણી માહિતીનું પ્રત્યાયન ગ્રંથાલયના ઉપયોગકર્તા અને વાચક વર્ગ સાથે આ માધ્યમ દ્વારા થઇ શકે છે. આ ઉપરાંત ઉપયોગકર્તા કે વાચક વર્ગ ના સમુહને પણ ગ્રંથાલય કે જે તે સંસ્થાના ટ્રસ્ટી કોઈ સૂચનો કે નોંધ હોય તો સોશિયલ મીડિયાના માધ્યમથી પહોચાડે છે સંશોધકો માટે તો ગ્રંથાલય અને સોશિયલ મીડિયા ખુબ આશીર્વાદ રૂપ નીવડે છે, તેઓના મહત્વના સમયનો બચાવ થાય છે.

વર્તમાન સમાજ એટલે કે ડીજીટલ સમાજ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. માહિતી સંસ્થા અને ગ્રંથાલયો દ્વારા મહત્વની ,સચોટ,માહિતી સામાજીક નેટવર્કિંગ ના માધ્યમથી સહેલાઈથી ઉપયોગકર્તા સમૂહ સુધી પહોચાડી શકાય છે. સામાજીકમીડિયા કે નેટવર્ક ઉપયોગકર્તા સમૂહ અને ગ્રંથાલય કે માહિતી કેન્દ્રો ને જોડતી કડી છે આ માધ્યમ દ્વારા ઘણી સેવાઓ કે પ્રવૃતિઓ થાય છે. જેમ કે એસ.ડી.આઈ.(S.D.I.) સેવામાં અંતમાં ઉપયોગકર્તા સમૂહ પાસેથી ફીડબેક ફોર્મ ભરવાનું થતું હોય એ પણ આજ માધ્યમ થી આપણી વચ્ચેનો સેતુ બને છે ગ્રંથાલય નું માર્કેટિંગ , જનરલ લાયબ્રેરી સેવા ને પ્રોત્સાહન , ઉપયોગકર્તા માટે સંદેશાનું ઝડપી અપડેટ , ગ્રંથાલય માહિતી અને ઉપયોગકર્તાના મિત્રો,લાયબ્રેરીની આધુનિકતાની


ISBN : 978-93-5598-308-4

છબી, ગ્રંથાલયની બહાર રહેલ ગ્રંથાલયની દુરદ્રષ્ટિતા ની ઓળખ કરાવવી, રસપ્રદ માહિતી માટે ચર્ચાત્મક મીડિયા સમુહ બનાવવો, સક્ષમ (જ્ઞાનસભર) ઉપયોગકર્તા સુધી નવા માહિતી વાન્છુક સમુહને પહોચાડવો.

**લાયબ્રેરી મીડિયાના હેતુઓ (સામાજિક) માં સોશિયલ (ગ્રંથાલય)**

- ગ્રંથાલય અને માહિતી કેન્દ્રોમાં અપાતી વિવિધ સેવાઓને પ્રોત્સાહન આપવા માટે
- નોલેજ શેરીંગ, વધારાની સંદર્ભ સેવાઓ પ્રદાન કરવા માટે
- વયોવૃધ્ધ ઉપયોગકર્તા માટે ચાલતા કાર્યક્રમો અને સેવાઓનું માર્કેટિંગ કરવા.
- બાળકો તેમજ યુવાઓ માટે અપાતી સેવાઓ કાર્યક્રમની રૂપરેખા આપવા બાબત
- ગ્રંથાલયની છબી ને મોર્ડન બનાવવા અને ઇલેક્ટ્રોનિક સ્તરે પ્રતિષ્ઠા વધારવા
- જ્ઞાનસભર ઉપયોગ કર્તા નો સમન્વય સાધવા
- નાણાંકીય ભંડોળ ના ઉછેર કે વધારા માટે
- ઉપયોગ કર્તા સુધી દેશદુનીયામાં બનતી ઘટનાઓના અપડેટ તાત્કાલિક પહોંચતા કરવા

ગ્રંથાલય ના ધ્યેય

ગ્રંથપાલ હંમેશા પોતાને અને પોતાના ગ્રંથાલય તેમજ તેમાં અપાતી સેવાઓને પ્રમોટ (પ્રોત્સાહિત) કરવા તત્પર રહે છે સંસ્થા દ્વારા પ્રસિદ્ધ થતા ન્યુઝ લેટરમાં તાજેતરમાં કરેલ .કોન્ફરન્સ, સેમિનાર, કે જર્નલમાં રજુ કરેલ સંશોધન પેપર, તેમજ ગ્રંથાલયમાં કાર્યરત કર્મચારીઓનો ડેવલપમેન્ટ રિપોર્ટ, તેમજ આવનાર સમયમાં ગ્રંથાલયમાં આયોજીત થનાર કાર્યક્રમોની માહિતી કે નવી શરૂ થનારી સેવાઓને પ્રસિદ્ધ કરી શકાય છે .ગ્રંથપાલ અને સહકર્મચારી પાસે રહેલ જ્ઞાનભંડારનો લાભ વિદ્યાર્થીઓ અને સંસ્થાના શિક્ષણ સાથે જોડાયેલ સમૂહ તેમજ અન્ય કર્મચારીઓ ઉપરાંત અન્ય ઉપયોગ કર્તા લઈ શકે (પબ્લીક લાયબ્રેરી ) .છે

1. ગ્રંથાલય મોડેલ સેવા અને આઈડિયાને શેર કરવા .
2. ગ્રંથાલય સ્રોતો તેમજ ગ્રંથાલય પ્રોફેશનલ ને પ્રોત્સાહન આપવા .
3. આંતરિક સંગઠનો .ની સેવા આપવી(આંતર લોન)
4. સોશિયલ નેટવર્કિંગ ટુલના પ્રત્યાયનના ઉપયોગ ગ્રંથાલય સુધી ન પહોંચતા ઉપયોગકર્તા ને સંગઠિત કરી માહિતી આપવી.
5. ઉપયોગ કર્તા સમૂહમાં વધારો કરવો.
6. સમયાંતરે ગ્રંથાલયને પ્રમોશન(જાહેરાત) કરતા રહેવું
7. સંસ્થાના સ્થાપક, વ્યવસ્થાપક કે ટ્રસ્ટી સાથે નિરંતર સંપર્કમાં રહેવું .
8. નવી શરૂ થયેલી સેવાની પૂરી માહિતી ને લિંક )Link) દ્વારા ઉપયોગકર્તા સુધી પહોંચાડવી .
9. જુદા જુદા વેલ્યુએબલ ફીડબેક ને ભેગા કરવા.
10. માહિતી સ્રોતના શોધ માટે ઉપયોગ થતા પ્રાયમરી ટુલ્સ નો નવા આંગતુકને પરિચય કરાવવો.


ISBN : 978-93-5598-308-4

11. નવા આવનાર પુસ્તકો મેગેઝિન કે જર્નલ ને ગ્રંથાલયના પ્રવેશદ્વાર મા હાઈલાઈટ કરવા ન્યુ અરાઈવલ ડેસ્ટ )New Arrival Desk) બનાવવું
12. ગ્રંથાલયમાં થતી પ્રવૃત્તિ અને અપાતી સેવાઓ ની , તેમજ ખર્ચની તમામ બાબતોની અપડેટ સંસ્થા ના મુખ્ય વ્યક્તિને પહોંચાડવી .
13. ગ્રંથાલયની સેવાઓ, પ્રવૃતિઓ, બુક સંગ્રહ, જર્નલ, જેવા અન્ય કોઇપણ પ્રશ્નનાનિરાકરણ માટે 'ASK A LIBRARIAN' બનાવવું જોઈએ.

ગ્રંથાલય અને તેમાં થતી પ્રવૃત્તિઓ ,સેવાઓનું પ્રમોટિંગ .માં સોશિયલ મીડિયા નું મહત્વ (જાહેરાત)

સોશિયલ મીડિયા ફક્ત વર્તમાન જ નહી, પરંતુ ભવિષ્યમાં પણ ગ્રંથાલય ઉપયોગકર્તા અને તેને ઉપયોગી સેવાઓ કઈ રહેશે તેને પણ ઓળખવામાં મદદ કરે છે, તેના દ્વારા સામાજિક સમુદાયનું વિચાર સ્તરમાં વધારો કરે છે. વિવિધ માહિતીને સંબંધિત પૂછપરછ, પ્રાદેશિક ઇતિહાસ વગેરે જેવી માહિતીની પૂછપરછની જવાબદારી મીડિયા ચેનલ દ્વારા પ્રસારિત કરવાથી ગ્રંથાલયની સુઘડતર , સુઆયોજન અને સુવ્યવસ્થિત તરીકેની છાપ ઉપસી આવે છે.

**માહિતી રસ ધરાવતા સમુદાયને જોડે છે.**

ઓનલાઇન રહેનાર વર્ગમાં વધારો થઈ રહ્યો છે, એવા સમયે ફીડબેક ફોર્મ ભરાવીને (પ્રતિભાવ) માહિતી રસ ધરાવતા સમુહને એકત્રિત કરવા સોશિયલ મીડિયા આસાન રસ્તો છેજે .ના દ્વારા આ સમુહને એકત્રિત કરી ગ્રંથાલય કે માહિતી કેન્દ્રમાં થતી પ્રવૃત્તિઓ, ઇવેન્ટની માહિતીને આદાન-પ્રદાન કરવું જોઈએ . આ ઉપરાંત જાણીતા અને મહાન સાહિત્યકાર, ચિત્રકાર ,ઉદ્યોગકાર ઉપરાંત આવા ઘણા બધા માનુનીઓની જીવનની માહિતી તેમજ તેમના ફોટોગ્રાફ્સ વગેરેનું આદાનપ્રદાન આ માધ્યમ દ્વારા થ-વું જોઈએ. ગ્રંથાલય અને તેની પ્રવૃત્તિને પ્રમોટપ્રોત્)સાહિત( કરવા આ એક સરળ માધ્યમ છે.

માહિતી રીસોર્સ ના ઉપયોગને પ્રોત્સાહન પૂરું પાડવું.

માહિતી એક્સેસ કરવા સોશિયલ મીડિયા બેટર સોશિયલ મીડિયાના .રહે છે (સૌથી વધુ શ્રેષ્ઠ) માધ્યમથી આવનારી કોઈપણ ઇવેન્ટ અથવા તો કલામેળો અથવા તો બુક સાઈનિંગ )Book signings) ની માહિતીને આસાનીથી પોસ્ટ કરી શકાય છે. બીજી લાયબ્રેરીના રિસોર્સ ને આંતરલોન દ્વારા પણ પૂરા પાડી શકાય છે .આજ કાલ સોશિયલ મીડિયા નુ ચલણ એટલું વધી ગયું છે કે કોઈ પોસ્ટ સવારે અપડેટ થઈ હોય તો થોડા જ સમયમાં ઘણી વિસ્તરણ થઈ જતી હોય છે.

**નવું જાણવાની શીખવાની વિશાળ તકો/**

આપણે સૌ જાણીએ છીએ કે વર્તમાન સમયમાં ઘણા શૈક્ષણિક કોર્ષ પણ ઓનલાઇન જ થાય છે. અરે! સ્પોકન ઇંગ્લિશના, કુકિંગ ક્લાસ, મ્યુઝિક ક્લાસ, ડ્રોઈંગ ક્લાસ, ડાન્સ ક્લાસ આવા ઘણા બધા રસ-


ISBN : 978-93-5598-308-4

.રહે છે રુચિ ના વિષયોની માહિતી તેમજ શિક્ષણ આપણને આ માધ્યમ દ્વારા મળી આ ઉપરાંત આપણા ગ્રંથાલય કે માહિતી કેન્દ્રોના સમૃદ્ધ ગ્રંથ ભંડાર તેમજ અન્ય પ્રવૃત્તિઓ વિશે કેવી રીતે વિડીયો બનાવવો , તેમજ બ્લોગ પ્રદાન કરવા માટે પણ સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી શકાય છે તેમજ લેખકો કે સાહિત્યકારો સાથે SKYPE કોલ્સ કરી શકો છો અને તેનું રેકોર્ડિંગ કરી મીડિયામાં ઉપયોગકર્તા સાથે શેર કરી શકાય છે.

ગ્રંથાલયમાં થતાં સોશિયલ નેટવર્કિંગ ટુલનો ઉપયોગ (સામાજિક)

S.N.S. (Social Networking Sites) ગ્રંથાલય અને યુઝર્સ વચ્ચે નવીનતમ અને અસરદાર માધ્યમો છેગ્રંથાલય સેવા ., ઇવેન્ટ તેમજ તેના પ્રમોશન માટે SNS નો ઉપયોગ કરે છે. જેમાંનું Twitter પણ મહત્વનું માહિતી સ્રોત ગણી શકાયઅસંખ્ય ઉપયોગ .કર્તાઓ વચ્ચે S.N.S.ગ્રંથાલય અને ઉપયોગકર્તા સમૂહ માટે જ્ઞાન સભર જોડાણ બનાવી રાખે છે. યૂઝર્સ દ્વારા તેમના જ્ઞાનનું યોગદાન આપીને ગ્રંથાલય સેવાઓને કેવી રીતે વધારવી અથવા તો જરૂર જણાય તો નવી સેવા શરૂ કરવાની ભલામણ પણ કરી શકે છે જેમાંની ઘણી સોશ્યલ નેટવર્કિંગ સાઇટ પ્રખ્યાત છે જેવી કે Face book ,MySpace, Ning, Blog, Wikis, Twitter, you tube, flickr.. etc...

**Face Book:**

ફેસબુક ખુબ લોકપ્રિય છે, કારણકે તે ISTOR સર્ચ, વર્લ્ડ કેટ, અને બીજી ઘણી એપ્લિકેશન સાથે મૈત્રીપૂર્ણ રીતે સંકળાયેલ છે. માહિતીની જરૂરીયાત જાણવા માટે ગ્રંથપાલ યુઝર્સ સાથે સંપર્ક કરી શકે છે આ ઉપરાંત લાયબ્રેરી કેટલીક વિશિષ્ટ લાયબ્રેરી એપ્લિકેશન ને Face book સાથે લીંક કરવાનો પ્રયાસ કરે છે

**My space:**

શૈક્ષણિક સંસ્થામાં જ્યાં વિદ્યાર્થીઓ છે ત્યાં ગ્રંથપાલ વર્તમાન પરિસ્થિતિને ઈમ્પ્રુવ કરવા માટે કૅલેન્ડર ,કસ્ટમ, કેટલોગ, સર્ચટુલ અને બ્લોગ નો લાભ લેવા My Space નો ઉપયોગ કરે છે.

Ning:

આ ટ્રૂલ દ્વારા ગ્રંથપાલ યુઝર, લાયબ્રેરી એસોસિએશન અને બીજા ઘણા સાથે જોડાઈ શકે છે . નાઈઝેરિયન લાયબ્રેરી એસોસિએશન સભ્યો સાથે અગત્યના મુદ્દાની ચર્ચા કરવા માટે આ પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે.

**Blogs :**

Blogs દ્વારા ગ્રંથપાલ સમયાંતરે સંદેશા પોસ્ટ કરી શકે છે જેવી કે કોઈ ચોક્કસ વિષય અથવા બાબત, યુઝર્સ કન્ટેન્ટ માં યોગદાન આપવાની પરવાનગી આપવી (ઉપયોગકર્તા ને ), જેમાં તેઓ પ્રસંગોચિત મુદ્દાઓ પર લેખ લખી શકે છે.


ISBN : 978-93-5598-308-4

**Wikis:**

આ એક મફત જ્ઞાનકોશ ગણાવી શકાય, જેના દ્વારા વિષય વસ્તુની વ્યાખ્યા અને ઊંડાણ જ્ઞાન પ્રાપ્ત થઇ શકે છે Wikis ઉપયોગકર્તા માહિતીમાં ઉમેરો) માહિતીમાં યોગદાન (યુઝર્સને) કે સુધારો (કરવા માટે પ્લેટફોર્મ પૂરું પાડે છે.

**LinkedI n :**

ગ્રંથપાલો Linked In દ્વારા વિશિષ્ટ વિષયક્ષેત્રના ખ્યાતનામ વ્યક્તિ સાથે જોડાઈ શકે છે ગ્રંથપાલ આ પ્લેટફોર્મનો ઉપયોગ સ્પેશ્યલ સેવા માટે કરી શકે છે જેમ કે S.D.I. (Selective Dissemination of Information )

Twitter:

ટવીટર એ માઈક્રો બ્લોગિંગ એપ્લિકેશન છે આ ટૂલ થકી ગ્રંથાલયમાં થતું અપડેટ કલેકશન ,દૈનિક પ્રવૃત્તિઓ વગેરે સ્ટાફ તેમજ પેટ્રનને અપડેટ કરે છે. આ ટુલ દ્વારા યુઝર્સને કોઈ ચોક્કસ મુદ્દા પરના પ્રશ્નો પૂછવા. ઇન્સ્ટન્ટ મેસેજ )IM) કરી શકે છે, તેમજ તેનો ફીડબેક પણ તુરંત જ પ્રાપ્ત થઈ શકે છે.

**You tube :**

you tube થી આપણે સૌ માહિતગાર છીએ. ગ્રંથાલય દ્વારા વિડીયો બનાવવા, લેક્ચર, કોન્ફરન્સ ,વર્કશોપ જેવા કાર્યક્રમો આ ટૂલના માધ્યમ થી પ્રસારિત કરી શકાય છે.

Flickr:

આ ટૂલ ના ઉપયોગથી ગ્રંથાલય સંગ્રહને યુઝર્સ સાથે શેર કરી શકાય છે. નવા આવનાર પુસ્તકો અને જર્નલ્સ ના કવર પેજ ને ઉપયોગકર્તા સમક્ષ (યુઝર્સ) Flickr (ફ્લીકર દ્વારા (રાખી શકાય છે .આ ઉપરાંત પબ્લિક ,શૈક્ષણિક કે સ્પેશિયલ ગ્રંથાલયમાં યોજાતા ઇવેન્ટ સેમિનાર કે લેક્ચર માટે પણ આ ટુલનો ઉપયોગ થઈ શકે છે.

**Library things:**

આ ટૂલ લાઇબ્રેરી ઓપેકને સમૃદ્ધ બનાવે છેલમાં એક વખત એકાઉન્ટ બનાવ્આ ટુ .યા પછી ISBN સાથે પુસ્તકોની સૂચિ લાઇબ્રેરી થિંગસ ને મોકલવામાં આવે છે ત્યારબાદ તે એક કોડ મોકલે છે, જે લાઇબ્રેરી ઓપેકના કુટરમાં પેસ્ટ કરવામાં આવે છે, જેના દ્વારા ગ્રંથપાલ યુઝર્સને વર્તમાન પ્રકાશનોની યાદી મોકલાવી શકે છે.

**સોશિયલ મીડિયાના ઉપયોગ ના ફાયદા.**

- સોશિયલ મીડિયા ગ્રંથાલયનું અભિન્ન અંગ છે
- સોશિયલ મીડિયા દ્વારા ગ્રંથાલયના ઉપયોગકર્તા સુધી પહોંચી શકાય છે.


ISBN : 978-93-5598-308-4

- વિદ્યાર્થીવર્ગને ગ્રંથાલયનો ઉપયોગ કરવામાં સોશિયલ મીડિયા મદદરૂપ બને છે.
- સોશિયલ મીડિયા દ્વારા નવા યુઝર્સ બને છે, જોડાઈ શકે છે અને વિષય વિષયક ચર્ચા પણ કરી શકે છે.
- યુઝર્સને લાયબ્રેરીની નજીક લાવવામાં મદદ કરે છે.
- નવા આગંતુક ઉપયોગકર્તાને ગ્રંથાલય તરફ આકર્ષિત કરવામાં મદદ કરે છે.
- સોશિયલ મીડિયા જ્ઞાનની વહેંચણી)જ્ઞાન પ્રત્યાયન( ની સુવિધા પણ આપે છે.
- દૂર શિક્ષણ પધ્ધતિમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સોશિયલ મીડી (સામાજિક)યા ખૂબ પ્રોત્સાહન પૂરું પાડે છે.

**સોશિયલ મીડિયાના ઉપયોગ ના ગેરફાયદા.**

- સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવા માટે સમયનો અભાવ
- ગોપનીયતા નો અભાવ
- ગ્રંથાલયમાં અપૂરતો સ્ટાફ
- ગ્રંથાલય સ્ટાફ માટે તાલીમ ની અપૂરતી તકો
- ઇન્ટરનેટની ધીમી ગતિ.
- નાણાકીય ગ્રાન્ટ નો અભાવ

**સોશિયલ મીડિયા નુ શ્રેષ્ઠ અમલીકરણ**

6) ગ્રંથાલય ની વેબસાઈટ સાથે સંકલિત કરવું
7) ક્રોસ પ્લેટફોર્મ પ્રમોશન
8) માહિતીના ઉપયોગ માટે યોગ્ય ટૂલનો ઉપયોગ
9) માહિતી સામગ્રીને અપડેટ રાખવી
10) દરેક માહિતી સાથે સુસંગત લોગો રાખવો.

**સમાપન:**

સોશિયલ મીડિયા માહિતી ઇચ્છુક ઉપયોગકર્તા માટે વરદાનરૂપ સાબિત થાય છેઉપયોગકર્તા . જે માહિતી કે સમાચાર શોધે છે , વાંચે છે તેમાં પરિવર્તન પૂરું પાડે છે. સારુ પ્રત્યાયન ગ્રંથાલય અને તેના ઉપયોગકર્તા વચ્ચે મૂલ્યવર્ધક સેવામાં વધારો કરે છે. પરંપરાગત ગ્રંથાલય સેવા એ સોશિયલ મીડિયાના ઉપયોગથી નવું રૂપરંગ ધારણ કર્યું છે જેના પરિણામે યુઝર્સમાં વધારો અને ગ્રંથાલય સેવાનો સંતોષ પ્રાપ્ત થાય છે. સોશિયલ મીડિયાના ઉપયોગથી ડિજિટલ વાતાવરણમાં ગ્રંથાલયનું નવું સ્વરૂપ ઉભરી આવ્યું છે.

**સંદર્ભો :**


ISBN : 978-93-5598-308-4

https://www.researchgate.net/publication/337673976_Use_of_Social_Media_to_Promote_Library_Services_in_the_Digital_Age

Casey, M., & Savastinuk, L. (2006). Library 2.0: Service for the next-generation library. Library Journal,131(14), 40-42.

Hendrix, D., Chiarella, D., Hasman, L., Murphy, S., & Zafron, M.L. (2009). Use of Face book in academic health sciences libraries. Journal of the Medical Library Association, 97(1), 44-47.

http://southernlibrarianship.icaap.org/content/v08n02/mack_d01.htm

Social Media and Libraries



ISBN : 978-93-5598-308-4

# પ્રાથમિક શાળાઓના પુસ્તકાલયોના ક્ષમતા નિર્માણ અને શિક્ષક-વિદ્યાર્થી વાંચન ક્ષમતા વધારવામાં અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિની નિતિવિષયક ભૂમિકા

**ડૉ. મુકેશકુમાર એન. પટેલ**
જિલ્લાપ્રાથમિક શિક્ષણાધિકારી,
જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ,અમદાવાદ.

---

સારાંશ

*ક્ષમતા નિર્માણ (capacity Building) એવી પ્રક્રિયા છે જેના દ્વારા વ્યક્તિઓ, સંસ્થાઓ અને સમાજ સમાયાંતરે તેમના પોતાના વિકાસના નક્કી કરેલા ઉદ્દેશોને પ્રાપ્ત કરવા માટે ક્ષમતાઓને સિદ્ધ કરે છે, મજબુત કરે છે અને જાળવી રાખે છે. જે વ્યક્તિઓ સંસ્થાઓ અને સમાજને ઝડપથી બદલાતી દુનિયામાં ટકી રહેવા, અનુકૂળ કરવા અને ખીલવા માટે જરૂરી છે. 21મી સદીના પ્રથમ બે દાયકાનો સમય ખૂબ જ ઝડપથી પસાર થઈ ગયો હોય તેમ જણાય છે દરેક ક્ષેત્રમાં પરિવર્તનો ખૂબ જ ઝડપી બન્યા છે. માહિતીનો વિસ્ફોટ પણ ખૂબ જ મોટા પ્રમાણમાં છે. આ તમામ બાબતોથી માહિતીગાર રહેવું અનિવાર્ય બન્યું છે. આ બાબતોથી માહિતીગાર રહેવા માટેનું ઉત્તમ માધ્યમ એ વાંચન છે અને સારા વાંચન માટે ઉત્તમ પુસ્તકો હોવા જરૂરી છે. ઉત્તમ પુસ્તકો ઉપલબ્ધ કરાવવા માટે પુસ્તકાલયોને વધારે સુસજ્જ બનાવવા અનિવાર્ય છે. ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લઈ અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા એક લાંબાગાળાની ચોક્કસનિતી(policy) હેઠળ વિવિધ પ્રકલ્પો અમલમાં મૂકવામાં આવ્યા. જેમાં*

ISBN : 978-93-5598-308-4

*શિક્ષકોને સારા પુસ્તકો સરળતાથી ઉપલબ્ધ બને તે માટે બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સાથે MOU કરવામાં આવ્યા. આ ઉપરાંત શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં વાંચન ક્ષમતા વધે તે માટે પુસ્તક મિત્ર પ્રકલ્પ હેઠળ શિક્ષકો અને 18 બાળકોનુ સન્માન કરવામાં આવ્યું. આ ઉપરાંત પુસ્તકાલયોને સુસજ્જ બનાવવા માટે પાઠમાલા પ્રકલ્પ હેઠળ બાળકોની રૂચી મુજબના પુસ્તકો દાનમાં મેળવવામાં આવ્યા. NGO પાસેથી પણ શાળાઓના પુસ્તકાલયોને સુસજ્જ બનાવવા માટે મદદ મેળવવામાં આવી. પરફોર્મન્સ સ્ટાર પ્રકલ્પ પાટલોટ પ્રોજેક્ટ તરીકે જિલ્લાની ત્રણ શાળાઓમાં અમલમાં મૂકવામાં આવ્યો છે.*

❖ **પ્રસ્તાવના :**

ક્ષમતા નિર્માણ(capacity Building) એવી પ્રક્રિયા છે જેના દ્વારા વ્યક્તિઓ, સંસ્થાઓ અને સમાજ સમાયાંતરે તેમના પોતાના વિકાસના નક્કી કરેલા ઉદ્દેશોને પ્રાપ્ત કરવા માટે ક્ષમતાઓને સિદ્ધ કરે છે, મજબુત કરે છે અને જાળવી રાખે છે. જે વ્યક્તિઓ સંસ્થાઓ **અને** સમાજને ઝડપથી બદલાતી દુનિયામાં ટકી રહેવા, અનુકૂળ કરવા અને ખીલવા માટે જરૂરી છે. 21મી સદીના પ્રથમ બે દાયકાનો સમય ખૂબ જ ઝડપથી પસાર થઈ ગયો હોય તેમ જણાય છે દરેક ક્ષેત્રમાં પરિવર્તનો ખૂબ જ ઝડપી બન્યા છે. માહિતીનો વિસ્ફોટ પણ ખૂબ જ મોટા પ્રમાણમાં છે. આ તમામ બાબતોથી માહિતીગાર રહેવું અનિવાર્ય બન્યું છે. આ બાબતોથી માહિતીગાર રહેવા માટેનું ઉત્તમ માધ્યમ એ વાંચન છે અને સારા વાંચન માટે ઉત્તમ પુસ્તકો હોવા જરૂરી છે. ઉત્તમ પુસ્તકો ઉપલબ્ધ કરાવવા માટે પુસ્તકાલયોને વધારે સુસજ્જ બનાવવા અનિવાર્ય છે. આપણા ત્યાં મોટા શહેરોમાં સાર્વજનિક પુસ્તકાલયો આવેલા છે. સાર્વજનિક પુસ્તકાલય એવી સંસ્થા છે કે જેના માધ્યમથી વ્યક્તિઓ સતત બૌદ્ધિક અને સાંસ્કૃતિક વિકાસ સતત કરતા હોય છે. પુસ્તકાલયમાં ઉપલબ્ધ સાહિત્ય, દર્શન, ઇતિહાસ, ધર્મ, વિજ્ઞાન,

રાજકારણની સાથો-સાથ સામાજિક-આર્થિક અને કલા-સંસ્કૃતિ જેવા વિવિધ વિષયોના પુસ્તકોમાંથી માનવ પોતાના જ્ઞાનની અભિવૃદ્ધિ કરવાનો પ્રયાસ કરે છે. પુસ્તકાલયના જુના ઇતિહાસમાં નજર નાખવામાં આવે તો માની શકાય કે ભારતીય પુસ્તકાલયોનું પ્રારંભિક સ્વરૂપ પુરાતનકાળમાં પણ રહ્યું હતું. પ્રાગ ઐતિહાસિકકાળની શિલાઓ, ગુફાઓ અને અન્ય માધ્યમોમાં મળેલી ચિત્રલીપી તેમજ શિલાલેખો આપણને પુસ્તકાલયની પ્રારંભિક છબીનો ચીતાર આપે છે. તત્કાલીન માનવ સમુદાયો વચ્ચે વિચારો પહોંચાડવા માટે આ શિલાલેખોની મોટી ભૂમિકા રહેતી હશે. મુઘલકાળમાં પણ અનેક બાદશાહ પોતાના દરબારમાં વિદ્વાનો દ્વારા રચિત સંસ્કૃત અને ફારસી ગ્રંથોનું સંકલન કરાવતા હતા. સમ્રાટ અકબરના પુસ્તકાલયમાં પણ વિવિધ વિષયોના અંદાજે 25000 ગ્રંથ હતા. જો કે આધુનિક ભારતમાં પુસ્તકાલયોનો વિકાસ જે ગતિથી થવો જોઈએ તે ન થયો. ગુલામીના કારણે શિક્ષણ સંબંધિત પુસ્તકાલયો તરફ વધુ ધ્યાન ન અપાયું અને પુસ્તકાલયોને રાષ્ટ્રીય સ્વરૂપ ન મળી શક્યું. ભારતમાં આજે પુસ્તક પ્રકાશન વ્યવસાય ખૂબ જ બહોળા પ્રમાણમાં વિકસ્યો છે પરંતુ સામે પક્ષે પુસ્તકાલયોની ક્ષમતા સામે ચિંતાજનક પરિસ્થિતિ છે. જે પુસ્તકાલયો છે તે સમાજના દરેક સ્તર પર પુસ્તક વાંચનની જરૂરિયાતો પૂરી કરવા માટે પૂરતા નથી. જો સમાજના દરેક સ્તર સુધી પુસ્તકો પહોંચાડવા હોય તો તે માટેનું ઉત્તમ માધ્યમ શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં આવેલી શાળાઓના પુસ્તકાલયો છે. જો આ શાળાઓમાં આવેલા પુસ્તકાલયોની ક્ષમતા વધારવામાં આવે તેને વધારે સુસજ્જ કરવામાં આવે તો પુસ્તક વાંચનને ગ્રામ્ય સ્તર સુધી સરળતાથી પહોંચાડી શકાય. જો શાળાના પુસ્તકાલયો વધારે સુસજ્જ બનશે તો તે શાળાના શિક્ષકો અને બાળકોની પણ વાંચન ક્ષમતા(Reading capacity)માં વધારો થશે. પ્રસ્તુતકર્તા પોતે અમદાવાદ જિલ્લાના પ્રાથમિક શિક્ષણાધિકારી (વહીવટી વડા) તરીકે પોતાની સેવાઓ બજાવી રહ્યા છે. ઘણા સમયથી શિક્ષકોના અને વિદ્યાર્થીઓના વાંચનમાં

ISBN : 978-93-5598-308-4

કેવી રીતે વધારો કરી શકાય તે બાબતે સતત ચિંતનશીલ હતા. જો શિક્ષકો અને વિદ્યાર્થીઓનું વાંચન વધારવું હોય અને ઉત્તમ કરવું હોય તો તે માટે પુસ્તકાલયોની ક્ષમતા વધારવી પડશે. અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં પુસ્તકાલયો ઉપલબ્ધ છે પરંતુ આ પુસ્તકાલયોને વધારે સક્ષમ કેવી રીતે બનાવી શકાય તે માટે વિવિધ પ્રકારના પ્રકલ્પો અમલમાં મુકવામાં આવ્યા હતા. અમદાવાદ જિલ્લો એ 9 તાલુકામાં ફેલાયેલો છે. અમદાવાદ જિલ્લામાં કુલ 686 પ્રાથમિક શાળાઓ આવેલી છે. જેમાં કુલ 5,174 શિક્ષકો અને 1,57,523 વિદ્યાર્થીઓ છે. આ તમામને આવરી લઈને પુસ્તકાલયોના વિકાસ અને શિક્ષક વિદ્યાર્થી વાંચનક્ષમતા વધારવા માટે વિવિધ પ્રકલ્પો મૂકવામાં આવ્યા હતા. આ પ્રકલ્પો રજુ કરતી વખતે શાળા, પુસ્તકાલય, શિક્ષક અને વિદ્યાર્થીની ક્ષમતા વધે તે બાબતે ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.

### ❖ કેરિયર ગાઈડન્સ કોર્નર અને વ્યવસાયિક સજ્જતા કાર્ય શિબિર :

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી – વિવેકાનંદ લાઈબ્રેરી અને જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે 12-08-2021 ગુરૂવારના રોજ ગૌતમ હૉલ ખાતે કેરિયર ગાઇડન્સ કોર્નર, પુસ્તકાલય સંવર્ધન, સુગમ્ય પુસ્તકાલય અંતર્ગત MOU અને વ્યવસાયિક સજ્જતા કાર્ય શિબિર યોજાયો. કાર્ય શિબિરમાં બન્ને સંસ્થાના વડા ડૉ. ભાવીન ત્રિવેદી કા. કુલ સચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને ડૉ. એમ. એન. પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારશ્રી અમદાવાદ દ્વારા જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, અમદાવાદ સંચાલિત પ્રાથમિક શાળાના શિક્ષકો માટે પુસ્તકાલયની મેમ્બરશીપ, પુસ્તકાલય સંવર્ધન અને કેરેયર કોર્નર ગાઈડન્સ માટે માર્ગદર્શન જેવી વિવિધ બાબતોના સમજૂતી કરાર (MOU) કરવામાં આવ્યા.

ISBN : 978-93-5598-308-4

❖ **NGO નો સહકાર** :

વિવિધ NGO સાથે સંપર્ક કરી શાળાના પુસ્તકાલયોને વધારે સક્ષમ બનાવવા પ્રયત્નો કરવામાં આવ્યા જેમાં ખાસ કરીને વોડાફોન-આઈડિયા (VI)ના માધ્યમથી મોઇની ફાઉન્ડેશન દ્વારા સાણંદ તાલુકાની પસંદગીની શાળાઓમાં જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ બાળકોની રૂચિ મુજબના પુસ્તકો તેમજ તે પુસ્તકો યોગ્ય રીતે સચવાય તે માટે તિજોરી પણ ઉપલબ્ધ કરાવવામાં આવી. આ ઉપરાંત યુવા ફાઉન્ડેશન દ્વારા ઘણી શાળાઓમાં પુસ્તકાલયોનું ડિઝિટલાઈઝેશન કરવામાં આવ્યું છે.

❖ **પુસ્તકમિત્ર** :

શૈક્ષણિક વર્ષ 2021-22 દરમિયાન જે શિક્ષક મિત્રો દ્વારા 21 કે વધારે પુસ્તકોનું વાંચન કરવામાં આવ્યું હોય તેવા શિક્ષકોનું જિલ્લા પંચાયત સમિતિ દ્વારા સન્માન કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો. આ માટે સૌપ્રથમ એક ગુગલ ફોર્મની રચના કરી જૂથ સંસાધન કેન્દ્રોના માધ્યમથી તે શિક્ષકો સુધી પહોંચાડવામાં આવ્યું. જેમાં કુલ 48 શિક્ષકો દ્વારા રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હતું. સાથે સાથે બાળકોનો પણ આમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં કુલ 18 બાળકો દ્વારા રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હતું. પુસ્તક મિત્રના આ ફેઝ-1ના કાર્યક્રમમાં રજિસ્ટર્ડ થયેલા શિક્ષકો અને વિદ્યાર્થીઓના સન્માનનો એક કાર્યક્રમ 8મી માર્ચ, 2022ના રોજ ધોળકા મુકામે કેવલ્ય ફાઉન્ડેશનના સહયોગથી કરવામાં આવ્યો હતો. ભવિષ્યમાં આ જ પ્રક્રિયા હેઠળ ફેઝ-2, ફેઝ-3 જેવા કાર્યક્રમો કરી શિક્ષક અને વિદ્યાર્થીઓની વાંચન ક્ષમતા વધારવાના પ્રયત્નો થશે.

ISBN : 978-93-5598-308-4

❖ **પાઠમાલા** :

વિદ્યાર્થીઓનું વાંચન વધે તે માટે જિલ્લા પંચાયત સમિતિ દ્વારા યુવા ફાઉન્ડેશનના સહયોગ દ્વારા પાઠમાલા નામનો પ્રકલ્પ રજૂ કરવામાં આવ્યો છે. જેમાં જે લોકો પાસે વધારાના પુસ્તકો હોય કે જેમણે વાંચી લીધા હોય તો તે દાન સ્વરૂપે જિલ્લા પંચાયત શિક્ષણને આપે અને આ પુસ્તકો જે શાળાની પુસ્તકાલયોમાં પુસ્તકોની ઉપલબ્ધતા ઓછી હોય ત્યાં પહોંચાડવા આ માટે પણ એક ગુગલફોર્મની રચના કરવામાં આવી હતી અને વિવિધ સ્ટેકહોલ્ડર સુધી તે પહોંચાડવામાં આવ્યું. પાઠમાલા પ્રકલ્પમાં પણ ઘણા બધા પુસ્તકો જિલ્લા પંચાયત સમિતિને મળી રહ્યા છે.

❖ **પુસ્તકાલય ડિઝિટલાઇઝેશન** :

સામાન્ય રીતે પ્રાથમિક શાળાના પુસ્તકાલયની જવાબદારી એક શિક્ષકને સોંપવામાં આવે છે અને તે શિક્ષક પુસ્તક ઇસ્યુ કરી તેની રજિસ્ટરમાં નોંધ કરે છે. જ્યારે પુસ્તકાલયમાં ઘણા બધા પુસ્તકો હોય ત્યારે તેમાંથી એક પુસ્તક શોધવું એ અઘરું બને છે. તે બાબતને ધ્યાનમાં લઈ અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના માર્ગદર્શન હેઠળ શિક્ષકો દ્વારા વિનામૂલ્યે ઉપલબ્ધ થાય તેવા ખૂબ જ સરળ સોફ્ટવેર તૈયાર કરવામાં આવ્યા. જેમાં એક વખત પુસ્તકો અને વિદ્યાર્થીઓની માહિતીની એન્ટ્રી કર્યા પછી ખૂબ જ સરળતાથી પુસ્તકો ઇસ્યુ કરી શકાય અને જમા લઈ શકાય તેવી વ્યવસ્થા છે. ધોરણ-6 થી 8ના વિદ્યાર્થીઓ પણ આ સરળ સોફ્ટવેરનો સરળતાથી ઉપયોગ કરી શકે છે.

❖ **પરફોર્મન્સ સ્ટાર** :

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા વિદ્યાર્થીઓ પુસ્તક વાંચે, તેની સમીક્ષા કરે, અભિવ્યક્ત કરે અને તેનું અર્થગ્રહણ કરે તે માટે પરફોર્મન્સ

ISBN : 978-93-5598-308-4

સ્ટાર પ્રકલ્પ પાટલોટ પ્રોજેક્ટ તરીકે જિલ્લાની ત્રણ શાળાઓમાં અમલમાં મૂકવામાં આવ્યો છે. જે નીચેની આકૃતિમાં સ્પષ્ટ થાય છે. આ શાળાઓની સમીક્ષા બાદ પ્રસ્તુત પ્રકલ્પ સમગ્ર જિલ્લામાં અમલમાં મૂકવામાં આવશે.

